ૐ

# સુવિધિ દર્શન

માર્ગરહસ્યપ્રાપ્ત પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત
લેખ **'સુવિધિ'** ઉપર તેમના
સ્વયંના પ્રવચનો


**પ્રકાશક**

**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

**ભાવનગર**

❈ **પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :**

❈ **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**

૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫

❈ **ગુરુ ગૌરવ**

**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**

પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.

❈ શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧

❈ શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭

❈ અમી અગ્રવાલ (અહમદાબાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩

❈ પ્રથમાવૃત્તિ : પ્રત : ૧,૦૦૦, ૧-૧૨-૨૦૦૩

❈ દ્વિતીયાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૦૧-૦૪-૨૦૦૮, પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

પૃષ્ઠ સંખ્યા : ૨૪ + ૨૬૮ =

લાગત મૂલ્ય : ૫૦/-

વિક્રી મૂલ્ય : ૨૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**

**પૂજા ઇમ્પ્રેશન્સ**

પ્લોટ નં. ૧૯૨૪/બી,

૬/ શાંતિનાથ બંગ્લોઝ,

શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,

રૂપાણી સર્કલની પાસે,

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન : (૦૨૭૮) ૨૫૬૧૭૪૯

**મુદ્રક :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર મિલ

કંપાઉન્ડ

બારડોલપુરા,

અહમદાવાદ–૩૮૦૦૦૪

ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રકાશકીય

(દ્વિતીય આવૃત્તિ)

**'સુવિધિદર્શન'** નામક આ લઘુકાય ગ્રંથ પ્રકાશિત કરતાં અમોને અત્યંત આનંદ થાય છે. જિનાગમને વિષે જ્ઞાનીપુરુષોએ ભવ્ય જીવોના હિતાર્થે અનેકવિધ પ્રયોજનભૂત વિષયોનું પ્રતિપાદન કર્યું છે, જેમાં નિજાત્મસ્વરૂપ અને તેની પ્રાપ્તિની વિધિ – આ બે વિષયનું ઘણું મહત્ત્વ છે.

અધ્યાત્મયુગસૃષ્ટા પરમતારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ ૪૫ વર્ષ સુધી જે પ્રવચનગંગા વહાવી તેનો મુખ્ય વિષય જ સ્વરૂપમહિમા અને તેની પ્રાપ્તિની વિધિનો રહ્યો છે. વિધિનો વિષય બાર અંગનો રહસ્યભૂત વિષય છે. પરિણામ અંતર્મુખ થઈને સ્વરૂપ આસ્વાદન કેવી રીતે કરે છે એ વિષય અતિ અતિ સૂક્ષ્મ રહ્યો છે. જે માત્ર જ્ઞાનીપુરુષના સમાગમે સમજવા યોગ્ય છે, અવગાહવા યોગ્ય છે. અવિધિએ પ્રયત્ન કરતાં જીવને માર્ગપ્રાપ્તિ થતી નથી, એ વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સમજી શકાય તેમ છે.

નિજસ્વરૂપની ઓળખાણ વિના – નિશ્ચય વિના – ભાવભાસન વિના કોઈને ક્યારેય સ્વરૂપાનુભવ થઈ શકે નહિ. સ્વરૂપની ઓળખાણ સ્વરૂપના પરિચય વિના થઈ શકે નહિ, પરિચય અવલોકન વિના થઈ શકે નહિ, સતત અવલોકન પૂર્ણ શુદ્ધિના લક્ષ વિના ન થાય અને પૂર્ણ શુદ્ધિનું લક્ષ પરિભ્રમણની વેદનામાં આવ્યા વિના ન થાય. માટે મુમુક્ષુજીવનું પ્રથમ કર્તવ્ય એ છે કે, પોતે શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણની ભાવનામાં આવે.

સ્વરૂપનિશ્ચય કહો કે અસ્તિત્વગ્રહણ કહો, બન્ને એકાર્થ છે. પરંતુ આ અસ્તિત્વગ્રહણ કેવી રીતે થાય ? મુમુક્ષુજીવ કેવી રીતે અવલોકન કરે ? કેવી ભાવના હોય તો અવલોકન શરૂ થાય ? અવલોકન એટલે

શું ? ભાવભાસન એટલે શું ? સ્વભાવ જાતિના ભાવો અને વિભાવ જાતિના ભાવોનો પરિચય કરી સ્વભાવનું ભાવભાસન કેવી રીતે થાય ? ઇત્યાદિ અનેકવિધ વિષયોને સ્પષ્ટ કરતાં આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અવશ્ય અવશ્ય પ્રકાશના પૂંજ સમાન છે.

મહાપુરુષોએ – અનુભવી પુરુષોએ શાસ્ત્રમાં ભાવોની ચર્ચા કરી છે. શબ્દો તો માત્ર વાચક છે પણ ભાવો છે તે તેનું વાચ્ય છે. ભાવોને સમજવા માટે ભાવોનો પરિચય જોઈએ, એ સમજી શકાય એમ છે. ભાવ ભાસ્યા વિના તે સંબંધિત રસ ઉત્પન્ન ન થાય. શાસ્ત્રમાં દર્શાવેલા ભાવોને સમજવા અર્થે ઉપયોગને જે–તે ભાવો ઉપર લંબાવીને તે ભાવને સમજવો જોઈએ તો જ જે ભાવ શાસ્ત્રકાર કહેવા માંગે છે તે યથાર્થપણે સમજાય. ધારણાથી કરેલી સમજણ અને આ પ્રકારે ભાવોના અવલોકનથી કરેલી સમજણ – બન્નેમાં ઘણો તફાવત છે. જે અનુભવથી સમજી શકાય છે.

જેમ બહારની દુનિયા પોતાનું એક અસ્તિત્વ ધરાવે છે તેમ અંતરંગમાં પણ ભાવોની દુનિયા છે. આ ભાવોની દુનિયાનો પરિચય જીવે કર્યો નથી. સ્વયંના પરિણામોને જોવાનો હેતુ પર્યાયદૃષ્ટિ દૃઢ કરાવવાનો નથી પરંતુ ચાલતા ભાવોના અનુભવને ઓળખી સ્વભાવની ઓળખાણ સુધી પહોંચાડવાનો છે. અવલોકન એ ચાલતા ભાવોના અનુભવને જોવાનો પ્રયોગ છે, જેનાથી ભાવોની ઓળખાણ થાય છે, તેમાં રસ શું છે, તેની પાછળ શું અભિપ્રાય કામ કરે છે, તેમાં વેગ કેટલો છે, ઇત્યાદિ અનેક પડખાંઓ સમજાય છે.

સ્વયંના ચાલતા ભાવોનો પરિચય કરી તેમને ઓળખવા, તેમાં વિભાવજાતિના ભાવો ઓળખાય, સ્વભાવજાતિના ભાવો પણ ઓળખાય. જેમ–જેમ ભાવોનો પરિચય વિશેષ તેમ–તેમ અવલોકનની સૂક્ષ્મતા આવે અને સૂક્ષ્મતા આવતાં સ્વભાવની ઓળખાણ થાય. સ્વભાવ અને વિભાવની ઓળખાણ થયા વિના ભેદજ્ઞાન કેવી રીતે થાય ? ન જ થાય. ભેદજ્ઞાન એ એક સ્વાનુભવ માટેનો સર્વોત્તમ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

માટે ઉપરોક્ત વિધિ મુમુક્ષુજીવે આત્મહિતની ભાવનામાં આવી અવશ્ય હસ્તગત કરવા યોગ્ય છે.

આમ આત્મભાવનાથી શરૂઆત કરી મુમુક્ષુજીવ અવલોકનમાં આવે અને અવલોકનથી ભાવોનો પરિચય સાધે, તે પરિચય સધાતાં ઓળખાણ થાય અને ઓળખાણ થાય તો ભેદજ્ઞાન થાય અને ભેદજ્ઞાન થાય તો સ્વાનુભવ થાય. આમ માર્ગપ્રાપ્તિનો ક્રમ છે.

માર્ગપ્રાપ્ત પુરુષ જ માર્ગ દર્શાવી શકે, અન્ય કોઈ માર્ગ દર્શાવવા સમર્થ નથી. જે પોતે જ આ વિષયથી અજાણ હોય તે બીજાને કેવી રીતે દર્શાવી શકે ? અતઃ પ્રસ્તુત વિષયને સ્પષ્ટ કરતાં પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના આ પ્રવચનોનો સ્વાધ્યાય કરતાં તેઓશ્રીની વિશિષ્ટ દિવ્ય પ્રજ્ઞાના દર્શન થાય છે. તેઓશ્રીનું આ વિષય ઉપરનું પ્રભુત્વ, સરસ્વતીના વરદાનની પ્રતીતિ કરાવે છે. અંતર્મુખ થવું એ એક કળા છે જે બહુભાગ વચનઅગોચર છે, છતાં સ્વયંના અનુભવમાં કલમ બોળીને પૂજ્ય ભાઈશ્રી શશીભાઈએ અનુભવને લેખનીમાં ઉતાર્યો છે, જે તેઓશ્રીના આ વિષય ઉપરના સાતિશય અસાધારણ પ્રભુત્વના દર્શન કરાવે છે. તેઓશ્રીના પ્રવચન-અમૃતસમુદ્રનું આ એક અમૃતબિંદુ છે જે મુમુક્ષુજીવના નેત્રનું અંધત્વ દૂર કરી 'સુવિધિદર્શન' કરાવે છે.

આ ગ્રંથના મંગલ પ્રકાશન પ્રસંગે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પુરુષાર્થમૂર્તિ પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની તથા કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીને સ્મરણમાં લઈ વંદન કરીએ છીએ.

આ ગ્રંથમાં છપાયેલાં સર્વ પ્રવચનોને સૌ પ્રથમ અક્ષરશઃ ઑડિયો કેસેટ ઉપરથી ઉતારી લેવામાં આવ્યા છે. ત્યારબાદ તેનું કેસેટોને સાંભળીને સંપાદન કરવામાં આવ્યું છે, જેમાં જરૂર લાગે ત્યાં વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. ત્યારબાદ પ્રેસમાં મોકલતાં પહેલાં બીજા મુમુક્ષુ દ્વારા કેસેટ સાથે મેળવી લેવામાં આવ્યાં છે. જેથી કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો નીકળી જાય.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપવામાં આવેલ છે. ઑડિયો કેસેટ ઉપરથી પ્રવચનોને ઉતારી આપવા બદલ જે–જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો આભાર માનવામાં આવે છે તથા અન્ય મુમુક્ષુઓએ આ પ્રકાશન કાર્યમાં સહકાર આપ્યો છે તેમનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ' નો તથા સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ 'ભગવતી ઑફસેટ' નો આભાર માનવામાં આવે છે.

વીતરાગ સત્ સાહિત્ય પ્રકાશનના કાર્યમાં મનથી, વચનથી કે કાયાથી કોઈપણ પ્રકારની ક્ષતિ રહી જવા પામી હોય તો શુદ્ધ અંતઃકરણપૂર્વક વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્રની ક્ષમા યાચીએ છીએ. તથાપિ પાઠકવર્ગને વિનંતી કરવામાં આવે છે કે કોઈ ક્ષતિ દૃષ્ટિગોચર થાય તો અવશ્ય જાણ કરે. જેથી ભવિષ્યમાં તે પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય.

અંતતઃ પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાયથી મુમુક્ષુજીવ આત્મહિતને સાધી કલ્યાણમાર્ગને પ્રાપ્ત થાય એ જ ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

પ્રસ્તુત ગ્રંથ વાંચકોને પ્રિય થતાં તેની વધુ માગ આવતા તેની આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરતા હર્ષ અનુભવીયે છીએ.

ફાગણ વદ ૧૦, ૦૧-૦૪-૦૮
પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વ જયંતી

ટ્રસ્ટીગણ,
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

ॐ

વીતરાગાય નમઃ

# ※ સુવિધિ ※

સ્વરૂપ પ્રાપ્ત કરવાની કાર્યપદ્ધતિ - યથાર્થ કાર્યપદ્ધતિને **'સુવિધિ'** કહીએ. આવી સુવિધિ કોઈ પરિભાષા (Theory) નથી. તેમજ કોઈ સૂત્રનો શબ્દાર્થ, ભાવાર્થ અથવા ધારણા-જ્ઞાનનો પ્રકાર નથી. પરંતુ સ્વરૂપ સાધવા માટેના ઉદ્યમવંત જીવનું પ્રયોગાત્મક પરિણમન છે કે જે ઉપાયરૂપ છે.

જોકે એકમાત્ર આત્મહિતના લક્ષે દ્રવ્યશ્રુત દ્વારા એટલે કે આત્માનુભવી પુરુષોની વાણીનું શ્રવણ-વાચન, સત્પુરુષનાં ચરણમાં રહી, સ્વરૂપપ્રાપ્તિની ભાવના અને લગની સહિત કરવામાં આવે ત્યાં પ્રથમ વિચાર-મનન-ચિંતનપૂર્વક શ્રુતની ધારણાનો પ્રસંગ છે. તોપણ સાથે સાથે ધારણારૂપ સમજણને ઉદયપ્રસંગમાં લાગુ કરવી - કરતા જ રહેવી જોઈએ; નહિ તો માત્ર ધારણાથી સંતુષ્ટ થઈને ત્યાં જ અટકી જવાનું અનિવાર્ય થઈ જશે. આ રીતે સમજણ પછી પરિણમનની દિશામાં એક પગલું આગળ વધવાની આ રીત છે.

જ્ઞાની પુરુષોએ આત્મહિતના ઉપાયને બે વિભાગમાં વર્ણવ્યો છે - એક તો સાક્ષાત્ મોક્ષનો માર્ગ કે જે સમ્યક્

પુરુષાર્થ સહિત હોય છે અને બીજો તેની પ્રાપ્તિ માટેની પૂર્વ-ભૂમિકામાં તે માર્ગપર્યંત પહોંચવાના પ્રયાસરૂપ મુમુક્ષુદશા. આમ જ્ઞાનદશા અને મુમુક્ષુદશામાં કેવા પ્રયોગથી આગળ વધતાં વધતાં પૂર્ણ શુદ્ધિરૂપ ધ્યેયને સાધવામાં આવે છે તે માર્ગની વિધિની સૂક્ષ્મતા વિકલ્પ જેટલી સ્થૂળ નથી, તો વચન-કથનની સ્થૂળ પરિસ્થિતિમાં કેમ આવી શકે ? આવી એક સમસ્યા આ વિષયને વ્યક્ત કરતાં અત્રે ઊપજે છે; તથાપિ સમર્થ સત્પુરુષોએ પ્રસ્તુત વિષયને યત્કિંચિત્ વચનગોચર કરેલ હોય, તેના અધારે સ્વ-પર હિતાર્થે અહીં પ્રસ્તુત છે :-

પ્રથમ જ જે જીવને અંતરથી જન્મ-મરણના ચક્રમાંથી છૂટવા માટે તીવ્ર ભાવ/ઉછાળો આવે છે અથવા જે એકમાત્ર આત્મહિત અર્થે જ ઉલ્લાસિત વીર્યવાન થઈ તે જ લક્ષે પ્રવર્તે છે તેવો જીવ પોતાની દશામાં પ્રવર્તમાન અવગુણોને નાશ કરવાના દષ્ટિકોણને મુખ્ય રાખીને સત્શ્રુતનું અવગાહન કરે છે, ત્યાં પ્રથમ કાર્ય વિચાર-મનનપૂર્વક શરૂ થાય છે. તેમાં પોતાના પૂર્વગૃહીત અભિપ્રાય અને માન્યતાથી વિરુદ્ધ પ્રકારો અને ઉપદિષ્ટ વિષયનું ઘણું મંથન ચાલે અને તે મંથનને અંતે સત્યસંમત થાય, તોપણ પ્રયોગમાં મૂકીને તેને સંમત કરવાની પદ્ધતિ રાખે - તેવો પ્રકાર, તે સુયોગ્ય પ્રકાર છે.

યથાર્થ કાર્યપદ્ધતિ / વિધિના સંદર્ભમાં વિચારતાં પોતાનાં પરિણામોનું અવલોકન થવું તે જ યોગ્ય પદ્ધતિ છે; કારણ કે અવલોકન થયા વિના પરિણામમાં ઉત્પન્ન રસને જીવ પોતે સમજી શકતો નથી. અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ માત્ર

ધારણારૂપે પરલક્ષી થઈ જાય છે. એવો પરલક્ષી ધારણાનો ઉપયોગ થઈ શકતો નથી. અને તેવી ઉપદિષ્ટ-ધારણા પ્રાયઃ કૃત્રિમતાને ઉત્પન્ન કરે છે અર્થાત્ ધારણાનુસાર કાર્ય કરવાની કર્તૃત્વબુદ્ધિથી ધારણાનો વિષય ચરિતાર્થ કરવાનું થાય છે. ખરેખર તો તત્ત્વનો અભ્યાસ સ્વલક્ષી / આત્મલક્ષી હોવો ઘટે છે. કારણ કે -

❋ સ્વલક્ષી જ્ઞાન જ પ્રતીતિને ઉત્પન્ન કરી શકે છે પરંતુ પરલક્ષી આગમજ્ઞાન અનાદિ વિપરીત શ્રદ્ધાને પલટાવવાને સમર્થ નથી. જેમ રાગથી વિપરીત શ્રદ્ધા પલટાવી શકાતી નથી તેમ જ પરલક્ષી જ્ઞાન પણ સમ્યક્ શ્રદ્ધાને ઉત્પન્ન કરવા અસમર્થ છે.

❋ સ્વલક્ષી જ્ઞાન ગુણને / સ્વભાવને સાધી શકે છે પરંતુ પરલક્ષી જ્ઞાન વિકલ્પ વૃદ્ધિમાં પરિણમે છે વા પ્રાયે શાસ્ત્રીય - અભિનિવેશ આદિ દોષને સાધે છે.

❋ સ્વલક્ષી જ્ઞાન અનુભવમાં આવતાં ભાવના ઊંડાણમાં જાય છે જેથી સ્વભાવ - વિભાવ જાતિની પરખ આવવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે પરંતુ પરલક્ષી જ્ઞાન તો સ્થૂલપણે ઉપર ઉપર પ્રવર્તીને માત્ર ધારણા કરે છે.

❋ સ્વલક્ષી જ્ઞાન સાથે પ્રતીતિ ભળે છે જેને લીધે સ્વરૂપસ્થિરતાનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે પરંતુ પરલક્ષી જ્ઞાન વિશાલ ક્ષયોપશમવાળું હોય તોપણ તેથી ઉપયોગની સ્વરૂપમાં સ્થિરતા થઈ શકતી નથી.

❋ સ્વલક્ષી જ્ઞાનમાં થયેલો આત્મસ્વરૂપનો નિર્ણય

સ્વરૂપની અનન્ય રુચિ, અંતર્મુખી પુરુષાર્થનું જોર અને અપૂર્વ ચૈતન્યરસ (- સ્વરૂપ મહિમાના કારણથી ઉત્પન્ન થયેલો) ઉત્પન્ન કરે છે. પરંતુ પરલક્ષી જ્ઞાનથી આગમના આધારે કરેલો સ્વરૂપનો નિર્ણય પણ આત્મસ્વરૂપનો મહિમા-રસ-રુચિ-પુરુષાર્થને જાગૃત કરી શકતો નથી.

જીવના પરિણામના વિજ્ઞાન અનુસાર પરિણામની શક્તિ તેમાં રહેલા રસમાં મોજૂદ છે. તેથી વિભાવરસ તૂટીને સ્વભાવરસ સમુત્પન્ન થાય તે જીવનું કર્તવ્ય છે. વિભાવરસ - શુભ ને અશુભ બન્ને સમાનપણે આત્માને પ્રતિબંધક છે - તેવા અવલોકન વગર કોઈ બીજી રીતે પોતાને અનુભવમાં (- સમજમાં) આવી શકે નહિ. તદુપરાંત રસ ને રુચિનાં પરિણામો અવિનાભાવી છે તેથી પોતાની વિભાવની રુચિ પલટાવ્યા વિના જે કોઈ જીવ, ધ્યાન - યોગ આદિ પ્રયોગ દ્વારા ઉપયોગને બહિર્મુખતાથી પલટાવી અંતર્મુખ કરવા ચાહે છે - તેને માર્ગની યથાર્થ વિધિના ક્રમની ખબર નહિ હોવાથી તે કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી. વૈજ્ઞાનિક પરિસ્થિતિ એવી છે કે પ્રથમ રુચિ પલટયા વિના ઉપયોગ પલટે નહિ. તેથી તે વિજ્ઞાનથી અજાણ જીવો અવિધિએ ઉપયોગને પલટાવવા વૃથા પરિશ્રમ કરે છે, તેમાં સમય ને શક્તિનો માત્ર દુર્વ્યય જ થાય છે.

નિજહિતની તીવ્ર ભાવનાને લીધે મુમુક્ષુજીવ જ્યારે અવલોકનપદ્ધતિમાં આવે છે ત્યારે પોતાના જ ચાલતા પરિણામનો જે અનુભવ, તેને સમજવાનો અભ્યાસ ચાલે છે.

શાસ્ત્રના નિમિત્તે નિમિત્તાશ્રિત જ્ઞાનાભ્યાસ છે જ્યારે અહીં ઉપાદાનાશ્રિત જ્ઞાનાભ્યાસ છે. વારંવારના અવલોકનના દીર્ઘકાલીન અભ્યાસથી અવગુણ ટાળવાના લક્ષવાળો જીવ, અનેક પ્રકારના વિભાવભાવોમાં આકુળતાનો અનુભવ થાય છે - તેમ અનુભવપદ્ધતિથી સમજે છે. તેમજ તે તે વિભાવોમાં નિહિત છતાં વ્યક્ત મલિનતાને પણ અનુભવથી સમજે છે. તેથી તે તે ભાવોની અરુચિ જન્મે છે અને ત્યાંથી ખસવાની સહજ વૃત્તિ ઉદ્ભવે છે. આમ વિભાવરસ મંદ પડે છે. અવલોકનના અભ્યાસમાં આત્મરુચિને લીધે સૂક્ષ્મ થયેલા જ્ઞાનમાં પોતાની વિભાવપરિણતિ મુમુક્ષુજીવને ભાસ્યમાન્ થાય છે. તેમજ,

સામાન્યતઃ સંસારમાં જીવો અનુકૂળતા - પ્રતિકૂળતાની મુખ્યતામાં સંયોગને વળગીને પ્રવર્તતા રહે છે. પરંતુ આત્માર્થીજીવ તે પ્રકારથી અટકી જઈને ઉદયમાં ઇષ્ટ-અનિષ્ટપણાથી નિવર્તવાના પુરુષાર્થમાં લાગેલો રહે છે - નિજહિતની અપૂર્વ લગનીથી લાગેલો હોવાથી તે અવશ્ય આત્મહિત સાધશે. અવલોકન કરનાર જ્ઞાન સ્વયંનું અવલોકન પણ કરે છે ત્યાં પ્રથમ જ્ઞાનની વ્યાપ્તિના અનુભવને વારંવાર ઉદયના પ્રસંગોમાં તપાસે છે, જે તપાસણીના અભ્યાસની ફલશ્રુતિ એ પ્રકારે આવે છે કે મારું જ્ઞાન (પુદ્ગલનાં જે જે કાર્યો જીવભાવ સાથે નિમિત્ત નૈમિતિકભાવે પરસ્પર મેળવાળાં થઈ રહ્યાં છે, તોપણ) કોઈપણ સંયોગી પદાર્થોમાં વ્યાપતું નથી; માત્ર જાણવાની મર્યાદામાં રહે છે. તે વિકલ્પ પણ વિકલ્પ અનુસાર કાર્ય ભજે એવા શરીરાદિની પર્યાયોમાં વ્યાપતો નથી. આ રીતે કાર્ય-કારણમાં સ્વ-પરની

ભિન્નતા અવલોકનથી સમજાતાં જીવનો ઉદયના કાર્યો કરવાનો રસ તૂટે છે અને તેવાં પરિણામમમાં પરપદાર્થપ્રત્યેનું જોર ઘટી જાય છે. જ્યાં કોઈપણ કાર્ય કરવામાં રસ ને જોર ન હોય ત્યાં તત્-સંબંધિત દુરાગ્રહ અને તીવ્ર કષાયરસ કેમ થાય ?

સર્વ દોષથી રહિત થવાની ભાવનામાં, પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનો અભિપ્રાય રહેલો છે. તેથી પૂર્ણ શુદ્ધતાનું લક્ષ-ધ્યેય દૃઢ મોક્ષેચ્છામાં પરિણમિત થાય છે. સ્વરૂપપ્રાપ્તિની આવી ભાવનામાં આત્મસ્વભાવની ભાવના ગર્ભિત છે. તેથી મુમુક્ષુ જીવને પોતાનું મૂળસ્વરૂપ ઓળખવાની કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. આવી જિજ્ઞાસાનો અંત જ્યાં સુધી 'સ્વરૂપ નિર્ણય' માં ન આવે ત્યાં સુધી અતૃપ્ત જિજ્ઞાસા મુમુક્ષુ જીવને સર્વ ઉદયપ્રસંગમાં અને પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં નીરસ કરી દે છે. એટલું જ નહિ પણ એ સ્થિતિની તીવ્રતામાં પસાર થતાં ઊંઘ પણ ઊડી જાય છે અર્થાત્ રાત્રિ-દિવસ તેનો આત્મા સ્વરૂપ-શોધમાં લાગેલો રહે છે નિર્મોહ સ્વરૂપની ખોજની તીવ્રતાને કારણે દર્શનમોહનો અનુભાગ યથાર્થપણે સારા પ્રમાણમાં ઘટે છે. તેથી જ્ઞાનમાં અનાદિથી રહેલાં અજ્ઞાન - અંધકારના પટલની ગાઢતા આછી થાય છે, અર્થાત્ આ ભૂમિકામાં જ્ઞાન સ્વરૂપનિશ્ચય અર્થે સક્ષમ / નિર્મલ થાય છે. - આવા મુમુક્ષુ જીવને અધ્યાત્મશાસ્ત્રના ભાવો યથાર્થપણે ભાસે છે અને અધ્યાત્મરસ તેવાં નિમિત્તોમાં વૃદ્ધિગત પણ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવામાં બીજું એક સમર્થ કારણ

પણ આ કાળે ઉત્પન્ન થાય છે, તે વિદ્યમાન સત્પુરુષનાં ચરણસાન્નિધ્યમાં સરળતાપૂર્વક સત્સંગપ્રાપ્તિની ભાવના છે. અનાદિથી અજાણ એવો સન્માર્ગ દર્શાવનાર સત્પુરુષ, માર્ગના સાચા જિજ્ઞાસુ માટે ખરેખર પરમાત્મા તુલ્ય જ છે, એવું માત્ર સ્વરૂપના ખોજી જીવને જ લાગે છે; તેથી જો કદાચ કોઈ સત્પુરુષનો યોગ થાય તો સર્વાર્પણબુદ્ધિથી સત્સંગને મુખ્ય કરે છે. અને જો તેવો યોગ ન થાય તો તે તેવા યોગની આશ્રયભાવનામાં વર્તે છે. આવા પ્રકારનાં પરિણામ, દર્શનમોહનો અનુભાગ ઘટવાનો અતિ સુગમ અને સરળ ઉપાય છે. 'સ્વરૂપનિશ્ચય' થવાની યોગ્યતાની પ્રાપ્તિ - એ રૂપ વર્તમાન પાત્રતા અહીં ઉત્પન્ન હોય છે. દર્શનમોહના વિજ્ઞાન અનુસાર આ સિદ્ધાંત છે કે ''દર્શનમોહ મંદ થયા વિના, વસ્તુસ્વરૂપનું ભાવભાસન થાય નહિ અને દર્શનમોહના અભાવ થયા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.'' આત્માનુભવ થવા માટેનો આ અનિવાર્ય ક્રમ છે.

ઉપરોક્ત પાત્રતામાં આવેલો મોક્ષાર્થી જીવ અંતરસંશોધનમાં ઊંડો ઊતરે છે ત્યારે સ્વયંના 'જ્ઞાનલક્ષણથી' જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય નિમ્ન વિધિથી કરે છે : આ વિધિનું પ્રસિદ્ધ નામ 'ભેદજ્ઞાન' છે; ત્યાં પ્રથમ બુદ્ધિપૂર્વક ઉપર ઉપરથી ભેદજ્ઞાનનો પ્રયાસ ચાલુ થાય છે. પ્રયાસ એટલે પોતે માત્ર જાણનારો / જ્ઞાયક છે એમ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરે, એટલે કે ઉદયમાં જ્યારે જ્યારે હર્ષ-શોક ભાવોના તીવ્ર રસ પ્રસંગે પોતાને તપાસે (- જ્ઞાન જ્ઞાનને તપાસે) તો સ્પષ્ટ

માલૂમ પડે છે કે મારા જ્ઞાનમાં ખરેખર કાંઈ વધઘટ થઈ નથી અર્થાત્ હર્ષ થવામાં મને કાંઈ મલ્યું નથી તેમ શોક પ્રસંગે મારામાંથી કાંઈ ગયું નથી. – આ કાંઈ વિકલ્પ કરવા માત્ર નથી પરંતુ ચાલતા પરિણમનમાં પોતાના અનુભવને તપાસીને જણાયેલ ભિન્નતા છે. આ પ્રકારનો વારંવાર ભિન્નપણાનો અભ્યાસ થતાં પોતાને ખ્યાલ આવે છે કે મિથ્યાબુદ્ધિરૂપ અધ્યાસથી જે 'પરપ્રવેશભાવ'પણે અનુભવ થઈ રહ્યો છે તેનું જૂઠાપણું સમજાય. 'પરપ્રવેશભાવ' તે વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે, એવું અવલોકનથી સમજાય ત્યારે તે ભૂલ ટાળવાની સૂઝ ખ્યાલમાં આવે છે. અર્થાત્ સુલ્ટા પ્રયોગની રીત સમજાય છે. આ 'પરપ્રવેશભાવ' જ જીવના સ્વસંવેદનને રોકનારો ભાવ છે. આ પ્રકારે ભેદજ્ઞાનના પ્રયોગાભ્યાસથી માલૂમ પડે છે કે ખરેખર કોઈ પરજ્ઞેય (રાગાદિ પર ભાવ પણ) મારા ઉપર / જ્ઞાન ઉપર કાંઈ પણ અસર પહોંચાડી શકતું નથી. મેં અનંતકાળથી પરપદાર્થનો અનુભવ કર્યો હોવાનું માન્યું છે, તે અસત્ય છે. અનંતકાળથી રાગાદિ ભાવોની અસર તળે અનેકવિધ વિકારી ભાવપણે મને અનુભવ કરીને ગાઢ રસવાળા વિકારી પરિણામ વચ્ચે રહેવા છતાં પણ મારું જ્ઞાનસ્વરૂપ સદાય નિર્લેપ જ રહેલું છે.

જો મોક્ષાર્થી જીવ ખાસ પ્રકારની પાત્રતામાં વર્તતો હોય અને સ્વહિતમાં ઉત્સાહિત વીર્યથી વર્તતાં કાર્યે-કાર્યે - પ્રસંગે-પ્રસંગે ઉપયોગમાં જ્ઞાનની વ્યાપકતાને અવલોકતો હોય તો

પોતે 'જ્ઞાનમાત્ર'પણે ભિન્ન ભાસ્યમાન્ થાય છે. આ રીતે 'જ્ઞાનમાત્ર'પણે અભ્યાસ વૃદ્ધિગત થવાથી 'જ્ઞાનમાત્ર'માં જ્ઞાનવેદનનું ભાસવું થાય છે. વેદન કદીએ પરોક્ષ હોતું નથી, અતઃ જ્ઞાનવેદનથી પોતે પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ, સહજ સ્વરૂપે છે - એવું પોતાના મૂળ સ્વરૂપનું ભાવ-ભાસન સ્વસન્મુખતાના સહજ પુરુષાર્થને ઉત્પન્ન કરે છે. જે વૃદ્ધિગત થતાં કોઈ અપૂર્વ પરાક્રમથી પરોક્ષપણાનો વિલય કરી, અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્થિરભાવ ધારણ કરશે. આ પ્રકારે ભેદજ્ઞાન તે વિભાવના નિષેધપૂર્વક પ્રગટ સ્વભાવનો આદર / સત્કાર છે. પરમાર્થની તીવ્રભાવનામાં વર્તતા જીવને આ પ્રકારનું ભેદજ્ઞાન પ્રયાસરૂપે સહજ થવા યોગ્ય છે.

ભેદજ્ઞાનના પ્રયોગથી (અનાદિથી જે રાગની મુખ્યતા અર્થાત્ રાગમાં હુંપણું / રાગમાં અસ્તિત્વપણું ગ્રહણ થઈ રહ્યું છે તેને) જ્ઞાનમાં હુંપણા દ્વારા જ્ઞાનને મુખ્ય કરવાથી રાગાદિભાવોમાં અભેદબુદ્ધિથી વર્તતું કર્તાપણું નાશ પામે છે. આ સ્વરૂપ અસ્તિત્વ ગ્રહણ કરવાની પ્રક્રિયા (Process) છે.

જ્ઞાનમાં માત્ર જ્ઞાનને સ્વ-રૂપે અવલોકવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરીને વારંવાર પ્રયત્ન કરતાં જ્ઞાનની સ્વભાજાતિની પરખ આવે છે; ત્યારે વિભાવજાતિવાળા ભાવોની પણ પરખ આવે છે; તેથી વિભાવનું કોઈપણ રૂપ - અતિ શાંત મનની શાંતિરૂપે હોય તોપણ તે વિભાવ જ છે એમ ઓળખાય, અને તે વિભાવની મલિનતા અને આકુળતા પરખાઈ આવે છે.

પ્રગટ જ્ઞાનમાં સ્વભાવ અંશનો વિકાસ ( - ખુલ્લાપણું)

હોવાથી સ્વભાવની અનંતશક્તિ / સામર્થ્ય, શાશ્વતપણું આદિનો નિર્ણય થઈ શકે છે. જેને રાગના નાનામાં નાના કણમાં દુઃખ, મલિનતા અને અચેતનપણાનો ( - જ્ઞાનપ્રકાશનો અભાવ) નિર્ણય થાય છે, (યુક્તિથી નહિ પણ અનુભવના અવલોકનથી) તેને જ્ઞાનલક્ષણથી સ્વભાવસ્વરૂપે રહેલાં અનંત સુખ-સામર્થ્યનો પણ નિશ્ચય થાય છે. અવલોકનમાં ચેતના...ચેતના...ચેતના... ના સાતત્ય દ્વારા પોતાનું ચેતના-ગુણમયપણું પરદ્રવ્યથી અને રાગથી પોતાને ભિન્ન પાડવાનું એકમાત્ર સાધન છે, આ સિવાય કોઈ બીજું સાધન નથી.

જ્ઞાનમાં રહેલા જ્ઞાનવેદનથી લક્ષરૂપ આત્માની પ્રસિદ્ધિ છે. આ લક્ષ-લક્ષણની સંધિ છે. જેવો આત્મા કેવળજ્ઞાનમાં જણાય છે તેવો જ આત્મા લક્ષમાં આવતા અનંત મહિમાવંત પદાર્થ સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ પોતે છે, તેમ લાગતાં તેનો કોઈ અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે. તે મહિમા આત્મરસદ્વારા પરિણતિ ઉત્પન્ન કરે છે. વારંવાર પોતાના જ્ઞાન-દર્શન-દ્વારમાં સ્વરૂપશક્તિને દેખતાં, તેમાં નિહિત અનંત સુખનો ભંડાર પ્રતિભાસતાં નિર્વિકલ્પસ્વરૂપનો રસ ઘૂંટાઈને ઘટ્ટ થતો જાય છે. આ સ્થિતિમાં સ્વભાવની અનન્યરુચિ અપૂર્વભાવે પ્રગટ થાય છે; અને રુચિ અનુયાયી વીર્ય / પુરુષાર્થ વડે અનંત પ્રત્યક્ષ તેજનું પૂર, જ્ઞાનમાં રહેલી પરોક્ષતાને વિલીન કરી સહજ પ્રત્યક્ષપણે વર્તવા લાગે છે.

જોકે સામાન્યપણે તત્ત્વાભ્યાસ કરનારને એવો અભિપ્રાય હોય છે કે ‘આત્મા પરોક્ષ છે, અપ્રગટ છે, તેથી જણાતો

નથી' તેના પ્રત્યે સમાધાન આમ છે કે આત્મા તો સ્વરૂપે કરીને પ્રત્યક્ષ જ છે, પરંતુ પર્યાય અંતર્મુખ થાય તો 'આત્મા પ્રત્યક્ષ છે' તેમ જણાય છે. બહિર્મુખ જ્ઞાનની પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી, ભાસતો નથી; પરંતુ આત્મા પ્રત્યક્ષ જ છે. તેની સન્મુખ ઢળીને દેખે તો પોતે પ્રત્યક્ષ છે તેમ ભાસે છે. પરંતુ સન્મુખ કેમ ઢળવું અથવા થવું તેવી સમસ્યા અવશ્ય છે; તેનું સમાધાન એમ છે કે :-

ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને અર્થાત્ સ્વને જાણે. જ્ઞાનના આધારે - નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે થયેલો નિર્ણય સ્વરૂપલક્ષ ઉત્પન્ન કરે છે. આ નિર્ણય રાગ કે નિમિત્ત (- દેવ-શાસ્ત્ર-ગુરુ)ના આધારે થયેલો નથી, પરંતુ અંશતઃ રાગથી મુક્ત થઈને જ્ઞાનથી જ્ઞાનસ્વભાવનો (- સ્વનો) જ્ઞાનની અધિકાઈમાં (– રાગની અનાદિ મુખ્યતા હતી તે પલટાવીને) થયેલ ભાવભાસન છે, કે જેમાં ભવી - અભવીની શંકા રહેતી નથી.

જ્ઞાન સ્વયં વેદકસ્વભાવી છે. તેથી પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં, તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે, ત્યારે સ્વસન્મુખ થઈને વેદવાનું બને છે. - આ પ્રકારે સ્વસન્મુખ થવાની રીત છે. અંતરંગમાં રહેલાં જ્ઞાનવેદનને વેદતાં જ્ઞાનની દિશા કોઈ બાહ્યજ્ઞેય ઉપર હોતી નથી પરંતુ અહીં જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે. અને અંતર્મુખ પરિણમનસ્વભાવ પ્રતિભાસે છે. દશાની દિશા પલટવી તે અપૂર્વ છે. આવા સ્વરૂપનિર્ણયકાળે જ એક અખંડ - અભેદ વસ્તુના દ્રવ્ય-ગુણ-

પર્યાય આદિ ભેદ યથાર્થરૂપે સમજાય છે. ભેદ સમજવામાં આવતાં છતાં પણ, ભેદનો દૃષ્ટિકોણ ગૌણ થઈ મુખ્યપણે અભેદતા સાધવાની પ્રક્રિયા ચાલે છે. વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે વેદન વર્તમાન અંશનું હોવા છતાં અવલંબન અંશીનું / સ્વભાવનું લેવાનું છે. જોકે વર્તમાન અંશરૂપ વર્તતો ભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં 'હુંપણાના ભાવે' અભેદતા સાધી સ્વરૂપાનુભવ કરે છે; તોપણ ત્રિકાળીમાં વેદન હોતું નથી; અને પર્યાયમાં રાગવેદન ગૌણ થઈ જ્ઞાનવેદનનો આવિર્ભાવ થવા છતાં પણ તેનું એવું મુખ્યપણું ન થાય કે જેથી તેનું અવલંબન લેવાય.

વિધિનો સંક્ષેપ વિચારતાં, પ્રગટ જ્ઞાનવેદન દ્વારા, સ્વભાવના પ્રત્યક્ષપણાનું, પ્રતીતિના બળથી વારંવાર ઉગ્રપણું થતાં (–અભેદભાવે 'હું આવો જ છું') સ્વસંવેદનનો આવિર્ભાવ થાય છે. જેમાં શ્રદ્ધા અને જ્ઞાનની મૈત્રી છે. આ જ વિધિને 'અનુભવપ્રકાશ'માં સ્વ. શ્રી દીપચંદજી આ શબ્દોમાં વર્ણવે છે ''જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે અનુભવ છે.'' – ''પોતાને જ પ્રભુ સ્થાપ, પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર.'' અર્થાત્ પોતાનું પરમપદ, ભિન્ન રહીને (- અવલોકનની પર્યાયમાં ઊભા રહીને) ન અનુભવી શકાય.

જે નિજાત્મતત્ત્વની ઓળખાણ થાય છે તે શક્તિરૂપે હોવા છતાં અવિકૃતપણે, અંતર્મુખપણે દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો તેનો સ્વભાવ છે. તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં (- માત્ર વિચારતાં નહિ), ભાવતાં શક્તિનું વ્યક્ત

પરિણમન થવા લાગે છે. દ્રવ્યાનુસારી શુદ્ધ પરિણમન ઉત્પન્ન થવાનું આ વિજ્ઞાન છે.

આમ વર્ણનના અનેક પ્રકાર હોવા છતાં 'વિધિ' તો એક જ પ્રકારે છે.

પ્રસિદ્ધ લક્ષણથી પ્રસાધ્યમાન સ્વભાવની / પરમતત્ત્વની મહાનતા જ એવી છે કે સમસ્ત જગત સહજગૌણ થઈ જાય. જગતનું ગૌણપણું કરવા માટે કૃત્રિમ વિકલ્પ અથવા કોઈ અન્ય ચેષ્ટા કરવી પડે નહિ.

પ્રથમ શુદ્ધોપયોગનો જન્મ ઉક્ત ભેદજ્ઞાનના પ્રયાસનું ફળ છે. અને ત્યારે જ સર્વગુણાંશ એવું સમ્યક્ત્વ પ્રગટ થાય છે, અહીંથી જ સાક્ષાત્ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. મોક્ષમાર્ગી ધર્માત્માને ભેદજ્ઞાન યાદ કરવું પડતું નથી કે ગોખવું પડતું નથી પરંતુ સહજ એટલે કે વિકલ્પ કર્યા વિના ભેદજ્ઞાન સવિકલ્પદશામાં પણ, પરિણતિરૂપે નિરંતર વર્તે છે. શ્રદ્ધા તો અખંડ સ્વરૂપમાં પ્રસરી જાય છે અને પોતાના પરમાત્મપદ સિવાય બીજા કોઈ દ્રવ્ય-ભાવને તે સ્વીકારતી નથી. સ્વયંના પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધાનો નાશ થઈ જાય છે. તે શરૂઆતથી લઈને કેવળજ્ઞાન પર્યંતની પૂર્ણ દશા જોડે વર્તતી હોવા છતાં, શ્રદ્ધા તેને વિષય કરતી નથી; એવો જ કોઈ સ્વાભાવિક ગુણ સમ્યક્ શ્રદ્ધાને વિષે છે. મોક્ષમાર્ગમાં વર્તતું સમ્યગ્જ્ઞાન સ્વ-પર પ્રકાશનમાં પોતાને શુદ્ધપણે ઉપાસતું રહે છે અને નિર્મળતા આદિ ધર્માસાહિત્યપૂર્ણતા પ્રત્યે ગતિમાન રહે છે. જ્ઞાનની પ્રવૃત્તિ

નય-પ્રમાણયુક્ત હોય છે. તેમાં વ્યવહારનયની હંમેશાં ગૌણતા અને નિશ્ચયનયની મુખ્યતા રહેતી હોવાને લીધે નિશ્ચયસ્વરૂપ સધાય છે. અને નિશ્ચયના જોરે અશુદ્ધતા ટળતી જાય છે અને શુદ્ધતા વૃદ્ધિગત થતી જાય છે. તેમ છતાં મોક્ષમાર્ગમાં પુરુષાર્થ અનુસાર સિદ્ધિના સમયનો આધાર છે. અર્થાત્ પૂર્ણ શુદ્ધિને પ્રાપ્ત થવામાં પુરુષાર્થની તીવ્રતાથી અલ્પ સમયમાં પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ થાય છે, જેટલી શિથિલતા હોય તેટલો કાળ વધુ લાગે છે; પરંતુ અલ્પ (- અસંખ્ય) સમયમાં સાધકદશાની પૂર્ણતા અવશ્ય થઈ જાય છે. પુરુષાર્થની ઉગ્રતાએ મોક્ષમાર્ગી ધર્માત્મા શુદ્ધોપયોગમાં પરિણમે છે અને પુરુષાર્થની મંદતાએ સવિકલ્પદશામાં રહેવું થાય છે; છતાં પણ પરિણતિમાં ધર્મધ્યાન નિરંતર ચાલુ જ રહે છે, જેને સ્વરૂપાચરણચારિત્ર અથવા આત્મચારિત્ર કહેવામાં આવે છે. આ બધાં પરિણામો અભેદપણે અને અવિરુદ્ધપણે વર્તે છે - તેમ જાણવું જોઈએ.

મહાત્માઓએ સકળ શાસ્ત્રની રચના ભેદજ્ઞાન થવા માટે કરી છે. કારણ કે તે તેઓનો અખંડ જાપ છે અથવા સ્વધર્મમાં રહેવારૂપ પ્રવૃત્તિ છે.

અતઃ સ્વરૂપપ્રાપ્તિના અભિલાષી જીવોએ સકળ સિદ્ધાંત અને ઉપદેશના સારરૂપ સમ્યક્‌વિધિને જાણીને અંગીકાર કરવા યોગ્ય છે. **ૐ શાંતિઃ**

જે વડે જણાય તે લક્ષણ કહીએ. જ્ઞાન વડે આત્મા જણાય છે, માટે જ્ઞાન વડે આત્મા નક્કી થાય છે. પુણ્ય–પાપાદિ કે શરીર આદિ જ્ઞાન વડે નક્કી કરવા યોગ્ય નથી પણ જ્ઞાન વડે આત્મા નક્કી કરવા યોગ્ય છે. જ્ઞાન લક્ષણ પુણ્ય–પાપનું કે દેવ-ગુરુ-શાસ્ત્રનું નથી. આ જ્ઞાન તો લક્ષ્ય એવા આત્માનું લક્ષણ છે, જ્ઞાન છે ત્યાં તેની સાથે અનંત ગુણો છે. જ્ઞાન જેનું લક્ષણ છે એવું નક્કી કરતાં અનંત ગુણોવાળો આત્મા નક્કી થાય છે. એ જ સાધ્ય છે. (પરમાગમસાર–૬૪૧)

અરે જીવો ! ઠરી જાઓ... ઉપશમરસમાં ડૂબી જાઓ ! એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય ! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણ લોકમાં શાશ્વત વીતરાગ મુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે. લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગ પ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઉડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે. (પરમાગમસાર–૭૦૩)

આ સંસારમાં જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો પરિભ્રમણ કરે છે, એકલો મુક્ત થાય છે. તેને કોઈનો સાથ નથી. માત્ર ભ્રમણાથી તે બીજાની ઓથ ને આશ્રય માને છે. આમ ચૌદ બ્રહ્માંડમાં એકલા ભમતાં જીવે એટલાં મરણ કર્યાં છે કે તેના મરણના દુઃખે તેની માતાની આંખમાંથી જે આંસુ વહ્યાં તેનાથી સમુદ્રો ભરાય. ભવપરિવર્તન કરતાં કરતાં માંડમાંડ તને આ મનુષ્યભવ મળ્યો છે, આવો ઉત્તમ જોગ મળ્યો છે, તેમાં આત્માનું હિત કરી લેવા જેવું છે, વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આ મનુષ્યભવ ને ઉત્તમ સંયોગો વીજળીના ઝબકારાની જેમ અલ્પ કાળમાં ચાલ્યા જશે. માટે જેમ તું એકલો જ દુઃખી થઈ રહ્યો છે, તેમ એકલો જ સુખના પંથે જા, એકલો જ મુક્તિને પ્રાપ્ત કરી લે.

*(બહેનશ્રીના વચનામૃત-૩૫૭)*

## પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૦૧. | . . . . . . . . . . . . . . . . | ૦૦૧ |
| ૦૨. | . . . . . . . . . . . . . . . . | ૦૨૩ |
| ૦૩. | . . . . . . . . . . . . . . . . | ૦૪૩ |
| ૦૪. | . . . . . . . . . . . . . . . . | ૦૬૬ |
| ૦૫. | . . . . . . . . . . . . . . . . | ૦૮૯ |
| ૦૬. | . . . . . . . . . . . . . . . . | ૧૧૨ |
| ૦૭. | . . . . . . . . . . . . . . . . | ૧૩૪ |
| ૦૮. | . . . . . . . . . . . . . . . . | ૧૫૪ |
| ૦૯. | . . . . . . . . . . . . . . . . | ૧૭૭ |
| ૧૦. | . . . . . . . . . . . . . . . . | ૧૯૫ |
| ૧૧. | . . . . . . . . . . . . . . . . | ૨૧૯ |
| ૧૨. | . . . . . . . . . . . . . . . . | ૨૪૦ |


આ પુસ્તકની કોઈપણ પ્રકારે અશાતના કે વિરાધના ન થાય તેનું લક્ષ રાખવા વિનંતી.


**'સુવિધિ દર્શન' પ્રકાશનાર્થે પ્રાપ્ત દાન રાશિ**

શ્રીમતી ચંદ્રદિકાબેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર ૫,૦૦૦/-

# મૈં જ્ઞાનમાત્ર હૂં

⌘

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્‌ધ્યાન મહીં;
પ્રશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વરતે જયતે.

⌘

પાવન મધુર અદ્‌ભુત અહો ! ગુરુવદનથી અમૃત ઝર્યાં,
શ્રવણો મળ્યાં સદ્‌ભાગ્યથી નિત્ય અહો ! ચિદ્‌રસ ભર્યાં.
ગુરુદેવ તારણહારથી આત્માર્થી ભવસાગર તર્યાં,
ગુણમૂર્તિના ગુણગણતણાં સ્મરણો હૃદયમાં રમી રહ્યાં.

⌘

હું એક, શુદ્ધ, સદા અરુપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે.

⌘

સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ

⌘

ॐ

वीतरागाय नमः

## પ્રવચન-૧
તા. ૧૮-૦૨-૧૯૯૦

'તત્ત્વાનુશીલન'માંથી સ્વરૂપપ્રાપ્તિની કાર્યપદ્ધતિનો વિષય છે. વિધિ એટલે કાર્યપદ્ધતિ અથવા કાર્ય કરવાની રીત. એને 'વિધિ' કહે છે.

શ્રોતા :– 'તત્ત્વાનુશીલન'માં અનુશીલન એટલે શું ?

સમાધાન :– તત્ત્વનું અનુશીલન એટલે ચિંતવન, તત્ત્વ સંબંધીનું ચિંતવન. સામાન્ય અર્થ એનો એવો છે અથવા તત્ત્વને અનુસરીને આત્માને કેળવવો. 'શીલ' એટલે કેળવવો. **'સ્વરૂપ પ્રાપ્ત કરવાની કાર્યપદ્ધતિ – યથાર્થ કાર્યપદ્ધતિને 'સુવિધિ' કહીએ.'** 'સુ' વિશેષણ લગાડ્યું છે ને ! (એટલે) યથાર્થ પદ્ધતિ. કેમકે સ્વરૂપ પ્રાપ્ત કરવું એટલે સ્વરૂપનો અનુભવ કરવો. પ્રાપ્ત નામ અનુભવ. સ્વરૂપ તો જ્યાં છે ત્યાં છે પણ અનુભવ થાય ત્યારે અનુભવમાં પ્રાપ્તિ થઈ એમ કહેવાય છે. એ વિષયમાં ભિન્ન–ભિન્ન અભિપ્રાયો છે, ભિન્ન–ભિન્ન કાર્યપદ્ધતિને લોકો અનુસરે છે અહીંયાં 'યથાર્થ પદ્ધતિ' શું છે તેની ચર્ચા કરી છે.

**'આવી સુવિધિ કોઈ પરિભાષા (Theory) નથી.'** એટલે આપણે વ્યાખ્યા શીખી લઈએ કે, આને સ્વરૂપ પ્રાપ્ત કરવાની વિધિ કહેવાય, વ્યાખ્યા શીખી લઈએ માટે એ વિધિ આવડી ગઈ એવું આમાં નથી.

એ કોઈ માત્ર પરિભાષા નથી કે કોઈ ધારણા કરવાનો વિષય નથી (કે) યાદદાસ્તની ચીજ નથી કે, આપણે શીખી લઈએ. (એ રીતે એ કોઈ) પરિભાષા નથી **'...તેમજ કોઈ સૂત્રનો શબ્દાર્થ, ભાવાર્થ અથવા ધારણા-જ્ઞાનનો પ્રકાર નથી.'**

સૂત્રનો શબ્દાર્થ છે એ તો શબ્દોના અર્થના ક્ષયોપશમ સાથે સંબંધ ધરાવે છે. ભાવાર્થ છે એ આશય સાથે સંબંધ ધરાવે છે અને એને સ્મૃતિમાં ધારી રાખવું – યાદદાસ્તમાં ધારી રાખવું એને જ્ઞાનની ધારણા કહે છે. (આ બધો પ્રકાર નથી તો શું છે તે કહે છે).

**'પરંતુ સ્વરૂપ સાધવા માટેના ઉદ્યમવંત જીવનું પ્રયોગાત્મક પરિણમન છે,...'** વિધિ શું ચીજ છે ? આ નથી, આ નથી એમ કરીને વાત લીધી તો છે શું ? કે, સ્વરૂપ સાધવા માટે જેનો પુરુષાર્થ ઉપડ્યો છે એ પોતાના પુરુષાર્થનું પરિણમન કરે છે, એમાં વિધિ–નિષેધનો પ્રયોગ ચાલે છે. એટલે કે સ્વરૂપને ગ્રહણ કરવું અને અન્ય દ્રવ્ય–ભાવના ગ્રહણનો અભાવ કરવો – તેનો ત્યાગ કરવો, એવું એક પ્રયોગાત્મક પરિણમન છે. પુરુષાર્થને એની સાથે સીધો સંબંધ છે અને તે ઉપાયરૂપ છે, માર્ગરૂપ છે, સાધનારૂપ છે. એ રીતે એને જુદાં–જુદાં શબ્દોથી કહેવામાં આવે છે.

હવે અહીંયાં આટલી જે વિધિના સંબંધમાં સામાન્ય વાત કરી એનો જે વિસ્તાર કરવો છે એમાં થોડું વિચારમાં એ લેવું છે કે, જીવ આ વિષયથી તદ્દન અજાણ્યો છે, માર્ગથી તદ્દન અજાણ્યો છે. અને સામાન્યપણે જે સંસારી છે (એટલે કે) મિથ્યાત્વ, અજ્ઞાનમાં ઊભેલો છે એવા જીવને ક્યાંથી શરૂઆત કરવી ? કેમકે એ જીવને પ્રથમ તબક્કામાં ચોક્કસ પ્રકારની પાત્રતામાં આવવું રહે છે, પછી પુરુષાર્થનો તબક્કો શરૂ થાય છે. પાત્રતામાં આવે તો (સ્વરૂપ)નિર્ણયનો અધિકારી છે – સ્વરૂપનિશ્ચયનો અધિકારી છે અને સ્વરૂપનિશ્ચય કરે તો નિર્ણયનું બળ એટલે પુરુષાર્થ પ્રગટે. એટલે સીધો ઉપાય અને માર્ગમાં આવી જાય, સીધેસીધો પુરુષાર્થમાં

આવી જાય એવું જીવને બનતું નથી.

શ્રોતા :– પાત્રતામાં આવવા માટે પુરુષાર્થ કરવો પડે છે કે સહજપણે અવાય છે ?

સમાધાન :– પાત્રતામાં આવવા માટે ભાવના હોવી જોઈએ. અને ભાવના (એ) પણ તીખી ભાવના, એકમાત્ર ભાવના, બીજું કાંઈ નહિ – એવો એની સાથે અસ્તિ–નાસ્તિથી સંબંધ છે. જેને સ્વરૂપપ્રાપ્તિની પણ ભાવના છે અને બીજી પણ ભાવના છે (એટલે) ઉદયના કાર્યો ઠીક રાખવાની, સંભાળવાની, જાળવવાની, સાવધાની રાખવાની, તો પેલી ભાવના નકામી જશે – સ્વરૂપપ્રાપ્તિની ભાવના નકામી જશે અથવા પાત્રતા ઉત્પન્ન નહિ થાય. એટલે ત્યાંથી વાત શરૂ કરી છે, વાત ત્યાંથી જ શરૂ કરી છે.

શ્રોતા :– આસ્તે–આસ્તે ન વધાય ?

સમાધાન :– આ આસ્તે–આસ્તે જ છે ! આથી પછી કોઈ ધીરે વાત નથી. પુરુષાર્થ છે એમાં પહેલાં જઘન્ય પુરુષાર્થ શરૂ થાય છે, એ પહેલાં (સ્વરૂપ)નિર્ણય થાય છે, એ પહેલાં ભાવના થાય છે – એટલું તો આસ્તે લીધું. પછી વાત એમ છે કે, જીવને ખરેખર (આત્મહિત) કરવું છે કે નથી કરવું ? સવાલ એ છે કે, ખરેખર એને કરવું છે કે નથી કરવું ? જો ખરેખર કરવું હોય તો તેણે ખરા વેશમાં આવવું પડશે. અને નહિતર તો અનંતકાળથી આડંબર કર્યા જ કરે છે. ધર્મના નામે ઘણાં કાર્યો કરે છે એ બધા આડંબર સિવાય બીજું કાંઈ નથી.

શ્રોતા :– મુનિને ધીમી ધાર પોસાતી નથી અને આપણે આસ્તે–આસ્તે (કરવા માગીએ છીએ) !

પૂજ્ય ભાઈશ્રી :– મુનિદશાનો પુરુષાર્થ તો પ્રચુર ગણાય છે. એ પોતે મનુષ્ય છે ને ? એ કહે છે કે, આ ધીમી ધાર છે ! સમ્યગ્દર્શનથી તો એ ઘણો તીવ્ર પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન પણ કોઈ અપૂર્વ પુરુષાર્થ

ગણાય છે. એ પહેલાં (સ્વરૂપ)નિર્ણયથી ઉત્પન્ન થયેલો પુરુષાર્થ તો શરૂઆતનો ઘણો જઘન્યભાવ છે. એ પહેલાં (આત્મહિત કરી લેવાનો) નિર્ણય થાય, એ પહેલાં ભાવના થાય, કેટલું ધીમું પાડ્યું ! પછી હવે કેટલુંક ધીમું જોઈએ છે ? એટલે પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, જીવને ખરેખર કરવું છે કે હવે નથી કરવું ? ભાવના સાચી લઈને આવ્યો છે કે કેમ ? આટલો સવાલ છે.

શ્રોતા :– આવો સત્પુરુષનો યોગ મળવા છતાં ધીમી ગતિ....!

પૂજ્ય ભાઈશ્રી :– આત્મહિત કરવાની અંદરથી ભાવના થઈ નથી. બહુભાગ જીવોને તો ગમે તે ટોળામાં ભળે એટલે લોકસંજ્ઞા ઊભી થઈ જાય કે, 'આ સમાજમાં આપણે ક્યાં છીએ ? આપણું નામ તો બરાબર હોવું જોઈએ.' આ તો સમજે તો (પણ) એમને એમ ઓઘસંજ્ઞામાં પડ્યો રહે અને એ ઓઘસંજ્ઞાવશ પછી વાંચે, વિચારે, સાંભળે, પૂજા–ભક્તિ કરે, દયા–દાન કરે – એ બધું કાંઈને કાંઈ... કાંઈને કાંઈ કરે એટલે સંતોષ લ્યે અને એમ માને કે, 'આપણે કાંઈક કરીએ છીએ !' અને અંદરથી ચટપટી લાગે કે, 'હજી કેમ પ્રાપ્ત ન થયું ? હજી કેમ પ્રાપ્ત ન થયું ? રોજ સાંજ પડી જાય છે... રોજ સાંજ પડી જાય છે...!' તો એને બધો વિવેક આવે.

એમાં એક ખાસ વિવેકનો વિષય છે – સત્સંગ ! કોનો સંગ કરવો ? નહિતર પાછી ગાડી ઊંધે પાટે ચડે છે. જો એ વિવેક જીવ કરતો નથી તો વળી ગાડી બીજાં પાટે ચડી જાય છે. આવું લગભગ બને છે કે, પહેલે પગથિયે સંગ કરવામાં ભૂલે છે. કોનો સંગ કરવો ? એ ખ્યાલ નહિ હોવાથી અસત્સંગને પણ સત્સંગ માની બેસે છે – એક તો ત્યાં ગડબડ થાય છે. જો કદાચ સત્સંગ મળે તો એ સત્સંગનો જેટલો મહિમા આવવો જોઈએ – જે હદે મહિમા આવવો જોઈએ, એ હદે મહિમા એને ઓઘસંજ્ઞાને લીધે આવતો નથી અથવા એની બુદ્ધિમાં એ વાત તોળાતી

નથી, તુલના થતી નથી. એટલે જેટલું વજન આવવું જોઈએ એ નથી આવતું, ઉપર–ઉપરથી ચાલે છે. આમ બને છે.

'...**એકમાત્ર આત્મહિતના લક્ષે,...**' (એ) એટલાં માટે લીધું છે. બીજું નહિ – લક્ષમાં બે લક્ષ નહિ. જીવનમાં એક લક્ષ કહો, એક ધ્યેય કહો કે, '...**એકમાત્ર આત્મહિતના લક્ષે દ્રવ્યશ્રુત દ્વારા...**' દ્રવ્યશ્રુત એટલે શાસ્ત્રો–સત્‌શાસ્ત્રો. કલ્પિત શાસ્ત્રો નહિ (પણ) સત્‌શાસ્ત્રો. સત્‌શાસ્ત્રો '...**એટલે કે આત્માનુભવી પુરુષોની વાણી,...**' જે અનુભવી પુરુષની વાણી હોય એ વાણીને 'શાસ્ત્ર' કહીએ. બાકી તો ઘણાં લેખકો પુસ્તકો લખે છે પણ એ કોઈ શાસ્ત્ર ન કહેવાય.

સ્વાનુભવી '...**આત્માનુભવી પુરુષોની વાણીનું શ્રવણ–વાંચન, સત્પુરુષનાં ચરણમાં રહી,...**' આટલી શરત છે. એકમાત્ર આત્મહિતની શરત – આ શરૂઆત આટલી છે. શરૂઆતમાં આટલી શરત છે. એકમાત્ર આત્મહિતના લક્ષે સત્‌શાસ્ત્ર સિવાય અસત્‌શાસ્ત્ર નહિ. આત્માનુભવી પુરુષોની વાણીનું શ્રવણ–વાંચન.... પણ કઈ શરતે ? 'સત્પુરુષના ચરણમાં રહીને' – પોતાની કલ્પનાએ સ્વચ્છન્દે વાંચે, એમ નહિ.

'...**સ્વરૂપપ્રાપ્તિની ભાવના અને લગની સહિત...**' આટલી શરતો રાખી છે. જે પહેલો તત્ત્વનો અભ્યાસ કરવાનો છે – તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કરવાનો છે એમાં આટલી શરત મૂકી છે. આટલાં પડખાં સાફ હોવા જોઈએ, ચોખ્ખા હોવા જોઈએ. પોતાને તીવ્ર સ્વરૂપપ્રાપ્તિની ભાવના, એની લગની–ચટપટી ચાલવી જોઈએ, એને એકમાત્ર આત્મહિતના લક્ષ સિવાઈ બીજું કાંઈ હોવું ન જોઈએ અને સત્પુરુષના ચરણમાં રહીને સત્‌શાસ્ત્રોનું અધ્યયન કરવું. આ પ્રકાર એને આવવો જોઈએ.

એમ '...**કરવામાં આવે ત્યાં પ્રથમ,...**' 'પ્રથમ' એટલે શરૂઆતમાં. '...**વિચાર–મનન–ચિંતનપૂર્વક શ્રુતની ધારણાનો પ્રસંગ છે.**' અહીંયાં પહેલી-વહેલી ધારણા શરૂ થાય છે કે જે વાત એને વાંચવા–વિચારવામાં

અથવા ચિંતવનમાં આવે છે, એ એણે ધારી રાખેલી – ધારણામાં આવેલી વાતને એ પ્રકારે વિચાર–મનન–ચિંતવનમાં લે છે. **'તોપણ...'** એવા વિચારો ચાલતાં હોય, ચિંતવન ચાલતું હોય, મનન ચાલતું હોય ત્યારે પણ **'...સાથે સાથે ધારણારૂપ સમજણને ઉદયપ્રસંગમાં લાગુ કરવી – કરતા જ રહેવી જોઈએ;...'** લાગુ કરવી (અને) વારંવાર કરતા રહેવી જોઈએ.

જેમકે દેહથી આત્મા ભિન્ન છે એવી સાદી વાત ચાલી. જડ અને ચૈતન્ય બે ભિન્ન પદાર્થો છે. જડ અને ચૈતન્ય ભિન્ન છે તો આત્મા ચૈતન્ય છે, શરીર જડ છે – એની ભિન્નતાને લાગુ ક્યાં કરીએ છીએ ? સવારથી ઊઠીને શરીરના કાર્યોની પરિસ્થિતિ ચાલુ થઈ જાય છે. મોઢું સાફ કરવું, નાહવું, ચા-પાણી પીવા, કપડાં પહેરવા – જે કાંઈ છે એ બધી શરીરની (ક્રિયાઓ છે). એમાં પોતે શરીરથી ચૈતન્ય(સ્વરૂપી) આત્મા – જ્ઞાનસ્વરૂપી આત્મા ભિન્ન છે એને લાગુ કરવાનો (પ્રયત્ન ક્યાં છે) ? પોતાની સમજણને ત્યાં લાગુ કરવી. કેવી રીતે આ ભિન્ન છે ? આ વાત તેણે શરૂ કરવી જોઈએ. જે વાત સમજણમાં આવી (તે લાગુ કરવી જોઈએ.) આ તો એક સાદામાં સાદી વાત લીધી.

(એવી જ રીતે) બીજી વાત જાણી કે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે – રાગ અને શરીરસ્વરૂપે નથી, તો મારો અનુભવ શું કહે છે ? હું તો રાગરૂપ (માનું છું), રાગ થાય છે અને હું એવો છું – રાગ કરનારો છું, એવો અનુભવ કરું છું. જ્ઞાન થાય છે તોપણ જ્ઞાનસ્વરૂપી (હું) છું, એમ અનુભવ નથી થતો. તો મારી સમજણને અને મારા અનુભવને કેમ અંતર છે ? આ વસ્તુને મીંઢવવી. સમજણને પોતાના પરિણમન સાથે મીંઢવવી. લાગુ કરવી એટલે એની મીંઢવણી કરવી. આ વસ્તુ ચાલવી જોઈએ.

શ્રોતા :– ચાલતો વર્તમાન અનુભવ પકડવો ?

સમાધાન :– હા, ચાલતી ઉદયની પરિસ્થિતિમાં, જે–જે ઉદયમાંથી પસાર થાય તે-તે ઉદયમાં આ મીંઢવણી ચાલવી જોઈએ.

શ્રોતા :– ચોવીસે કલાક ?

સમાધાન :– જેટલી થાય એટલી, શક્ય હોય એટલી. કરવી તો જોઈએ ચોવીસે કલાક પણ એટલી ન થાય તો જેટલી થાય એટલી. જેમકે અમુક કાર્ય કરવા ધાર્યું છે (પણ) એ કાર્ય નથી થતું. અમુક કાર્ય કરવા ધાર્યું છે અને એ કાર્ય થાય છે. બેમાંથી એક બને ને ? કાં થાય, કાં નથી થતું, તો (જ્યારે) થાય છે ત્યારે હું ભિન્ન રહ્યો છું અને થાય છે કે મારી આવડતથી થઈ ગયું ? (અને) નથી થયું તો એ વખતે ખ્યાલ છે કે, આમાં આત્માની ભિન્નતા છે. એટલે આત્મા કરી શકે છે એ તો પ્રશ્ન જ નથી. થવાનું નહોતું માટે નથી થયું. એમ જડ–ચૈતન્યની ભિન્નતા (તપાસવી).

પછી રાગમાં આકુળતા છે – રાગમાં દુઃખ છે (એ) ન્યાયથી સંમત કર્યું. કેમકે ગમે એવો સારો રાગ–સુહાતો રાગ છોડી દેવો પડે. કેમકે દુઃખ છે, આકુળતા છે. તો એમાં દુઃખ લાગે છે કે દુઃખ એમને એમ તર્કથી અને ન્યાયથી સંમત કર્યું છે ? દુઃખ લાગવાની ચીજ છે. એ સમજણ છે એને અંદરમાં મેળવતા જવી – મીંઢવતા જવી. આ વસ્તુ તત્ત્વજ્ઞાનની સમજણ સાથે હોવી જોઈએ. બહુભાગ તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓ માત્ર ધારણા કરે છે, આ મીંઢવણીમાં આવતા નથી – મીંઢવતા નથી.

એક તો ઘણાંને સમજાતું નથી. એવા જ્ઞાનાવરણીય (કર્મના) ઊંધાં લાકડા નાખ્યા છે કે, વાત જ બેસતી નથી. મહેનત કરે, કાંઈક પૂછે, કાંઈક વિચારે, કાંઈક વાંચે, અભ્યાસ કરે ત્યારે વળી બેસે. બસ ! બેઠું એટલે એને એમ થાય કે, 'મને સમજાણું ! (પહેલાં) નહોતું સમજાતું હવે સમજાણું.' પણ સમજાણું નથી, હજી મીંઢવવાનું બાકી છે. એ મીંઢવે ત્યારે એની સમજણ શું છે, એની એને ખરેખર ખબર પડે છે કે, મારી

સમજણ અધ્ધર લટકે છે કે મારી સમજણ કાંઈક કાર્યાન્વિત થાય છે ? મારી સમજણનો અમલ કરવા જઉ છું ત્યારે મને ખબર પડે છે કે, 'આ મેં સમજણ કરી એ અધ્ધર લટકતી ચીજ હતી ! ખરેખર સમજણ પ્રમાણે હું ચાલતો નથી – પરિણમતો નથી.' એ એને પોતાને ખ્યાલ આવે છે. ક્યારે (ખ્યાલ આવે છે) ? કે, મીંઢવે ત્યારે. એના ઉદયમાં લાગુ કરવા જાય ત્યારે એને આ સમજણ પડે છે.

આ એક નવી સમજણ છે. આ સમજણ સુધી ન પહોંચે ત્યાં સુધી પહેલી સમજણ ઓઘસંજ્ઞામાં જાય છે. ઓઘસંજ્ઞાની નિવૃત્તિ કરવી હોય તો સમજેલી વાતને ઉદયમાં લાગુ કરવી તો ઓઘસંજ્ઞાની નિવૃત્તિ થશે. નહિતર ઓઘસંજ્ઞા નહિ મટે અને સમજાયાનો અભિનિવેશ આવ્યા વિના રહેશે નહિ. અભિમાન થઈ જ જશે કે, 'હું સમજુ છું, પહેલાં નહોતો સમજતો હવે બરાબર સમજુ છું !' આ એક નવી ભૂલ જીવ કરે છે અને આ ભૂલ છે એ મોટી ભૂલ છે, નાની ભૂલ નથી. આવી નાની ભૂલ કરી બેસે છે, એમ નહિ. સમજ્યા પછી આવી એક બહુ મોટી ભૂલ જીવ કરી બેસે છે.

શ્રોતા :– એટલે એ સમજણનો અભિનિવેશ છે, યથાર્થ સમજણ નથી ?

સમાધાન :– નહિ, એ સમજણ આગમ અનુસાર હોય તોપણ 'અયથાર્થ સમજણ' છે. બીજાંને એમ લાગે કે, 'બરાબર છે, શાસ્ત્ર કહે છે એમ જ આ કહે છે. આનામાં કાંઈ ભૂલ નથી.' (જ્ઞાની કહે છે) નહિ ! એની યથાર્થતા તપાસ ! સમજણ સમજણમાં ફેર છે. યથાર્થ સમજણ એ જ સમજણ આગળ વધીને સમ્યક્જ્ઞાનરૂપે પરિણમે છે અને અયથાર્થ સમજણ અંગ–પૂર્વની હોય તોપણ એ કાયમ અજ્ઞાનરૂપે જ રહે છે. એક ડગલું પણ આગળ વધ્યો નથી. બધું અભિનિવેશનું નિમિત્ત થઈ જાય છે. જેટલું સમજ્યો એ અભિનિવેશનું કારણ થઈ જાય છે.

શ્રોતા :– અગિયાર અંગ અને નવ પૂર્વધારીની આ ભૂલ રહી ગઈ ?

સમાધાન :– (એ) પહેલેથી જ બીજે રસ્તે ચડી ગયો. એટલે તો વિધિનો વિષય લઈએ છીએ. વિધિના વિષયમાં એને સંકલન કરવાનું કારણ એ છે કે, મૂળ જે તેણે શરૂ કર્યું ત્યારે કેવી રીતે શરૂ કર્યું ? બહુભાગ જીવો શાસ્ત્ર વાંચે અને સમજણ થાય ત્યારે એને 'જ્ઞાન' સમજે છે અને કેટલાંક પદાર્થોનો ત્યાગ કરે ત્યારે તેને 'ચારિત્ર' સમજે છે.

પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં એ વાત લીધી છે કે, ધારણાજ્ઞાનને જ્ઞાન સમજે છે અને બાહ્ય પદાર્થના ગ્રહણ–ત્યાગના વિષયને ચારિત્ર સમજે છે. માને કે, આપણને જ્ઞાન પણ છે (અને) ચારિત્ર પણ છે. પહેલાં આ નહોતું, હવે આ છે. ફક્ત એણે 'ગૃહીત મિથ્યાત્વ'ને ઉત્પન્ન કરીને પોષ્યું છે, ગૃહીત (મિથ્યાત્વમાં) આવી જાય છે ! કેમકે જે વિધિ નથી એને વિધિ માની છે, કાર્યની પદ્ધતિ નથી એને કાર્યની પદ્ધતિ માની લીધી છે.

શ્રોતા :– ગૃહીત (મિથ્યાત્વ) એટલે ?

સમાધાન :– બુદ્ધિપૂર્વક વિપરીત ગ્રહણ કર્યું તે. ગૃહીતનો અર્થ શું ? ધર્મના કોઈપણ વિષયમાં, જે ધર્મ નથી, ધર્મનું કારણ નથી એને ધર્મ કે ધર્મના કારણરૂપે બુદ્ધિપૂર્વક ગ્રહણ કરવું એનું નામ 'ગૃહીત મિથ્યાત્વ !' આમ છે. આ ગૃહીત મિથ્યાત્વની પરિભાષા (છે). એટલે અહીંયાં શું કર્યું તેણે ? કે, શાસ્ત્ર અનુસાર જે સમજણ થઈ તેને જ્ઞાન માન્યું, બાહ્ય પદાર્થોના ત્યાગને ચારિત્ર માન્યું. (એટલે) ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યો ગયો. હવે વિચાર કરો તો કોઈને બાદ કરવા મુશ્કેલ પડશે ! એવી મોટી ગડબડ ચાલે છે.

શ્રોતા :– મુમુક્ષુ નામ ધરાવીએ તોપણ આવી ભૂલ તો થઈ જ જાય છે !

પૂજ્ય ભાઈશ્રી :– મુમુક્ષુ (નામ) ધરાવે, મુનિપણું (નામ) ધરાવે,

આચાર્ય નામ ધરાવે, શ્રાવક નામ ધરાવે, પંડિત–વિદ્વાન નામ ધરાવે કે જ્ઞાની નામ ધરાવે પણ અંદર વિપરીતતા હોય એ નામ ધરાવવાથી કાંઈ અવિપરીતતા થોડી થઈ જાય છે ? બારદાન ઉપર સાકર લખે અને અંદર કરિયાતું ભર્યું હોય તો કાંઈ કરિયાતું મીઠું થાય ? ગળ્યું થઈ જાય ? એ તો કડવું જ રહેવાનું.

જો (સમજણને) ઉદય પ્રસંગમાં લાગુ ન કરવામાં આવે તો '**...માત્ર ધારણાથી સંતુષ્ટ થઈને ત્યાં જ અટકી જવાનું અનિવાર્ય થઈ જશે.**' અનિવાર્યપણે ! રોકી નહિ શકાય, નિવારી નહિ શકાય. સમજણનો સંતોષ આવ્યા વિના નહિ રહે કે, 'આટલું હું સમજ્યો, આટલું હું સમજ્યો !' એ સમજણનો સંતોષ આવ્યા વિના નહિ રહે. આ મોટી ભયંકર ભૂલ છે !! આને નાની ભૂલ ન સમજવી. પહેલાંની ભૂલ છે એ મટશે. આ ભૂલ મટાડવી મુશ્કેલ પડશે. 'હું સમજ્યો છું, હવે હું સમજી ગયો છું !' એ ભૂલ મટાડવી મુશ્કેલ પડશે. બહુ મોટી ભૂલ થાય છે.

શ્રોતા :– શાસ્ત્રનો અભિનિવેશ થઈ જાય ?

સમાધાન :– હા, શાસ્ત્ર અભિનિવેશ થઈ જશે.

'**આ રીતે સમજણ પછી પરિણમનની દિશામાં એક પગલું આગળ વધવાની આ રીત છે.**' સમજણને ઉદયના પ્રસંગમાં લાગુ કરવી – આ પહેલું પગલું છે. આપણે એમ માનીએ છીએ કે, સમજણ કરવી એ પહેલું પગલું છે, પણ એ સમજણ ઉદયમાં લાગુ કર્યા વગરની સમજણ છે એ તો અનંતવાર કરી ચૂક્યો છે. 'સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન બહુત કિયે.'

શ્રોતા :– ધારણાનો અહમ્ થાય તો શું થાય ?

સમાધાન :– ધારણાનો અહમ્ થાય પછી કોઈ એક વાતનો આગ્રહ થાય. પોતાને કોઈ એક વાત વિશિષ્ટ લાગે, કિંમતી લાગે. પછી એ જ વાત એ બધે કરે અને એનો આગ્રહ રાખે. એની સામે કોઈ એના

આગ્રહને જરાક ઠેસ પહોંચાડે એટલે ઘર્ષણમાં આવી જાય. એના બદલે એમ વિચારવું જોઈએ કે, 'એને નથી બેસતું (તો) કાંઈ નહિ, સૌની શ્રદ્ધા સ્વતંત્ર છે.' શ્રદ્ધાગુણને પરિણમવું એ દરેક જીવને પોતપોતાને માટે સ્વતંત્ર છે. કોઈ ન સ્વીકારે, પોતે જે સ્વીકારતો હોય એવું કોઈ ન સ્વીકારે તો એનો આગ્રહ શું ? આગ્રહ તો પોતાને માટે રાખે કે, હું સમજ્યો એમ પરિણમતો કેમ નથી ? (આગ્રહ જ રાખવો હોય તો) એ આગ્રહ રાખે કે, જેમ સમજ્યો એવું જ મારું પરિણમન કેમ નહિ ? હું એમ સમજ્યો કે, આત્મા શુદ્ધ સિદ્ધ સમાન પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપે છે, (તો) કેમ પરમાત્મસ્વરૂપે પરિણમતો નથી ? એવો અનુભવ કેમ કરતો નથી ? એનો આગ્રહ રાખે (તો) ઠીક છે. પણ હું માનું છું એમ તમે કેમ માનતા નથી, એ વાતનો આગ્રહ શું ? અને એવી રીતે કોઈ બીજો જીવ પરતંત્ર થોડો છે કે પોતે માને એમ બીજો માની જ લે. એવું તો કોઈ બંધાયેલું – બંધનમાં તો રહે નહિ.

**'જ્ઞાનીપુરુષોએ આત્મહિતના ઉપાયને બે વિભાગમાં વર્ણવ્યો છે,...'** જે માર્ગ છે – વિધિ છે એના મુખ્ય બે વિભાગ પાડ્યા છે. **'એક તો સાક્ષાત્ મોક્ષનો માર્ગ કે જે સમ્યક્ પુરુષાર્થ સહિત હોય છે,...'** એટલે ચતુર્થ ગુણસ્થાનથી અને આગળના ગુણસ્થાને જે કોઈ ધર્માત્માઓ પ્રવર્તે છે, એ એક ઉપાયનો મુખ્ય વિભાગ છે. **'...અને બીજો તેની પ્રાપ્તિ માટેની,...'** 'તેની' એટલે તે માર્ગની પ્રાપ્તિ માટેની **'...પૂર્વ–ભૂમિકામાં તે માર્ગપર્યંત પહોંચવાના પ્રયાસરૂપ મુમુક્ષુદશા.'** મુમુક્ષુદશા કેવી ? પ્રયત્નવાળી મુમુક્ષુદશા કે જેને માર્ગપ્રાપ્તિ કરી લેવી છે એવો જેનો પ્રયત્ન વર્તે છે, એવી જેની પૂર્વ ભૂમિકા છે, એને 'મુમુક્ષુ' કહીએ. એ વગર મુમુક્ષુ નામમાત્ર છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ' (એમાં) 'માર્ગ'ને બદલે 'કેડી' શબ્દ એટલે આપ્યો છે. માર્ગ તો ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. આ મોક્ષનો રાજમાર્ગ છે. એ મોક્ષના માર્ગને પહોંચવું – Approach કરવો –

પ્રયત્ન કરવો, એ મુમુક્ષુ માટે ઉપદેશનો એક વિભાગ છે. એટલે ઉપદેશમાં પણ એ રીતે આવે છે કે, એક મુમુક્ષુને અનુલક્ષીને એનું અજ્ઞાન અને મિથ્યાત્વ મટાડવા માટે ઉપદેશ હોય છે. એક (ઉપદેશ) સાધકજીવો – ધર્માત્માઓને અનુલક્ષીને ભગવાનનો ઉપદેશ છે અને તે (ઉપદેશ) સમ્યક્દૃષ્ટિને જુદો છે, પંચમ ગુણસ્થાનવર્તીને જુદો છે, મુનિઓને જુદો છે. એમ જેની જે ભૂમિકા છે એ અનુસાર (ઉપદેશ છે).

**'આમ જ્ઞાનદશા અને મુમુક્ષુદશામાં કેવા પ્રયોગથી આગળ વધતાં વધતાં પૂર્ણ શુદ્ધિરૂપ ધ્યેયને સાધવામાં આવે છે,...'** (પૂર્ણ શુદ્ધિ એટલે) મોક્ષદશાને. **'...તે માર્ગની વિધિની સૂક્ષ્મતા વિકલ્પ જેટલી સ્થૂળ નથી,...'** જે વિષય વિચારથી, વિકલ્પથી વિચારાય છે (તે વિકલ્પ જેટલો સ્થૂળ નથી) **'(...તો વચન–કથનની સ્થૂળ પરિસ્થિતિમાં કેમ આવી શકે ?)'** (મોક્ષમાર્ગ) કેટલોક વચનગોચર છે, કથંચિત્ વચનગોચર છે તો કથંચિત્ વચનઅગોચર પણ છે, એમ વિચારવું. એટલે મુમુક્ષુદશામાં અને જ્ઞાનદશામાં કેવા પ્રયોગથી (આગળ વધાય) ? પ્રયોગનો વિષય છે ને ! પ્રયોગનો વિષય સર્વથા વચનગોચર લૌકિકકાર્યોમાં પણ નથી હોતો, લૌકિકકાર્યમાં પણ નથી બનતો.

સરકસનો એક માણસ એકસાથે પાંચ દડા, દસ દડા ઉડાડી દે, પડવા દેતો નથી ! આપણે તો એક દડો (હોય તોપણ) હાથમાંથી હેઠો પડી જાય. બે હોય તો–તો સવાલ જ નથી. હવે એને (કોઈ) કહે કે, 'તું આનું લખાણ કરી દે (કે) આ કામ તું કેવી રીતે કરે છે ? તો અમે એ Theory પાકી કરીને સમજી જઈએ, પાકું કરી લઈએ !' જે પ્રયોગાત્મક કળા છે – જેને Technique કહીએ એ સર્વથા વચનગોચર ન હોઈ શકે.

સાઈકલ ઉપર બેસનારે Balance (સંતુલન) જાળવવું પડે. એક બાજું નમી જાય તો સાઈકલ ચાલે નહિ. ચાલે ? ચાલતી બંધ થઈ જાય.

હવે કેવી રીતે Balance જાળવવું એ લખી દો !

રોટલી વણતી વખતે એવી રીતે સરખું વજન આપવું કે ક્યાંય રોટલી જાડી ન થઈ જાય (કે) ક્યાંય પાતળી ન થાય (અને) બધી જગ્યાએ એકસરખી જાડાઈ રહે. એવી રીતે વજન આપવું કે, એકપણ જગ્યાએ ઓછું પણ વજન ન જાય અને વધારે પણ વજન ન જાય અને તો જ રોટલી એકસરખી થાય. હવે એને લખી દો !

પ્રયોગનો વિષય છે એ સર્વથા વચનગોચર થઈ શકે નહિ. તો (કોઈ) કહે, એને સમજવા માટે શું કરવું ? પ્રશ્ન એ વિચારવા જેવો છે કે, જો એ વચનગોચર ન હોય તો એને સમજવું કેવી રીતે ? તમે કાંઈક સમજાવો તો સમજીએ ! તમે સમજાવી શકો નહિ તો અમે સમજીએ કેવી રીતે ? આ એક પ્રશ્ન ઊભો થાય. (તો કહે છે કે) એને પ્રયોગ કરીને સમજવું. જે વાત કહી શકાતી નથી તે વાતનો પ્રયોગ આરંભ કરીને, પ્રયોગે ચડીને સમજવી અને ત્યારે જ એ સમજાશે. અને એ (જે) સમજાશે એ કહેવાથી નહિ સમજાય એ રીતે સમજાશે. એનો આ ઉપાય છે. એનો ઉપાય નથી એવું કાંઈ નથી કે કહેવાતું નથી માટે હવે લાચાર છીએ, નહિ સમજાય જાઓ ! એવું કાંઈ નથી. સમજાય છે (અને) સમજવાની પણ રીત છે, એ આ રીત છે.

શ્રોતા :– મુમુક્ષુની ભૂમિકામાં વિકલ્પપૂર્વક થાય છે ને ?

સમાધાન :– ભલે વિકલ્પ સાથે હોય પણ મીંઢવણી કરે તો વિકલ્પથી આગળ જવાય છે કે નથી જવાતું ? જે એકલો વિકલ્પ રાખે છે અને પ્રયોગ બાજું જતો નથી, એને તો ખરેખર તકલીફ છે. એને તો એમ જ થાશે કે વિકલ્પ વગર કરીએ પણ શું ? પણ જો જીવ પ્રયોગે ચડે તો વિકલ્પથી આગળ જઈ શકે છે.

રોજ સાઈકલ ઉપર જતાં માણસને જોવે એટલે કાંઈ આવડી જાય ? આવડી ન જાય. બેસવા માટે પોતાને પ્રયોગ જ કરવો પડે. એ સિવાઈ

બીજો ઉપાય નથી.

શ્રોતા :– વસ્તુ નિર્વિકલ્પ છે અને નિર્વિકલ્પમાં એકાગ્ર થાય તો પર્યાય નિર્વિકલ્પ થઈ જ જાય, એ ન્યાય આમાં લાગુ પડે ?

સમાધાન :– નિર્વિકલ્પ વસ્તુ જ્ઞાનમાં આવવી તો જોઈએ ને ! એકાગ્ર ક્યારે થાય ? કે, (વસ્તુ) જ્ઞાનમાં આવે ત્યારે. જેવી નિર્વિકલ્પ (વસ્તુ) છે એવો ભાવ તો ભાસવો જોઈએ ને ?

શ્રોતા :– અત્યાર સુધી તો ગુરુગમે ભાવ ભાસ્યો, ગુરુગમથી જાણ્યું કે વસ્તુ નિર્વિકલ્પ છે !

સમાધાન :– હા, પણ એ તો ઓઘસંજ્ઞાએ જાણ્યું. પછી ભાવ ભાસવો જોઈએ ને !

શ્રોતા :– ભાવ તો અનુભવ થયાં પછી ભાસે !

સમાધાન :– નહિ, (અનુભવ) પહેલાં ભાસે. ભાવ પહેલાં ભાસે, અનુભવ પછી થાય. ભાવ ભાસીને મહિમા આવે તો અનુભવ થાય. અનુભવ આવે તો મહિમા આવે અને ભાવ ભાસે, એમ નહિ. 'પરમાગમસાર'માં 'ગુરુદેવે' એ વિષય ઉપર સ્પષ્ટતા કરી છે કે, આમ નહિ, આમ છે !

શ્રોતા :– નિર્વિકલ્પ એટલે નિર્વિકલ્પ ! પછી એમાં ભાવ ભાસવાનું શું ?

સમાધાન :– એમાં ભાવ ભાસવાનું છે. ઓઘે–ઓઘે તો બધાય માને છે.

શ્રોતા :– ઓઘે–ઓઘે કરતા પણ આગળ વધે, વસ્તુ નિર્વિકલ્પ છે એમ ગુરુએ કીધું, ભગવાને કીધું. હવે ઉપયોગ એમાં એકાગ્ર કરે તો નિર્વિકલ્પ થઈ જાય !

સમાધાન :– પણ એમાં એવું છે કે, ઓઘે–ઓઘે નિર્વિકલ્પ આત્માને જાણ્યો હોય તો એકાગ્રતા કરવી હોય તો થાય નહિ. બળ ક્યાંથી

લાવશો ? એકાગ્રતા થવા માટે એકાગ્ર થવાનું બળ જોઈએ – પુરુષાર્થ જોઈએ. એ પુરુષાર્થ ક્યાંથી લાવશો ? ભાવભાસન વિના પુરુષાર્થ ઉત્પન્ન ન થાય.

શ્રોતા :– ભાવભાસન કોને કહેવું ?

સમાધાન :– હા, એ બરાબર છે. એ વિષય તો આમાં આપણે લેશું. ચાલતાં–ચાલતાં જ્યારે ભાવભાસન ઉપર વિષય આવશે ત્યારે આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'નું ત્રીજુ પ્રકરણ જ વાંચવું છે. ભાવભાસનનું જ પ્રકરણ છે. સ્વરૂપનિશ્ચય કહો કે ભાવભાસન કહો (બન્ને એકાર્થ છે). નહિતર અનુમાન, કલ્પના અને ભાવભાસન વચ્ચેનો તફાવત કેવી રીતે નક્કી થશે ?

એક માણસ અનુમાન કરે છે કે, આત્મા સ્વરૂપે કરીને નિર્વિકલ્પ છે અથવા વિચારથી એવી કલ્પના કરે છે. કલ્પના તો વાસ્તવિકતાથી દૂર છે અને આત્મા કેવળ અનુમાનનો વિષય નથી. (એ તો 'પ્રવચનસાર'ની) ૧૭૨મી ગાથા બોલે છે. લક્ષણથી જ્યાં સુધી લક્ષ પકડાય નહિ, ભાવ ભાસે નહિ (ત્યાં સુધી વસ્તુમાં એકાગ્રતા થાય નહિ). જ્ઞાનસામાન્ય પોતે નિર્વિકલ્પ છે. જ્ઞાનસામાન્ય એટલે જ્ઞાનવિશેષ નહિ તે જ્ઞાનસામાન્ય. જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... (છે) ત્યાં સ્વભાવ છે, પણ ત્યાં સ્વભાવઅંશ છે.

શ્રોતા :– જ્ઞાનસામાન્ય એટલે ચેતક... ચેતક... ભાવ લેવો છે ?

સમાધાન :– હા, એટલે શું છે કે, જ્ઞાનમાં જે અનેક જ્ઞેયાકારો છે એ જ્ઞેયાકારોનો વિચ્છેદ કરીને માત્ર જ્ઞ-પણું પકડાવું એ નિર્વિકલ્પ છે અને જ્ઞાયક વસ્તુ એવી રીતે નિર્વિકલ્પ છે. વસ્તુ જ્ઞાયકતત્ત્વ એમ નિર્વિકલ્પ છે. એટલે એની જ્ઞાયકતા, નિર્વિકલ્પતા બધું એકસાથે ભાસે.

શ્રોતા :– પર્યાય મારફત પર્યાયવાનને પકડવાનો ?

સમાધાન :– પર્યાયને નહિ પણ પર્યાયમાં રહેલા સ્વભાવઅંશને

ઓળખીને આખા સ્વભાવને પકડવો–અંશીને પકડી લેવો. પર્યાયમાં વિદ્યમાન સ્વભાવઅંશને ઓળખીને અંશીને પકડી લેવો. એમ છે. પર્યાયને તો જાણે જ છે – હું જાણું છું, આ મને જ્ઞાન થાય છે, આ જાણ્યું... મેં આ જાણ્યું... મેં આ જાણ્યું... મેં આ જાણ્યું... એમ તો પર્યાયને જાણે છે, (પણ) એમ નહિ. એમાંથી વિશેષ જ્ઞેયાકારોને બાદ કરીને – વિચ્છેદ કરીને, સામાન્યજ્ઞાનમાં વળીને સામાન્યજ્ઞાનને પકડવું છે. આ ભાવભાસનનો વિષય છે. આ વિધિ છે – ભાવભાસનની વિધિ છે. એમાં (જ્ઞાનસામાન્યમાં) જરાક વળવું પડે છે. એટલે ('સમયસાર' ૧૪૪ ગાથાના પ્રવચનમાં) લીધું કે, 'અંશે રાગનો અભાવ કરીને', એમ કીધું. સ્થૂળ ભાષામાં કહીએ તો અનાદિથી રાગની પ્રધાનતા છે એ છોડીને જ્ઞાન, જ્ઞાનની પ્રધાનતામાં આવી જ્ઞાનને જોવે. (એ માટે) એને વળવું પડે છે. અહીંયાં દિશા ફેર છે. વળવું પડે છે ત્યાં દિશા ફેર છે.

શ્રોતા :– રાગ જ્ઞાનમાં જણાતો હોવા છતાં એ રાગને ન જોતાં જ્ઞાનને જોવે તો થાય.

પૂજ્ય ભાઈશ્રી :– એકલા જ્ઞાનને (જોવે). રાગના – જ્ઞેયના આકારને બાદ કરીને – વિચ્છેદ કરીને એકલું જ્ઞાન (જોવે). એટલે 'સમયસાર'માં એને 'જ્ઞાનમાત્ર' આટલો શબ્દ લગાડ્યો છે. એકલું જ્ઞાન નહિ કહેતાં જ્ઞાનને 'માત્ર' શબ્દ લગાડ્યો છે. 'જ્ઞાનમાત્ર' ! એમાં આ રહસ્ય છે. છે, થોડો સૂક્ષ્મ વિષય છે. વિધિનો વિષય તો, અમસ્તો પણ આખા જૈનદર્શનમાં વધુમાં વધુ સૂક્ષ્મ વિષય હોય તો આ વિધિનો વિષય છે.

શ્રોતા :– તમે હમણાં ઉપયોગનો અંશ કીધો... જ્ઞાનનો અંશ પકડીને અંશીને પકડવો.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વભાવનો અંશ કીધો. જ્ઞાનના પર્યાયમાં સ્વભાવઅંશ વ્યક્ત છે.

શ્રોતા :– આ ઉપયોગને સ્વભાવઅંશ કહેવાય ?

સમાધાન :– ઉપયોગમાં સ્વભાવઅંશ છે. ઉપયોગમાં સ્વભાવઅંશ છે !

શ્રોતા :– ઉપયોગ સ્વભાવઅંશ નહિ ?

સમાધાન :– સ્વભાવઅંશ છે એ અંશીથી જુદો કટકો નથી. અંશ તો અંશીની સાથે સંલગ્ન છે. એટલે જેવો અંશ પકડાય છે (ત્યાં જ) અંશી પકડાય જાય છે. છુપાયેલા ચોરનો અંગૂઠો જોયો એટલે આખો ચોર જોઈ લીધો. મોઢું જોવાની જરૂર નથી કે, મોઢું મવાલી જેવું છે કે ગૃહસ્થ જેવું છે (કે) સદ્‌ગૃહસ્થ જેવું છે ? માણસ છુપાણો છે, ગમે તેવો હોય, એનું મોઢું ગમે (તેવું હોય) ચોર છે એ નક્કી વાત છે. એમ એક અંશ ઉપરથી આખા અંશીનું ગ્રહણ થઈ જાય છે. કેમકે એ તો અંશ–અંશી અભેદ જ છે. અંશ–અંશી વચ્ચે ભેદકલ્પના કરેલી છે. (બાકી તો) અંશ–અંશી તો અભેદ જ છે એટલે અંશી પકડાય છે.

'ગુરુદેવે' ('સમયસાર') ૨૪૬ કળશના ભાવાર્થના પ્રવચનમાં એક વાત કરેલી કે, જ્ઞાનની પર્યાયમાં જેવો સ્વભાવઅંશ વ્યક્ત છે; કેમકે જ્ઞાનની પર્યાય વ્યક્ત છે, તેવો જ ત્રિકાળી દ્રવ્યમાં સ્વભાવ વ્યાપેલો છે. જેવો જ્ઞાનની પર્યાયમાં વ્યાપેલો છે તેવો જ ત્રિકાળીમાં વ્યાપેલો છે, માટે એનું અનુમાન અને કલ્પના નથી કરવી પડતી. સીધું જ ભાવભાસન થાય છે. જોકે એ સ્વભાવને વ્યક્ત–અવ્યક્તનું વિશેષણ ખરેખર લાગુ પડતું નથી. એ તો દ્રવ્ય–ગુણ–પર્યાયમાં જેવો છે એવો વ્યાપેલો છે. 'સર્વ અવસ્થાને વિશે ન્યારો સદા જણાય', 'પ્રગટરૂપ ચૈતન્યમય એ એંધાણ સદાય' એંધાણ એટલે લક્ષણ.

શ્રોતા :– એ વખતે પર્યાય અને દ્રવ્ય જુદાં–જુદાં ન રહેતા બન્ને એક થઈ ગયા. એ વખતની જે પર્યાય છે તે પર્યાયસ્વરૂપ ન રહેતા દ્રવ્યમય થઈ ગઈ.

સમાધાન :– એ તો તાકો સળંગ જ છે. (તાકાનો) એક છેડો

જોયો પણ તાકો તો સળંગ જ છે. આમાં શું છે કે કેટલીક વાત પ્રયોગે ચડ્યા વિના પકડાય એવી નથી. મુસીબત થોડી આ છે. વિચારથી પહોંચવા જાય (પણ) પહોંચાય નહિ. થોડી પ્રયોગની મહેનત કરવી પડે એવું છે.

શ્રોતા :– ચોરનો અંગૂઠો જોયો પણ આખો માણસ જ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– આવ્યો કે નહિ ? જ્ઞાનમાં માણસ જ આવી ગયો કે એકલો અંગૂઠો આવ્યો ? એણે આખો માણસ જ જોઈ લીધો. લક્ષમાં આવી જ જાય. મોઢું કેવું છે એ પ્રયોજન નથી. પ્રયોજન માણસ છે કે નહિ, એટલું જ પ્રયોજન છે.

શ્રોતા :– દૃષ્ટાંતમાં તો બેસી જાય છે પણ વિચારમાં હજી નથી બેસતું.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, પ્રયોગ કરે તો બહુ સરસ બેસે એવું છે. ભાવભાસનમાં પુરુષાર્થનો ખર્ચો નથી. પુરુષાર્થનો ખર્ચ પછી સમ્યગ્દર્શન માટે લાગે છે. એટલે એમાં કાંઈ વાંધો નથી. ગમે તેને બેસે છે – તિર્યંચ કરી લે છે ને !

શ્રોતા :– ભાઈ ! માણસને તો આપણે જોયેલો છે, અનુભવેલો છે એટલે અંગૂઠા ઉપરથી ખ્યાલ આવે કે આ માણસ છે, પણ જે વસ્તુને જોઈ ન હોય અને પછી એનો કોઈપણ અંશ દેખાય તો આપણને કાંઈ ખબર નથી પડતી કે કઈ વસ્તુનો આ અંશ છે, એમ આમાં કઈ રીતે ખબર પડે ?

સમાધાન :– અહીંયાં એ લાગુ નથી પડતું. (કેમકે) અહીં તો જ્ઞાનનો અંશ પોતે જ પોતાને જોવે છે. નથી જોવાની વાત ક્યાં લાગુ પડે છે ? જ્ઞાન પોતે જોનાર છે. કોને જોવે છે ? તો કહે છે, પોતાને જોવે છે. પછી નથી જોયું અને નથી દેખાતું એ વાત ક્યાં લાગુ પડે છે ? જોનાર અને જોવાનાર બન્ને પોતે જ છે. કોઈક હોય તો તકલીફ ઊભી થાય. આમાં તો એ પ્રશ્ન લાગુ નથી પડતો. ખરી વાત એ છે કે, જોવાની

Try કરવી જોઈએ – જોવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્રયાસ કર્યા વગર આ બધુ ધૂંધળું ચિત્ર લાગશે. મોં–માથું હાથ ન આવે એવું લાગે. પ્રયત્ન કરવાનો.

જ્યારે એમ ખબર પડી કે, જ્ઞાનમાં જ જોવાનું છે અને જ્ઞાને જ જ્ઞાનમાં જોવાનું છે અને અનંત ગુણ–સ્વભાવનું નિધાન – ખજાના(નો) અહીંથી પત્તો લાગે છે. એ તો એક દાટેલા ધનમાંથી એક પોપડો ઉખેડવા જેટલી જ વાત છે. ચરુ દેખાણો, ભલે ચરુનો એક અંશ દેખાણો, પણ અંશ દેખાણો છે ? દલીલ કરશે કે, મને તો અંશ જ દેખાય છે, હજી આખો ન જોઉં ત્યાં સુધી હું કેમ કબૂલ કરું ? અરે.. ભાઈ ! તને કીધું હતું કે, ચરુ છે, પછી તને અંશ દેખાણો એટલે અંશીની પ્રતીતિ આવી જ જશે. પ્રતીતિ આવી જ જાય, વિશ્વાસ બેસી જાય. એટલે એક જ જગ્યાએ પ્રયત્ન કરવા જેવો છે કે, જ્ઞાને જ્ઞાનમાં પ્રયત્ન કરવો. જ્ઞાને ન તો રાગમાં પ્રયત્ન કરવો, ન તો જ્ઞાને કદી નિમિત્તમાં પ્રયત્ન કરવો. જ્ઞાને સિવાય જ્ઞાન બીજે ક્યાંય પ્રયત્ન કરવો નહિ. જ્ઞાનથી જ્ઞાનને જોવાનો – અવલોકન કરવાનો અભ્યાસ કરે તો સહજમાત્રમાં જણાય એવું છે. પણ એ દિશામાં કામ થવું જોઈએ. જે દિશામાં કામ કરો એ દિશામાં કામ કરવાનું છે. બીજી દિશા કરો એટલે દિશાંતર થયું, તો વાત ખલાસ થઈ ગઈ. મૂળ જે વાંધો છે એ દિશાનો જ છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે વાત છે એ પરિણામની દિશા બદલવી – અંતર્મુખ થવું – સ્વસન્મુખ થવું, એટલો જ કોયડો છે. પછી તો સીધી પાધરી પાટી છે !

શ્રોતા :– જ્ઞાનને જ્ઞાનરૂપે જોવું જોઈએ એના બદલે જ્ઞેયરૂપે ચડી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞેયરૂપે પણ જોવે છે અને ખરેખર તો જ્ઞાનને જ્ઞાનથી જોવાનો અભ્યાસ જ ક્યાં છે ? જ્ઞાનમાં પોતાને જોવાનો ઉદ્દેશ પહેલાં ગ્રહણ તો થવો જોઈએ ને ! જેમ આપણે સો માણસ છે એમાં

ઉદ્દેશ (છે કે) મારે ફલાણાને મળવું છે. ભાઈ ! તમે Town hallમાં જશો ત્યાં બસો–પાંચસો–હજાર માણસ હશે પણ તમારે ફલાણાને મળી આવવાનું છે. તો તમારો ઉદ્દેશ બધા માણસને જોતાં એક જ માણસને તમારી નજર ખોળે છે. બીજાં માણસો નથી દેખાતા એવું થોડું છે ? પણ છતાં તમે એક જ માણસને ગોતો છો. એવી એક શોધ – અંતર ખોજ, સ્વભાવની ખોજ ઉપડવી જોઈએ. મારા જ્ઞાનમાં મારે જ્ઞાનસ્વભાવ જોવો છે, – એ ઉદ્દેશથી ખોજ કરે – અવલોકન કરે તો સહજમાત્રમાં પકડાય એવું છે અને નહિતર ગમે તેટલાં શાસ્ત્રો વાંચી નાખે નહિ, ગમે તે ધારણા કરી લે, ગમે તેટલું કંઠસ્થ કરી લે, ગમે તે કરી લે નહિ ! બધું અન્યથા છે. એકેય ચીજ કામમાં આવે એવી નથી.

એટલે આપણે અહીંયાં એ વાત લીધી કે, **'આમ જ્ઞાનદશા અને મુમુક્ષુદશામાં કેવા પ્રયોગથી આગળ વધતાં,...'** (એટલે) ક્યા પ્રકારના પ્રયોગથી આગળ વધતાં. ક્યુ શાસ્ત્ર વાંચતા એ નથી લીધું કે, 'સમયસાર' વાંચજો, એમ નથી કે 'અનુભવ પ્રકાશ' વાંચજો, એમ નથી (લીધું). **'...કેવા પ્રયોગથી આગળ વધતાં વધતાં પૂર્ણ શુદ્ધિરૂપ ધ્યેયને સાધવામાં આવે છે તે માર્ગની વિધિની સૂક્ષ્મતા વિકલ્પ જેટલી સ્થૂળ નથી, તો વચન–કથનની સ્થૂળ પરિસ્થિતિમાં કેમ આવી શકે ?'** એ તો એથી સ્થૂળ છે. **'આવી એક સમસ્યા આ વિષયને વ્યક્ત કરતાં અત્રે ઊપજે છે;...'** આ વિધિનો વિષય વ્યક્ત કરવો છે તો આ એક સમસ્યા અહીંયાં અવશ્ય છે.

**'...તથાપિ સમર્થ સત્પુરુષોએ...'** અનુભવી પુરુષોએ **'...પ્રસ્તુત વિષયને યત્કિંચિત્ વચનગોચર કરેલ હોય, તેના આધારે સ્વ–પર હિતાર્થે અહીં પ્રસ્તુત છે :–'** કેમકે એ વાતમાં એમ છે કે, સમર્થ સત્પુરુષોની વાત એટલાં માટે લીધી છે કે, કેટલાંક અનુભવીપુરુષોએ – સત્પુરુષોએ વાતને કહેવાની શૈલી કરી છે, ભિન્ન–ભિન્ન શૈલી કરી છે અને એ શૈલીમાં

એમના પરિણમનની એટલે કે પ્રયોગની ઝલક આવે છે, એટલે એમાં એ જોવું પડે છે. જ્ઞાની જ્ઞાનીના કથનને કેમ ઓળખી લે છે ? ભલે બે હજાર વર્ષ પહેલાં થયાં હોય ! કે સો વર્ષ પહેલાં થયાં હોય ! કે, આ જ્ઞાની થઈ ગયા. કેમકે એ પકડી શકે છે કે, આ પ્રયોગની વાત આવી છે, આ એના અનુભવ વગર એ કરી ન શકે. અનુભવની જે ઝલક છે એ અનુભવ સિવાઈ ભાષામાં આવે નહિ. (એટલે જ્ઞાની) એ પકડે છે અને એ ઝલક પકડવી એ એક શૈલીથી ઊભી થયેલી વાત છે. દરેકની પોતપોતાની શૈલી છે, એકસરખી શૈલી કોઈની નથી, દરેકની શૈલી જુદી–જુદી ! છતાં અનુભવની ઝલક આવી જાય. એ એવી સામાન્ય છે કે એક અનુભવી તરત પોતાના (અનુભવ) સાથે મીંઢવીને મેળવી લે છે કે, બરાબર છે ! આ અનુભવીપુરુષ છે !

'શ્રીમદ્‌જી'એ શ્વેતાંબર – દિગંબર વચ્ચેનો ભેદ સ્પષ્ટ ન કર્યો એમ આપણા લોકો કહે છે ને ? આપણા લોકો ઘણા કહે છે. જેણે અંદરમાં આવું સૂક્ષ્મ આત્મતત્ત્વ અને એની વિધિ પકડી લીધી એમને એટલી જાડી વાત (નહિ પકડાઈ હોય ?) આ કહેવાતા મુમુક્ષુને સમજાય છે એ વાત એને ન સમજાય એવું થોડું છે ? જેણે અંદરમાં એક સૂક્ષ્મ રાગના કણથી પણ ભિન્ન આત્મસ્વરૂપ જોયું અને અનુભવ્યું, એક રાગના કણને (પણ) અંદર ભેળવ્યો નથી, એટલી જેની સૂક્ષ્મતા આવી, એટલો જેને સૂક્ષ્મ વિવેક છે, એને શ્વેતાંબર–દિગંબરની ખબર નહિ પડી હોય ?

શ્રોતા :– ઇશારામાં બધું કહી દીધું છે કાંઈ બાકી નથી રાખ્યું, સમજવું જોઈએ !

પૂજ્ય ભાઈશ્રી :– હં, પોતાને ન સમજાય અને પછી આરોપ કરે સત્પુરુષ ઉપર કે, આમને ખબર નથી પડતી ! તો એ તો અપરાધી પોતે સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ લખે છે ! સુપ્રીમ કોર્ટના જજનું જજમેન્ટ લખે છે !! છે પોતે અપરાધી. એના જેવું થઈ જાય. એટલે અહીંયાં

અનેક સત્પુરુષોએ – સમર્થ સત્પુરુષોએ યત્કિંચિત્ (વિધિના વિષયને) વચનગોચર કરેલો છે તેના આધારે અહીં એ વાતને પ્રસ્તુત કરવામાં આવે છે.

**'પ્રથમ જ જે જીવને અંતરથી જન્મ–મરણના ચક્રમાંથી છૂટવા માટે તીવ્ર ભાવ / ઉછાળો આવે છે અથવા જે એકમાત્ર આત્મહિત અર્થે જ ઉલ્લાસિત વીર્યવાન થઈ તે જ લક્ષે પ્રવર્તે છે તેવો જીવ પોતાની દશામાં પ્રવર્તમાન અવગુણોને નાશ કરવાના દૃષ્ટિકોણને મુખ્ય રાખીને સત્શ્રુતનું અવગાહન કરે છે, ત્યાં પ્રથમ કાર્ય વિચાર–મનનપૂર્વક શરૂ થાય છે.'** અહીંથી વાત શરૂ કરી છે. (મુમુક્ષુજીવ) ક્યાંથી શરૂઆત કરે છે ? કે, જ્યાં ઊભો છે ત્યાંથી શરૂઆત કરે છે. ક્યાં ઊભો છે ? (તો કહે છે) દોષમાં ઊભો છે. 'શ્રીમદ્જી'એ વીસ દોહરામાં લીધું ને 'અનંત દોષનું ભાજન છું', 'હું તો દોષ અનંતનું ભાજન છું કરુણાળ' હું અનંત દોષનું ભાજન છું, ત્યાંથી શરૂઆત કરે છે. કેમકે સ્થૂળ વિષય તો એ છે. દોષનો વિષય સ્થૂળ છે. પછી બીજાં પરિણામો ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. જેટલાં ક્લેશના–દોષના પરિણામ છે ત્યાંથી એ પોતાના દોષને કાઢવાના હેતુથી શરૂઆત કરે છે. એક પછી એક પગથિયું આમાં લેવું છે (કે) કેવી રીતે શરૂ કરે છે ? અહીં સુધી રાખીએ.

❄ ❄ ❄

## પ્રવચન–૨
### તા. ૧૯-૦૨-૧૯૯૦

('તત્ત્વાનુશીલન'માંથી 'સુવિધિ'નું પ્રકરણ ચાલે છે). **'પ્રથમ જ જે જીવને અંતરથી જન્મ–મરણના ચક્રમાંથી છૂટવા માટે તીવ્ર ભાવ / ઉછાળો આવે છે...'** (છૂટવાના) ભાવનો ઉછાળો ઘણો તીવ્ર હોય. જન્મ–મરણનો નાશ થાય એમ તો સામાન્યપણે બધા મુમુક્ષુ ઇચ્છે છે, પણ એમાંથી છૂટવા માટેનો ભાવ તીવ્ર થાય ત્યારે આ વિષયમાં પ્રવેશ થાય છે. જ્યાં સુધી ઉછળીને ભાવ આવે નહિ ત્યાં સુધી તો જીવ વર્તમાન પરિસ્થિતિમાં 'ઠીકપણું' માનીને પડ્યો છે. જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિમાં 'આપણે ઠીક છીએ' એવું માનીને પડ્યો છે.

'શ્રીમદ્જી'એ એક વચન લીધું છે કે, 'ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો મુખ્ય અધિકારી છે.' એ ઉલ્લાસિત વીર્યવાનને આ વિષય છે કે, જેને મોક્ષ માટેનો પુરુષાર્થ ઉછળું–ઉછળું થઈ રહ્યો છે ! એના માટે જે ઉત્સાહિત છે. **'...અથવા જે એકમાત્ર આત્મહિત અર્થે જ ઉલ્લાસિત વીર્યવાન થઈ તે જ લક્ષે પ્રવર્તે છે...'** સામાન્યપણે પ્રવર્તતો નથી પણ ઉલ્લાસિત વીર્યવાન થઈને આત્મહિતના લક્ષે જ પ્રવૃત્તિ કરે છે. એટલે પ્રથમ પ્રવેશ કરનારને જ્યાં સુધી ત્રિકાળી સ્વરૂપનું લક્ષ થયું નથી ત્યાં સુધી આત્મહિતનું લક્ષ છે. (એટલાં માટે) એ બધે વિચાર કરે છે અથવા બધે એ વાતનું લક્ષ રહે છે કે, 'હું આત્મહિતના લક્ષે

પ્રવૃત્તિ કરું છું કે હું આત્મહિતનું લક્ષ ખોઈને પ્રવૃત્તિ કરું છું ?' આ વાત લક્ષમાં આવ્યા વિના કઈ દિશામાં પરિણામ જાય એની પોતાને ખબર ન રહે. એટલે પરિણામને એક જગ્યાએ બાંધી દીધા કે, 'મારે જે કાંઈ કરવું છે તે આત્માર્થે જ કરવું છે. આત્માર્થ ન હોય ત્યાં મારે કંઈ કરવું નથી.' બસ ! એ એક લક્ષ થઈ જાય છે તો પરિણામની દિશામાં ભૂલાવો થવામાં તરત જ એને જાગૃતિ આવે છે કે, 'નહિ ! આમાં આત્મહિત નથી ! આ આપણું કામ નથી, આ છોડી દો !' એવી રીતે (જાગૃતિ આવે).

શ્રોતા :– આત્માર્થે જ કરવું છે એટલે એ સિવાઈ બીજું શું–શું નથી કરવું ? બીજું નાસ્તિમાં શું–શું લેવું ?

સમાધાન :– આત્માર્થે જ કરવું છે એટલે કે પછી જગતમાં પોતાના સંયોગો વધારે સુખ–સગવડતાવાળા થાય એટલાં માટે કરવું નથી. જગતમાં પોતાનું માન–સ્થાન થાય એટલાં માટે કરવું નથી. એ લોભ અને માન બન્ને મુખ્ય છે. ચાર કષાયમાં લોભ અને માન – બે મુખ્ય છે. એમાંથી એકેય પ્રકારે નથી કરવું. એક આત્માર્થે જ કરવું છે, બીજું કાંઈ કરવું નથી અને તે પણ ઉલ્લાસિત વીર્યવાન થઈને.

શ્રોતા :– એમાં તો ઉદયની બધી પ્રવૃત્તિ આવી ગઈ ને ?

સમાધાન :– બધી પ્રવૃત્તિ આવી જશે. બહુભાગ જીવ સંયોગ સુધારવામાં લક્ષ રાખે છે. એથી પછી કોઈ કષાય વધારે તીવ્ર થાય ત્યારે પોતાનું માન–સ્થાન પણ વિશેષ રહે એ પ્રકારે લક્ષ રાખીને પ્રવર્તે છે.

શ્રોતા :– લોભ કરતાં પણ માનમાં વધારે કષાય છે ?

સમાધાન :– હા, વધારે કષાય છે. કેમકે લોભમાં તો પોતાની જરૂરિયાતનો પણ સવાલ છે, માનમાં કાંઈ એટલો જરૂરિયાતનો સવાલ નથી. લોભમાં તો પોતાની અનુકૂળતા અને જરૂરિયાતોનો સવાલ ઊભો

થાય છે અને એની કોઈવાર મર્યાદા પણ હોય છે કે, 'ઠીક છે, આપણને આટલું થઈ જાય પછી વાંધો નહિ. બીજી કોઈ તકલીફ ન પડે (અને) આપણી સામાન્ય જરૂરિયાત પોષાય જાય.' (જ્યારે) માનનો તો બહુ મોટો પ્રકાર છે.

એટલે (અહીંયાં કહ્યું કે) '**...જે એકમાત્ર આત્મહિત અર્થે જ...**' 'જ' કર્યો છે. '**...ઉલ્લાસિત વીર્યવાન થઈ તે જ લક્ષે પ્રવર્તે છે તેવો જીવ પોતાની દશામાં પ્રવર્તમાન અવગુણોને નાશ કરવાના દષ્ટિકોણને મુખ્ય રાખીને સત્શ્રુતનું અવગાહન કરે છે,...**' આગળ જે વાત લીધી કે, સત્શ્રુતનું અવગાહન કરે, એમાં પ્રથમ એ લક્ષ છે કે, 'મારી દશામાં જે અવગુણો પ્રવર્તે છે એનો નાશ કરવાનો આમાં ઉપાય શું છે ? મને પરિભ્રમણનું કારણ મારો જ દોષ છે, બીજાનો દોષ નથી. મારા પરિભ્રમણના કારણમાં હું જ દોષિત છું.' એ દોષ નાશ થવા અર્થે જ એ શાસ્ત્ર અવગાહન કરે કે, આ મારો દોષ કેવી રીતે ટળે ? 'દીઠા નહિ નિજ દોષ તો તરીએ કોણ ઉપાય ?' પોતાનો દોષ જ જો ન દેખાય તો તરવાનો રસ્તો ક્યાં છે ? દોષ સ્થૂળ છે (અને) સ્વભાવ તો સૂક્ષ્મ છે. આખરમાં તો સ્વભાવને જોવો છે. પણ દોષ ન દેખાય તો સ્વભાવ કેવી રીતે દેખાશે ?

શ્રોતા :– પોતાના દોષ જોવાને બદલે બહાર જોવાની ટેવ પડી ગઈ છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, બાહ્યદૃષ્ટિ છે એટલે બીજાંના દોષ તરત જોવે છે પણ પોતાના દોષ જોતો નથી. એ વિપરીત પદ્ધતિ છે. બીજાંના દોષ સાથે પોતાને શું સંબંધ છે ?

શ્રોતા :– મન થઈ જાય છે !

પૂજ્ય ભાઈશ્રી :– એવું ચાલતું હશે ?

શ્રોતા :– મન થઈ જાય તો પછી રખડે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો દુઃખી થવું પડશે, એનો દંડ ભોગવવો પડશે. કોઈ પરિણામ નિષ્ફળ નથી. જે–તે પરિણામ સફળ છે, એનો દંડ ભોગવવો પડે છે.

(અહીંયાં કહે છે) '**...તેવો જીવ પોતાની દશામાં પ્રવર્તમાન અવગુણોને નાશ કરવાના દષ્ટિકોણને મુખ્ય રાખીને સત્શ્રુતનું અવગાહન કરે છે, ત્યાં પ્રથમ કાર્ય વિચાર–મનનપૂર્વક શરૂ થાય છે.**' એ સત્‌શ્રુતના અવગાહન વખતે એ સંબંધીના વિચારો ચાલે છે. શાસ્ત્ર ન વાંચે ત્યારે વાંચ્યું હોય એનું મનન પણ ચાલે છે. '**તેમાં...**' 'તેમાં' એટલે એ વિચાર અને મનનમાં '**...પોતાના પૂર્વગૃહીત અભિપ્રાય અને માન્યતાથી વિરુદ્ધ પ્રકારો અને ઉપદિષ્ટ વિષયનું ઘણું મંથન ચાલે...**' હવે ત્યાં શું થાય છે ? એક દ્વંદ્વ ઊભું થાય છે (કેમકે) પોતે કોરી પાટી નથી.

અનંતકાળથી હયાતી ધરાવતો આ આત્મા અત્યાર સુધીમાં અનેક વિપરીત સંસ્કારો દઢ કરીને પરિભ્રમણ કરી રહ્યો છે. એમને એમ કંઈ મફત પરિભ્રમણ કરતો નથી. ઘણાં વિપરીત અભિપ્રાયો અને માન્યતાઓને દઢ કર્યા છે અને એ વિપરીત સંસ્કારો લઈને બેઠો છે. હવે, એને પડખું ફેરવવું છે, એને માર્ગ બદલવો છે ત્યારે એ બધા સામા આવીને ઊભાં રહેશે. જેટલું–જેટલું વિપરીત માન્યું હશે, જેટલો અભિપ્રાય વિપરીત હશે એ સામે આવીને ઊભો રહેશે. કેમકે સત્શાસ્ત્રમાં તો માન્યતાનો અને ઉપદેશનો એથી વિરુદ્ધ જ પ્રકાર આવવાનો છે (અર્થાત્‌) પોતાના સંસ્કારથી વિરુદ્ધ વાતો આવવાની છે. (માટે) અંદર જે મેળવે છે એને બે વાત સામે–સામે ઊભી થશે. નવી વાત છે એ પોતાના પૂર્વગૃહીત અભિપ્રાયથી વિરુદ્ધ છે. (માટે) પોતાનો ગૃહીત અભિપ્રાય છોડવા માટે એને પહેલું જોર પડે છે, તકલીફ પડે છે, થોડો પરિશ્રમ લાગે છે, કઠણ લાગે છે, અઘરું લાગે છે – એ બધો પ્રકાર આવે છે.

એ વિષયનું મંથન ચાલે છે '**...અને તે મંથનને અંતે સત્ય સંમત**

**થાય,...**' હવે, મંથન વગર સત્ય સંમત થાય એ પ્રકાર આમાં નથી થતો. ઘણાં એમ કહે છે કે, 'ગુરુદેવે આપણને તૈયાર આપી દીધું, આપણને તો તૈયાર માલ મળી ગયો છે !' મળી ગયો છે એમ કહે એટલે 'લીધો' એમ જ થયું ને ! 'મળી ગયો છે એમ કહે છે ને !' પણ ગુરુદેવે જે માલ તૈયાર કરીને બહાર મૂક્યો એ ઘણાં મંથન પછી મૂક્યો છે. તો તારે એને ગ્રહણ કરવા માટે પણ અંદર એવું જ મંથન ચાલશે તો ગ્રહણ થાશે. વિપરીત અભિપ્રાય અને સંસ્કાર એમને એમ રહી જાય અને નવી ચીજ સ્થાન પામી જાય, એવું તો બનતું નથી.

શ્રોતા :– ધારણામાં બેસી જાય છે એટલે એમ લાગે છે કે મળી ગયું !

પૂજ્ય ભાઈશ્રી :– માલ મળી ગયો એવું લાગે ! એનો અર્થ શું છે ? કે, એણે અંદર જોયું નથી કે હું ક્યાં ઊભો છું ! અને આ માલ મળી ગયા પછી જ્યાં ઊભો છું (ત્યાંથી) ઊઠી ગયો છું કે હજી ત્યાંને ત્યાં બેઠો છું ? એ વાત વિચારી નથી. એમ છે.

શ્રોતા :– આ ક્રમ છે, મંથન થયાં વગર આગળ ન ચલાય ?

સમાધાન :– ન ચલાય, ચાલે જ મંથન ! કેમકે 'પરથી લાભ છે' – એ તો માન્યું જ છે, પરથી લાભ છે માટે લોભ છે અને 'મારી મોટાઈ પરને લીધે છે' – એ પણ એણે પકડેલું છે, તો એ બન્ને વાત છોડવી તો પડશે ને ? નિર્ણય એમને એમ થતો નથી. પોતાની મહાનતા ભાસે છે અને પોતે નિરાલંબ નિરપેક્ષ છે એવું જે નિર્ણયમાં ભાસે છે ત્યારે એને લોભ સંબંધીનો અને માન સંબંધીનો નિર્ણય પલટાઈ જાય છે.

'જગતમાં કોઈ પદાર્થથી મને સુખ નહિ અને જગતના કોઈ પદાર્થથી કે બીજાના કહેવાથી મારી મોટાઈ નહિ.' એવો નિર્ણય થતાં પહેલાં પૂર્વે એથી વિરુદ્ધ થયેલો જે નિર્ણય કે, 'પરપદાર્થોને કારણે મને સુખ અને બીજા મારી મોટાઈ ગાય તો હું મોટો, નહિતર હું નાનો ! મને માન

આપે તો મારી મહાનતા (અને) મને માન ન આપે તો મારી નીચતા ! મારી કોઈ ગણના નથી, મને કોઈ ગણતું નથી.' એ જે એને ભ્રમ છે એ ભ્રમ તોડવા માટે પહેલાં તો એ વિષયનું મંથન ચાલશે. એટલે જ્યાં–જ્યાં એવા પરિણામ ઊભા થાય ત્યાં તેણે વાંચ્યું હોય, વિચાર્યું હોય, મનન કર્યું હોય એ સામે આવીને ઊભું રહેવું જોઈએ. નહિતર એનું પણ બળ છે – ઊંધા નિર્ણયનું પણ બળ છે. અને એ બળ પહેલું–વહેલું મંથનથી તૂટે છે, મંથન વગર ન તૂટે.

એટલે વિચારણામાં પોતાના પૂર્વગૃહીત અભિપ્રાય અને માન્યતાથી વિરુદ્ધ જેટલાં–જેટલાં પ્રકાર હોય તે બધા પ્રકારનું (અને) '**...ઉપદિષ્ટ વિષયનું,...**' એટલે જે કાંઈ વિષય સત્શાસ્ત્રમાં ઉપદેશેલો છે, એ બન્ને વચ્ચે '**...ઘણું મંથન ચાલે અને તે મંથનને અંતે સત્ય સંમત થાય,...**' સીધું ઉપરછલ્લું નહિ. ઉપરછલ્લું બેઠું છે એને નીકળી જતાં વાર નહિ લાગે. (કોઈએ) આમ કહ્યું તો આમ માન્યું, (બીજાએ) બીજી રીતે કહ્યું તો કહે, 'હવે એમ માનીએ એમાં કાંઈ વાંધો નહિ !' કેમકે (પહેલું માનેલું) તો સ્થાન પામ્યું જ નથી. (માટે કહ્યું કે) '**...મંથનને અંતે સત્ય સંમત થાય, તોપણ પ્રયોગમાં મૂકીને તેને સંમત કરવાની પદ્ધતિ રાખે,...**' આ વાત વિશેષ છે.

મંથનથી (સત્ય વાત સંમત) થાય એટલે પણ વાત પૂરી નથી થતી. મંથનથી એ વાત સત્ય થઈ કે, 'બરાબર છે, આમ જ ઘટે છે.' તો હવે એનો પ્રયોગ શરૂ કરે. અને પ્રયોગમાં – પ્રયોગની કસોટીમાં એ વાત બરાબર સાચી ઠરે તો સાચી માને અને નહિતર સાચી ન માને. એટલે સંમત કરવાના બે તબક્કા લીધા. એક તો પોતાના મંથનપૂર્વક સત્યને સંમત કરે, એટલે પૂર્વગૃહીત અભિપ્રાયથી એની સામે લડાઈ કરીને એક વાર ઊભો રહે અને પછી એ વાત ઠીક લાગી હોય તો એને પ્રયોગથી પાછી પાકી કરે, એમને એમ પાકી કરે નહિ. (ફક્ત) વિચાર–

મનનથી પાકી કરે એમ નહિ, ફરી–ફરીને વિચાર્યા કરે એમ નહિ, એને પ્રયોગમાં મૂકીને પાકી કરે. અને પ્રયોગમાં Practice કરવી પડશે. યાદદાસ્ત ભૂલાય છે, Practice કરેલી વાત ભૂલાતી નથી. બે (વાત) વચ્ચેનો આટલો મોટો ફરક છે.

શ્રોતા :– 'પ્રયોગ' શબ્દનો જરાક વિસ્તાર કરો ! પ્રયોગ એટલે શું ?

સમાધાન :– હવે પ્રયોગ ક્યાંથી શરૂ કરવો ? એ વાત હવે પછી નીચે પદ્ધતિથી લેવી છે. પણ પ્રયોગ કરવો એટલે શું ? કે, પોતાનું જે વર્તમાન ચાલતું પરિણમન છે એ પરિણમનને અવલોકીને એના અનુભવને તપાસવો પડે છે.

જેમકે, એક (વાત) નક્કી કરી કે, 'રાગ દુ:ખદાયક છે.' હવે રાગ તો ચાલે જ છે, તો અમુક રાગમાં જીવને દુ:ખ લાગે છે, અમુક રાગમાં પાછું દુ:ખ નથી લાગતું; તો રાગ તો બધો દુ:ખદાયક છે. તો પોતાના ચાલતા અનુભવને અવલોકન કરે કે, મને શેનો અનુભવ થાય છે ? જે રાગમાં મને સુખનો અનુભવ થાય છે એ રાગમાં સુખ છે કે ભ્રાંતિ છે ? સુખ છે કે સુખની કલ્પના છે ? આ વાત એને પોતાના ચાલતા પરિણમનની અંદર ઊંડાં ઉતરીને અવલોકન કર્યા વગર એને પોતાને ખ્યાલ નહિ આવે. નહિતર માની લીધું હશે કે, 'બરાબર, રાગ તો દુ:ખરૂપ છે. બધો રાગ દુ:ખ જ દે છે.' પણ કેટલાંક રાગમાં સુખ લાગે છે એનું શું ? એ તો એને પોતાની બાજુનું લક્ષ હોય, અંદરનું અવલોકન હોય તો જ એને એ ખ્યાલ આવે કે, અહીંયાં તો ભૂલ થાય છે. આ સિદ્ધાંત તૂટે છે – 'રાગ દુ:ખદાયક છે' એ સિદ્ધાંત રહેતો નથી. મારી કાંઈક ભૂલ થાય છે. તો કેવા પ્રકારની કલ્પનાએ મને સુખનો અનુભવ થયો ? એ સુખ હતું કે કલ્પના હતી ? વાસ્તવિકતાએ સુખ છે કે કલ્પનામાત્ર છે ? આ વસ્તુ પ્રયોગે ચડીને નક્કી કરવી જોઈએ.

'જ્ઞાન સુખરૂપ છે' પણ લોકો એમ કહે છે કે, 'અમને તો જ્ઞાનમાં કંઈ સુખ દેખાતું નથી. જ્ઞાન એટલે જાણવું એટલું જ દેખાય છે.' જ્ઞાન એટલે – જાણે તે જ્ઞાન. જ્ઞાનમાં બીજું શું છે, જાણે તે જ્ઞાન ! એમ નથી, જ્ઞાન પોતે સુખરૂપ છે, પણ એ જ્ઞાન સુખરૂપ ક્યાં સુધી નથી દેખાતું ? કે, જ્યાં સુધી રાગ દુઃખરૂપ દેખાતો નથી ત્યાં સુધી. જો રાગમાં દુઃખ લાગે તો 'જ્ઞાનમાં સુખ છે, જ્ઞાન સુખરૂપ છે' – એ દૃષ્ટિકોણ હાથ લાગે. તો જ્ઞાનનું રૂપ જણાય કે, જ્ઞાન પોતે જ સ્વયં સુખરૂપ છે.

શ્રોતા :– સુખરૂપ અનુભવ થાય તો રાગ દુઃખરૂપ લાગે ને ?

સમાધાન :– એમ સામાન્ય રીતે એવું વિચારવામાં આવે છે કે, સુખ અને દુઃખ તો એકસાથે જ જણાય ને ! પણ અહીંયાં મુમુક્ષુની ભૂમિકામાં પ્રથમ દુઃખમાં ઊભો છે એ ઘણું સ્થૂળ દુઃખ છે એટલે એ પહેલું દેખાવું જોઈએ. જ્યારે પોતાની નજર–દૃષ્ટિ સ્વચ્છ નથી ત્યારે એને મોટી વાત પહેલાં દેખાય, ઝીણી વાત પછી દેખાય. એટલે 'જ્ઞાન સુખરૂપ છે' – એ વિષય સૂક્ષ્મ છે, 'રાગ દુઃખરૂપ છે' – એ વિષય સ્થૂળ છે. એટલે પહેલાં વિકલ્પમાં દુઃખ લાગવું જોઈએ અને રાગમાં દુઃખ લાગવું જોઈએ. અહીંયાં એ દલીલ યોગ્ય નથી કે, સુખ દેખાય તો દુઃખ દેખાય નહિતર ન દેખાય. એ દલીલ અહીંયાં યોગ્ય નથી.

'પરમાગમસાર'માં એ લીધું છે, ૮૮ નંબરનો બોલ છે – **'પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે.'** જુઓ ! ગુરુદેવનું કેટલું વચન પડ્યું છે ! કે, પર્યાયમાં રાગ છે તે દુઃખ છે તેને જો જાણે નહિ, એની તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે ! આટલી એક વાત કરી દીધી છે. આમ તો એમ લખ્યું છે કે, સમ્યક્દૃષ્ટિને દુઃખ નથી એમ કીધું છે અને એ તો નરકમાં પણ સુખી હોય છે. 'અંતર સુખરસ ગટાગટી' 'બાહિર નારકીકૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી' એ તો વાત લીધી કે, બહારમાં 'નારકીકૃત દુઃખ ભોગે' જો

દુઃખ જ ન હોત તો 'દુઃખ ભોગે' એ વાત ન રહેત. પણ દુઃખ પણ છે અને સુખ પણ છે. એને સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલું અંતરમાં સુખ પણ છે. બન્ને છે. એટલે સમ્યક્દૃષ્ટિને–સાધકને જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. એના ઉપર આ સિદ્ધાંત મૂક્યો છે કે, **'પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે.'**

હવે, ધારણાજ્ઞાનમાં શું લે છે ? કે, સમ્યક્દૃષ્ટિને રાગ નથી અને સમ્યક્દૃષ્ટિને દુઃખ નથી. તો કહે છે, એ તો એનું જોર કેટલું છે એ બતાવવા આસ્રવો નથી, રાગ નથી, દુઃખ નથી એમ કહેવાય છે; પણ જો સર્વથા ન હોય તો–તો મુક્તિ હોવી જોઈએ. માટે સર્વથા નથી એમ નથી.

શ્રોતા :– (રાગને) જાણે નહિ એટલે વેદે નહિ, એવો અર્થ થાય ?

સમાધાન :– હા, એટલે દુઃખ તો વેદનનો વિષય છે ને ! તો એને કેમ જાણતો નથી ? કે, એને અનુભવ થતો નથી અને ધારણા એમ કરે છે કે, સમ્યક્દૃષ્ટિને તો રાગ નથી, સમ્યક્દૃષ્ટિને તો દુઃખ જ નથી. એમ નથી, એને પણ જેટલો રાગ છે એટલું દુઃખ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ ! લીધું છે કે નથી લીધું ? એ સમ્યક્દૃષ્ટિની વાત છે.

આમાંથી તો વિવાદ થયો હતો. (કેમકે) આ તો મંદ કષાય છે. મંદ કષાયમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગે તો–તો સમ્યક્દૃષ્ટિ કેવી રીતે રહે ? સમ્યક્દૃષ્ટિ તો સુખી જ છે ! એમ નથી. જેટલો રાગ છે એટલું દુઃખ છે. અને એને ભઠ્ઠી જેવું એટલાં માટે કીધું કે, આત્માની શાંતિ સાથે મીંઢવીને એમ કહે છે. જેણે આત્માની શાંતિ જોઈ છે એ જ એમ કહી શકશે. જેણે આત્માની શાંતિ જોઈ નથી એ એમ નહિ કહી શકે. એને એ જોર નહિ આવે. અહીંયાં સામાન્ય વાત લીધી, પ્રયોગનો વિષય તો હજી આગળ વિશેષ ચર્ચાશે.

શ્રોતા :– મંથનના ક્રમ વગર પ્રયોગ નહિ થવાનો ?

સમાધાન :– ના, મંથનમાં આવવાનું થાશે. કેમકે વિપરીતતામાં ઊભો છે કે નહિ ? આપણે એમ કહીએ છીએ કે, ‘આવા ભાવ ઘણાં થઈ જાય છે. પૈસા કમાવાના તો ઘણાં ભાવ થાય છે. આપણે મોટા શ્રીમંત હોઈએ તો સારું અને મોટા શ્રીમંત હોઈએ તો ચારે બાજુથી બધા આપણી વાહ–વાહ કરતા હોય તો સારું !’ એ બધું જીવને ઊભું જ છે. દરિદ્રીમાં દરિદ્રી માણસને વૈભવની વાસના પડેલી છે. એ તો એને ઉદય નથી એટલે એ ભાવ પ્રગટ થતા નથી. બાકી કોઈપણ દરિદ્રી માણસ શ્રીમંત થાય છે તો એને કાંઈ ક્લાસ ભરવા જવું નથી પડતું. શ્રીમંતાઈના જે બધા પ્રકારના ભાવ થાય છે એના માટે કાંઈ શીખવા જવું નથી પડતું. એ તો સીધો જ, વાંકો ચાલતો હોય એ સીધો ચાલવા મંડી જાય છે ! એ કાંઈ એને શીખવું નથી પડતું. કેમકે એ તો જીવને પડેલું જ છે.

જે વાત પડી છે એને તોડવા માટે કોઈ દ્વંદ્વ તો ચાલવો (જોઈએ), પોતાના ભાવ સાથે લડાઈ તો કરવી જ પડશે. કેમકે એ બધો આત્માને માટે અવિવેક છે અને ઉપદિષ્ટ વચનો એ એની સામેનો વિવેક છે. અવિવેકમલ્લ પણ જોરાવર છે અને વિવેકમલ્લ એથી જોરાવર થયાં વિના અવિવેકમલ્લને પછાડી શકે નહિ. એટલે એકવાર તો અવિવેકમલ્લનું અને વિવેકમલ્લનું અંદર યુદ્ધ જામે. આ યુદ્ધ તો થાય જ. યુદ્ધમાંથી પસાર થાય પછી વિજય મેળવે તો આગળ ચાલે, હારી જાય તો ખલાસ ! ગયો પાછો અધોગતિમાં ! એટલે એ ચાલે જ. કેમકે અંદર બધું પડ્યું છે. એ બધું કેવી રીતે જાશે ?

શ્રોતા :– હલકા લોકો મારી વાહ–વાહ કરે એમાં મને બહુ મજા આવે અને કેવળીભગવાન મારી વાહ–વાહ કરે એ ગમતું નથી !!

પૂજ્ય ભાઈશ્રી :– એને કેવળીભગવાનની મહત્તા નથી, જગતના લોકોની મહત્તા છે. કેવળીભગવાનની અવગણના કરે છે, એના જ્ઞાનની

અવગણના કરે છે. પોતે દોષ કરશે તો કેવળીભગવાનના જ્ઞાનમાં દોષ જણાશે એનો એને વાંધો નથી, પણ બીજાં મારી વાહ–વાહ કરે છે કે નહિ ? એટલું જ જોવું છે.

શ્રોતા :– બધા શાસ્ત્રો મારી જ વાહ–વાહ કરે છે !

પૂજ્ય ભાઈશ્રી :– આત્માનો મહિમા કર્યો છે પણ એ તો સૂઝતો નથી અને બહારના સંયોગોમાં મોટાઈ દેખાય છે !

અહીંયાં એક સામાન્ય વાત લીધી છે, પછી એ વિષય ઉપર વિસ્તારથી વાત લેવી છે. '**...તોપણ પ્રયોગમાં મૂકીને તેને સંમત કરવાની પદ્ધતિ રાખે,...**' શરૂઆત છે ને એટલે આ તો હજી એક Outline છે. '**...તેવો પ્રકાર, તે સુયોગ્ય પ્રકાર છે.**' આ પ્રકારથી આગળ વધવું જોઈએ, એમ કહેવું છે.

શ્રોતા :– મંથન એટલે વિચાર ?

સમાધાન :– વિચાર કરતા પણ, વિરુદ્ધ વિચાર અને અવિરુદ્ધ વિચારનું ઘર્ષણ એને 'મંથન' કહે છે. આપણે માખણ નથી કાઢતા ? (એમાં) છાશનું મંથન કરે છે ને ? મંથન કરે છે એમાં એકબાજુ નથી ફેરવતા. આમ ફેરવે એટલે આ બાજુનું Pressure (દબાણ) ઊભું થાય. અંદર જે છાશનું પ્રવાહી પડ્યું છે (એમાં દબાણ ઊભું થાય). એટલે સીધું આમ ફેરવે, રવૈયો ઊંધો ફેરવે. આમ જે અંદર ફરતું હોય એની સામે આમ ફરવા મંડે ત્યારે અંદરથી માખણ છૂટું પડે. જેમાં મંથન કરવામાં આવે છે – મોટું ગોળી જેવું વાસણ હોય છે એમાં રવૈયો ફેરવે છે. આમ અને આમ બન્ને બાજુ ફેરવે છે ને ? આમ ફેરવે ત્યારે અંદર પ્રવાહીનું આમ આખું ચક્કર–ચક્કર ફરવા મંડે. એનો Force હોય છે, એ Forceની સામે પાછું આમ (ઊંધું) ફેરવે એટલે આખો Force તોડીને ઊંધી ગતિ શરૂ કરે. સવળી ગતિ અને અવળી ગતિ... સવળી ગતિ અને અવળી ગતિ... સામેસામી થાય ત્યારે માખણ નીકળે છે.

એમ (અહીંયાં) આ જે ઊંધું જોર પડ્યું છે એ જોરની સામે (સવળું જોર ઊભું થવું જોઈએ). ભય ઊભો છે, લ્યો ! તમે કહો કે, 'મારે લોભ નથી. અમારે કોઈ લાંબો લોભ નથી. પણ એક અમારી વ્યવસ્થા પાકી થઈ જાય, Security થઈ જાય કે, જાઓ ! તમને જિંદગી સુધી વાંધો નહિ, ખાઈ-પી ને મજા કરો ! તમારે કોઈ ચિંતા નહિ કરવાની. તમતમારે ધર્મ કરો હવે ! એવી કોઈ અમને Security આપી દે કે, તમારા રોટલા–પાણી અને તમારા કુટુંબ–પરિવારને બધાને અમે સંભાળી લેશું !' તો ધર્મ થાય કે ન થાય ? (કહે છે) ન થાય ! કેમકે 'એ બરાબર છે તો હું કરી શકું છું, નહિતર નથી કરી શકતો. મારી આ વ્યવસ્થા બરાબર થઈ જાય તો મને વાંધો નથી.' આ મોટો વાંધો છે – આધારબુદ્ધિનો !

આ જીવને સંયોગની આધારબુદ્ધિ છે. એ સંયોગના આધાર વિના અનાદિ–અનંતકાળ નિરાકુળ શાંતિથી–સુખથી જીવતો રહે – ટકી રહે એવું આત્મદ્રવ્ય છે એને સ્વીકારવું છે, તો સામે યુદ્ધ થયાં વગર રહેશે નહિ. તો આ ભય થતો હતો એનું શું ? એ ભય કેમ મટે ? એટલે એની સામે જે ભાવ નિશ્ચિત કરી રાખ્યો છે, એ નિર્ણયને તોડવા માટે, નિર્ણયનું બળ ઘટી જવા માટે – એથી વિરુદ્ધ નિર્ણય થાવાનો છે એ સંબંધીનું મંથન ચાલ્યા વિના રહે નહિ. એ નિર્ણયનું બળ નબળું પડે તો પ્રયોગથી ઓર એને નબળું પાડી દે ! પ્રયોગથી તો નક્કી કરે કે, બરાબર છે, મને પ્રયોગથી અનુભવ થાય છે કે આમ જ સત્ય છે, બાકીનું અસત્ય છે. જે માની રાખ્યું હતું એ બધું અસત્ય છે.

શ્રોતા :– મંથનના તબક્કામાં પહેલા બધો કચરો સાફ થઈ જાય !

પૂજ્ય ભાઈશ્રી :– મંથનના તબક્કામાં વિરુદ્ધ બળ ઢીલું પડી જાય. મિથ્યાત્વનું બળ ઘટે. વિપરીત અભિપ્રાયનું બળ ઘટે, નબળું પડે. પ્રયોગથી વધારે નબળું પડે પછી (સ્વરૂપ)નિર્ણય થાય, ત્યારે એકદમ ફેરફાર થઈ

જાય. ત્યારે સન્મુખ થઈ જાય. પછી (મિથ્યાત્વનો) અભાવ થશે – એમ થોડો લાંબો Process છે.

**'યથાર્થ કાર્યપદ્ધતિ / વિધિના સંદર્ભમાં વિચારતાં પોતાનાં પરિણામોનું અવલોકન થવું તે જ યોગ્ય પદ્ધતિ છે;...'** હવે જ્યારે વિધિનો વિષય વિચારીએ છીએ ત્યારે રીત 'અવલોકન'થી ચાલવી જોઈએ. જો પોતાના પરિણામોનું અવલોકન ન કરવામાં આવે તો એક તો જે 'પરલક્ષ' છે એ જ નહિ મટે. જીવે ધર્મના જેટલાં કોઈ કાર્યો અત્યાર સુધી કર્યા (એ બધા પરલક્ષે કર્યા છે).

શ્રોતા :– પરલક્ષે શાસ્ત્રજ્ઞાન એટલે એમાં કેવી રીતે કહો છો ?

સમાધાન :– પરલક્ષી શાસ્ત્રજ્ઞાન એટલે સ્વલક્ષ નહિ. સ્વલક્ષી અને પરલક્ષીનો વિષય નીચે વિસ્તારથી લીધો છે. સ્વલક્ષમાં શું છે કે, એક આત્મહિતનું જ લક્ષ છે અને આત્મહિતનું લક્ષ નથી તો કાંઈને કાંઈ પરલક્ષ છે. કાંઈને કાંઈ પરલક્ષ હોવામાં શું છે કે, કાં તો એને જાણવાનો લોભ હોય કે, 'હું ઘણું જાણું !' કેમકે જીવનો સર્વજ્ઞસ્વભાવ છે એટલે એને કુતૂહલવૃત્તિ (થાય છે). જ્યાં સુધી જ્ઞાન ઉપર આવરણ છે ત્યાં સુધી કુતૂહલવૃત્તિ રહેવાની જ. અને મિથ્યાત્વદશામાં તો એ અરુચિનો પ્રકાર (છે). સ્વરૂપની અરુચિ અને પરની રુચિ (છે). રુચિને જો જ્ઞાન સાથે સંબંધ જોડવો હોય તો કુતૂહલજ્ઞાન (અર્થાત્) બીજાં પદાર્થોને જાણવા સંબંધીનું કુતૂહલજ્ઞાન તે મુખ્યપણે અરુચિને – સ્વભાવની–સ્વરૂપની અરુચિને પ્રકાશે છે. અને સ્વરૂપની રુચિવાળાને સીધો જ પહેલો એ વિચાર આવે છે કે, 'મારે કોઈથી કાંઈ પ્રયોજન નથી. મારે કોઈને જાણવાનું કાંઈ કામ નથી. મારે એક મારા આત્માનું (હિત) કરવું છે. (બીજું) કાંઈ જાણવામાં મારે ક્યાંય પડવું નથી.' એકવાર તો છાપા વંચાવા બંધ થઈ જાય ! કેમકે દુનિયાભરના સમાચાર એમાં આવે છે. પોતાના આત્માની કથા એમાં આવે છે ? દુનિયાભરના સમાચાર આવે એટલે જીવને એમ

થાય કે, 'ઠીક ત્યારે...! દક્ષિણ આફ્રિકામાં શું થયું ?' હવે તારે શું લેવા–દેવા છે ? જે થયું એનું ! પણ દુનિયાભરના સમાચાર જીવ કુતૂહલવૃત્તિથી જાણે છે, એને સ્વરૂપની અરુચિ વધી છે. રુચિવાળાને પ્રકારફેર થઈ જાય છે, એને બીજાંનું કોઈનું પ્રયોજન નથી.

એકવાર તો અહીંયાં આવવું પડે છે. જીવ અહીંયાં આવી જાય છે કે, મારે કોઈનું શું કામ છે ? મારે આ ભવમાં મારા આત્માનું હિત કરી લેવું છે. એટલાં માટે મને આ મનુષ્યભવ મળ્યો હોય એવું મને લાગે છે ! તો મારે એ કામ ઉપર લાગી જવું છે. મારે દુનિયાની પંચાતની શું જરૂર છે ? દુનિયાની પંચાતની કોઈ જરૂર નથી. નહિતર શું છે કે, પરરુચિને કારણે જીવને આત્માની રુચિ જ પ્રગટતી નથી. પછી બધું પરરુચિથી વાંચે, વિચારે, સ્વાધ્યાય કરે; શાસ્ત્રો વાંચે; પણ પરરુચિ છે એ બધું ખાઈ જાય છે ! એનું જાણ્યું કાંઈ કામ નથી આવતું.

પરરુચિથી અવિવેક નામનો જ્વર ઉત્પન્ન થાય છે. 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ આ વાત લીધી છે કે, 'પરરુચિને કારણે વિવેકને જ્વર લાગુ પડે છે.' એટલે મારું હિત શેમાં છે અને મારું અહિત શેમાં છે, એવો જે વિવેક છે એને પહેલો–વહેલો તાવ આવે છે. તાવ આવે ત્યારે માણસ નબળો પડી જાય એમ એનો વિવેક નબળો પડી જાય છે. કારણ–કાર્યની કેટલીક વાતો એમણે લીધી છે, બહુ સરસ ! આખો 'અનુભવ પદ્ધતિ'નો વિષય છે.

(અહીંયાં કહે છે) '**...વિધિના સંદર્ભમાં વિચારતાં પોતાનાં પરિણામોનું અવલોકન થવું તે જ યોગ્ય પદ્ધતિ છે;...**' આ અવલોકન થવામાં એક સ્વલક્ષ ઊભું થાય છે. જે પરલક્ષ છે, પરલક્ષે જે શાસ્ત્રજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે કે પરલક્ષે બાહ્યત્યાગની પ્રવૃત્તિ થાય છે એનું કારણ એટલું છે કે, જીવને પોતાના પરિણામોનું અવલોકન નથી અથવા સ્વલક્ષ નથી. ઘણો તપસ્વી હોય અને ઘણો ક્રોધી રહી જાય છે, એનું કારણ શું ?

(કારણ કે) એણે પોતાના પરિણામ સામું નથી જોયું. મેં કેટલાં ઉપવાસ કર્યા એ જ એ જોવે છે. મેં કેટલાં દિવસ આહાર છોડ્યો એની જ એની પાસે ગણતરી છે. મારા પરિણામમાંથી કેટલાં દોષ છોડ્યા એ જોતો નથી. એવી જ રીતે પરલક્ષી શાસ્ત્રજ્ઞાનમાં પોતાના પરિણામ સાથે અવલોકન કર્યા વિના શાસ્ત્રોની ધારણા કર્યા કરે છે, શાસ્ત્ર જાણ્યા કરે છે, તો એને પોતાના દોષ ઘટવાનો અવસર નહિ આવે. એટલે (કહ્યું કે) '**...પોતાના પરિણામોનું અવલોકન થવું તે જ યોગ્ય પદ્ધતિ છે;...**' એ છોડીને કોઈ યોગ્ય પદ્ધતિ નથી. આ રીતનો વિષય છે.

'**...કારણ કે અવલોકન થયા વિના પરિણામમાં ઉત્પન્ન રસને જીવ પોતે સમજી શકતો નથી.**' હવે અવલોકનમાં શું દેખાય છે (તે કહે છે). અવલોકનની અંદર જેમ અવલોકનનો અભ્યાસ વધે છે તેમ પોતાના વિભાવપરિણામ વધારે સારી રીતે સમજાય છે. અને વધારે સારી રીતે સમજાય છે એટલે શું ? કે, પરિણામમાં જે વિભાવરસ છે એ જ પરિણામનું વિપરીતતામાં બળવાન Factor છે. પરિણામનો રસ તે પરિણામની વ્યક્ત શક્તિમાં રહેલો છે.

(આ) બહુ મુદ્દાનો વિષય છે. પરિણામમાં જે રસ છે એમાં જ પરિણામની શક્તિ રહેલી છે. જો શુદ્ધ પરિણામ હોય તો શુદ્ધતાનો જે રસ છે એમાં પરિણામની વ્યક્ત શક્તિ છે. એટલી શક્તિ વ્યક્ત થઈ ગઈ. અશુદ્ધતામાં તીવ્ર રસ છે તો એ અશુદ્ધતાનું જોર ઘણું છે, એની શક્તિ ત્યાં છે. એ શુદ્ધતાને નહિ પ્રવેશવા દે. અને જેટલો રસ વધી જાય છે એટલી એની પરિણતિ થતી જાય છે. પરિણતિ રસ અનુસાર બંધાય છે. એટલે આપણે નથી કહેતા ? કે, આ માણસ બુદ્ધિવાળો છે, દેશ–પરદેશના મોટા ધંધા કરે છે પણ આ વાત એને અત્યારે નહિ બેસે. એનું કારણ શું ? કે, એનો વર્તમાન સંયોગો પાછળની દોડનો જે રસ છે એ રસ એની બુદ્ધિને એવી રીતે ત્યાં રોકે છે કે એથી

વિરુદ્ધ વાતમાં એની બુદ્ધિ પ્રવેશ જ ન કરી શકે અથવા વિરુદ્ધ વાત એને સંભળાય, બુદ્ધિગોચર થાય તોપણ એને અંદર ક્યાંય અડે નહિ; કેમકે એની વિપરીત પરિણતિનું બખ્તર પહેરીને બેઠો છે. એટલે ગુરુ ગમે એવું Firing કરે છે (તોપણ) એને ગોળી વાગતી નથી.

આમાં શું છે કે, આપણે હજારો-લાખો શાસ્ત્રો છપાવીએ છીએ. અંદર વીતરાગદેવનો ઉપદેશ ભરેલો છે. પરંપરાએ જે માખણ રહી ગયું એ અધ્યાત્મતત્ત્વ શાસ્ત્રોમાં ભર્યું છે. ગોળી કો'કને જ વાગે છે ! શાસ્ત્રો વાંચનારા લાખો થાય છે (પણ) ગોળી કો'કને (જ) વાગે છે. એક જણને જેને ગોળી વાગે છે એના સંસારનું મૃત્યુ થઈ જાય છે, એનો સંસાર મરી જાય છે. તો એ કોને ગોળી વાગે છે ? કે, જેને અંદરમાં પરિણતિ ફરવાની તૈયારી થવાની યોગ્યતા આવી હોય એને. જેનો વિભાવરસ છે એ મંદ પડી ગયો હોય એને. વિભાવરસમાં વિભાવશક્તિ વ્યક્તપણે વર્તી રહી છે.

'ગુરુદેવશ્રીના વચનામૃત'માં ૧૯મા બોલમાં છે. ('સમયસાર') ૧૪૪ ગાથા ઉપરથી ખેંચેલો (સ્વરૂપ)નિર્ણયનો બોલ છે. 'નંદિશ્વર જિનાલય'માં ગુરુદેવના વચનો જે આરસમાં કોતરાણા એમાં લીધું છે કે, કષાયરસ મંદ પડે ત્યારે નિર્ણય થાય છે. કષાય મંદ પડે ત્યારે નિર્ણય થાય છે, એમ નથી કહેતા. કષાયરસ મંદ પડે ત્યારે નિર્ણય થાય છે, એવી વાત લીધી છે.

એની ચૌભંગી છે. સમ્યક્દૃષ્ટિને કષાય તીવ્ર હોય અને કષાયરસ મંદ હોય છે. મિથ્યાદૃષ્ટિનો કષાય મંદ હોય કે તીવ્ર હોય એનો રસ તીવ્ર જ હોય છે. અને સમ્યક્દૃષ્ટિને તો કષાય મંદ હોય (ત્યારે કષાયરસ મંદ હોય છે). મિથ્યાદૃષ્ટિને પણ ક્યારેક કષાય મંદ થાય ત્યારે રસ મંદ થાય ખરો. એમ કષાયની તીવ્રતા-મંદતા અને રસની તીવ્રતા-મંદતાના ચાર ભંગ છે. પરસ્પર બે ગુણ્યા બે. સામે-સામે લ્યો તો ચાર

થઈ જાય છે.

હવે, કષાયરસ તોડવો છે (તો) કાર્યની પદ્ધતિમાં પહેલું કાર્ય શું છે ? કે, જીવનો કષાયરસ તૂટવો જોઈએ. જો જીવનો વિભાવરસ ન તૂટે તો આ વાત સ્થાન પામે નહિ, આ ગોળી વાગે નહિ. કષાયરસ જ ચાલે છે. રસ સામે કોઈ જોતું નથી, કષાય મંદ થાય એ જોઈ લે છે, જ્ઞાનનો ઉઘાડ થાય એ જોઈ લે છે; પણ વિભાવરસ મંદ છે કે તીવ્ર છે એનો કોઈ વિચાર નથી.

(જ્યારે અહીંયાં તો) પહેલી વાત એ છે કે, કષાયરસ ક્યારે તૂટે ? અથવા કોઈપણ પરિણામમાં કોઈપણ વિષયનો ચાલતો રસ ક્યારે તૂટે ? રસ તો રસભંગ થાય ત્યારે તૂટે. ક્યારે તૂટે ? રસ તો રસમાં ભંગ પડે ત્યારે તૂટે. આ તો અનુભવગમ્ય વાત છે ને ? એક માણસ ખૂબ રસથી એનું ભાવતું ભોજન ખાતો હોય ત્યારે એને વચ્ચે બીજી વાત કરાવો, એવા ખરાબ સમાચાર આપો કે, 'ભાઈ ! તમારું અહીંયાં વહાણ ડૂબ્યું છે.' તો આ (જમવાનો) રસ તૂટી જાય કે ન તૂટી જાય ? રસભંગ થાય એટલે રસ તૂટે.

રસભંગ કરવો હોય તો એનો ઉપાય શું ? કે, ચાલતા રસથી કોઈ વિરુદ્ધ વાત ઊભી થવી જોઈએ. બધાય વિભાવરસથી – તમામ પ્રકારના વિભાવરસની સામે એક મોટું સાધન છે – જ્ઞાન ! તમામ પ્રકારના વિભાવરસ સામે જ્ઞાન છે એ મોટું સાધન છે. તો સીધું જ્ઞાન લાગુ કરે. એને જોવે ત્યાં (રસભંગ થઈ જાય). પોતાને તો નિર્દોષ થવું છે ને ! હેતુ – દૃષ્ટિકોણ તો નિર્દોષ થવાનો અપનાવી લીધો છે, સાધ્ય કર્યો છે. એટલે જેવો રસ વધે અને જો જ્ઞાન જાગૃત થાય કે, અરે...! એટલે એ રસનો પારો સીધો ઉતરી જશે. માનો કે ભય લાગ્યો, કોઈ પ્રસંગે ભય લાગ્યો. ભય એવો લાગ્યો કે મૃત્યુ થાય એવું છે. એક Accident (અકસ્માત) થઈ ગયો એમ ગણી લ્યો કે ઓરડામાં સર્પ છે અને પોતે

બહાર નીકળી શકે એવી પરિસ્થિતિ નથી, કેમકે બારણું બંધ છે અને બારણે જ ઊભો છે. બારણું ખોલવા જાય તો એની નજીક જાવું પડે. નહિતર પોતે ઓરડામાંથી નીકળી શકે એવું નથી. ભય વ્યાપી ગયો, સમજી લ્યો ! આવા કોઈ Accidentના પ્રસંગે ભય વ્યાપે તો એ જ વખતે એનો રસ કેમ ઉત્પન્ન ન થાય ? (તો એ જ વખતે અવલોકન કરે કે) આત્માને મૃત્યુ ક્યાં છે ? કદાચ સર્પ કરડશે, ક્યારે કરડશે ? એને આ શરીર ઉપર મોહ થશે ત્યારે.

('કૃપાળુદેવે') 'ગાંધીજી'ને જવાબ આપ્યો છે ને ! જે શરીર ઉપર પોતાને મોહ નથી, એવા એ શરીર ઉપર સર્પને મોહ થાય તો ભલેને કરડે ! આટલાં કપડાં બદલ્યા છે – દેહ તો કપડાં બદલવા જેવી વાત છે, એક કપડું વધારે બદલાઈ જશે, બીજું શું છે ! અત્યાર સુધી કપડાં બદલતો જ આવ્યો છે. નવા–નવા દેહ ધારણ કરતો (આવ્યો છે એમાં) એક વધારે !

શ્રોતા :– મુનિ ધ્યાનમાં ઊભા હોય ત્યારે પગે સર્પ વીંટાઈ જાય તો કાંઈ થતું નથી !

પૂજ્ય ભાઈશ્રી :– સર્પ વીંટાઈ જાય નહિ, સર્પ કરડે તોપણ આઘો ન કરે ! (મુનિરાજ) જોવે કે વીંછી કાળતરો આ ઢીંચણ ઉપર ચડ્યો અને હમણાં આંકડો ભીડાવશે ! (તોપણ) દૂર ન કરે ! એમને તો અલૌકિક દેહાતીત દશા છે ! દેહને અને પોતાને કાંઈ લાગતું–વળગતું નથી, આટલાં ભિન્ન પડી ગયા છે. (લોકો) દલીલ કરે છે કે, 'કેમ દેહનો ત્યાગ કરતા નથી ? દિગંબર મુનિ વસ્ત્રનો ત્યાગ કરે છે તો દેહનો ત્યાગ કેમ કરતા નથી ?' એ દેહથી કેટલાં ભિન્ન પડ્યા છે એ તમને ખબર નથી ! એ દેહ ત્યાગ્યા બરાબર જ છે. બાકી નથી પોતે વસ્ત્રના કર્તા–હર્તા, નથી પોતે દેહના કર્તા–હર્તા. એ વાત રાખીને છે.

(આપણે ચાલતી વાત એ હતી કે) એ વખતે મરણના ભયનો જે

રસ ઉત્પન્ન થાય, એ રસભંગ થાય તો એમાંથી નવો ચમત્કાર થાય ! એની શક્તિ બીજી જાતની છે. ચૈતન્યની ચમત્કારિક શક્તિ જ બીજી જાતની છે !! જગતમાં જેટલાં રિદ્ધિ–સિદ્ધિના ચમત્કાર છે એ તમામ ચમત્કાર એની પાસે કાંઈ નથી. અથવા એક સ્વાનુભવમાં – સ્વાનુભવીના ચરણમાં જગતની તમામ રિદ્ધિ–સિદ્ધિ આળોટે છે એમ સમજી લ્યો તમે ! આટલું બધું સ્વાનુભવનું મહત્તાવાળું માહાત્મ્ય છે !! જગતના ચમત્કાર એની પાસે કાંઈ નથી, એટલો ચમત્કાર એક સ્વાનુભવમાં છે. અને એ સ્વાનુભવનો દુશ્મન હોય તો આ વિભાવરસ છે – કષાયરસ છે, એનો તોડનાર હોય તો 'જ્ઞાન' નામનો યોદ્ધો છે. સીધો જ એ રસ ઉપર પ્રહાર આવે છે.

એટલે અવલોકનનો વિષય છે એ જીવને અનાદિથી તમામ પ્રકારનું જે પરલક્ષ છે એ છોડાવે છે. અને સ્વલક્ષે પ્રવૃત્તિ કરાવતા એના વિભાવરસ ઉપર પહેલો–વહેલો પ્રહાર કરે છે, વિભાવની શક્તિ તોડે છે અને વિભાવમાં મિથ્યાત્વ મોટો દુશ્મન છે. પહેલી એની શક્તિ તોડતો જાય છે.

'**...અવલોકન થયા વિના પરિણામમાં ઉત્પન્ન રસને જીવ પોતે સમજી શકતો નથી.**' પરિણામમાં કષાયનો રસ કેવો ઉત્પન્ન થાય છે, એ પોતે જોવે તો ખબર પડે છે. નહિતર રસમાં એટલો અંધ થાય છે કે, એને કેટલો રસ વધ્યો છે એ જ ખબર પડતી નથી. **'અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ માત્ર ધારણારૂપે પરલક્ષી થઈ જાય છે.**' જે જીવ અવલોકન પદ્ધતિમાં આવતો નથી તે જીવને શાસ્ત્રજ્ઞાનનો – તત્ત્વજ્ઞાનનો અભ્યાસ માત્ર એક પરલક્ષી ધારણાના પ્રકાર સિવાઈ બીજું કાંઈ નથી અને એ પરલક્ષી ધારણા દુર્ગુણને–અવગુણને ઉત્પન્ન કરશે, કરશે અને કરશે જ. એ તો નીચે વાત લેવી છે. સ્વલક્ષી અને પરલક્ષીમાં કેટલાં મુદ્દાઓ છે એ નીચે લીધાં છે.

અહીંથી, અવલોકનથી પ્રયોગ શરૂ થાય છે. જ્યાં સુધી અવલોકન નથી ત્યાં સુધી પ્રયોગ શરૂ થતો નથી. અવલોકનથી પ્રયોગ શરૂ થાય છે. જેટલું અવલોકન વધારે, જેટલું બારીક અવલોકન એટલો જ સ્વભાવને જોવાનો પ્રયત્ન વિશેષ છે એમ સમજવું.

**'...તત્ત્વજ્ઞાનનો અભ્યાસ માત્ર ધારણારૂપે પરલક્ષી થઈ જાય છે. એવો પરલક્ષી ધારણાનો ઉપયોગ,...'** એટલે વ્યવહારમાં એનો કોઈ અમલ થઈ શકતો નથી. ઉપયોગ એટલે એનો અમલ કરવો, એનું સફળ કરવું. એ પરલક્ષી ધારણા કોઈ સફળ થતી નથી. એનું કોઈ ફળ આવતું નથી, એનો ઉપયોગ થઈ શકતો નથી. કેમકે એ તો ઉદયમાં તીવ્રરસપણે પરિણમી જશે અને એ વખતે એની ધારણા ખોવાઈ જશે. ધારણા હાજર નહિ થાય. માટે એને એ ધારણાનું કોઈ ફળ નથી, કોઈ ઉપયોગ નથી, એમ નક્કી થઈ ગયું. **'અને તેવી ઉપદિષ્ટ – ધારણા પ્રાયઃ કૃત્રિમતાને ઉત્પન્ન કરે છે અર્થાત્ ધારણાનુસાર કાર્ય કરવાની કર્તૃત્વબુદ્ધિથી ધારણાનો વિષય ચરિતાર્થ કરવાનું થાય છે.'** પછી શું કરે છે કે, કોઈ એવો વિચાર કરે છે કે આપણે જે ધારણા કરી છે એનો ઉપયોગ કરીએ. તો એ કૃત્રિમતાએ ઉપયોગ કરવા લાગી જાય છે કે, 'હું તો હવે મારા જ્ઞાનનો અમલ કરવા મંડ્યો !' જીવ એ પ્રકારમાં આવી જાય છે. જ્યારે એ અવલોકનમાં નથી આવતો ત્યારે એને (ધારણાનો) ઉપયોગ નથી થતો. જો કોઈ ઉપયોગ કરે છે તો કૃત્રિમતાથી એનો ઉપયોગ કરે છે અને કર્તાબુદ્ધિએ એ કાર્ય કરવા જાય છે. અને એ રીતે પોતાની ધારણાનો અમલ કરવાને એ ધારણાને ચરિતાર્થ કરે છે. એવો એક પ્રકાર અંદરથી ઊપજે છે. આ પણ એક વિકૃત પ્રકાર છે, એમ કહેવું છે. આના ઉપર જરા વિશેષ લઈશું, (અત્યારે) સમય થયો છે.

## પ્રવચન–૩
## તા. ૨૦-૦૨-૧૯૯૦

'સુવિધિ' ! પેરાગ્રાફથી લઈએ. **'યથાર્થ કાર્યપદ્ધતિ / વિધિના સંદર્ભમાં વિચારતાં પોતાનાં પરિણામોનું અવલોકન થવું તે જ યોગ્ય પદ્ધતિ છે;...'** કાર્યની – કામ કરવાની રીતમાં પોતાના પરિણામોનું (અર્થાત્) વ્યક્ત થતા–પ્રગટ થતા–પરિણમતા ચાલતા પરિણામોનું અવલોકન થવું. અવલોકન અને વિચારમાં એક ફરક છે કે, જે પરિણામો વ્યતીત થઈ જાય છે એનો વિચાર કરવામાં આવે છે. ચાલતા પરિણામ છે એનું તો સીધું અવલોકન થાય છે, એટલે ત્યાં વિચાર હોવા છતાં પરિણામને તપાસવાનું, પરિણામને જોવાનું (બને છે). (વિચાર અને અવલોકનમાં) આ ફરક છે.

જ્યારે જીવ પોતાના પરિણામના અવલોકનમાં આવે છે ત્યારે એને બીજાં પદાર્થો ઉપરનું લક્ષ છે એ આપોઆપ જ ગૌણ થાય છે. અહીંથી બીજાં પદાર્થો પ્રત્યેનું જે વલણ છે એમાં ફેરફાર શરૂ થયો, શરૂઆત થઈ.

શ્રોતા :– વર્તમાન પરિણામોનું અવલોકન કરતાં ફેરફાર શરૂ થયો !

પૂજ્ય ભાઈશ્રી :– વર્તમાન પરિણામનું અવલોકન કરવાનું છે. જે ચાલ્યા ગયા, થઈ ગયા એનું અવલોકન નથી થતું. એનો વિચાર જરૂર થાય છે, પણ એનું અવલોકન નથી થતું. અવલોકન તો ચાલતા વર્તમાન

વિદ્યમાન પરિણામનું થાય. કેમકે જે ઉપસ્થિત નથી એ તો સ્મૃતિનો વિષય થઈ જાય છે. જે (પરિણામ) ચાલ્યા ગયા–ભૂતકાળમાં ગયા એ તો સ્મૃતિનો વિષય થાય છે, એને સંભારીને વિચારી શકે છે, પણ ચાલતા પરિણામો છે તેનું અવલોકન થાય છે.

'...**(અવલોકન થવું) તે જ યોગ્ય પદ્ધતિ છે;...**' તે યોગ્ય પદ્ધતિ છે એનું કારણ એ છે કે, આ પ્રકારે '**...અવલોકન થયા વિના પરિણામમાં ઉત્પન્ન રસને જીવ પોતે સમજી શકતો નથી.**' (અર્થાત્) પોતાના પરિણામમાં કેટલો રસ થયો એ ચાલુ પરિણામમાં અનુભવગોચર હોય છે. એટલે અનુભવથી સમજવાનો પ્રકાર અહીંયાં જ્ઞાનને ઊભો થયો. વિચારથી સમજવું એક વાત છે, અનુભવથી સમજવું બીજી વાત છે – એમ બે ભિન્ન–ભિન્ન પ્રકાર છે.

વિચારમાં વસ્તુ પરોક્ષ છે. વિચારનો વિષયભૂત પરિણામ પણ પરોક્ષ છે અને અનુભવમાં પરિણામ પ્રત્યક્ષ છે. આમ પ્રત્યક્ષ–પરોક્ષનો ફેર એ બહુ મોટો ફેર છે. એટલે એ જ યોગ્ય પદ્ધતિ છે એનું કારણ એ છે કે, જીવ પોતાના પરિણામમાં જે રસ ઉત્પન્ન થાય છે એને અવલોકન કર્યા વિના સમજી શકતો નથી. અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યા કરે છે. પોતાના પરિણામના રસને તો પકડી શકે નહિ, (માત્ર) તત્ત્વનો અભ્યાસ કરે તો એ પણ એક ઉદય થયો. 'ચાલો ! અત્યારે આઠથી નવ શાસ્ત્ર સ્વાધ્યાયનો વખત છે આપણે શાસ્ત્ર સ્વાધ્યાય કરીએ. અત્યારે બીજી પ્રવૃત્તિ નથી કરવી, દુકાને નથી જવું, બીજો વ્યવસાય નથી કરવો, બીજા કામ નથી કરવા.' એ એક ઉદય થઈ ગયો.

એ '**...તત્ત્વજ્ઞાનનો અભ્યાસ માત્ર ધારણારૂપે પરલક્ષી થઈ જાય છે.**' સ્વલક્ષી નથી રહેતો પણ પરલક્ષી થઈ જાય છે. વિચારમાં જે–જે વાતો આવે છે એને વિચાર્યા કરે છે – આમ હોય, આમ હોય કે ન હોય ? આમ હોય કે ન હોય ? પછી ન્યાય આદિ સમજાય તો

સંમત કરે, ન સમજાય તો સંમત ન કરે. પણ એ બધો પરલક્ષી ધારણાનો વિષય છે, સંમત કરે તોપણ ! એને સંમત ન કરે તો તેણે એમ સમજવું કે, પોતાના જ્ઞાનમાંથી હજી વિપર્યાસ ગયો નથી. જે વિપર્યાસ પૂર્વે સંગ્રહ કર્યો છે એ વિપર્યાસ હજી ગયો નથી. નહિ જવાનું કારણ એ પણ છે કે, જિજ્ઞાસા નથી. જો જિજ્ઞાસા હોય તો જિજ્ઞાસાપૂર્વક સમજનારને વિપર્યાસ નડતો નથી. કેમકે તેણે ખાલી જગ્યા કરી (કે), 'સાચું શું એ મારે સમજવું છે.' જ્ઞાનમાં સત્યનો અવકાશ ઊભો કર્યો.

જિજ્ઞાસા છે એ જ્ઞાનમાં સત્ય સમજવાનો અવકાશ–ખાલી જગ્યા કરે છે. શાસ્ત્ર સ્વાધ્યાય આદિ કે પ્રવચન વખતે જે જીવ જિજ્ઞાસામાં નથી રહેતો એને સત્ય (સામે) આવે એની સામે પોતાનો વિપરીત સંસ્કાર સંગ્રહાયેલો હોય તો એ સત્ય એને સંમત ન થાય. ત્યાં શું છે કે એને તો પોતાના સંસ્કારનું બળ છે, એટલે એને થાય છે કે, 'આ મને બરાબર નથી લાગતું અથવા તો આ મને સમજાતું નથી કે કેવી રીતે છે ?' સમજાતું નથી (એમ કહે છે) પણ સમજવા માટે જિજ્ઞાસા તીવ્ર કરે તો સમજાય જાય છે, પણ જિજ્ઞાસાના અભાવમાં એ એમ વિચારે છે કે, 'આમાં કાંઈક બીજી રીતે વાત હોવી જોઈએ, આમ ન હોય.' પોતે માનેલું છે એ પ્રકારે શાસ્ત્રના કથનને, બીજાં કથનને એમાં બેસાડવાનો પ્રયત્ન કરે છે, (પણ એ) ખોટો પ્રયત્ન કરે છે. પોતાની માન્યતા અનુસાર શાસ્ત્રના કે જ્ઞાનીના વચનોને ઘટાવવાનો પ્રયત્ન કરવો એ પોતાના વિપર્યાસને અને વિપરીત રુચિને પોષણ કરવાનો પ્રકાર થઈ જાય છે. એ તો ખૂબ નુકસાનનું કારણ થશે.

શ્રોતા :– વર્તમાન પરિણામનું અવલોકન નથી એટલે એ તો થવાનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો કહ્યું કે, એ સમજી શકશે નહિ. પોતાના પરિણામોને જ નહિ સમજી શકે. જ્યાં પોતાના પરિણામને નહિ સમજી

શકે તો (બીજી બધી વાત તો) કલ્પનાએ ચડવાની વાત થઈ ગઈ. બાકીની જે સમજણ છે એ કલ્પનામાત્ર થઈ ગઈ. એવું પરલક્ષી જ્ઞાનમાં બને છે.

એવી જે પરલક્ષી ધારણા છે એ '**...પરલક્ષી ધારણાનો ઉપયોગ થઈ શકતો નથી.**' એટલે એનો કોઈ અમલ થઈ શકતો નથી. એ ધારણા એને કામમાં નથી આવતી. ધારણા પડી રહે છે (અને) ઉદયકાળે તીવ્ર રસથી, સુખ–દુઃખને, હરખ–શોકને, કષાયને વેદી લે છે–ભોગવી લે છે, પણ એને જ્ઞાન કાંઈ કામમાં આવતું નથી. ધારણાજ્ઞાન છે એ અધ્ધર રહી જાય છે.

'શ્રીમદ્જી' ઘણીવાર પૂછે છે કે, 'દેહ અને આત્મા ભિન્ન છે એવું તું સમજ્યો, (હવે જ્યારે) શરીરમાં અશાતા થઈ એ વખતે તારું દેહ અને આત્માની ભિન્નતાનું જ્ઞાન ક્યાં ગયું ?' એમ પૂછે છે. એનો અર્થ આ છે કે, ચાલતી અશાતા વખતે – તારા ઉદય વખતે તું આ ધારણાને લાગુ કરે છે કે નહિ ? કોઈ પ્રયત્ન થાય છે કે નહિ ? કે ખાલી અધ્ધરથી જ બધું ચાલે છે ? એટલે (કહ્યું કે) એવી ધારણાનો કોઈ અમલ થઈ શકતો નથી. 'ઉપયોગ' એટલે વ્યવહારમાં એ આવી શકતું નથી.

પછી એ ધારણાનો શું પ્રયોગ કરે – શું ઉપયોગ કરે ? (એ કહે છે) '**...તેવી ઉપદિષ્ટ–ધારણા પ્રાયઃ કૃત્રિમતાને ઉત્પન્ન કરે છે...**' (અર્થાત્) જે વાત એને સમજમાં આવી છે એ સમજ અનુસાર સહજ પ્રવૃત્તિ થવાને બદલે કૃત્રિમ પ્રયત્ન કરે છે. અને ધારણા અનુસાર કાર્ય કરવાની કર્તૃત્વબુદ્ધિ કૃત્રિમતામાં ઉત્પન્ન થયાં વિના રહેતી નથી. એવી કર્તૃત્વબુદ્ધિથી ધારણાનો વિષય પરિણમી જાય, '**ચરિતાર્થ થાય**' એટલે પરિણમી જાય એ પ્રકારે એ પ્રયત્ન કરે છે. આ પ્રયત્નમાં ભૂલ છે, પુરુષાર્થની ભૂલ છે.

દા.ત. એમ સમજણમાં આવ્યું કે, 'આત્મા જે ધ્રુવતત્ત્વ છે એ

ધ્રુવતત્ત્વ અનંતગુણનું નિધાન છે. જીવને અનાદિનો વ્યવહારનયના વિષયનો પક્ષ છે, પર્યાયનો પક્ષ છે, ભેદનો પક્ષ છે તે છોડવા જેવો છે અને ત્રિકાળી ધ્રુવ ઉપર જોર દેવા જેવું છે.' કોઈ જીવે આટલી વાત ધારણામાં લીધી. તો હવે શું કરવું ? કે, ત્રિકાળી ધ્રુવના જ વિચાર કરવા, વિકલ્પ પણ એનો, વિચાર પણ એનો અને વાત કરવી તોપણ એના ઉપર જ જોર દેવું ! કેમ (એમ) ? કેમકે આપણે એમ સમજ્યા છીએ કે પર્યાય ઉપર અને ભેદ ઉપર જોર દેવા જેવું નથી અને ત્રિકાળી ઉપર જોર દેવા જેવું છે, માટે ત્રિકાળી ઉપર જોર દેવા મંડે. પોતાની વાતોમાં, પોતાના પ્રવચનમાં કે પોતાના વિચારમાં કે વિકલ્પમાં (એની ઉપર જોર દેવા લાગે) – એ કૃત્રિમ પ્રયત્ન છે. કર્તૃત્વબુદ્ધિથી થતા પરિણામ છે અને એ પરિણામથી કદી ધ્રુવ સુધી પહોંચાતું નથી. એટલે એ પ્રકાર ઊભો થઈ જાય છે.

નહિતર સામાન્ય રીતે એમ જોવાય છે કે, જીવનું વજન ભેદ અને પર્યાય ઉપર છે ? નિમિત્ત ઉપર છે ? કે જીવનું વજન શ્રદ્ધાના વિષયભૂત ત્રિકાળી તત્ત્વ ઉપર છે ? હવે જ્યારે એમ ખ્યાલ આવ્યો કે, આ જીવનું વજન તો ત્રિકાળી ઉપર છે અને અધ્યાત્મનો વિષય તો એ છે, અધ્યાત્મતત્ત્વ તો ત્રિકાળી આત્મા છે. તો હવે ત્યાં ફરીને પરીક્ષા કરવાનો પ્રસંગ ઊભો થાય છે કે, એ કૃત્રિમ છે કે સહજ છે ?

એમાં બે પ્રકાર પડે છે. એમાં કેટલાંક જીવો કૃત્રિમતા પણ કરે છે, (પણ) જેને યથાર્થ Line છે એને સહજતા આવે છે. જેને ધ્રુવતત્ત્વનું ભાવભાસન થયું તે ભાવભાસનપૂર્વક જેને મહિમા અને રુચિ ઉત્પન્ન થઈ એનું વજન સહજ જાય છે. પણ જેને ભાવ ભાસ્યો નથી, પરલક્ષી ધારણામાં વિચારી લીધું છે કે આના ઉપર વજન દેવા જેવું છે માટે દીધે રાખો ! અને એમને એમ (વજન) દેવા મંડે ત્યારે ઘણાં જીવોને ભૂલ પણ થાય છે કે, 'આની વાત બરાબર લાગે છે ! આ કહે છે

એ બરાબર છે ! ગુરુદેવે પણ ત્રિકાળી ધ્રુવનું જ વજન (દેવાનું) કીધું છે અને આ પણ ત્રિકાળી ધ્રુવ ઉપર જ વજન આપે છે.' પણ એવી રીતે નથી બનતું. ત્યાં આ બીજો પ્રકાર છે એ વિપરીત પ્રકાર છે, ખોટો પ્રકાર છે અને એનાથી કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. પોતે બફમમાં રહી જાય છે કે, 'હું બરાબર ધ્રુવ ઉપર જ વજન આપું છું ! અનંત ગુણના નિધાન ઉપર વજન આપું છું !' એવી જાતની ભ્રાંતિમાં પોતે રહી જાય છે. એ નવી ઉત્પન્ન થયેલી ભ્રાંતિ ગૃહીત મિથ્યાત્વનો પ્રકાર છે. ગૃહીત મિથ્યાત્વનો પ્રકાર છે ! કઠણ પડે એવી વાત છે, પણ નગ્ન સત્ય આવું છે. એ ગૃહીત મિથ્યાત્વ ત્યાંથી જ ઊભું થઈ જાય છે. જે કાર્યપદ્ધતિ નથી (તેને કાર્યપદ્ધતિ માની), એ બુદ્ધિપૂર્વકની રીતની ભૂલ છે.

શ્રોતા :– એવા પ્રકારની ભૂલમાં સુધારો શું કરવો ?

સમાધાન :– ભાવભાસન થવું જોઈએ અને ભાવભાસન થવા અર્થે બહુ સહેલો ઉપાય તો સત્પુરુષના ચરણસેવન સિવાઈ બીજો કોઈ સહેલો ઉપાય નથી. ત્યારપછી પોતે જિજ્ઞાસામાં, ભાવનામાં રહી અને અવલોકન કરે. અવલોકન કરતા એને રાગની જાતિ (અને) જ્ઞાનની જાતિ પરખાય અને એમાંથી ભાવભાસન થાય. એ તો (આગળ) વિષય આવશે. એનો તો વિસ્તાર છે, આ જે પંદર પાના છે એ એનો જ વિસ્તાર છે કે, કઈ રીતે આગળ ચાલવું છે ? ખોટી રીત શું છે એ આપણે સમજી લેવી (અને) સાચી રીત શું છે એ સમજી લેવી. એટલે આપણને ભ્રાંતિમાં રહેવાનું કારણ થાય નહિ (અને) ભ્રાંતિથી દોરાવાનું પણ આપણને કારણ થાય નહિ. બન્ને વાત થઈ જાય.

શ્રોતા :– એવો વિચાર કરે કે, હું ત્રિકાળી ધ્રુવની વાતનો વિચાર તો કરું છું પણ પ્રયોગથી છૂટો પડતો નથી, તો એનું સહજ વજન ત્યાં જાય ખરું ?

સમાધાન :– સહજ વજન ક્યાં જાય ?

શ્રોતા :– ત્રિકાળી સ્વભાવ ઉપર.

સમાધાન :– એમાં તો શું છે કે, છૂટો પડતો નથી તો વજન કેવી રીતે જશે ? વજન યથાર્થપણે તો ધ્રુવ વસ્તુ જ્ઞાનમાં હોય તો સાચું વજન જાય, પણ ધ્રુવ વસ્તુ જ્ઞાનમાં જ ન આવતી હોય અને કલ્પનામાત્ર હોય અથવા રાગના આધારે આ વાત સમજાણી છે અને એને કૃત્રિમતાથી અમલ કરવા માંગે છે, એ તો કામ થવાનું નથી.

'શતાબ્દી અંક'માં ગુરુદેવના ('સમયસાર' ગાથા) ૧૪૪ના પ્રવચન પ્રમાણે (કહીએ તો) જ્ઞાનના આધારે, અંશતઃ રાગનો અભાવ કરીને નિર્ણય કર્યો હોય અને ભાવ ભાસ્યો હોય તો એનું વજન કૃત્રિમતાથી લઈ જવું નહિ પડે, સહજ જ થશે. દુનિયામાં પણ એમ કહે છે કે, 'પરાણે પ્રીત ન થાય.' પ્રીત કોઈ પરાણે કરવાની–કરાવવાની ચીજ નથી. એ તો દુનિયામાં લોકો સમજે છે ને ! તો આ પોતાના આત્માનો પ્રેમ કેમ છે ? (તો કહે છે) પોતાને પોતામાં અનંત ગુણનું નિધાન ભાસ્યું તો સહેજે વલણ બદલાશે. જો ભાસ્યું નથી તો એની કૃત્રિમતા કરવાથી તો કાંઈ હાથમાં આવવાનું નથી. એમ છે.

શ્રોતા :– સ્વરૂપ ભાસવા માટે સત્પુરુષનો સમાગમ સહેલામાં સહેલો ઉપાય છે !

પૂજ્ય ભાઈશ્રી :– એ સૌથી સુગમ ઉપાય છે. કેમકે ભૂલ ક્યાં થાય છે એ સત્સંગમાં ખબર પડે છે. સત્સંગ વગર પોતાની ભૂલ પોતાને સમજાતી નથી. એટલે એ મુખ્ય વાત છે. અને અંદરમાં પોતાની તૈયારી હોવી જોઈએ. એકલું નિમિત્ત કામ કરતું નથી – એ સિદ્ધાંત છે. જો પોતાની તૈયારી નહિ હોય તો આ સંગ પણ અનંતવાર થઈ ગયો છે, એકવાર આ ભવમાં થઈ જશે. એ તો એનું એ – પૂર્વાનુંપૂર્વ છે.

શ્રોતા :– યથાર્થતા વિના સંતુલન ન થઈ શકે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, યથાર્થતા વિના સંતુલન આવે જ નહિ.

અયથાર્થતામાં તો એકાંત થઈ જ જાય. ક્યાં એકાંત થાય એ ખબર પડે નહિ.

એટલે એ ધારણા છે એ પ્રાયઃ કૃત્રિમતાને ઉત્પન્ન કરે છે. કૃત્રિમતાને ઉત્પન્ન કરે છે એટલે કે '**...ધારણાનુસાર કાર્ય કરવાની કર્તૃત્વબુદ્ધિથી ધારણાનો વિષય ચરિતાર્થ કરવાનું થાય છે.**' (અર્થાત્) ધારણાના વિષય પ્રમાણે પોતાને પરિણમન આવે એમ કરવાનો પોતે કૃત્રિમ પ્રયત્ન કરે છે. તેથી '**ખરેખર તો તત્ત્વનો અભ્યાસ સ્વલક્ષી / આત્મલક્ષી હોવો ઘટે છે.**' આ એક શિસ્તનો સિદ્ધાંત છે – શિસ્તનો નિયમ છે કે, તત્ત્વનો અભ્યાસ આત્મલક્ષી જ કરવો, તત્ત્વનો અભ્યાસ કદી પરલક્ષી કરવો નહિ.

પોતાના આત્માને લક્ષમાં રાખીને – પોતાના આત્માને કેન્દ્રસ્થાનમાં રાખીને, લક્ષમાં કેન્દ્રિત કરીને તત્ત્વનો અભ્યાસ કરવો. તો તત્ત્વ અભ્યાસની અંદર જે–તે ભાવો સંબંધીનું વિશ્લેષણ આવશે (તેને) પોતાના પરિણામ સાથે મેળવતો જાશે. આત્મલક્ષી હશે તો મેળવશે, નહિતર મેળવણી નહિ કરે. પોતાના પરિણામ સાથે મેળવણી નહિ કરે. એમને એમ શબ્દાર્થ, ભાવાર્થ, નયાર્થ, મતાર્થ (સમજીને) પૂરું કરી નાખશે કે, 'હવે મને સમજાઈ ગયું !'

હવે, તત્ત્વનો અભ્યાસ આત્મલક્ષી હોવો જોઈએ અને પરલક્ષી નહિ હોવો જોઈએ એનું કારણ (જોઈએ). પરલક્ષીમાં કેટલું નુકસાન છે અને આત્મલક્ષી–સ્વલક્ષીમાં કેટલો લાભ છે એના કેટલાંક મુદ્દા અહીંયાં સ્પષ્ટ કર્યા છે.

(૧) '**સ્વલક્ષી જ્ઞાન જ પ્રતીતિને ઉત્પન્ન કરી શકે છે પરંતુ પરલક્ષી આગમજ્ઞાન અનાદિ વિપરીત શ્રદ્ધાને પલટાવવાને સમર્થ નથી.**' હવે જુઓ ! એક સમસ્યાનો અહીંયાં ઉત્તર છે. આપણે (ત્યાં) ઘણાં મુમુક્ષુઓ વિચારે છે કે, 'અમે તો આગમ અનુસાર માનીએ છીએ, ગુરુદેવના

પ્રવચનો પણ બરાબર સમજાય છે, પણ હજી શ્રદ્ધામાં જે સમ્યગ્દર્શન થવું જોઈએ એ પલટો નથી ખાતો.' ભૂલથી એવો પણ વિચાર કરે છે કે, 'આપણો પુરુષાર્થ હજી ઉપડતો નથી એટલે શ્રદ્ધા થતી નથી પણ આપણી સમજણ તો બરાબર છે, કેમકે આગમની સાથે આપણને કાંઈ વિરોધ આવતો નથી, ગુરુદેવના પ્રવચનો સાથે પણ આપણને વિરોધ આવતો નથી.' વિરોધ આવે એનો તો કાંઈ વિચાર કરવા જેવું નથી. એને તો ઊંધાં લાકડાં સવળાં કરે છૂટકો છે, પણ જેને વિરોધ નથી આવતો એનું કારણ એની સમજણ બરાબર છે, એમ નથી, એની સમજણ પરલક્ષી છે.

એમાં જ નીચે લીધું છે – **'જેમ રાગથી વિપરીત શ્રદ્ધા પલટાવી શકાતી નથી,...'** એટલે રાગમાં–વિકલ્પમાં શ્રદ્ધાને પલટાવવાનું સામર્થ્ય નથી. '**...તેમ જ પરલક્ષી જ્ઞાન પણ સમ્યક્ શ્રદ્ધાને ઉત્પન્ન કરવા અસમર્થ છે.**' પરલક્ષી ધારણાજ્ઞાન છે એ અવળી પડેલી શ્રદ્ધાને સવળી નહિ કરી શકે, એને નિમિત્ત નહિ થાય કેમકે ત્યાં દર્શનમોહ મંદ થતો નથી (તો) દબાય કેવી રીતે ? પ્રથમ તો દર્શનમોહનો ઉદય, અનુદય થાય છે. એ તો ઉપશમ થાય ત્યારે જ પહેલો-વહેલો અનુદય થાય છે. ત્યાં સુધી ઉદય મટતો નથી અને ઉદય હોય એને એનું જોડાણ અને દર્શનમોહ ભાવમાં આવ્યા વિના રહે નહિ – એ તો નિયમબદ્ધ છે.

એવા કેટલાંક નિયમોને લઈને કર્મના ઉદય સાથે, કોઈ એક તબક્કે જીવના પરિણામનું અનિવાર્ય જોડાણ થતું જોઈને શાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે, તો લોકો એમ ચોંટી પડ્યા કે 'કર્મ ખસે તો જ હવે આપણે કંઈક કરી શકીએ ! માટે કર્મને ખસેડવા પ્રયત્ન કરો ! નહિતર ઉદય છે ત્યાં સુધી જોડાવું જ પડશે.' પણ એવું નથી. પોતે પ્રયત્ન કરે છે ત્યારે ઉદય સ્વયં અનુદયરૂપ થઈ જાય છે. કર્મના પરમાણુ હોય છે પણ ઉદયમાં આવી શકતા નથી અને એનું કારણ જીવનો સ્વલક્ષી પુરુષાર્થ છે. સ્વલક્ષી

જ્ઞાન છે એને કારણે સ્વલક્ષી પુરુષાર્થ છે.

એટલે જેમ રાગમાં શ્રદ્ધાને સમ્યક્ કરવાની શક્તિ નથી, સમર્થપણું નથી એમ જ પરલક્ષી ધારણાજ્ઞાનમાં પણ શ્રદ્ધાને સવળી કરવાની કોઈ તાકાત નથી, સમર્થપણું નથી. તો કેવી રીતે થાય છે ? એક સ્વલક્ષી જ્ઞાન જ પ્રતીતિને ઉત્પન્ન કરે.

એ 'દીપચંદજી'એ લીધું છે કે, અવલોકન કાળે જો પોતાને પ્રતીત આવે–વિશ્વાસ આવે, એ જ્ઞાનની પર્યાય છે, તો એવું જ્ઞાન કારણ છે અને સ્વાનુભવ કાર્ય છે. પ્રતીતિ સહિતનું જ્ઞાન તે કારણ છે – સાધન છે અને શુદ્ધોપયોગ થવો – અનુભવ થવો તે સાધ્ય છે. એવી વાત લીધી છે. એ આ રીતે લીધી છે કે, પ્રતીતિ ક્યારે આવે ? કે, સ્વલક્ષી જ્ઞાનથી એને જ્ઞાનસ્વભાવ સમજાયો હોય અને સ્વલક્ષી જ્ઞાનથી અવસ્થામાં ઉત્પન્ન થતા વિભાવની વિપરીતતા, વિભાવની મલિનતા અને વિભાવનું દુઃખ – ત્રણેને જોયું હોય; વિચાર્યું હોય નહિ પણ 'જોયું હોય' – એને અનુભવથી જોયું હોય તો એને પ્રતીતિ આવે કે, અહીંથી ખસાય અને અહીંયાં જવાય. (એ) સહજ છે. નહિતર એ વલણનો ફેરફાર બની શકતો નથી. આ સહેજે બને છે.

શ્રોતા :– વિભાવરસમાં જાગૃત રહે અને આત્માના અભ્યાસમાં જેટલું સ્વલક્ષ કરે તો કાર્ય સહજ થાય ખરું ?

સમાધાન :– વિભાવરસ છે એના અવલોકનથી વિભાવરસ તૂટે છે, રસભંગ થાય છે. કોઈપણ વિષય સંબંધી ચાલતા રસના પરિણામ હોય એમાં બીજો કષાય ઉત્પન્ન થાય તોપણ એ રસ તૂટે (છે). તો એમાં 'હું તો જ્ઞાનતત્ત્વ છું' એમ જો લે (કે) 'આ વિભાવરસ અને મારા જ્ઞાનમાં એટલે મારામાં અને વિભાવરસમાં જુદાંપણું છે એક(પણું) નથી' તો રસ તૂટી જ જાય.

શ્રોતા :– એ સ્વલક્ષી જ્ઞાન થયું ?

સમાધાન :– હા. એ રીતે અવલોકનથી વિભાવરસ મંદ થાય તો દર્શનમોહનો રસ પણ મંદ થાય. જેમ–જેમ દર્શનમોહનો અનુભાગ ઘટે તેમ એને ભાવભાસન આવે, તેમ એ સમ્યક્ત્વની સમીપ જાય, નજીક જઈ શકે છે. એથી શ્રદ્ધા પલટે છે, એ વગર શ્રદ્ધા (પલટી શકે નહિ). પરલક્ષી જ્ઞાન અંગ–પૂર્વનું કરી બેસે, અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી અભવી કરે પણ છે, એથી કોઈ શ્રદ્ધા પલટતી નથી.

(૨) **'સ્વલક્ષી જ્ઞાન ગુણને / સ્વભાવને સાધી શકે છે પરંતુ પરલક્ષી જ્ઞાન વિકલ્પ વૃદ્ધિમાં પરિણમે છે વા પ્રાયે શાસ્ત્રીય–અભિનિવેશ આદિ દોષને સાધે છે.'** એક ગુણને સાધે છે, એક દોષને સાધે છે. ભલે આગમ અનુસારનું જ્ઞાન હોય, પણ જો સ્વલક્ષી પ્રકાર હોય એટલે યથાર્થ પ્રકાર હોય તો એ સ્વભાવને અને ગુણને ઉત્પન્ન કરશે. જો પરલક્ષી છે તો એના વિકલ્પ વધી જશે. શાસ્ત્રો સંબંધીના એના વિચારના વિકલ્પ અને વમળ વધી જશે. અને એમાંથી શાસ્ત્રીય અભિનિવેશ ઉત્પન્ન થયાં વિના રહેશે નહિ. એટલે એ દોષને ઉત્પન્ન કરનારું થઈ ગયું. શાસ્ત્રજ્ઞાન કરે અને દોષને ઉત્પન્ન કરતો જાય ! જે શાસ્ત્ર દોષના અભાવમાં નિમિત્ત થવા યોગ્ય છે એવું જે આગમ (તે વાંચીને દોષ ઉત્પન્ન કરે), હવે એને બીજું શું સાધન રહ્યું એ કહો ?! જે સાધનથી પોતે દોષ મટાડીને ગુણ સાધી શકે એ જ સાધન દ્વારા જો એ દોષને સાધતો હોય, પછી તો કોઈ જગ્યાએથી ઊગરવાનો આરો નથી. એટલે તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં સ્વલક્ષી જ્ઞાન અને પરલક્ષી જ્ઞાનનું મહત્વ બહુ છે. ઘણું મહત્વ છે ! નહિતર એ પોતે દોષને સાધતો થઈ જશે. શાસ્ત્ર શસ્ત્ર થઈ પડશે !

ભગવાન 'મહાવીરસ્વામી'ના શાસનમાં બે ફાંટા પડ્યા. એનું શું કારણ થયું ? કે જે ભાવલિંગી આચાર્યો હતા એની આજ્ઞાની અવગણના કરી. એ લોકોને અત્યારની જેમ કોઈ સંસાર–કુટુંબ-પરિવાર નહોતો કે, ચાલો પૈસા માટે મહેનત કરવી પડે ! પણ માન ખરું ! માન ન છોડી

શક્યા. ત્યાં શિથિલાચાર એ આચરણનો દોષ નહોતો. પહેલા શ્રદ્ધાભ્રષ્ટ થયાં હતા પછી આચરણમાં શિથિલતા આવી. એ વાત 'ભગવાન કુંદકુંદાચાર્ય'એ 'અષ્ટપાહુડ'માં લીધી છે, 'દંસણ ભટ્ઠા ન સિઝંતી, ચરિત્ત ભટ્ઠા સિઝંતી' સંવત–૪૯માં એ વાત લખવી પડી. એનું કારણ એ છે કે, પહેલા દર્શનમોહમાં આવરિત થઈ ગયા. પછી ચારિત્રમાં તો ગડબડ થયાં વિના રહે નહિ અને કદાચ ચારિત્ર બરાબર પાળે તોપણ એનો કંઈ અર્થ નથી. પણ એ ફેરફાર થયાં વિના રહે નહિ. દોષ જ્યારે જન્મે છે – દર્શનમોહનો જન્મ થાય પછી ચારિત્રમોહ ઉપર એની અસર ક્રમે કરીને આવ્યા વિના રહે નહિ.

શ્રોતા :– આજ્ઞાની અવગણના એ જ દર્શનમોહ થઈ ગયો ?

સમાધાન :– હા, ત્યાંથી દર્શનમોહ થઈ ગયો. એ વિદ્યમાન આચાર્યની અવગણના નથી એ જિનેન્દ્રની આજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે ! એમ અત્યારે સત્પુરુષની અવગણના એ (સત્પુરુષની) અવગણના નથી, એ જિનેન્દ્રની આજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે !! બહુ મોટી વાત છે ! એ વાત જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી આગળની કોઈ વાત સમજાય એ બની શકવા યોગ્ય નથી. એવું છે.

શ્રોતા :– બાર વર્ષ દુર્ભિક્ષ પડશે – આ કોઈ તત્ત્વજ્ઞાનની વાત તો નથી.

સમાધાન :– તત્ત્વજ્ઞાનની વાત નથી, પણ જે આચાર્યોએ ક્ષેત્રાંતર કર્યું અને જેમણે ન કર્યું એ જો પોતાના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં ટકી ગયા હોત તો–તો પ્રાણ જાય તોપણ એમને કંઈ વાંધો નથી. પણ દર્શનમોહ થાય ત્યારે શરીરની એકત્વબુદ્ધિ તો થઈ જ જાય. જ્યારે દર્શનમોહથી આવરીત થાય ત્યારે શરીરની એકત્વબુદ્ધિ થઈ જાય. શરીરની એકત્વબુદ્ધિ થઈ જાય એટલે પહેલી યાચનાવૃત્તિ ઊભી થાય. કેમકે મુનિને તો અમસ્તોય આધાર નથી. કાં તો નિરાલંબ એવા પોતાના પરમાત્માના

આધારે મસ્ત થઈને રહે અને કાં તો બહારમાં દીનતા કરવી પડે કે, 'અમને આહાર–પાણી આપો !' અને દુર્ભિક્ષ હતો એટલે લાંબો હાથ કર્યા વગર આપે કોણ ? જેને પોતાને પેટમાં ખાવા ન હોય એ સંસારીપ્રાણી બીજાંને ક્યાંથી દેવાનો હતો ? દાન કોણ કરે છે ? ખાતા–પીતા વધારે છે એ કરે છે કે જેને ખાવા પૂરતું ન મળતું હોય એ કરે છે ? કોણ કરે છે ? સંસારમાં દુકાળના કાળમાં તો એ પરિસ્થિતિ રહી નહિ અને આમને યાચનામાં–દીનતામાં આવવું પડ્યું. મુનિપણું તૂટી ગયું. મુનિપણું તૂટ્યું એટલે ભગવાનની આજ્ઞા ઉપર પગ દીધો. હવે એ ક્યારે ન તૂટત ? કે, આ ભાવલિંગી આચાર્યો હતા એમની આજ્ઞામાં રહ્યા હોત તો વાંધો ન આવત. વાત નાની દેખાય પણ જબરજસ્ત ગડબડ એવી ઊભી થઈ કે આજે મત ફાલી–ફૂલીને ગાંસડાં–પોટલાંવાળો થઈ ગયો ! મૂળમાં તો દિગંબર મુનિઓ જ શ્વેતાંબર થયાં છે. આજે કોઈ દિગંબર લોકો એમ કહે છે કે, 'અત્યારના મુનિઓને માનો ! કેમકે દેશકાળ અનુસાર આપણે થોડું ચલાવો. મોટું મન રાખવું જોઈએ.' એ ખરેખર દિગંબરના વેશમાં શ્વેતાંબર થવાની જ વાત છે !

શ્રોતા :– ગુરુદેવશ્રીએ બહુ સ્પષ્ટ કીધું છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગુરુદેવશ્રી તો એક ઘા અને બે કટકા જેવી વાત કરતા હતા !

શ્રોતા :– અત્યારે હંસ ક્યાંય દેખાતા નથી તો કાગડાને હંસ મનાય ?

પૂજ્ય ભાઈશ્રી :– મનાય નહિ, મનાય નહિ ! અને કોઈપણ બહાને એને માનીએ છીએ એવો દેખાવ કરાય નહિ. લોભથી, મોહથી, ભયથી કોઈ બહાને ન થાય.

શ્રોતા :– આચાર્યએ દુર્ભિક્ષની ભવિષ્યવાણી કરી, આની અવગણનામાં આખો સંસાર વધી ગયો !

પૂજ્ય ભાઈશ્રી :– એનું કારણ (છે) કે, એમને માપ હોય છે. મુનિદશામાં પણ માપ આવી જાય છે. (મુનિદશાનો) પરીક્ષાકાળ (હોય) છે. મુનિદશામાં અમુક હદે જો ટકી ન શકે (તો) સીધા મિથ્યાત્વમાં આવી જાય. જેમકે આ સંલેખનાનો કાળ છે, સૌથી વધારેમાં વધારે પરીક્ષાકાળ પ્રાણ છૂટે એવો પ્રસંગ ઉત્પન્ન થાય તે છે–ટૂંકામાં. દુર્ભિક્ષમાં શું થાત ? આહાર–પાણી ન મળત (એટલે) પ્રાણ છૂટી જાત. (શ્રોતા :– સંલેખના લઈ લે !) સંલેખનામાં કોઈ મુનિ હોય તો બીજા મુનિઓ કેમ એનો સંગ કરે છે ? સંલેખનામાં ટકાવવા (કેમ) જાય છે ? (કે) આ મુનિરાજ જો આ વેદનામાં અને આ પ્રતિકૂળતામાં નહિ ટકી શકે તો આનું મરણ બગડી જશે ! સમાધિમરણ નહિ થાય. મિથ્યાત્વદશામાં મરણ થઈ જશે ! સમ્યક્ છૂટ્યું એટલે ખલાસ ! એ તો જેવો બીજો મિથ્યાદૃષ્ટિ એવો જ આ મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. એટલે એ કાળે બીજાં મુનિઓ પણ (સમાધિમરણ થવામાં) નિમિત્ત પડે છે.

(૩) **'સ્વલક્ષી જ્ઞાન અનુભવમાં આવતાં ભાવના ઊંડાણમાં જાય છે...'** હવે જુઓ ! અવલોકન શું કામ કરે છે ? કે, જે ભાવો અનુભવમાં આવી રહ્યાં છે – ચાલે છે – અનુભવાઈ રહ્યાં છે, અવલોકન વખતે એ ભાવના ઊંડાણમાં જાય છે. વિચારમાં એટલું ઊંડાણમાં જવાની શક્તિ નથી રહેતી. સામે પ્રસંગ ઊભો છે એટલે એના ઊંડાણમાં જાય છે.

**'...જેથી સ્વભાવ–વિભાવ જાતિની પરખ આવવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે...'** હવે અનુભવમાં આવતા બે જાતના ભાવ છે. જ્ઞાન છે એ સ્વભાવજાતિનો ભાવ છે અને વિભાવ–કષાય છે એ વિભાવજાતિનો ભાવ છે. વારંવારના અવલોકનથી એના ઊંડાણમાં ગયેલું જે જ્ઞાન એને પરપદાર્થ સાથે તો સંબંધ રહ્યો નહિ, એટલે બધી અંદરની રમત થઈ ગઈ. એ ઊંડાણમાં જતાં બન્નેની જાતિની પરખ આવવાની યોગ્યતા આવે છે. નહિતર જીવ મોટેભાગે કષાયની મંદતામાં ઉત્પન્ન થતી શાંતિમાં છેતરાઈ

જાય છે. (એને એમ થાય છે કે) ‘ચાલો, મને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ છે એટલે આકુળતા ન થઈ અને શાંતિ રહી !’ આ આપણે (ત્યાં) લોકો બોલે છે ને કે, ‘આ ગુરુદેવનું સમજ્યા છીએ એટલે આપણને શાંતિ રહે છે ! આ ન સમજ્યા હોત તો અત્યારે આપણે બહુ આકરા કર્મ બંધાય એવા પરિણામ કરી બેઠાં હોત !’ કોઈ મરણ આદિ પ્રસંગ થાય છે ને ? સ્વજનનું મરણ થાય ત્યારે માણસના પરિણામ કોઈ ધારણાજ્ઞાનથી મંદ રાખે છે તો એને એ જ્ઞાનનો લાભ સમજે છે. ‘એટલો તો લાભ થયો !’ (એમ માને છે). (પણ) એ Temporary મંદ થયાં છે. ધારણાજ્ઞાનમાં ગુણને ઉત્પન્ન કરવાની કોઈ શક્તિ નથી અને એ શાંતિ કોઈ આત્માની શાંતિ નથી. એ પણ કષાય નવો વેશ લઈને આવ્યો છે, નવું રૂપ ધારણ કરીને આવ્યો છે. કષાયનું રૂપ બદલાણું એમાં તને મોહ થઈ ગયો કે, ‘આ કષાય સારો લ્યો ! આ શાંતિ સારી છે’ – એ વ્યામોહ થઈ ગયો. દુઃખમાં શાંતિ માની એટલે વિપરીતતા સાધી. ધારણાજ્ઞાન ઘેનનું ઇન્જેક્ષન છે ! થોડીકવાર શાંતિ રહે (પણ) ખરેખર અંદર શાંતિ નથી, અંદર અશાંતિ ભારોભાર ધરબાઈને પડેલી છે ! જેને ‘રુંધાયેલો કષાય’ કહે છે. ‘પૂજ્ય બહેનશ્રી’ની ભાષા એવી છે, ‘એ રુંધાયેલો કષાય છે.’ ખરેખર એ શાંતિ નથી.

શ્રોતા :– એ સમયે જ્ઞાનની વાતો કરે છે, વૈરાગ્યની વાતો કરે છે પણ એ જ્ઞાન વગરનો વૈરાગ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન વગરનો વૈરાગ્ય છે અને રુંધાયેલો કષાય છે. એને ખોટી રીતે દબાવ્યો છે, દમન કર્યું છે (એટલે) એ પાછો ઊછળીને ડબલ જોરથી કામ કરવા મંડી જશે.

ફરીને (લઈએ) **‘સ્વલક્ષી જ્ઞાન અનુભવમાં આવતાં ભાવના ઊંડાણમાં જાય છે...’** અનુભવમાં જ્ઞાન અને રાગ બન્ને અનુભવમાં આવે છે. એ બન્નેના ઊંડાણમાં જાય છે અને આ ભાવ સ્વભાવજાતિનો છે – આ

ભાવ વિભાવજાતિનો છે એવી પરખ એટલે ઓળખાણ થવાની યોગ્યતા આ અવલોકનથી સ્વલક્ષી જ્ઞાનમાં આવે છે. જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી અનુભવની Line ખુલે નહિ, એ રસ્તો ખુલતો નથી.

'...**પરંતુ પરલક્ષી જ્ઞાન તો સ્થૂલપણે ઉપર ઉપર પ્રવર્તીને માત્ર ધારણા કરે છે.**' સ્વલક્ષી જ્ઞાનમાં (ઉપર કહ્યું) એટલું કામ થાય છે. (જ્યારે) પરલક્ષી જ્ઞાન (શું કરે છે ?) (તો કહે છે) એ સ્થૂળ સમજણ કરી અને ઉપર–ઉપર પ્રવર્તે છે પણ ખબર નથી પડતી. ઘણાં એ પૂછે છે કે, 'આ અવલોકન એટલે શું ? આ વળી નવું શું છે ?' (લોકોને) નવું લાગે છે. એનો અર્થ શું થયો ? કે, અત્યાર સુધી બધી વાત ઉપર–ઉપરની ધારણામાં સ્થૂળ સમજણથી વિચારી છે, ત્યારે પોતાના ભાવોનું અવલોકન કર્યું નથી.

શ્રોતા :– પરિણામ ક્યાં જાય છે એની તરત જ તપાસ રાખતો હોય તો એનું નામ જ અવલોકન ને ?

સમાધાન :– હા, એનું નામ 'અવલોકન' છે. (પણ) ચાલતા પરિણામમાં, ભૂતકાળના નહિ, થઈ ગયેલા નહિ. ચાલતા પરિણામ ઉપર Watch – ચોકીદાર બેસી જવો જોઈએ. મોટો ફેર એ પડે છે કે, જેમ તમે કોઈ બંગલામાં દરવાજે ચોકીદાર બેસાડી દો તો એ કૂતરાને–મીંદડાંને અંદર જાવા નહિ દે. કોઈ ન બેઠું હોય તો ગમે તે ગરી (ઘૂસી) જાય. એમ પરિણામ ઉપર Watch આવ્યો એટલે અમસ્તાય અંદર આવવા કૂતરા–મીંદડાં ઊભા નહિ થાય. મોટો ફેર તો આ પડશે !

એ સિવાઈ એ અભ્યાસ સ્વભાવજાતિને ઓળખતા જ્ઞાનતત્ત્વ એવું જે આત્મતત્ત્વ એની ઓળખ કરી લેશે. સામે વિભાવજાતિની ઓળખ થશે એટલે કષાયનો એક કણ – મનની શાંતિનો એક કણ (પણ) એને પરખાઈ જશે કે, આ વિભાવ છે. મનની ઘણી શાંતિ હોય અને ઘણી શાતા ઊપજતી હોય તોપણ પકડી લેશે કે, આ જ્ઞાન નથી, આ રાગ

છે અને જ્યાં સુધી અંદરમાં એવી રાગ અને જ્ઞાનની સાંધ પકડાય નહિ ત્યાં સુધી પ્રજ્ઞાછીણી ભેદ પાડવા માટે ભેદજ્ઞાન કોના ઉપર કરશે ? અને ભેદજ્ઞાન વગર અનુભવ આવશે ક્યાંથી ? અનુભવ વગર સંવર–નિર્જરા ક્યાંથી થશે ? આ સીધી વાત છે.

શ્રોતા :– મનનો વેપાર ગમે તેટલો મંદ પડી જાય તોપણ એને કાંઈ જ્ઞાન ન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સાવ મંદ થઈ જાય, એને જ્ઞાન કેમ કહેવાય ? આ તો વિજ્ઞાન છે ને – Science છે. વિજ્ઞાનને વિજ્ઞાનની પદ્ધતિથી જ સમજવું પડે.

(૪) **'સ્વલક્ષી જ્ઞાન સાથે પ્રતીતિ ભળે છે જેને લીધે સ્વરૂપસ્થિરતાનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે...'** આ ચારિત્રનો બોલ છે. પહેલાં શ્રદ્ધાનો બોલ લીધો, પછી ગુણ–અવગુણનો General વિષય લઈ લીધો, પછી જ્ઞાનનો બોલ આવ્યો. હવે ચારિત્રનો બોલ છે કે, **'સ્વલક્ષી જ્ઞાન સાથે પ્રતીતિ ભળે છે જેને લીધે સ્વરૂપસ્થિરતાનું સામર્થ્ય ઉત્પન્ન થાય છે...'** શક્તિ (ઉત્પન્ન થાય) – આત્મામાં ઉપયોગ સ્થિર થાય. **'...પરંતુ પરલક્ષી જ્ઞાન વિશાલ ક્ષયોપશમવાળું હોય તોપણ તેથી ઉપયોગની સ્વરૂપમાં સ્થિરતા થઈ શકતી નથી.'** તેથી કોઈ સ્થિરતા ન આવે. જ્ઞાન ઘણું હોય, ઘણાં શાસ્ત્રોનું વિશાળ જ્ઞાન હોય એટલે કંઈ ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય એ કારણ નથી. ઊલટાનો બહાર ભમશે. 'પદ્મનંદી પંચવિંશતિકા'માં આવે છે ને ? મુનિરાજ એમ કહે છે કે, 'શાસ્ત્રોમાં ભમતી મતિ વ્યભિચારિણી છે.' એનો અર્થ શું ? આગમનો અને શાસ્ત્રસ્વાધ્યાયનો નિષેધ કર્યો છે, એમ એનો અર્થ છે ? એમ નથી. પરલક્ષી જ્ઞાનનો નિષેધ કર્યો છે. સ્વલક્ષપણે તો આગમ અવગાહન કરવા યોગ્ય છે. એમને તો ઉપયોગ બહાર જાય એ પણ પોસાતું નથી. શાસ્ત્રમાં પણ શું કરવા (જાય) ? પોતે જ આગમ છે ! જીવંત આગમ તો પોતે છે ! તો પોતાના મૂર્તિમંત

સજીવન આગમને છોડીને જડ આગમમાં શું કરવા જાય ? જરૂર શું છે ?

શ્રોતા :– આ બધી વાત કરીને મોટામાં મોટી મુનિરાજની સાક્ષી આપી દીધી !

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુનિરાજનું (આવે છે ને) ! આ તો પ્રસિદ્ધ વાત છે. 'ટોડરમલ્લજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'પદ્મનંદીઆચાર્યદેવ'ની આ વાતનું ઉદ્ધરણ કર્યું છે. (હવે) પાંચમું.

(૫) **'સ્વલક્ષી જ્ઞાનમાં થયેલો આત્મસ્વરૂપનો નિર્ણય સ્વરૂપની અનન્ય રુચિ, અંતર્મુખી પુરુષાર્થનું જોર...'** એટલે બળ ઉત્પન્ન કરે છે **'...અને અપૂર્વ ચૈતન્યરસ...'** 'અપૂર્વ ચૈતન્યરસ' એટલે **'...(–સ્વરૂપ મહિમાના કારણથી ઉત્પન્ન થયેલો...'** અપૂર્વ ચૈતન્યરસ. ખાલી કૃત્રિમતાથી મહિમા કરે છે, એમ નહિ. જ્યારે સ્વલક્ષી જ્ઞાનમાં સ્વભાવ જાતિની પરખ આવી, જ્ઞાનપર્યાય ઉપરથી આખો સ્વભાવ લક્ષમાં આવી ગયો ત્યારે એ સ્વભાવમાં અનંત ગુણની ખાણ જોઈ ! અનંત સુખની ખાણ જોઈ ! અને એ નિર્ણય(થી) સ્વરૂપની અનન્ય રુચિ, ગુણની અનન્ય રુચિ ઉત્પન્ન થઈ. 'અનન્ય રુચિ' એટલે જેનાથી અન્યપણે એટલે જુદાંપણે રહી ન શકાય તેને 'અનન્ય રુચિ' કહે છે.

'રુચિ'ના પ્રકરણમાં 'સોગાનીજી'એ વાત લીધી છે (એમાં) એ દૃષ્ટાંત લીધું છે કે, પતંગિયું છે (એ) દીવાને જોયા પછી વિચાર કરવા રોકાતું નથી. કેમકે એને તો રૂપનો વિષય છે એટલે આકર્ષણ છે. સીધો એમાં પોતાની જાતને સ્વાહા કરી દે છે – હોમ કરી દે છે ! 'દીવો બહુ સારો છે અને બહુ ગમે છે, મારે નજીક જવું જોઈએ, અત્યારે જવું જોઈએ કે પછી જવું જોઈએ, જરા વિચાર કરી લઉં' (–એમ વિચાર કરવા રોકાતું નથી). એ તો દીવો જોયો નથી અને એ બાજું ધસ્યું નથી !! એને રૂપની અનન્ય રુચિ છે. એ જીવ પતંગિયું એમાંથી થયો છે. જે

દીવાના જીવડાં થાય છે, જે દીવામાં પડે છે (અને) પોતે બળી જાય છે, એ એમાંથી થાય છે. તેણે એવી રુચિ અવગુણમાં કેળવી છે, તો ગુણમાં કેટલી કેળવાય ? જેમાં સુખ નથી, સુખની ગંધ નથી, કલ્પનામાત્ર રમ્ય છે, કલ્પનામાત્ર સુખ છે; તો જે વાસ્તવિક અનંત સુખની ખાણ હોય એની રુચિ કેવી થાય ? જો એને પોતામાં એ ખાણ ભાસે તો એની રુચિ કેવી થાય ? પછી અન્યપણે રહી શકે નહિ.

એટલે એમ કહેવાય છે કે, સ્વરૂપનિર્ણયથી જે અનન્ય રુચિ ઉત્પન્ન થઈ એ રુચિને લીધે જીવ કલાકોમાં કે દિવસોમાં અનુભવ સુધી પહોંચી જાય છે એનું કારણ આ છે. 'સોગાનીજી'ને કલાકો લાગ્યા છે દિવસો નથી લાગ્યા. તીવ્ર પુરુષાર્થનું દૃષ્ટાંત છે, પણ કોઈને મંદ પુરુષાર્થ હોય તો થોડાં દિવસો લાગી જાય છે. બાકી અત્યંત મંદ પુરુષાર્થ હોય તો જ મહિનાઓ લાગે, પણ એ પણ છ મહિનાથી વધારે નહિ. છ મહિના પહેલા તો ધૂન ઊપડી જ જાય. શરૂઆતનો પુરુષાર્થ મંદ રહ્યો હોય કે વચ્ચે કાંઈક ઝોક ખાઈ (ગયો હોય), (પણ) પાછળ તો એને ધૂન ઊપડી જ જાય. એવી ધૂન ઊપડે... એવી ધૂન ઊપડે... કે, એ પોતાના સ્વભાવ સિવાય કાંઈ જોતો જ નથી એટલે એ અનુભવમાં આવી જાય છે, સ્વરૂપની અનન્ય રુચિ ઉત્પન્ન થાય છે.

આત્મલક્ષી જ્ઞાનમાં થયેલો આત્મસ્વરૂપનો નિર્ણય એ યથાર્થ નિર્ણય છે. એ અંતર્મુખી પુરુષાર્થનું જોર અને અપૂર્વ ચૈતન્યરસ ઉત્પન્ન કરે છે. **'પરંતુ પરલક્ષી જ્ઞાનથી આગમના આધારે કરેલો સ્વરૂપનો નિર્ણય...'** આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ – ઉત્પાદ્, વ્યય, ધ્રુવ – દ્રવ્ય, ગુણ અને પર્યાય, ગુણ–ગુણીનો ભેદ, આ બધા ભેદ–પ્રભેદથી નિર્ણય કરી લે. **'...પણ આત્મસ્વરૂપનો મહિમા–રસ–રુચિ–પુરુષાર્થને જાગ્રત કરી શકતો નથી.'** એને તો એ પુરુષાર્થ જ ઉત્પન્ન નથી થઈ શકતો, પુરુષાર્થ ઊપડતો જ નથી. આગમ અનુસાર પરલક્ષી જ્ઞાનથી આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી

આવો છે (એમ) સમજી લે. ભૂલ છે કે નહિ ? ભૂલ નથી. પણ એનું જ્ઞાન પરલક્ષી છે કે સ્વલક્ષી ? પરલક્ષી જ્ઞાનમાં પુરુષાર્થ ઉત્પન્ન નહિ થાય. પુરુષાર્થ નહિ થાય તો અનુભવ પણ નહિ થાય. થોડો વખત એ ધારણા પડી રહેશે, બહુ બહુ તો તે ભવ પર્યંત, વધુમાં વધુ. ભવાંતર થતાં ભાવાંતર થઈ જશે. બીજો ભવ થતાં ભાવ પણ બદલાઈ જશે. યાદ (પણ) નહિ હોય કે મેં કેટલા શાસ્ત્રો વાંચ્યા હતા ? મને કેટલી યાદદાસ્ત હતી ? કાંઈ ખબર નહિ રહે.

શ્રોતા :– એમાં કાંઈક અંશે તો સંસ્કાર રહે કે ન રહે ?

સમાધાન :– સારું થયું પ્રશ્ન કાઢ્યો ! પરલક્ષી જ્ઞાનમાં સંસ્કાર પડવાની યોગ્યતા નથી. સ્વલક્ષી જ્ઞાનમાં નિર્ણય ન થાય તો કદાચ સંસ્કાર પડી જાય ખરો ! એ ક્યારે (બને) ? કે કોઈ કાળે આત્મતત્ત્વની – પરમાત્મતત્ત્વની તીવ્ર રુચિ થઈ હોય અને એ કાળે દર્શનમોહનો અનુભાગ જરા વધારે ઘટી ગયો હોય અને ચાલતા પરિણામમાં 'જ્ઞાન તે આત્મા, આ જ્ઞાયક તે આત્મા' એમ થઈ ગયું હોય 'આવો આત્મા ! લાગે છે આવો !' એમ અસ્પષ્ટ પણ થોડું ભાવભાસન આવી જાય–સ્પષ્ટ નહિ, સ્પષ્ટ આવે તો–તો ધૂન ઊપડી જાય. પણ એ ચાલતા પરિણામમાં અવલોકન વખતે (થાય).

શ્રોતા :– અવલોકન પદ્ધતિમાં આવે તો જ આ થાય.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વલક્ષી પરિણામ સિવાઈ સંસ્કારની જગ્યા જ નથી ને ! એ તો બહુ સાફ વાત છે કે, પરલક્ષી ધારણા તો અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી તો અભવી કરે છે, એને સંસ્કાર પડે કે ન પડે ? ન પડે. એ અભવી છે (એટલે) એ તો પરિસ્થિતિ જ નથી. ભવીજીવને 'આત્મા' સાંભળતાં સ્વલક્ષી જ્ઞાનમાં સ્વરૂપની–અધ્યાત્મની રુચિ–તીવ્ર રુચિ ક્યારેક જોર કરી જાય. શ્રવણ કરાવનાર એવા કોઈ જ્ઞાનીપુરુષ હોય અથવા કોઈ જ્ઞાનીપુરુષ પાસેથી સાંભળ્યું હોય અને એને

કાંઈક લક્ષમાં રહ્યું હોય અને પ્રયત્ન થઈ જાય તો એવા કાળે સંસ્કાર પડી જાય. એ સંસ્કાર ઊગ્યા વિના રહે નહિ. સંસ્કારનું બળ બહુ છે પાછું, એ બીજ પડ્યું એ નિર્મૂળ નહિ થાય હવે. એ બીજમાં ભવાંતરમાં અંકુર ફૂટે જ છૂટકો. કો'કને તે ને તે ભવમાં થાય છે. એવા ઘણાં જીવો હોય છે કે, એ જ ભવમાં સમ્યક્‌માં આવે અને એનું કારણ એને એ વખતે પ્રત્યક્ષ જ્ઞાની ન હોય, સંસ્કાર એનું કામ કરે. તે જ ભવમાં સંસ્કાર (કામ કરે) તો કોઈ જીવને બીજાં ભવમાં એ સંસ્કાર ઊગી નીકળે છે, પણ એ સંસ્કાર કદી નિષ્ફળ જતો નથી. બહુ મોટી ચમત્કારિક શક્તિ છે ! આત્માની આરાધના તો ચમત્કારિક શક્તિ છે જ, ત્રણ લોકમાં એનાથી મોટી કોઈ ચમત્કારિક શક્તિ નથી, પણ આવા સંસ્કારમાં આટલી ચમત્કારિક શક્તિ છે કે, એ બીજને કોઈ નિર્મૂળ નથી કરી શકતું !! ભવાંતરે પણ ઊગી જ નીકળશે. સ્વભાવનું આ એક પ્રાબલ્ય છે. સ્વભાવમાં અનંત સામર્થ્ય છે એનું આ એક કિરણ છે. એની રુચિ થઈને સંસ્કાર પડ્યો (એ) કામ કરી લેશે.

શ્રોતા :– સત્પુરુષના યોગમાં જ આ સંસ્કાર પડે.

પૂજ્ય ભાઈશ્રી :– સત્પુરુષનો યોગ થયેલો હોય, દેશનાલબ્ધિમાં આવી ગયો હોય. ભલે એ વખતે સંસ્કાર પડે ત્યારે સામે સત્પુરુષ હોય કે ન હોય એ બીજી વાત છે. પણ સત્પુરુષના યોગમાં દેશનાલબ્ધિમાં આવી ગયો હોય અને પછી એવા કોઈ પ્રસંગે કુદરતી એને પોતાના જ્ઞાયકનું લક્ષ આવી જાય, તો સંસ્કાર પડી જાય.

જેમ સમ્યગ્દર્શન થાય એનો મોક્ષ અનિવાર્ય છે, નિયમબદ્ધ છે. કાર્ય કારણ સાથે પ્રતિબદ્ધ છે. એમ આ સંસ્કાર સાથે સમ્યગ્દર્શન પ્રતિબદ્ધ છે. એવી વાત છે. ગુરુદેવને એ વિશ્વાસ આવેલો છે કે, 'આ વાણી નિષ્ફળ નહિ જાય ! આ વાણી જે નીકળે છે, અંદરથી આવે છે (એ નિષ્ફળ નહિ જાય) !' પોતે તો કોઈવાર બોલતા હતા, બોલેલા છે

'પરમાત્માની ગાદીએ બેસીને આ કહેવાય છે !' કેટલો એમને આત્મવિશ્વાસ હશે !! પોતે એટલું જોરથી કહેતા હતા કે, 'પરમાત્માની ગાદીએ બેસીને આ વાત કરીએ છીએ !' વાણીનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ખાલી નથી જવાનો ! એ વાત નક્કી થઈ ગઈ. જોકે ખાલી ગઈ પણ નથી. ખાલી જવાની નથી, ખાલી ગઈ પણ નથી. પણ અનેક જીવોને લાભનું કારણ થશે. કોઈ ગણ્યાંગાંઠ્યાં જીવોને નહિ પણ અનેક જીવોને (લાભનું કારણ) થશે.

શ્રોતા :– સંસ્કારનો તબક્કો છે એ આ (સ્વરૂપ) નિર્ણયપહેલાનો તબક્કો છે ?

સમાધાન :– નિર્ણય વખતે તો સંસ્કાર આવી જ ગયા પણ કોઈવાર કોઈ જીવને નિર્ણય પહેલાં પણ પડી જાય છે. બે તબક્કે પડે છે. બે પ્રકારે સંસ્કાર ઝીલાય છે. નિર્ણય કાળે તો વિચાર કરવાનો પ્રશ્ન જ નથી કે સંસ્કાર નથી થયાં, એ તો સંસ્કાર પડી જ ગયા.

એ બોલ લેવો હોય તો 'પરમાગમસાર'–૩૫૯ બોલ લઈ લેજો. નિર્ણય થતાં લક્ષ રહે છે, લક્ષ છૂટતું નથી ગમે તે કામ કરે. ચિંતનમાં, મંથનમાં આત્માનું લક્ષ રહે છે. ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય અને જેટલું કારણ એટલે પુરુષાર્થ આપવો જોઈએ તેટલું કારણ આપ્યું ન હોય, તોપણ તે જીવને સમ્યક્ સન્મુખતા થાય છે. **'એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે...'** આ નિર્ણયના કાળમાં અંદરમાં દૃઢ સંસ્કાર પાડે **'...કે જે સંસ્કાર ફરે નહિ.'**

શ્રોતા :– 'દૃઢ' શબ્દ વાપર્યો છે !

પૂજ્ય ભાઈશ્રી :– પડે જ ! નિર્ણયના કાળમાં 'દૃઢ' સંસ્કાર પડે છે, એ ફરે નહિ. **'જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે**

**જ છૂટકો.**' આ ગુરુદેવનો ૩૫૯ (નંબરનો) બોલ છે. એટલે એ નિર્ણયના કાળમાં સન્મુખતા થઈ જાય છે. સન્મુખતા થાય છે એટલે ગણતરીના દિવસોમાં અનુભવમાં આવી જાય છે. જે નિર્ણય વગર સંસ્કાર પડ્યા હોય છે એમાં સમય નીકળી જાય છે. એમાં કોઈને વર્ષો પછી એ જ ભવમાં આ Line મળે છે તો કોઈને ભવાંતરની અંદર (મળે છે). દેવ, શાસ્ત્ર, ગુરુના સાન્નિધ્ય વગર 'નિસર્ગાત (સમ્યગ્દર્શન)' ઉત્પન્ન થઈ જાય છે એનું કારણ એ છે, નહિતર 'અધિગમજ સમ્યગ્દર્શન' હોય. પણ 'નિસર્ગાત' જે થાય છે એનું કારણ સંસ્કાર છે.

એટલે (અહીંયાં એમ કહ્યું કે) '**...પરલક્ષી જ્ઞાનથી આગમના આધારે કરેલો સ્વરૂપનો નિર્ણય પણ આત્મસ્વરૂપનો મહિમા–રસ–રુચિ–પુરુષાર્થને જાગ્રત કરી શકતો નથી.**' એટલે જેટલો પરિશ્રમ અને સમય વ્યતીત કર્યો છે એ બધો નિષ્ફળ જ છે, એનું કોઈ ફળ આવતું નથી. પણ અભિનિવેશમાં અને બીજા દુર્ગુણમાં ખેંચાઈ જાય તો નુકસાન થાય એ વધારેમાં. એનો લાભ તો છે જ નહિ, એમ કહેવું છે. અહીં સુધી રાખીએ.

❋ ❋ ❋

**વિધિ : અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદષ્ટિથી જોતાં, જીવને માત્ર જ્ઞાનનો - સામાન્યનો–જ અનુભવ છે. ત્યાં જોરથી સ્વપણું થતાં અનેક જ્ઞેયાકારો અને પર્યાયત્વ ગૌણ થાય છે; ને 'સ્વભાવનો આશ્રય' લક્ષના કારણથી થઈ જાય છે. સ્વભાવના આશ્રયમાં દ્રવ્ય પર્યાયના ભેદ સહજ નિરસ્ત થઈ જાય છે. કારણકે સ્વભાવ દ્રવ્ય-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. સ્વભાવે અનઉભય સ્વરૂપ છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૧૪)

## પ્રવચન-૪
## તા. ૨૩-૦૨-૧૯૯૦

'સુવિધિ'માંથી સ્વલક્ષ અને પરલક્ષનો વિષય ચાલ્યો. તત્ત્વનો અભ્યાસ સ્વલક્ષી જ્ઞાનથી થાય અને પરલક્ષી જ્ઞાનથી ન થાય એ જરૂરી છે, આવશ્યક છે. અહીંયાં સ્વલક્ષી જ્ઞાન એટલે જ્યાં સુધી ભાવભાસનપૂર્વક (સ્વરૂપ) લક્ષ નથી થયું ત્યાં સુધી પોતાના હિત-અહિતના લક્ષે, શુદ્ધિ-અશુદ્ધિના લક્ષે અથવા આરાધના-વિરાધનાના લક્ષે પોતાને લાભ-નુકસાન કેટલું છે, એ સમજવામાં પોતાનું લક્ષ છે, એને અહીંયાં 'સ્વલક્ષ' કહીએ. સમ્યક્દૃષ્ટિને તો નિયમથી સ્વલક્ષી જ પરિણામ હોય છે. એટલું જ નહિ, ભાવભાસન થાય – સમ્યક્સન્મુખ થાય ત્યારથી પણ સ્વલક્ષી પરિણામ થાય છે, કેમકે પછી આત્માનું લક્ષ નથી છૂટતું. એ ભૂમિકામાં આવવા માટે પણ એને અનુસરતો કોઈ પ્રકાર હોય તો એ પ્રકાર કેવો (હોય) છે ? (એ સમજવા માટે) અહીંયાં એની પણ સમીક્ષા લીધી છે.

સ્વલક્ષ એટલે પોતાના હિતને લક્ષમાં રાખે છે. હિતને લક્ષમાં રાખે છે એટલે કેવી રીતે ? કે, શાસ્ત્ર વાંચતાં કે શ્રવણ કરતા પોતાને લાગુ પડે એવો ઉપદેશ આવે ત્યારે એ વિષયમાં એનું લક્ષ ખેંચાય. જો પરલક્ષી વિચારણાવાળો હોય તો ઉપરથી ચાલ્યો જાય અથવા એ બીજાં કોઈનું એવું વિચારે કે, ફલાણાં-ફલાણાંને આવી ભૂલ થાય છે. એટલે એ બધું જે બીજાંને લક્ષે વિચારે છે એ નુકસાનનું કારણ છે. પોતાને કામનું હોય

એ લે. પોતે ન સમજતો હોય ત્યાં બરાબર ધ્યાન આપે કે, 'આ વાત મારી સમજણ બહાર ગઈ હતી, મારા ખ્યાલ બહાર ગઈ હતી, આ વસ્તુનો ખ્યાલ નહોતો.' (એ રીતે) જે પોતાને અનુલક્ષીને, પોતાને લક્ષમાં રાખીને સ્વાધ્યાય થાય છે ત્યારે એમાંથી ગુણ ઉત્પન્ન થવાનો અવસર આવે છે. એમ ન થાય તો પરલક્ષી જ્ઞાન તો અનાદિથી ચાલુ જ છે. એ પરલક્ષી જ્ઞાનમાં તો શાસ્ત્ર વાંચીને પણ અવગુણ ઉત્પન્ન કરશે. એમ પરિસ્થિતિ થાય.

પોતાના હિતની કામનાવાળો (હોય) અને પોતાને તપાસતો–જોતો–અવલોકતો (હોય). નહિતર એમ કહે કે, 'અમારી કામના તો હોય જ ને ! અમારી ભાવના ન હોય એવું કેમ બને ? નહિતર રોજ ઊઠીને આવીએ શું કરવા ?' પણ એમ નથી. જેને ખરેખર ભાવના છે એ પોતાના હિત–અહિતને સતત લક્ષમાં રાખે છે, જોતો જાય છે, તપાસતો જાય છે, અવલોકતો જાય છે કે, મારું હિત ક્યાં થાય ? કેવી રીતે થાય ? અથવા અહીંયાં જે પહેલો બોલ લીધો છે કે, **'સ્વલક્ષી જ્ઞાન જ પ્રતીતિને ઉત્પન્ન કરી શકે છે,...'** તો એમાં સ્વલક્ષી જ્ઞાન કેમ પ્રતીતિને ઉત્પન્ન કરી શકે છે ? કે, એને પોતાના પરિણામ અવલોકતાં પરિણામમાં જો દુઃખ જણાયું તો એને વિશ્વાસ આવ્યો કે, કહેનાર સાચા છે. એટલે સ્વલક્ષી જ્ઞાનમાં તપાસીને–પોતાના પરિણામ તપાસીને એ રીતે નિર્ણય થાય છે કે, કહેનાર પ્રમાણિક છે, કહેનાર સત્ય કહે છે અને મારા પરમ હિતની વાત કહે છે. મારા પરમ હિતની વાત કહે છે, એ (પોતે) અહિતમાંથી બચે ત્યારે એને સમજણ પડે.

જગતમાં પણ જે માણસ મદદ કરે છે – ઉપકાર કરે છે એના પ્રત્યે લાગણી રહે છે કે નથી રહેતી ? કે, આ માણસે આપણને ખરે વખતે મદદ કરી હતી તો એનો તો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે. અથવા આપણે અત્યારે જે કાંઈ સારી સ્થિતિમાં છીએ એમાં આ

કારણ પડ્યા છે. અહીંયાં પણ પોતે અહિતથી બચી શકે એવું કહેનારનું વચન આવે છે ત્યારે એને વિશ્વાસ આવે છે, એ વાત ઉપર વિશ્વાસ આવે છે, એ વિષય ઉપર વિશ્વાસ આવે છે. એટલે એનો દર્શનમોહ જે છે એ ત્યાં મંદ પડે છે. કહેનાર ઉપરનો જે વિશ્વાસ છે અને તે પણ પોતાના અનુભવ સાથે મેળવીને સ્વલક્ષી જ્ઞાનમાં (વિશ્વાસ) થાય છે. ત્યારે એને પ્રતીતિ આવે છે કે, કહેનાર છે એ સાચા છે ! એવી પ્રતીતિ એને આવે છે, એ પ્રતીતિ છે એ હજી જ્ઞાનનો જ પર્યાય છે, (પણ એમાં) વિશ્વાસ આવે છે ત્યારે એનો દર્શનમોહ સત્યને સ્વીકારતા વધારે ને વધારે નબળો પડે છે, એટલે એ શ્રદ્ધાને પલટાવે છે.

સ્વલક્ષી જ્ઞાન મિથ્યાશ્રદ્ધાને પલટાવીને સમ્યક્શ્રદ્ધા (પ્રગટ કરવામાં) સમર્થ છે. પરલક્ષી જ્ઞાન (મિથ્યા) શ્રદ્ધાને પલટાવીને સમ્યક્શ્રદ્ધાને લાવી ન શકે. ભલે ગમે એટલું ઉઘાડમાં હોય – અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીનો (ઉઘાડ) હોય અને ભૂલ વગરનું દેખાતું હોય તોપણ. એ બોલ શ્રદ્ધા અપેક્ષાએ લીધો છે.

શ્રોતા :– સ્વલક્ષી જ્ઞાનનો વિષય તો પર છે ને ?

સમાધાન :– નહિ, સ્વલક્ષી જ્ઞાનના વિષયમાં પોતાના ભાવો અવલોકે છે, તપાસે છે અને નક્કી કરે છે. ભલે એને સ્વરૂપ લક્ષમાં નથી આવ્યું પણ પોતાના પરિણામને તો તપાસી શકે છે. પોતાના ભાવને તો તપાસી શકે છે ને ? એટલે એને વિશ્વાસ આવે છે કે, આ કહે છે એ બરાબર છે. વિશ્વાસ ક્યારે આવે ? જોઈને વિશ્વાસ આવે છે. જે વસ્તુ જોઈને વિશ્વાસ આવે એ વગર જોયે વિશ્વાસ ન આવે. જેમ અનુભવમાં– સમ્યગ્દર્શનમાં આત્મા પ્રત્યક્ષ થાય છે તો ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ એના અનુભવમાં એને શંકા ન પડે. કેમકે આત્મા અનુભવમાં પ્રત્યક્ષ થયો. અહીંયાં પણ પ્રત્યક્ષને અનુસરતી આ બધી વાત છે કે, મારા પરિણામ મને પ્રત્યક્ષ અનુભવગોચર છે. અનુભવ કદી પરોક્ષ નથી થતો. જાણવું

પરોક્ષ થાય છે, વેદવું પરોક્ષ નથી થતું. વેદના થાય તો કાંઈ પરોક્ષ થાય છે ? સાક્ષાત્ જ વેદના થાય છે. અહીંયાં એ પોતાના અનુભવને જોઈને વિશ્વાસ કરે છે. એટલે એનો વિષય પર છે, એમ નથી, વિષય સ્વ છે.

શ્રોતા :– વારંવાર પરિણામ અવલોકવાનું કરે તો જ એને આ વાત સમજાય.

પૂજ્ય ભાઈશ્રી :– તો જ એને સાચું સમજાય. નહિતર એને પરિણામનો વિષય (સમજાય નહિ). શાસ્ત્રમાં મુખ્યપણે તો પરિણામનો વિષય ચાલે છે. હવે પોતાના પરિણામની સાથે વાતને મીંઢવતો ન જાય, મેળવતો ન જાય, અંદર જોતો ન જાય કે આમ છે કે નહિ ? તો એને શ્રદ્ધાના પરિણામ શું ? જ્ઞાનના પરિણામ શું ? કષાય–વિભાવના પરિણામ શું ? એ કેવી રીતે ખબર પડશે ? ઓળખશે કેવી રીતે ? પહેલાં તો ઓળખાણ થાય છે ને ? પછી સમ્યક્શ્રદ્ધા થશે.

‘ટોડરમલ્લજી’એ દૃષ્ટાંત લીધું છે કે, જેમ કોઈ સંગીતનો વિદ્યાર્થી સંગીત શીખે છે ત્યારે એ અનેક પ્રકારના રાગ–રાગિણી, છંદ (અને) એની માત્રા વગેરેનો અભ્યાસ કરે છે. ‘અનુષ્ટુપ’ છંદમાં એક પદની અંદર ૨૩ માત્રા હોય, ‘શાર્દુલવિક્રીડિત’ હોય તો એની ૩૬ માત્રા હોય, ‘મંદાક્રાંતા’ હોય તો એની ૨૮ માત્રા હોય, ફલાણું હોય. હવે, જ્યારે એ રાગ વાગે ત્યારે એને ખબર ન પડે કે, આ ક્યો રાગ વાગે છે. એ રાગ ચાલતો હોય ત્યારે સાંભળવાથી ઓળખી ન શકે અને માત્રાની એને બધી ખબર હોય, તો એને એ સંબંધીનું ખરેખર જ્ઞાન નથી, ભણ્યો છે તોપણ ! બીજો જીવ ભણ્યો નથી કે ક્યા છંદમાં કેટલી માત્રા છે, પણ એ રાગ શરૂ થાય એટલે તરત કહે છે કે, અત્યારે ફલાણો રાગ ચાલે છે, તો વગર ભણતરે એનું જ્ઞાન સાચું છે. પેલાનું ભણતરવાળું જ્ઞાન ખોટું છે.

એમ શાસ્ત્રમાં સ્વભાવ–વિભાવની અનેક વાતો આવે છે. એ વાતોનો ન્યાય અને પકડ બધું સમજી શકે. નયાર્થ, ભાવાર્થ, શબ્દાર્થ (બધું સમજી શકે). પણ એ ભાવને ન ઓળખી શકે કે, મારામાં એ ભાવ ક્યો ચાલે છે ? 'આસ્રવતત્ત્વ' લીધું, લ્યો ! આસ્રવ એટલે આવવું. વિભાવભાવનું આગમન થવું એને આસ્રવ કહે છે. હવે વિભાવભાવ આવે ત્યારે એનું આવવું કેમ થાય છે, એ જો (પોતાના ભાવ સાથે) મેળવીને નક્કી ન કરે, એમ જો એ પોતાના ભાવને સમજવાનો પ્રયત્ન ન કરે તો આસ્રવની વ્યાખ્યા આવડી જશે પણ આસ્રવને ઓળખશે નહિ. એ પરિસ્થિતિ થાય.

શાસ્ત્ર વાંચીને, સમજીને જીવોને એવો ભ્રમ થાય છે ખરો કે, અમે બધું સમજીએ છીએ, અમને બધી ખબર છે. પણ એ પોતાના કોઈ ભાવને ઓળખતા નથી હોતા. એટલે એ ગમે એટલું ભણે છે, ગમે એટલું મુખપાઠે હોય છે તોપણ એની મિથ્યાશ્રદ્ધા પલટી અને સમ્યક્શ્રદ્ધા થઈ શકતી નથી. ગમે એટલો કાળ અભ્યાસ કર્યા કરે !

શ્રોતા :– એને જ ધારણાજ્ઞાન કહે છે ?

સમાધાન :– હા, કોરી ધારણા કહેવાય છે. ધર્માત્માને ધર્મની ધારણા છે, ધર્મને ધારી રાખ્યો છે. આ તો કોરી ધારણા છે.

એ પહેલો બોલ થયો કે, જેમ રાગ દ્વારા વિપરીત શ્રદ્ધા પલટાવી શકાતી નથી તે જ રીતે પરલક્ષી જ્ઞાન પણ સમ્યક્શ્રદ્ધાને ઉત્પન્ન કરવા અસમર્થ છે અથવા સમર્થ નથી. એટલે એ પ્રશ્નનો ઉત્તર આવી જાય છે કે, ઘણાં વખતથી તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા છતાં કેમ સમ્યક્શ્રદ્ધા ન થઈ ? કે, એનું કારણ એ છે કે, જેટલો અભ્યાસ કર્યો એ બધો પરલક્ષી પરિણામથી કર્યો છે. સ્વલક્ષી પરિણામથી કર્યો હોય તો એવું બને નહિ.

આ તો એવો માર્ગ છે કે, તલવાર હોય અને સામે કાકડીને કાપે કે ન કાપે ? (એમ કોઈ પૂછે તો ?) તો કાકડી તો તલવારથી કપાય

જ ને ! ચપ્પાથી કપાઈ જાય છે તો તલવાર હોય તો કાપે જ કાપે ! એમ આ અસિધારા જેવો માર્ગ છે !! પોતાનું કામ થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ – નિયમથી (થાય જ). જો સાચે રસ્તે ચડે તો સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્રરૂપ ધર્મ પ્રગટ થાય, થાય ને થાય જ. ન થાય એવું બને નહિ અને રસ્તો ફેર હોય તો અનંત કાળે પણ ન થાય – આ સીધી વાત છે. વિચારણીય વિષય એ છે. રસ્તો સાચો હોય તો કામ થવામાં અંદરથી પરમાત્મા મદદ કરે છે ! જે પરમાત્મતત્ત્વ છે ને એનો સ્વભાવ શુદ્ધપણે પરિણમવાનો છે, અશુદ્ધપણે પરિણમવાનો એનો સ્વભાવ નથી અને એ સ્વભાવને 'કુંદકુંદાચાર્યદેવે' 'નિયમસાર'માં એક વધારે વિશેષણ આપ્યું – એને 'કારણપરમાત્મા' કહ્યું. એ તો તારું 'કારણ' છે, કારણરૂપે સદાય મોજૂદ છે. તેં અનંતકાળથી એની ઉપેક્ષા કરી તોપણ એણે પોતાની અનંત કરુણા છોડી નથી ! પરમાત્માએ પોતાની અનંત કરુણાને છોડી નથી. (સદાય) હાજર છે, હાજર છે એમ નહિ, તારું બારણું ખખડાવે છે – 'ઉઘાડ તારા કપાટને ! આ તારા કમાડને ઉઘાડ ! તો તને સીધું દર્શન થાય એવું છે.' અજ્ઞાન અને મિથ્યાત્વ(ના) બન્ને કમાડ એવા વાસી (દીધા) અને એના ઉપર તીવ્ર વિભાવરસનો આગળિયો મારી, તાળું મારી અને ચાવી ખોઈ (નાખી), પછી પાછો ગોતે છે કે આ કેમ ઊઘડે ? એ (રીતે) તો કાંઈ કોઈ રીતે પત્તો ખાતો નથી. એટલે મોડું થાય એનો વાંધો નથી પણ થોડું પણ સાચું થવું જોઈએ. ઘણું થાય એ જરૂરી નથી, થોડું થાય એનો વાંધો નથી, પણ જે કાંઈ થાય તે સત્ય જ થવું જોઈએ. માર્ગ નહિ ભૂલવો જોઈએ, માર્ગ ભૂલે છે એનો કદી પત્તો નથી લાગતો. પછી ઊંધે રસ્તે બધા ઊંધાં જ સ્ટેશન આવે.

બીજો (મુદ્દો) **'સ્વલક્ષી જ્ઞાન ગુણને / સ્વભાવને સાધી શકે છે પરંતુ પરલક્ષી જ્ઞાન વિકલ્પ વૃદ્ધિમાં પરિણમે છે...'** સ્વલક્ષી જ્ઞાન ગુણ–દોષને

તપાસતું હોવાથી અને (તેમાં) ગુણગ્રાહી દૃષ્ટિકોણ હોવાને લીધે, સ્વલક્ષી જ્ઞાનમાં ગુણગ્રાહી દૃષ્ટિકોણ હોવાને લીધે અને એ ગુણ–દોષને તપાસનારું હોવાથી સ્વભાવ–ગુણને સાધે છે. અને એવું સ્વલક્ષી જ્ઞાન ન હોય તો એકલું પરલક્ષી જ્ઞાન ઘણાં શાસ્ત્રો વાંચીને વિકલ્પ વૃદ્ધિમાં પરિણમે છે. એના વિકલ્પ વધશે (કે) આનું આમ હોય, આમ હોય, નિશ્ચયનયથી આમ હોય, વ્યવહારનયથી આમ હોય, ફલાણાંથી આમ, આનું આમ... આનું આમ... (એમ) વિકલ્પની ઘટમાળ વધી જશે.

ખરેખર તો બધા નયો – સર્વ નયો, બધા નયો અથવા સર્વ નયો જીવને નયાધીશ એવા આત્મા ઉપર દોરી જાય છે, ખેંચી જાય છે કે, જે તત્ત્વ નિર્વિકલ્પ છે. (માટે) ખરેખર તો નય વિકલ્પ મટવાનું સાધન છે. એના બદલે નયજ્ઞાનનો અભ્યાસ કરીને જીવને વિકલ્પ વધી જાય તો અવશ્ય એ કોઈ ઊંધે રસ્તે ચડી ગયો છે, એમ સિદ્ધ થાય છે – સાબિત થાય છે. એટલે એને પછી 'ઇન્દ્રજાળ' કીધી ! એ નયની ઇન્દ્રજાળમાં ગૂંચવાઈ ગયો છે અને એવી પરિસ્થિતિ પરલક્ષી જ્ઞાનમાં થાય છે. એ પ્રત્યક્ષ જોઈ શકાય એવી વાત છે.

(માટે એમ કહ્યું કે) '**...(પરલક્ષી જ્ઞાન) વિકલ્પ વૃદ્ધિમાં પરિણમે છે વા પ્રાયે શાસ્ત્રીય–અભિનિવેશ આદિ દોષને સાધે છે.**' ગુણ સાધવાને બદલે 'હું જાણું છું, હું સમજું છું' એ શાસ્ત્રનો અભિનિવેશ (ઉત્પન્ન થાય છે). એટલે કે એને શાસ્ત્રનું જ્ઞાન આત્માર્થમાં ઉપયોગી ન થયું પણ પોતાની મહત્તા વધારવા માટે, માન કષાયને પોષવામાં એનો ઉપયોગ કર્યો. એ અહંપણારૂપ દોષને સાધે છે અને એ અનિવાર્ય છે. (જીવ) પર્યાયદૃષ્ટિ છે એટલે પર્યાય ઉપર વજન છે, એટલે પર્યાયની મહત્તા કરીને એમાંથી અવગુણ ઉત્પન્ન થયાં વિના રહે નહિ.

ત્રીજો (મુદ્દો) '**સ્વલક્ષી જ્ઞાન અનુભવમાં આવતા ભાવના ઊંડાણમાં જાય છે...**' પોતાના ભાવોને વારંવાર અવલોકતાં અને એ અવલોકનનો

અભ્યાસ સારી રીતે ચાલતા એમાં ઊંડાણ છે એ એને હાથ આવે છે કે, આમાં શું શું છે ? વિભાવભાવોમાં શું શું છે ? સ્વભાવમાં શું શું છે ? '**...જેથી સ્વભાવ–વિભાવ જાતિની પરખ આવવાની...**' ઓળખાણ થવાની '**...ક્ષમતા ઉત્પન્ન થાય છે...**' (અર્થાત્) આસ્રવભાવ આને કહે, રાગ આને કહે, આસ્રવનું અટકવું તે શું ? શુદ્ધિની વૃદ્ધિ તે શું ? નિર્જરા શું ? એ બધાની ભાવાત્મક ઓળખાણ સ્વલક્ષી જ્ઞાન વગર થતી નથી. (ફક્ત) વ્યાખ્યા શીખી જવાથી કોઈ જ્ઞાન થતું નથી પણ પોતાના ભાવની એને ઓળખાણ આવવી જોઈએ. '**...સ્વભાવ–વિભાવ જાતિની પરખ આવવાની ક્ષમતા...**' ક્ષમતા એટલે એટલી શક્તિ અથવા યોગ્યતા ઉત્પન્ન થાય છે.

'**...પરંતુ પરલક્ષી જ્ઞાન તો સ્થૂલપણે ઉપર ઉપર પ્રવર્તીને માત્ર ધારણા કરે છે.**' પરલક્ષી જ્ઞાનમાં ધારણા સિવાઈ આગળ ન જઈ શકે અને ભાવની પરખ ન હોય એટલે જરાક શાંતિ થાય ત્યારે એને એમ થાય કે, 'મને જ્ઞાનથી શાંતિ થઈ !' કોઈ વાત ઉપર સમાધાન કરે (અને) કષાય મંદ થાય ત્યારે એને થોડી શાંતિ થાય. શાંતિ થાય એટલે એમ થાય કે (મને જ્ઞાનથી શાંતિ થઈ). કાં તો ધ્યાન કરે, ધ્યાનમાં બેસે અને આત્માના સ્વરૂપના વિકલ્પો કરે એમાં શાંતિ થાય (તો) એને એમ થાય કે, 'મને આત્માની શાંતિ પ્રગટી !' પણ (ખરેખર તો) એને ભાવની ઓળખાણ નથી. એટલે એ વિભાવને સ્વભાવ માનીને વિભાવની આરાધના કરવા લાગે છે. જે કષાય મંદ થયો અને શુભભાવ થયો એને જ એ ઉપાદેય કરવા લાગે છે. એટલે જે હેય છે એને ઉપાદેય કર્યું. (તો) રસ્તો ઊંધો થયો કે સવળો રહ્યો ? ઊંધે રસ્તે ચડી ગયો.

શ્રોતા :– જાતિ તપાસે તો ખ્યાલ આવે ?

સમાધાન :– જાતને ઓળખે તો કોઈપણ ભાવ ગમે તે વેષમાં આવે (તો) એ વિભાવને વિભાવના ખાતામાં જ ખતવે. વિભાવને ભૂલથી

પણ સ્વભાવના ખાતામાં ખતવે નહિ, ખતવણીમાં ભૂલ ન પડે. એટલે સ્વલક્ષી જ્ઞાન અને પરલક્ષી જ્ઞાનમાં આ ફેર પડે છે.

સ્વલક્ષી જ્ઞાન સાથે પ્રતીતિ ભળવાથી એટલે 'એમ જ છે' એમ પ્રતીતિ ભળવાથી સ્વરૂપનિર્ણય થાય, વિશ્વાસ આવે ત્યારે એને સ્વરૂપમાં સ્થિર થવાની શક્તિ પણ ઉત્પન્ન થાય છે. પરંતુ પરલક્ષી વિશાળ ક્ષયોપશમવાળું જ્ઞાન હોવા છતાં પણ એથી ઉપયોગમાં સ્વરૂપની સ્થિરતા ન આવી શકે. ભલે અંગ–પૂર્વનું શાસ્ત્ર જ્ઞાન હોય તોપણ સ્વરૂપસ્થિરતા એક સમય માટે પણ ન આવી શકે. કેમકે એ જ્ઞાનની દિશા જ પર બાજુની છે અને સ્થિરતામાં તો અંતર્મુખ થઈને સ્થિર થવાનું છે. એટલે પરલક્ષી જ્ઞાનમાં સ્થિરતા થવાનો અવકાશ નથી. સ્વલક્ષી જ્ઞાનમાં પ્રતીતિ આવતા જોર આવે છે. લક્ષને કારણે જોર ઉત્પન્ન થાય છે, પ્રતીતિને કારણે જોર ઉત્પન્ન થાય છે અને તેથી સ્વરૂપમાં સ્થિરતા થઈ શકે છે.

શ્રોતા :– સ્થિરતા એટલે ?

સમાધાન :– સ્થિરતા અટલે શુદ્ધોપયોગ. સ્વરૂપમાં સ્થિર થવાનો અવસર કોને આવે ? સ્વલક્ષી જ્ઞાનવાળાને આવે. પરલક્ષી જ્ઞાનમાં અંગ–પૂર્વનું જ્ઞાન હોય તોપણ સ્વરૂપ સ્થિરતાનો અવસર ન આવે. સ્વલક્ષી જ્ઞાનવાળો સ્વરૂપ સ્થિરતાને પામવા માટે યોગ્ય થાય છે. પરલક્ષી જ્ઞાનવાળો એને કદી પણ યોગ્ય નથી.

શ્રોતા :– અગિયાર અંગ, નવ પૂર્વનું ભણે પણ એમાં આ પ્રકરણ રહી જતું હશે ?

સમાધાન :– નહિ, એની દિશા ઉલટી છે. દિશા ઉલટી છે (એટલે) પોતાના ભાવને ઓળખતો નથી. 'સમયસાર'ની ૧૫૪ ગાથા લીધી છે એમાં દ્રવ્યલિંગીનો વિષય લીધો છે.

શ્રોતા :– અગિયાર અંગવાળાને શું કરવા યાદ કરવા જોઈએ ? ૪૦ વર્ષથી આપણે સાંભળીએ છીએ એને લેવા–દેવા નથી !

પૂજ્ય ભાઈશ્રી :– વાત તો એમ જ છે. ભાવની ઓળખાણ થતી હોય તો (ભૂલે નહિ). અગ્નિથી દાઝે છે. ભૂલથી પણ સળગતા ખોટારવા ઉપર અજાણતા હાથ જાય તો વિકલ્પ કરવો પડે છે કે લઈ લઉં કે ન લઈ લઉં ? દાઝે તો ખસતા વાર લાગે છે ? તો કષાયમાં દાઝે છે, એમાં બળતરા છે, એમાં કષાયની અગ્નિ છે એની ઓળખાણ નથી. ઊલટાનો કષાય મંદ થાય ત્યારે શાંતિનો અનુભવ કરે છે.

શ્રોતા :– દાઝતો હોવા છતાં શાંતિ માને છે !

પૂજ્ય ભાઈશ્રી :– દાઝતો હોવા છતાં શાંતિ માને છે એ કે 'દી મૂકે એને ? એમાં કેવી મૂર્ખાઈ થાય છે ? કે, આગ લાગે ત્યારે કોઈ એમ કહે કે, 'મારામાં જ્યોતિનો પ્રવેશ થયો !' હવે સળગી જઈશ, ભાઈ ! કપડાંને આગ લાગે, ઝાળ પ્રગટે એ વખતે કલ્પના કરે કે, મારામાં તો જ્યોતિનો પ્રવેશ થયો ! (તો) મરી જાય ! થઈ જશે ભડથું ! આ એના જેવું છે. 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ દાખલો લીધો છે.

અહીંયાં ('સમયસાર'ની ૧૫૪મી ગાથામાં લીધું છે), કેવાં છે જીવો ? કે, '**...દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' જુઓ ! કેવો શબ્દ વાપર્યો છે ! '**...પરમાર્થભૂત જ્ઞાનના અનુભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા...**' સામાયિકમાં સ્વરૂપમાં સ્થિરતા થાય એવી સ્થિરતા તો થતી નથી પણ '**...જેમને અત્યંત સ્થૂલ સંકલેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે...**' એટલે પાપકર્મ છોડ્યા છે '**...અને અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' એ પણ અત્યંત સ્થૂળ ભાવ છે. વિશુદ્ધ એટલે અહીંયાં શુભભાવ. '**...એવા તેઓ, કર્મના અનુભવના ગુરુપણા–લઘુપણાની પ્રાપ્તિમાત્રથી જ સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા...**' આ દોષ છે. 'મને અત્યારે શાંતિ છે. સામાયિક કરીને બેસું છું અને મને એટલી વાર શાંતિ થાય છે !' એવા '**...સંતુષ્ટ ચિત્તવાળા થયા થકા, (પોતે) સ્થૂલ લક્ષ્યવાળા હોઈને...**' અથવા

પરલક્ષવાળા હોવાથી '**...સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી. આ રીતે તેઓ, પોતે પોતાના અજ્ઞાનથી કેવળ અશુભ કર્મને જ બંધનું કારણ માનીને, વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...**' વગેરેમાં શાસ્ત્ર સ્વાધ્યાય લઈ લેવો. (એવા) '**...શુભ કર્મો પણ બંધના કારણ હોવા છતાં તેમને બંધના કારણ નહિ જાણતા થકા, મોક્ષના કારણ તરીકે તેમને અંગીકાર કરે છે–મોક્ષના કારણ તરીકે તેમનો આશ્રય કરે છે.**' તેઓ શુભપરિણામમાં રાચે છે. આ રીતે તે બંધના હેતુને મોક્ષના હેતુ તરીકે સેવે છે. બંધના હેતુને મોક્ષના હેતુ તરીકે સેવે છે. (હવે) કે 'દી મોક્ષ થાય ? કે, કોઈ કાળે ન થાય. ૧૫૪ (ગાથામાં) એ વાત લીધી છે.

શ્રોતા :– આટલો–આટલો અભ્યાસ હોવા છતાં આવી ભૂલ રહી જાય છે !

પૂજ્ય ભાઈશ્રી :– અભ્યાસમાં એવું છે કે, એક સ્વલક્ષી અભ્યાસ શરૂ કરે ને એટલે જે રસ્તો છે એ હાથમાં (આવે છે), (તેની) સૂઝ આવે છે. પરલક્ષી જ્ઞાનમાં ગમે એટલો અભ્યાસ કરે નહિ, અભ્યાસ ઘણો દેખાય પણ એનું પરિણામ નુકસાનીમાં આવે છે, નફામાં આવતું નથી, નુકસાનીમાં આવે છે.

શ્રોતા :– આપણે ત્યાં પૂજા–પાઠ આદિ કરે છે એમાં આપણું સ્વલક્ષ કેવી રીતે રાખવું ?

સમાધાન :– એમાં પણ અમૂક તત્ત્વજ્ઞાનની ગૂંથણી છે. આપણે ત્યાં પૂજા વગેરેમાં અમૂક તત્ત્વજ્ઞાનની ગૂંથણી છે, તો એની અંદર એ બધા ભાવ આવવા જોઈએ. જેમકે આપણે 'નૈવેદ્ય' ચડાવે છે. નૈવેદ્ય શું કરવા ચડાવે છે ? આ અર્ઘ આપે છે ને ? (તો કહે છે કે) ક્ષુધારોગ નાશ કરવા માટે. હવે, ક્ષુધા રોગ છે એ વાત દુનિયામાં પ્રસિદ્ધ છે કે, ક્ષુધા પણ રોગ છે ? ભૂખ જો સરખી લાગે તો તંદુરસ્તી ગણાય. શું ગણાય ? દુનિયામાં તો (એમ મનાય છે કે) જો ભૂખ સરખી લાગે તો

તંદુરસ્તી ગણે અને ભૂખ મરી જાય તો રોગ થયેલો ગણે. પણ વીતરાગી વિજ્ઞાનમાં બીજી વાત છે. એ તો કહે છે કે, જીવને ક્ષુધા જ રોગ છે. અનઆહારી આત્મા છે એ પરમાણુનો આહાર કરી શકતો જ નથી. અનાહારી આત્માને આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે એ એનો રોગ છે, એમ કહેવું છે. એવી ઇચ્છા ન ઉત્પન્ન થવી જોઈએ. આપણે ભાવ પકડવો જોઈએ ને ! બોલવાની ક્યાં વાત છે ? વિકલ્પ અને બોલવું એ આત્માની ક્રિયા નથી. એના જ્ઞાનમાં એ વાત આવવી જોઈએ.

દરેક સંપ્રદાય ભગવાનની દિવ્યધ્વનિમાંથી છૂટા પડીને ચાલુ થયાં છે. પછી વેદાંત હોય કે બીજાં ગમે તે સંપ્રદાય હોય. એટલે કોઈને કોઈ વાત તો એમાં એમણે આત્માની રાખી જ છે. બાકી બધી ગડબડ ઘણી છે. એટલે ભેળસેળવાળી દુકાને માલ (લેવા) જાવું કે ન જાવું, એ આપણે નક્કી કરવું. બજારમાં સોનું લેવા જાય ને ? (ત્યારે) એવો વિચાર કરે છે કે, પૈસા ભલે સોળ વલાના લ્યે અને આપે ભલે પંદર વલું, સાડી પંદર વલું, કાંઈ વાંધો નહિ. લઈ લે છે ? ભાવ તો સોળ વલા સોનાનો થશે. શુદ્ધ સોનાની લગડીનો આ ભાવ છે. હવે એમાં પૂરા પૈસા આપીને કોઈ ઓછા કસનું આપી દે તો એ સ્વીકારવા તૈયાર થાય છે ? એમ પોતાને સમય અને શક્તિનો વ્યય તો કરવો છે તો પછી જ્યાં પરમ સત્ય હોય ત્યાં સમય અને શક્તિનો વ્યય કરવો ? કે જ્યાં બીજી ગડબડ ઘૂસેલી હોય ત્યાં પણ જાવું ? એમ છે. ખરો વેપારી તો પૈસા આપે એટલો માલ જોખીને લે, એનાથી નમતો લે (પણ) ઓછો ન લે. નમતો માંગે, (પણ) ઓછું લે ? ભલે ને બે રૂપિયા કિલોની ભાજી હોય તોપણ એમ કહે કે, 'નમતી જોખ, ભાઈ ! પાછા કાંટે ન જા !' જરાક પાછો કાંટો જાતો હોય તો ફરક તો બે–ચાર પૈસાનો પડે, કેટલો પડે ? (તોપણ) એમ કહે કે, એમ નહિ નમતું જોખ ! પૈસામાં તો એને લાભ–નુકસાન દેખાય છે. આત્માના ભાવમાં કઈ ગતિમાં ચાલ્યો જશે

એનો વિચાર નથી કરતો કે, જો રસ્તો ચૂકીશ તો મારી ગતિ કઈ છે ? તિર્યંચ ગતિનું પેટ મોટું છે અને નિગોદનો કાળ મોટો છે. રસ્તો ભૂલ્યો તો સ્ટેશન એ આવવાનું. એટલે મોડું થાય એનો વાંધો નહિ (પણ) રસ્તો સાચો હોવો જોઈએ. સાચો રસ્તો આવ્યા પછી બહુ મોડું થવાનું નથી. એની ચિંતા કરવી નહિ પડે.

શ્રોતા :– સમય અને શક્તિનો વ્યય થાય.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાની શક્તિનો જેટલો ખર્ચ કરે છે એટલું એને સામે મળે છે કે નહિ ? એ તપાસવું જોઈએ કે ન તપાસવું જોઈએ ?

(અહીંયાં કહે છે) **'સ્વલક્ષી જ્ઞાનમાં થયેલો આત્મસ્વરૂપનો નિર્ણય સ્વરૂપની અનન્ય રુચિ, અંતર્મુખી પુરુષાર્થનું જોર અને અપૂર્વ ચૈતન્યરસ (–સ્વરૂપ મહિમાના કારણથી ઉત્પન્ન થયેલો) ઉત્પન્ન કરે છે.'** જેને નિર્ણય થાય એને આ ત્રણ વાત તો સાથોસાથ ઊભી થઈ જાય. સ્વલક્ષી જ્ઞાનથી જ સ્વરૂપનો નિર્ણય થાય. કેમકે તેણે પોતાના જ્ઞાનના અનુભવ ઉપરથી સ્વભાવજાતિ પકડી. અનુભવમાં આવતો જે જ્ઞાનનો પર્યાય એ જ્ઞાનના પર્યાય ઉપરથી – સ્વભાવ અંશ ઉપરથી તેણે આખો અંશી નિર્ણયમાં લીધો. (સ્વરૂપ) નિર્ણયમાં આવ્યો એના લક્ષણ શું ? એની વાસ્તવિકતા શું ? (તો કહે છે) કે, એને અનન્ય રુચિ ઉત્પન્ન થાય. એટલો બધો સ્વભાવ રુચે કે એ સ્વભાવથી દૂર રહી શકે નહિ એવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય. 'રુચિ અનુયાયી વીર્ય' (એ સિદ્ધાંત અનુસાર) એને જોર પણ એટલું મળે. કેમકે અનંત વીર્યની ખાણ પોતે છે એટલે જોર પણ અંદરથી આવવાનું. અને પોતાના મહિમાના કારણે આત્માનો રસ – આત્મરસ – ચૈતન્યરસ પણ તેને ઉત્પન્ન થશે. ત્યાંથી પરિણતિ થઈ જાય છે. સ્વરૂપનિર્ણય થતાં એને ચૈતન્યરસની પરિણતિ થઈ જાય છે.

**'પરંતુ પરલક્ષી જ્ઞાનથી આગમના આધારે કરેલો સ્વરૂપનો નિર્ણય પણ આત્મસ્વરૂપનો મહિમા-રસ-રુચિ-પુરુષાર્થને જાગ્રત કરી શકતો નથી.'**

એ (વાત) પ્રત્યક્ષ છે કે, ગુરુદેવ જેવા સમર્થ પુરુષ આત્મા બતાવે છે, ચારે પડખેથી ખોલીને કહે છે. પોતાને સમજાય છે એવું પણ લાગે છે. પછી પાછો પ્રશ્ન કરે છે કે, પુરુષાર્થ કેમ કરવો ?! મહિમા કેમ કરવો ? સમજાણું હોય તો પુરુષાર્થ ચાલુ થાય, મહિમા ચાલુ થાય, એને રોકી શકાય નહિ એ પરિસ્થિતિ છે. પણ સમજાણાનો ભ્રમ હોય છે. સમજાણું નથી અને સમજાયું એવું માન્યું છે. અહીં સુધી તો કાલે ચાલ્યું હતું.

હવે, પરિણામમાં સ્વલક્ષી જ્ઞાનમાં વિભાવરસ તૂટવાની, ફીકો પડવાની પ્રક્રિયા કેવી રીતે થાય છે, એના ઉપર વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ(થી નિરૂપણ કર્યું) છે. **'જીવના પરિણામના વિજ્ઞાન અનુસાર પરિણામની શક્તિ તેમાં...'** એટલે તે પરિણામમાં **'...રહેલા રસમાં મોજૂદ છે.'** હયાત છે અથવા વ્યક્ત છે. પરિણામનું બળ ક્યાં છે ? કે, પરિણામના રસમાં. જગતમાં પણ એમ કહેવાય છે કે, જેને જે વિષયમાં રસ પડે છે એ વિષયમાં એ પ્રવીણ થાય છે, કુશળ થાય છે, પારંગત થઈ જાય છે.

'મુંબઈ'થી એક હોમિયોપથી ડૉક્ટર આવેલા. તેમની ઉંમર ૨૩ વર્ષની હતી. માણસ મગજવાળો ઘણો ! બધી બાબતમાં ઊંડો ઉતરે. એટલે કોઈએ પૂછ્યું 'ડૉક્ટર, નાની ઉંમરમાં પણ બહુ તૈયાર ગયા છો ! શું કારણ છે ?' તો (તેમણે) કહ્યું, 'એ તો સીધી વાત છે ને ! જેને જે વિષયમાં રસ હોય એમાં એને પારંગતતા આવે જ છે ! આ વિષયમાં મારો રસ છે.' એમાં એટલી એની કુશળતા હતી. આ તો લોકો પણ સમજી શકે એવી વાત છે. લૌકિકમાં પણ સમજી શકાય એવી વાત છે કે, પરિણામની શક્તિ શેમાં છે ? એના રસમાં છે. પછી સ્વભાવરસ હોય તો સ્વભાવની શક્તિ પ્રગટ છે, વિભાવરસ હોય તો વિભાવની શક્તિ પ્રગટ છે. એના ઉપરથી આપણે ઉપદેશ શું ગ્રહણ કરવાનો છે ? કે, જો જીવના પરિણામની શક્તિ એના રસમાં હોય તો આ જીવે વિભાવરસ તૂટીને સ્વભાવરસ ઉત્પન્ન થાય તે કરવા યોગ્ય છે. એના

ઉપરથી આપણે લેવું છે શું ? કે, વિભાવરસ તોડવો જોઈએ, વિભાવરસ મટવો જોઈએ અને સ્વભાવરસ ઉત્પન્ન થવો જોઈએ. – તે આ જીવનું કર્તવ્ય છે, તો એમાં સ્વભાવની શક્તિ પ્રગટ થશે.

શ્રોતા :– વિભાવરસ તોડવાનો પ્રયોગ શું ? કે, જ્યારે જ્યારે પરમાં રસ આવે ત્યારે સાવધાન થઈને પાછો વળે, એ જ પ્રયોગ છે ને ?

સમાધાન :– એમાં શું છે કે, રસ આવે છે એમાં 'હું'પણું થઈને રસ આવે છે. પોતાને લાગતું વળગતું ન હોય ત્યાં ક્યાંય જીવને રસ આવે નહિ. તમારા ઘરે લગ્ન હોય તો મને હરખ ન થાય. થાય ? (ન થાય) સીધી વાત છે. પોતાનું હોય ત્યાં બધાને રસ આવે છે. 'હું'પણું થાય ત્યાં રસ આવે છે. સીધી વાત છે. તો એમાંથી 'હું'પણું ખેંચી લેવું છે. 'હું તો જ્ઞાન છું', 'હું તો જ્ઞાનતત્ત્વ છું, આ વિભાવતત્ત્વ હું નથી.' આનું નામ 'ભેદજ્ઞાન' છે.

**'તેથી વિભાવરસ તૂટીને સ્વભાવરસ સમુત્પન્ન થાય તે જીવનું કર્તવ્ય છે. વિભાવરસ – શુભ ને અશુભ બન્ને સમાનપણે આત્માને પ્રતિબંધક છે –'** એવું નથી કે, અશુભભાવ વધારે પ્રતિબંધ કરે છે અને શુભભાવ ઓછો પ્રતિબંધ કરે છે. જ્યાં સુધી વાત રસના Factor ને – રસના મુદ્દાને લાગુ પડે છે ત્યાં સુધી બન્ને સરખા પ્રતિબંધક છે. જીવને આત્મા બાજુ જતાં જેટલો અશુભભાવનો રસ રોકે એટલો જ જીવને આત્મા બાજુ જતા શુભભાવનો રસ રોકે. આમ થાય છે. એટલે એ વાત પણ **'– તેવા અવલોકન વગર કોઈ બીજી રીતે પોતાને અનુભવમાં (– સમજમાં) આવી શકે નહિ.'** હવે આ વાત ન્યાયથી સ્વીકારવાની નથી, એમ કહેવું છે. પોતાને શુભાશુભ ભાવ ચાલતાં હોય તેના અવલોકનથી તેના ઊંડાણમાં જાય, તેના રસનો અનુભવ કરે, રસમાં 'હું'પણું થાય છે તેનો અનુભવ કરે અને એ અનુભવથી સમજે કે આ બન્ને સરખું રોકનારું છે. જેટલો અશુભભાવનો રસ આ આત્માને સ્વરૂપ પ્રત્યે વળવામાં

પ્રતિબંધક છે, અવરોધક છે તેટલો જ શુભભાવનો રસ અવરોધક છે. એવું એને પોતાના ચાલતા અવલોકનથી, પોતાના ભાવના અવલોકનથી, પોતાના અનુભવના અવલોકનથી, શુભાશુભ ભાવનો અનુભવ થાય એના અવલોકનથી તેને તે વાત સમજાવી જોઈએ. તો એ (રસ) મોળો પડે.

**'તદુપરાંત રસ ને રુચિનાં પરિણામો અવિનાભાવી છે...'** છે જુદાં જુદાં ગુણોની પર્યાય તોપણ રુચિ અને રસ સાથે રહે છે. જ્યાં રસ છે ત્યાં રુચિ છે (અને) જ્યાં રુચિ છે ત્યાં રસ છે. એટલે રસ અને રુચિના પરિણામો સાથે હોય છે. 'અવિનાભાવી' એટલે સાથે જ હોય છે. એક હોય ત્યાં બીજું હોય જ, એને અવિનાભાવી કહે છે.

**'...તેથી પોતાની વિભાવની રુચિ પલટાવ્યા વિના જે કોઈ જીવ, ધ્યાન–યોગ આદિ પ્રયોગ દ્વારા ઉપયોગને બહિર્મુખતાથી પલટાવી અંતર્મુખ કરવા ચાહે છે – તેને માર્ગની યથાર્થ વિધિના ક્રમની ખબર નહિ હોવાથી તે કાર્યમાં સફળતા પ્રાપ્ત થતી નથી.'** આ અત્યારે ચાલે છે ને ? ધ્યાન અને યોગની શિબિરો અને પ્રકારો, એમાં કોઈ દિવસ અંતર્મુખ ન થઈ શકે, બની શકે જ નહિ. કેમકે વિભાવની રુચિમાં ઊભો છે, વિભાવરસ પ્રતિબંધક છે એ એને ખબર નથી. રુચિને પલટાવ્યા વિના ઉપયોગને પલટાવવા માંગે છે. (પણ એ રીતે) આત્માનો ઉપયોગ – જ્ઞાનોપયોગ કદી પણ આત્મામાં સ્થિર થઈ શકે નહિ કે આત્મા બાજુ વળી શકે નહિ. રુચિ વિભાવની હોય અને જ્ઞાનનો ઉપયોગ સ્વભાવ તરફ વળે (એવું) કદી–કોઈ દિવસ બને નહિ, બની શકે જ નહિ – અસંભવ છે, અશક્ય છે. એવી રીતે પણ માર્ગની યથાર્થ વિધિના ક્રમથી જે અજાણ્યા છે અથવા એ વિષયના વિજ્ઞાનથી અજાણ્યા છે એ એવી રીતે કૃત્રિમ પ્રયોગ કરે છે અને એ કૃત્રિમ પ્રયોગથી કાંઈક સાધના સાધવા માંગે છે એ કદી સફળ થતા નથી.

**'વૈજ્ઞાનિક પરિસ્થિતિ એવી છે કે, પ્રથમ રુચિ પલટયા વિના ઉપયોગ**

**પલટે નહિ.**' આત્માની રુચિ જામ્યા વિના ઉપયોગ આત્મામાં એકાગ્ર થાય એવું કોઈ દિવસ ન બને. ઓળખાણ વગર રુચિ નહિ અને રુચિ વિના સ્વરૂપસ્થિરતાનો અનુભવ નહિ. એવું કોઈ દિવસ બની શકે નહિ. **'તેથી તે વિજ્ઞાનથી અજાણ જીવો અવિધિએ ઉપયોગને પલટાવવા વૃથા પરિશ્રમ કરે છે,...**' એ નકામો પ્રયત્ન છે. સમય અને શક્તિનો દુર્વ્યય છે, બીજું કાંઈ નથી. '**...તેમાં સમય ને શક્તિનો માત્ર દુર્વ્યય જ થાય છે.**' બીજું કાંઈ નથી થતું. ઊલટાંના કોઈ ઊંધે રસ્તે ચડી જાય છે. એવા યોગના પ્રયોગ કરવા જતા ઘણાં પાગલ થઈ જાય છે, ઘણાંને ચિત્તભ્રમ થઈ જાય છે, ઘણાંને એમ થાય છે કે 'મને આમ દેખાણું ને મને તેમ દેખાણું ! મને તેજ દેખાણું ને મને ફલાણું દેખાણું ને જ્યોતિ દેખાણી !' – એ બધી ભ્રમણા છે. એમાં કદી પણ આત્મસ્થિરતા હોતી નથી અથવા અવિધિએ કાર્ય કરવું એ ગૃહીત મિથ્યાત્વને સાધીને એનું ફળ સમ્યક્ આવે એમ ઇચ્છવા બરાબર છે. કેમકે અવિધિ છે એ વિધિ ખોટી છે એને સાચી વિધિ માની છે એ ગૃહીત મિથ્યાત્વ છે. હજી તો અગૃહીત છૂટે નહિ એને પણ અનુભવ ન થાય તો ગૃહીતમાં પડ્યો હોય એને અનુભવ થવાનો તો પ્રશ્ન રહેતો નથી. એટલે એ ઊલટાંનો પોતાના સ્વરૂપથી દૂર જાય છે. અવિધિએ કાર્ય કરનાર જીવ પોતાની સાધનાથી દૂર જાય છે, સ્વરૂપથી દૂર જાય છે અને માને છે કે હું મારા આત્માના હિતનું કાંઈક કાર્ય કરી રહ્યો છું, સાધી રહ્યો છું !

**'નિજહિતની તીવ્ર ભાવનાને લીધે મુમુક્ષુજીવ જ્યારે અવલોકનપદ્ધતિમાં આવે છે ત્યારે પોતાના જ ચાલતા પરિણામનો જે અનુભવ, તેને સમજવાનો અભ્યાસ ચાલે છે.**' શું કહે છે ? કે, અવલોકનપદ્ધતિમાં કોણ આવે ? અથવા કોણ આવી શકે ? (તો કહે છે કે), નિજહિતની તીવ્ર ભાવના હોય તે. આ વિષય ચર્ચાય છે ત્યારે ઘણાં એમ કહે છે કે, 'અવલોકન કરવું છે પણ થતું નથી. ભૂલી જવાય છે, વિસ્મૃત થઈ

જાય છે,' એમ કહે. 'બધું પતી ગયા પછી (એટલે કે) પરિણામ થઈ ગયા પછી યાદ આવે છે કે, આનું અવલોકન કરવું જોઈએ.' એનું કારણ શું ? કે, જેને પોતાના આત્મહિતની તીવ્ર ભાવના હોય તેને અવલોકન થાય, થાય ને થાય જ. જેને આત્મહિતની ભાવના પર્યાપ્ત માત્રામાં નથી એને અવલોકન કરવું છે એમ ખબર પડશે પણ અવલોકન કરી નહિ શકે. આ ભાવનાનું Meter છે.

આમ તો બધા એમ કહેશે કે, 'અમને ભાવના તો હોય જ ને ! અમારું હિત થાય એવી ભાવના કોને ન હોય ? શું કરવા આમાં સમય અને શક્તિ આપીએ છીએ ? અમારી ભાવના છે ત્યારે અહીંયાં સાંભળવા આવીએ છીએ ને !' એમ કામ નથી આવતું. જો ખરેખર પૂરતા પ્રમાણમાં ભાવના હોય તો એ અવલોકનમાં આવે, આવે ને આવે જ, એને શીખડાવવું ન પડે – એમ કહે છે. એને અવલોકન કરવાનો ઉપદેશ આપવો ન પડે. તોપણ એ (અવલોકનમાં) આવે. તિર્યંચને કોણ ઉપદેશ આપે છે ? અને જેને ઉપદેશ મળે છતાં (તે) અવલોકન ન કરી શકે કેમકે ભાવનાની ખામી છે. ભાવનાનો આ સીધો હિસાબ છે કે, ભાવના ખરી છે કે ભાવના ખોટી છે, ઉપર ઉપરની છે ? જો ઉપર ઉપરની ભાવના હોય (તો) અવલોકન નહિ થઈ શકે. એ જાગ્રતિ જ નહિ આવે. અવલોકનમાં તો જાગ્રતિ છે. એટલે જાગ્રતિને લાવે તે ભાવના. જાગ્રતિને ન લાવે તે ભાવના નહિ. ભાવના હોય તોપણ તેને ભાવના માનવી નહિ. આમાં ચોખ્ખેચોખ્ખો હિસાબ છે. એક પાણ આમાં આઘીપાછી ચાલે એવું નથી. બહુ ચોખ્ખો હિસાબ છે.

**'નિજહિતની તીવ્ર ભાવનાને લીધે મુમુક્ષુજીવ જ્યારે અવલોકનપદ્ધતિમાં આવે છે...'** એટલે એ વાત લીધી. મુમુક્ષુજીવ અવલોકનપદ્ધતિમાં આવે છે તો એને અભ્યાસ ચાલે છે, એમ નહિ. કારણ સાથે લીધું કે, આ કારણે અભ્યાસ ચાલે છે, નહિતર નહિ ચાલે. **'...મુમુક્ષુજીવ જ્યારે**

**અવલોકનપદ્ધતિમાં આવે છે ત્યારે પોતાના જ ચાલતા પરિણામનો જે અનુભવ, તેને સમજવાનો અભ્યાસ ચાલે છે.**' 'અનુભવ'ને સમજવાનો અભ્યાસ (ચાલે છે). આનું નામ 'જ્ઞાનાભ્યાસ' છે. જ્ઞાનાભ્યાસ કોને કહેવો ? શાસ્ત્ર વાંચે તેને જ્ઞાનાભ્યાસ કહેવો ? કે, પોતાના પરિણામનું અવલોકન કરે એને જ્ઞાનાભ્યાસ કહેવો ? શાસ્ત્રના જ્ઞાનાભ્યાસને ઉપચારથી જ્ઞાનાભ્યાસ કહ્યો છે. કેમકે તે નિમિત્તાશ્રિત કથન છે. માટે ત્યાં ઉપચાર લાગુ પડે છે. ખરેખર એ જ્ઞાનાભ્યાસ નથી.

**'શાસ્ત્રના નિમિત્તે નિમિત્તાશ્રિત જ્ઞાનાભ્યાસ છે જ્યારે અહીં...'** 'અહીં' એટલે અવલોકનમાં. '**...ઉપાદાનાશ્રિત જ્ઞાનાભ્યાસ છે.**' આ ખરો જ્ઞાનાભ્યાસ છે, પેલો ઉપચરિત જ્ઞાનાભ્યાસ છે અને એ પણ ઉપચાર ત્યારે (કહેવાય) કે જ્યારે અવલોકનમાં નિજ જ્ઞાનાભ્યાસ ચાલતો હોય ત્યારે. નહિતર શાસ્ત્રનું વાંચન એ જ્ઞાનાભ્યાસ નથી. ઘડિયા ગોખવાની વાત છે. આ બોલે ને ? ૨x૨ = ૪, ૩x૩ = ૯, ૪x૪ = ૧૬, ૫x૫ = ૨૫. એ ઘડિયા ગોખવાની વાત છે, એમાં જ્ઞાનાભ્યાસ નથી.

શ્રોતા :– 'સોગાનીજી' કહે છે ને દુકાને ચોપડા ફેરવે એમ આ શાસ્ત્રના પાના ફેરવે !

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ ફેર નથી. દુકાને અશુભભાવથી ચોપડાના પાના ઉથલાવતો હતો, આ શુભભાવથી આ ચોપડાના (શાસ્ત્રના) પાના ઉથલાવે છે ! એક દુકાન બંધ કરી અને બીજી દુકાન શરૂ કરી ! દુકાનનું ફળ શું ? કમાણી શું ? સંસાર પરિભ્રમણ ! શાસ્ત્ર વાંચીને સંસાર પરિભ્રમણ વધારે !! આવી પરિસ્થિતિ થાય છે.

શ્રોતા :– છાપા વાંચીએ કે શાસ્ત્ર વાંચીએ એમાં ફેર શું ?

સમાધાન :– એક અશુભ છે અને એક શુભ છે, બીજું કાંઈ નથી. બન્ને દુકાન સરખી છે. સંસાર ફળવા માટે તો બન્ને દુકાન સરખી થઈ જાય છે. એટલે અહીંયાં એ વાત (લીધી) છે કે, જ્ઞાનાભ્યાસ – તત્ત્વજ્ઞાનનો

અભ્યાસ કોને કહેવો ?

**'વારંવારના અવલોકનના દીર્ઘકાલીન અભ્યાસથી અવગુણ ટાળવાના લક્ષવાળો જીવ,...'** આ દૃષ્ટિકોણ અપનાવેલો છે કે, મારે અવગુણ ન જોઈએ. એટલો વિવેક છે, હેય ઉપાદેયનો વિવેક છે કે, ગુણની પ્રાપ્તિ કરવી છે, ગુણ ઉપાદેય છે (અને) અવગુણ છે તે હેય છે. એવો જીવ **'...અનેક પ્રકારના વિભાવભાવોમાં...'** એવા જીવને પોતાના અનેક પ્રકારના વિભાવભાવોમાં **'...આકુળતાનો અનુભવ થાય છે...'** એટલે વિભાવમાં અને વિકલ્પમાં દુઃખ છે **'– તેમ અનુભવપદ્ધતિથી સમજે છે.'** શાસ્ત્રપદ્ધતિથી નહિ. શાસ્ત્રમાં કહ્યું છે કે, રાગ છે, વિકલ્પ છે તે દુઃખરૂપ છે. **'અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને, વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.'** ('સમયસાર' 'કર્તાકર્મ અધિકાર' ગાથા–૭૨). શાસ્ત્રમાં આવશે કે, આસ્રવમાં દુઃખ છે, રાગમાં દુઃખ છે, પણ તને રાગ ઊભો થાય છે ત્યારે દુઃખ લાગે છે ? અનુભવપદ્ધતિ વિના, અવલોકન વિના એ દુઃખને સમજી શકાય નહિ.

શ્રોતા :– ભાઈ, સાચી વિધિ તો એ થઈ કે, શાસ્ત્ર વાંચતા વાંચતા પણ પોતાના પરિણામ તપાસતા જવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– તપાસતા જ જવું જોઈએ. કારણ કે જે ભાવની વાત ચાલે છે એ ભાવ અહીંયાં ચાલે છે તો અહીંયાં એ ભાવ પ્રમાણે કહે છે એવો અનુભવ થાય છે ? શાસ્ત્રમાં તો અનુભવીજીવોએ અનુભવની વાર્તા અનુભવપદ્ધતિથી કહી છે. શાસ્ત્રની પરિભાષા આ છે. શાસ્ત્ર એટલે અનુભવની વાર્તા અનુભવપદ્ધતિથી અનુભવીઓએ કહી હોય તેનું નામ શાસ્ત્ર. બાકી બધા કુશાસ્ત્ર – ખોટા ચોપડા. એમણે તો અનુભવપદ્ધતિથી વાત કરી અને પોતે અનુભવપદ્ધતિ છોડીને કલ્પના કરે અને પોતાના અનુભવમાં આવતા ભાવને ન તપાસે તો એથી કાંઈ શાસ્ત્ર સમજાયું છે એ વાત માનવા જેવી રહેતી નથી.

શ્રોતા :– આમાં જે નિર્દોષતા લખી છે એવી મારામાં નિર્દોષતા છે કે નહિ એ વારંવાર તપાસવું જોઈએ ?

સમાધાન :– નિર્દોષતા સદોષતા બન્નેનું એને અવલોકન ચાલવું જોઈએ. જ્ઞાનમાં નિર્દોષતા છે, વિભાવમાં સદોષતા છે. એક ભાવ સદોષ છે, એક નિર્દોષ છે. એક આત્મભાવ છે, એક પરભાવ છે. એ અવલોકનથી એને સ્વ–પરપણું જણાવું જોઈએ.

સ્વપણું વિભાવમાં થઈ રહ્યું છે તેથી દુઃખ, દુઃખરૂપે નથી લાગતું. હવે જો અવલોકન કરે તો જ્ઞાન અને રાગ બન્ને અનુભવમાં આવી રહેલી ચીજ છે. બન્ને ગુણ એક સમયમાં પરિણમે છે. તો જ્ઞાનમાં સ્વપણું છે અને રાગમાં પરપણું છે એમ એને આવવું જોઈએ. અનુભવથી તો એમ આવવું જોઈએ. પણ એમ નથી આવતું એનો અર્થ કે, એની અંદર જે સ્વપણું છે તેને અવલોકતો નથી. સ્વપણું અવલોકે તો સ્વપણું અનુભવાય. પર છે એ પર જણાય, સ્વ છે એ સ્વ જણાય. બહુ સીધી વાત છે.

શ્રોતા :– આમાં વિષય અનુસાર વિચારીએ તો શાસ્ત્ર અભ્યાસ અને પોતાનો અભ્યાસ બન્ને જરૂરી છે. બન્નેમાંથી એક છોડી દે તો કાર્ય ન થાય.

સમાધાન :– નહિ, છોડવાનો પ્રશ્ન નથી. જેને પોતાનો અભ્યાસ કરવો છે એને એ અભ્યાસથી પારંગત થયેલા પોતાથી વિશેષ જ્ઞાનીઓ, ધર્માત્માઓ, મહાત્માઓ, આચાર્યોએ શું વાત કરી, એ પોતે Tally (મેળવવા) કરવા તો માંગે કે ન માંગે ? શાસ્ત્રને પોતાના પરિણમનમાં સાક્ષી તરીકે જોવું કે, આ શાસ્ત્રો મારા પરિણમનમાં મારા પરિણમનની સાક્ષી પૂરે છે ? તો–તો મને શાસ્ત્ર વાંચ્યું બરાબર છે. એ રીતે શાસ્ત્રને જોવું જોઈએ. શાસ્ત્રનો એમ અભ્યાસ થવો જોઈએ. નહિતર પોતાને છોડીને શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરે – એ (રીતે) તો અંગ પૂર્વની ધારણા કરે (તોપણ) નકામી છે.

'ટોડરમલ્લજી'એ લીધું છે. ખાસ કરીને ચરણાનુયોગના શાસ્ત્ર સંબંધિત વિષય ચાલ્યો છે કે, સમ્યક્દૃષ્ટિ પોતાના પરિણમનમાં જોવે છે કે, મારા આચરણમાં ચતુર્થ ગુણસ્થાને આમ ચાલ્યું, પંચમ ગુણસ્થાને આવા પરિણામ ચાલે, છટ્ઠા–સાતમા ગુણસ્થાને આવા (પરિણામ) ચાલે. મુનિઓ આચરણના શાસ્ત્ર જોવે છે. મુનિઓ આચારંગનો અભ્યાસ કરે છે.

પોતાનું પરિણમન ચાલે છે એમ જ શાસ્ત્ર કહે છે – એમ એને સાક્ષી પૂરે ત્યારે એને પોતાને પણ વિશ્વાસ આવે છે કે, જે મહાત્માઓ આગળ કહી ગયા એ વાત પરમ સત્ય છે. મારા પરિણમનની એ સાક્ષી પૂરે છે. જો એમ ન જોવે તો એને ગ્રંથ વાંચતા આવડતું નથી. એટલે (એમ કહ્યું કે) '**...વારંવારના અવલોકનના દીર્ઘકાલીન અભ્યાસથી અવગુણ ટાળવાના લક્ષવાળો જીવ,...**' અહીં તો મુમુક્ષુજીવ લેવો છે. (એવા જીવને) અનેક પ્રકારના વિભાવભાવોમાં આકુળતાનો જે અનુભવ થાય છે તે આકુળતાને અનુભવથી સમજે છે, અનુભવપદ્ધતિથી સમજે છે.

'**તેમજ તે તે વિભાવોમાં નિહિત છતાં વ્યક્ત...**' 'નિહિત' એટલે જલ્દી દેખાતી નથી, સંતાયેલી છે. '**...વ્યક્ત મલિનતાને પણ અનુભવથી સમજે છે.**' એમાં મલિનતા છે. જ્ઞાન પવિત્ર છે અને વિભાવ છે એ મલિન છે અને અપવિત્ર છે. ભાવની મલિનતા અને પવિત્રતાને એ અનુભવથી સમજે છે. કોઈ કુટિલ પરિણામ હોય ત્યારે નથી કહેતા કે, 'બહુ મેલા પરિણામ છે. આ જીવના પરિણામ બહુ મેલા છે. એની સાથે કામ પાડો તો જરાક સંભાળજો ભાઈ !' એમ નથી કહેતા ? એ તો તીવ્ર મલિનતા છે એટલે બીજાં પણ સમજી શકે છે. પણ વિષ્ટાનો એક કણ હોય તોપણ મલિન છે અને ઢગલો હોય તોપણ મલિન જ છે. એમ વિભાવનો એક કણ હોય તોપણ અપવિત્ર જ છે, મલિન જ છે. એ ભાવની મલિનતા અવલોકન વગર સમજાતી નથી. જ્ઞાનની પવિત્રતા

અને વિભાવની મલિનતા અવલોકન વગર કોઈ દિવસ સમજાય નહિ. એ એક એવી ચીજ છે કે, એની ઓળખાણ વગર એ સમજાય નહિ. પરિચય વગર ઓળખાણ થાય નહિ (અને) અવલોકન વગર પરિચય (થતો) નથી.

એ દુઃખ અને મલિનતા જ્યારે સમજે છે ત્યારે '**...તે તે ભાવોની અરુચિ જન્મે છે અને ત્યાંથી ખસવાની સહજ વૃત્તિ ઉદ્ભવે છે.**' આ પ્રયત્ન અહીંથી શરૂ થયો (કે), અહીંથી ખસવું. જ્યાં મલિનતા છે, જ્યાં દુઃખ છે ત્યાંથી પોતે હટવા માંગે છે, સહજપણે ! '**આમ વિભાવરસ મંદ પડે છે.**' આ પ્રકારે વિભાવરસ મંદ પડે છે. '**અવલોકનના અભ્યાસમાં આત્મરુચિને લીધે...**' હવે અવલોકનનો અભ્યાસ કોણ કરે છે ? (તો કહ્યું કે) નિજહિતની તીવ્ર ભાવના(વાળો). (એટલે કે) આત્મરુચિને લીધે (અવલોકનનો અભ્યાસ ચાલે છે). પહેલાં તીવ્ર ભાવનાના (સદ્ભાવને) લીધે લીધું હતું. અહીંયાં (કહે છે કે), '**...આત્મરુચિને લીધે સૂક્ષ્મ થયેલા જ્ઞાનમાં પોતાની વિભાવપરિણતિ મુમુક્ષુજીવને ભાસ્યમાન થાય છે.**' હવે, જ્ઞાનમાં આ જે સૂક્ષ્મતા આવે છે એનું કારણ આત્મરુચિ છે. એ વિષય વૈજ્ઞાનિક છે. રુચિ જ્ઞાનની સૂક્ષ્મતાને ઉત્પન્ન કરે છે. આત્મરુચિ વિના જ્ઞાન સ્થૂળ રહે છે. એ વિષય પૂજ્ય બહેનશ્રીએ 'વચનામૃત'માં તો ઘણી જગ્યાએ લીધો છે. કાલે થોડો આધાર લઈને વિચારશું.

❄ ❄ ❄

## પ્રવચન–૫
### તા. ૨૫-૦૨-૧૯૯૦

'સુવિધિ'નું પ્રકરણ (ચાલે છે). **'સામાન્યતઃ સંસારમાં જીવો અનુકૂળતા–પ્રતિકૂળતાની મુખ્યતામાં સંયોગને વળગીને પ્રવર્તતા રહે છે.'** સંસારી જીવનું આ એક સામાન્ય ચિત્ર છે. પોતાની અનુકૂળતા અને પ્રતિકૂળતા, વર્તમાન અનુકૂળતા અને વર્તમાન પ્રતિકૂળતાને જીવ સર્વસ્વપણે વળગે છે. (એટલે કે) એ જ જાણે જીવન હોય, એ જ સર્વસ્વ હોય એવી રીતે સંસારમાં જીવનું પ્રવર્તવું થયાં કરે છે.

**'પરંતુ આત્માર્થીજીવ...'** હવે એવા સામાન્ય સંસારીજીવથી આત્માર્થીજીવ ક્યાં જુદો પડે છે (તે કહે છે). નજીકના ભવિષ્યમાં જે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાનો છે એવો જીવ મિથ્યાદૃષ્ટિ હોવા છતાં અને બીજાં સંસારી જીવો જેવા જ એને પૂર્વકર્મના ઉદય વર્તતા હોવા છતાં, એવા પ્રસંગોમાં એને વર્તવું પડતું હોવા છતાં એ (બીજા કરતાં) જુદો કેવી રીતે પડે છે ? (તો કહે છે કે) **'પરંતુ આત્માર્થીજીવ તે પ્રકારથી અટકી જઈને...'** એને અનુકૂળતા મુખ્ય નથી, પ્રતિકૂળતા મુખ્ય નથી – એને એક પોતાનું આત્મહિત મુખ્ય છે, એટલે એને 'આત્માર્થી' કહીએ. આત્માર્થી કહેવાનું કારણ એ છે કે, એને મુખ્ય થઈ ગયું છે પોતાનું આત્મહિત. અનુકૂળતા મુખ્ય નથી, પ્રતિકૂળતા મુખ્ય નથી. આત્મહિત

થતું હોય તો અનુકૂળતાને છોડી દેવા તૈયાર છે, પ્રતિકૂળતા સહન કરી લેવા તૈયાર છે.

**'પરંતુ આત્માર્થીજીવ તે પ્રકારથી અટકી જઈને ઉદયમાં ઇષ્ટ– અનિષ્ટપણાથી નિવર્તવાના પુરુષાર્થમાં લાગેલો રહે છે –'** અહીંયાં આત્માર્થીને શું પ્રયોગ ચાલે છે (તે કહે છે) કે, જગતમાં કોઈ પદાર્થ ઇષ્ટ નથી, જગતમાં કોઈ પદાર્થ અનિષ્ટ નથી એવું મને સમજાય છે, મને એ વાત ન્યાયથી સંમત થાય છે, બેસે છે તો પછી મને ઇષ્ટ– અનિષ્ટ લાગવું પણ ન જ જોઈએ. જો મારી સમજણમાં એમ છે કે, કોઈ પદાર્થ ઇષ્ટ નથી, કોઈ પદાર્થ અનિષ્ટ નથી, તો મને એમ (ઇષ્ટ– અનિષ્ટ) લાગવું નહિ જોઈએ. મને લાગે છે કેમ ? મને હજી (ઇષ્ટ– અનિષ્ટ) લાગે છે. જે અવસ્થામાં (પરપદાર્થ) છે એ અવસ્થામાં ઇષ્ટ– અનિષ્ટપણું થઈ જાય છે. તો થઈ જાય છે એની સામે હવે એની લડાઈ છે, એની સમજણની લડાઈ છે. ચાલતી યોગ્યતા સામે એને જે નવી સમજણ થઈ છે કે, કોઈ પદાર્થ ઇષ્ટ નથી, કોઈ પદાર્થ અનિષ્ટ નથી છતાં મને કેમ એમ થાય છે ? આમ થવાનું કારણ શું ? આમાં અનિષ્ટ શું લાગ્યું ? આમાં ઇષ્ટ શું લાગ્યું ? ગળી ચીજ છે એનો સ્વાદ ગળ્યો જરૂર છે પણ એમાં સારું શું ? અને જો એકલું સારું જ હોય, એકાંતે સારું હોય તો એનો નિષેધ કેમ આવે ? ખાતા ખાતા 'ના' પાડવી પડે છે તો સારું ક્યાં ગયુ ? સારું લાગ્યું હતું એનું શું ? તો પહેલી (વાત કરી) એ તો યુક્તિ થઈ. ખાતા ખાતા 'ના' પાડવી પડે છે એ તો યુક્તિ થઈ, પણ અનુભવ કેમ આવો છે ? હવે અનુભવ ઉપર આવે છે. એકલી યુક્તિથી સંમત નથી કરવું, અનુભવથી સંમત કરવું છે કે આમ કેમ થાય છે ? આમાં કલ્પના શું ? વાસ્તવિકતા શું ? (એમ કરવા જશે ત્યાં) રસ નહિ ટકે. એની કલ્પના અને વાસ્તવિકતાની ભાંજગડમાં ઉતરે એટલે 'ગળ્યું સારું છે' એ રસ નહિ ટકે. એ રસ છૂટી જશે, તૂટી જશે.

એ પ્રકારે પોતાના ઉદયમાં ઇષ્ટ–અનિષ્ટપણાથી નિવર્તવાના પુરુષાર્થમાં લાગેલો રહે છે. મને ઇષ્ટ–અનિષ્ટપણું લાગે છે કેમ ? છે નહિ ને લાગે છે કેમ ? આની સામે મોટી ઝુંબેશ ઉપાડે છે. જગતમાં કોઈ પદાર્થ ઇષ્ટ–અનિષ્ટ નથી અને મને તો એક એક ઉદયમાં, પ્રસંગે પ્રસંગે, ક્ષણે ક્ષણે ઠીક ને અઠીક, ઠીક ને અઠીક, ઠીક ને અઠીક થયાં જ કરે છે. આ તો બધા સંસારીને થાય છે. આનામાં ફેર શું પડ્યો ? ફેર એ પડ્યો કે, આ વાત એ પોતે ચલાવવા તૈયાર નથી. પોતાના પરિણમનમાં થઈ રહેલી વાત ચલાવવા તૈયાર નથી. આ ન ચાલે. આમાં મારા આત્માનું અહિત થાય છે. આત્માર્થી છે ને ? (એટલે એને એમ લાગે છે કે) આમાં મારા આત્માનું અહિત થઈ રહ્યું છે. એની સામે એને મોટો વાંધો છે. મોટો વાંધો છે એટલે કોઈવાર ખેદખિન્ન થઈ જાય. એટલી નારાજગી થાય કે ખેદખિન્ન થઈ જાય, અંદરમાં ખેદાઈ જાય.

એ પ્રકારે આત્માર્થી જીવ ઇષ્ટ અનિષ્ટપણાથી કેમ નિવર્તાય અને જ્ઞાતા કેમ રહેવાય, તેવા પુરુષાર્થમાં–પ્રયત્નમાં લાગેલો છે. પુરુષાર્થમાં એટલે અહીંયાં પ્રયત્નમાં લાગેલો છે. કેવો એનો પ્રયત્ન છે ? કે, '–**નિજહિતની અપૂર્વ લગનીથી...**' સાધારણ ઉપર ઉપરથી નથી કરતો. મારું હિત કરી જ લેવું છે, આ ભવમાં કરીને જ જાવું છે, પછી અનંતકાળે કોને ખબર Chance મળ્યો કે ન મળ્યો ? માટે કરી જ લેવું છે અને વખત ઓછો છે. કેટલુંક આયુષ્ય તો નીકળી ગયું છે અથવા બહુભાગ નીકળી ગયું હોય છે, ચાલીસ વટાવી ગયા, પિસ્તાલીસ વટાવી ગયા એને (તો) મોટો ભાગ નીકળી ગયો. પછી રહ્યો છે એ નાનો ભાગ રહ્યો છે. એટલે '**– નિજહિતની અપૂર્વ લગનીથી લાગેલો હોવાથી તે અવશ્ય આત્મહિત સાધશે.**' એ આત્માર્થી જીવ બીજાં સંસારી જીવની જેમ અનુકૂળતા પ્રતિકૂળતાના રસમાં અને એ પ્રકારના પરિણામના પ્રવાહમાં તણાઈ નહિ જાય, એ અંદર થંભી જાશે કે 'નહિ, જગતમાં

કોઈ (પદાર્થ) ઇષ્ટ–અનિષ્ટ નથી, આત્મા જ્ઞાતા દૃષ્ટા છે, આ આત્માએ પણ એમજ રહેવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.'

હવે ઉપરના પેરાગ્રાફમાં અવલોકનનું જે પ્રકરણ ચાલી ગયું હતું કે (તેમાં) મુમુક્ષુજીવ આત્મરુચિથી અવલોકન કરતો હોવાથી જ્ઞાનમાં (તેને) પોતાની વિભાવપરિણતિ ભાસ્યમાન થાય છે. એ ભાસ્યમાન થાય છે એ ઉપરાંત ઇષ્ટ–અનિષ્ટપણાની સામે – પોતાના પરિણામની સામે એની લડાઈ શરૂ થઈ છે. આમ અહીંથી હવે આગળ ચાલતા... એક એક પગથિયું લીધું છે. **'અવલોકન કરનાર જ્ઞાન સ્વયંનું અવલોકન પણ કરે છે...'** હવે વિષય જરા સૂક્ષ્મ થાય છે. કેમકે જ્ઞાન પણ અહીંથી થોડું સૂક્ષ્મ થાય છે. જ્ઞાન સૂક્ષ્મ થવાનું કારણ રુચિ છે. જેને ઇષ્ટ–અનિષ્ટપણામાં તીવ્ર રસ હોય અથવા રાગની કે પરપદાર્થની તીવ્ર રુચિ હોય એનો ઉપયોગ – એનું જ્ઞાન સ્થૂળ થઈ જાય છે અને ખાસ કરીને અધ્યાત્મવિષય માટે તો સ્થૂળ થઈ જ જાય છે. જગતના વિષયમાં કદાચ ઉઘાડ વધારે હોય, જગતના કાર્યો કરવામાં વિચક્ષણતા હોય, પણ આત્માના હિત–અહિતના વિષયમાં એનું જ્ઞાન સ્થૂળ થઈ જાય છે. એ જ્ઞાન સૂક્ષ્મ થયું છે અને અવલોકન સૂક્ષ્મપણે ચાલે છે ત્યારે **'...અવલોકન કરનાર જ્ઞાન સ્વયંનું અવલોકન પણ કરે છે...'** (એટલે કે) જ્ઞાન પોતાનું પણ અવલોકન કરે છે. હવે જ્યારે જ્ઞાન પોતાના અવલોકનમાં જાય છે, એ Line ઉપર હવે જ્ઞાનની સ્થિતિ આવી – એ Stage ઉપર જ્યારે જ્ઞાન આવ્યું ત્યારે **'...ત્યાં પ્રથમ જ્ઞાનની વ્યાપ્તિના અનુભવને વારંવાર ઉદયના પ્રસંગોમાં તપાસે છે,...'** ચિંતન, મનન કરતા આ Line થોડી બીજી જાતની છે. અવલોકનની જે પદ્ધતિ છે એ અનુભવપદ્ધતિ છે. અનુભવ માટે અનુભવપદ્ધતિ જ સાર્થક છે. અનુભવપદ્ધતિ સિવાઈની કોઈપણ પદ્ધતિ અનુભવ માટે સાર્થક થતી નથી, નિરર્થક જાય છે.

અહીંયાં જ્ઞાન પોતાના – સ્વયંના અનુભવના અવલોકનમાં આવ્યું

ત્યારે પોતે કેટલામાં વ્યાપે છે ? (તે તપાસે છે). ઉદયના કાર્યો થઈ રહ્યાં છે, ઉદયના પરિણામો થઈ રહ્યાં છે, કોઈ ઉદયના કાર્યો ઇચ્છા અનુકૂળ થાય છે, કોઈ ઉદયના કાર્યોમાં ઇચ્છાને અનુકૂળ કાર્ય નથી પણ થતું, ત્યારે આત્માર્થીજીવ પોતાના અવલોકનમાં તપાસે છે કે મારા જ્ઞાનની વ્યાપ્તિ ક્યાં સુધી ? ઇચ્છામાં મારું જ્ઞાન વ્યાપે ? ઇચ્છા અનુસાર પરપદાર્થમાં કાર્ય થાય એમાં મારું જ્ઞાન વ્યાપે ? વ્યાપે છે ? (આમ) તપાસે છે. પોતાના જ્ઞાનની વ્યાપ્તિના અનુભવને તપાસે છે. વિચાર કરે છે એમ નહિ. વિચાર છે સાથે સાથે પણ એથી વિશેષ વાત છે કે, પોતે પોતાના અનુભવને તપાસે છે. વારંવાર ઉદયના પ્રસંગોમાં પોતાના જ્ઞાનની વ્યાપ્તિના અનુભવને તપાસે છે.

'**...જે તપાસણીના અભ્યાસની ફલશ્રુતિ...**' એટલે વારંવાર આવું તપાસવું થયું એને અભ્યાસ કીધો. એવી તપાસણીના વારંવાર(ના) અભ્યાસની ફલશ્રુતિ (એટલે) એનું Result – પરિણામ એ '**...એ પ્રકારે આવે છે કે મારું જ્ઞાન કોઈપણ સંયોગી પદાર્થોમાં વ્યાપતું નથી;...**' એને સ્પષ્ટ માલૂમ પડે છે કે, મારું જ્ઞાન જ્ઞાન સિવાઈ ક્યાંય આગળ વ્યાપી શકતું નથી. મારું જ્ઞાન જાણવાના કાર્ય સિવાઈ ક્યાંય વ્યાપી શકતું નથી. એટલે '**(પુદ્ગલનાં જે જે કાર્યો જીવભાવ સાથે નિમિત્ત નૈમિત્તિકભાવે પરસ્પર મેળવાળાં થઈ રહ્યાં છે, તોપણ)**' ઇચ્છા અનુકૂળ કાર્ય ન થાય ત્યાં નિમિત્ત નૈમિત્તિક સંબંધનો મેળ નથી. ઇચ્છા પ્રમાણે કાર્ય થાય ત્યારે નિમિત્ત નૈમિત્તિક સંબંધનો મેળ થયો. એવા ઇચ્છા અનુસાર કાર્ય થાય ત્યારે પણ એનું જ્ઞાન બરાબર જાણે છે કે, 'નહિ, મારા જ્ઞાનની વ્યાપ્તિ નથી એટલે ત્યાં મારી વ્યાપ્તિ નથી. ભલે ઇચ્છા થઈ, ઇચ્છા પ્રમાણે કાર્ય થયું પણ આ આત્મા કરી શક્યો નથી, આ આત્માએ કરેલું નથી, કેમકે હું ત્યાં વ્યાપ્યો નથી.' આમ પોતાની ગેરહાજરી છે (એમ જોવે છે). બીજાં સંસારી જીવને શું થાય છે ? કે, જે કાર્ય પોતાની ઇચ્છા

અનુસાર થાય છે ત્યાં એને એમ થાય છે કે, 'આ મેં કર્યું, મને ઇચ્છા થઈ, મેં કર્યું, હું હતો તો થયું, મારા કારણે થયું, મારા આધારે થયું અને આની સફળતાનું કારણ હું જ છું.' નિમિત્ત નૈમિત્તિક સંબંધે મેળવાળું કાર્ય થાય ત્યારે જીવને એટલો રસ પડી જાય છે કે, હીરની–રેશમની દોરી એની ગાંઠ મારી અને ઉપર તેલનું ટીપું નાખે. એ રસ (ગાંઠ) જાણે કોઈ 'દી ખૂલવાનો જ નથી.

અજ્ઞાનભાવે એવા અનુકૂળતાના કાર્યોમાં આ જીવે જે રસ લીધા છે, એની જે પરિણતિ જામ થઈ ગઈ છે એ કાઢવાની મોટી મુસીબત છે. મોટી વિટંબણા ત્યાં છે, પછી તો સ્વરૂપપ્રાપ્તિ સહજ છે. કેમકે સ્વરૂપ કાંઈ લેવા જાવું નથી, સ્વરૂપ કાંઈ નવું બનાવવાનું નથી, કોઈ તૈયાર કરવાની – રાંધવાની ચીજ નથી કે, રસોઈ તો રાંધીએ તો ખવાય એ પહેલાં ખવાય નહિ. આ તો ચીજ તૈયાર છે. પણ પોતે એવી જગ્યાએ મૂકાઈ ગયેલો છે કે જાણે ભાવમાં પોતાથી લાખો યોજન દૂર છે. એવી પરિસ્થિતિમાં પોતે ઊભો રહી ગયો છે. એટલે એ તકલીફ મટાડવા માટેની પ્રક્રિયા શું છે – Process શું છે ? કે આ રીતે તેણે અવલોકનપદ્ધતિમાં આવી ઇષ્ટ–અનિષ્ટપણાના ઉદયની સામે, પોતાના ભાવની સામે, અભિપ્રાયની સામે લડાઈ કરી પોતાની અપૂર્વ લગનીથી અને રુચિથી જો જ્ઞાન સૂક્ષ્મ થાય તો એ જ્ઞાનની વ્યાપ્તિને તપાસે. અહીંથી ભેદજ્ઞાનનું પ્રકરણ શરૂ થાય છે. અંતરંગમાં ભેદજ્ઞાનનો પ્રયોગ કેવી રીતે ચાલુ થાય છે ? એના પ્રથમ તબક્કામાં કેવી રીતે શરૂ થાય છે ? એનું આ શરૂઆતનું વર્ણન છે.

શ્રોતા :– અહીંયાં ઉદયની સાથે તો જુદો પડે છે પણ ઇચ્છાની સાથે પણ જુદો પડે છે ?

સમાધાન :– હા, વ્યાપવામાં જ્ઞાન જ્ઞાનમાં જ વ્યાપે છે. જ્ઞાન ચાલતી ઇચ્છામાં અને રાગમાં પણ વ્યાપતું નથી તો રાગના વિષય સુધીનો તો

પ્રશ્ન જ ઊભો થતો નથી. કેમકે એ તો ક્ષેત્રથી પણ ભિન્ન છે. આ તો હજી એકત્વ થઈ રહ્યું છે એટલે પોતામાં થાય છે એમ ખબર પડે છે કે, ઇચ્છા મને થાય છે. પણ '**...કોઈપણ સંયોગી પદાર્થોમાં વ્યાપતું નથી; માત્ર જાણવાની મર્યાદામાં રહે છે.**' જ્ઞાન ફક્ત જાણવા પૂરતું મર્યાદિત રહી જાય છે. જાણવાના ભાવમાં જ મારી વ્યાપ્તિ છે આથી આગળ મારી વ્યાપ્તિ નથી. હું વ્યાપતો નથી ને. એટલે કે મારી હયાતી જ નથી ને. જ્યાં વ્યાપ્યવ્યાપકપણે મારી હયાતી ન હોય ત્યાં 'મેં કાર્ય કર્યું' એ વાત આવે ક્યાંથી ? બને ક્યાંથી ? હોય ક્યાંથી ? વિકલ્પ પણ માત્ર વિકલ્પની જ મર્યાદામાં રહે છે. એ વખતનો જે વિકલ્પ છે એ વિકલ્પની મર્યાદામાં, જ્ઞાન જ્ઞાનની મર્યાદામાં, પુદ્‌ગલનું કાર્ય પુદ્‌ગલની મર્યાદામાં (રહે છે).

માનો કે, આ બોલવાની ઇચ્છા પ્રમાણે બોલાય છે, પણ પુદ્‌ગલમાં આ જ્ઞાનની વ્યાપ્તિ નથી, બોલવાનો વિકલ્પ થાય છે એમાં પણ આ જ્ઞાનની વ્યાપ્તિ નથી. અત્યારે ! અને અત્યારે ફક્ત જ્ઞાન જ્ઞાનની મર્યાદામાં – જાણવાની મર્યાદા સિવાઈ ક્યાંય આગળ વ્યાપતું નથી – બોલનારને એમ છે. સાંભળનારને એમ આવવું જોઈએ કે, સાંભળવાની ઇચ્છામાં જ્ઞાન વ્યાપતું નથી. શબ્દો જે સંભળાય છે એમાં મારી વ્યાપ્તિ નથી. શબ્દોને સાંભળવા માટે ઇચ્છા થઈ એમાં મારી વ્યાપ્તિ નથી. મારું જ્ઞાન મારા જ્ઞાનની મર્યાદામાં વ્યાપે છે.

એક વખત અમારા ઘનિષ્ટ ચર્ચા કરનારા બધા (મુમુક્ષુઓ) હોય એમાં પ્રશ્ન કર્યો હતો કે, સાંભળવા બેસો છો ત્યારે આ પ્રકારનો પ્રયોગ લઈને સાંભળવા બેસો છો ? તો કહે કે, વિચાર પણ આવતો નથી, પ્રયોગની (તો) ક્યાં વાત કરવી ? ગુરુદેવનું પ્રવચન સાંભળવા બેઠાં, તો એવી કોઈ તૈયારી કરીને બેસો છો કે, જ્ઞાન માત્ર જાણે છે. હું જ્ઞાનમાત્ર છું. માત્ર જાણવું એટલું જ મારું કાર્ય છે. આ સાંભળવાની ઇચ્છા, શબ્દો

અને ગુરુદેવ (તેમાં) ક્યાંય મારી વ્યાપ્તિ નથી. હું ક્યાંય નથી. આ તો એક સતત પ્રયત્ન કરવાનો વિષય છે. એનો વિકલ્પ પણ ન ઊઠે, એની શરૂઆત પણ ન થાય તો બધું અધ્ધર અધ્ધર જ ચાલવાનું. કોઈ વાત અંદર કેવી રીતે ઉતરશે ?

શ્રોતા :– ભાઈ ! એક પ્રશ્ન છે – જ્ઞાન થયું એ જ્ઞાનગુણની પર્યાય છે, ઇચ્છા થઈ એ ચારિત્રગુણની પર્યાય થઈ, તો એક ગુણ બીજાં ગુણને કેવી રીતે ફેરવે ? ઇચ્છાને ફેરવીએ જ છીએ ને ? ઇચ્છાને પરમાંથી સ્વમાં ફેરવવાનું આપ કહી રહ્યાં છો ને ?

સમાધાન :– નહિ, ઇચ્છાને નથી ફેરવવી. જ્ઞાનને જાણવું છે કે હું ક્યાં છું ?

શ્રોતા :– પણ એ ચારિત્રગુણની પર્યાયને જ્ઞાન કેવી રીતે ફેરવી શકે ? એક ગુણ બીજાં ગુણને કેવી રીતે ફેરવી શકે ?

સમાધાન :– ચારિત્રગુણની પર્યાયમાં હું નથી, એમ જ્ઞાન જાણી તો શકે કે ન (જાણી) શકે ? જ્યારે ચારિત્રગુણમાં પોતે નથી, જ્ઞાન જ્ઞાનગુણમાં છે, તો ચારિત્રગુણમાં જે ઇચ્છા થઈ એમાં હું નથી, એટલું જાણવું છે. ભલે પછી ઇચ્છા ઇચ્છામાં રહી. એનો મને વાંધો નથી. ઇચ્છામાં 'હું'(પણું) થાય એમાં મને વાંધો છે.

શ્રોતા :– ઇચ્છામાં તો હું જ છું ને, બીજો કોઈ થોડો છે ?

સમાધાન :– નહિ, અહીંયાં વિચારણીય વિષય છે કે, 'હું'પણું ઇચ્છામાં થાય ત્યારે જ્ઞાનમાં ન થાય. જ્યારે જીવને 'હું'પણું રાગમાં કે ઇચ્છામાં થાય ત્યારે જ્ઞાનમાં ન થઈ શકે. જ્યારે જીવને જ્ઞાનમાં 'હું'પણું થાય ત્યારે ઇચ્છામાં 'હું'પણું ન થઈ શકે. જ્ઞાન અને રાગ પરસ્પર વિરૂદ્ધ સ્વભાવી હોવાથી બન્ને જગ્યાએ 'હું'પણું થઈ શકતું જ નથી. આ તો બની શકતું જ નથી. તો બની રહ્યું છે એ એ પ્રકારે બની રહ્યું છે કે, ઇચ્છામાં 'હું'પણું થઈ રહ્યું છે. હવે ખરેખર (તો) જ્ઞાનમાં 'હું'પણું

છે. જીવનું અસ્તિત્વ જ્ઞાનમાં છે, રાગમાં નહિ. કેમકે રાગમાં અસ્તિત્વ હોય તો રાગનો નાશ થતાં (જ્ઞાનના) અસ્તિત્વનો નાશ થાય. અને જ્ઞાન તો સતત ચાલુ રહે છે. જ્ઞાનનું સાતત્ય ભૂંસાતું નથી.

શ્રોતા :– ઇચ્છા તો પર તરફનો ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :– પર તરફનો ભાવ છે અને એ ભાવ પણ મલિન છે, એ સ્વભાવભૂત ભાવ પણ નથી અને એ ખરેખર ચારિત્રગુણનું પરિણમન હોવા છતાં વિકારી પરિણમન છે, રોગ છે.

શ્રોતા :– ભાઈ ! એક પ્રશ્ન છે કે, જ્ઞાનમાં પરલક્ષ હોવાથી ઇચ્છા ઉત્પન્ન થાય છે, એમ છે ?

સમાધાન :– ઇચ્છા ઉત્પન્ન થવામાં અજ્ઞાન અને મિથ્યાત્વનો રોગ તો છે, પણ ઇચ્છા ઉત્પન્ન થવાનું મૂળ કારણ સ્વરૂપનું અભાન છે. સ્વરૂપનું અભાન (કારણ) છે.

શ્રોતા :– પણ જ્ઞાન પર સાથે એકત્વ કરે છે માટે ઇચ્છા ઉત્પન્ન થાય છે ?

સમાધાન :– નહિ, મૂળમાં તો પોતે ઇચ્છારહિત જ્ઞાનમય પદાર્થ છે એના બેભાનપણામાં ઇચ્છા ઉત્પન્ન થાય છે. મૂળિયું આ છે. પછી ઇચ્છા થવાના બીજાં ઘણાં કારણો ઊભા થાય છે અને વિભિન્ન પ્રકારની ઇચ્છા થવાના પણ ઘણાં કારણો ઊભા થાય છે. એક તો જાણે જીવને પોતાના સ્વરૂપના અભાનમાં પોતામાં પોતાની સ્વયંની સુખબુદ્ધિ નથી. એટલે અવશ્ય એને અનાદિથી રાગમાં અને પરમાં સુખબુદ્ધિ છે અને જ્યાં સુખ (માન્યું) હોય ત્યાં એની ઇચ્છા થયાં વગર રહે જ નહિ, એને રોકી શકાય નહિ. ભલે નથી તોપણ ! જેમાં સુખ ભાસ્યું (તેની) ઇચ્છા થયાં વગર ન રહે. એટલે ઇચ્છા થયાનું કારણ પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે, પોતાના સ્વરૂપનું અભાન છે.

શ્રોતા :– 'આમાં સુખ છે' એવી ઇચ્છા જ્ઞાને કરી ?

સમાધાન :– એવી ઇચ્છા આત્માએ અજ્ઞાનપણે કરી છે. આત્માએ કરી છે, અજ્ઞાનપણે કરી છે. આખો આત્મા જ ત્યાં ઉલજે છે અને આત્મા અજ્ઞાનપણે તે ઇચ્છા કરે છે.

હવે અહીંયાં જ્યારે તેણે એક વિચાર કર્યો છે કે, આત્મા એક જ્ઞાનમય પદાર્થ છે. જ્ઞાનને સર્વ અન્ય પદાર્થો માત્ર જ્ઞેયરૂપે જ છે. જ્ઞેય સિવાઈ જ્ઞાનની પાસે બીજું કોઈ ખાતું જ નથી. ઇષ્ટ અને અનિષ્ટપણાનું ખાતું બંધ કરવાની વાત છે. કોઈ પદાર્થ ઇષ્ટ છે – એ ખાતું જ્ઞાનને નથી. કોઈ પદાર્થ ખરાબ છે – એ ખાતું જ્ઞાનને નથી. છતાં પોતાને આત્માર્થીની અવસ્થામાં થઈ જાય છે તો થઈ જાય છે એની સામે એનો પ્રયત્ન ઊભો થાય છે કે, આ ન થવું જોઈએ. જીવની આ એક કલ્પના છે, વાસ્તવિકતા એમ છે જ નહિ, આ કલ્પના થઈ કેમ ? થવાનું કારણ શું છે ? (આમ થતાં) થશે શું ? કે, રસ તૂટશે. આ ભાંજગડથી રસ તૂટી જશે. જરૂર છે રસને તોડવાની, કેમકે ભૂતકાળમાં એવા રસથી ગાંઠ મારીને તેલનું ટીપું રેડ્યું છે કે, એમાં જ એને મુશ્કેલી છે. જો રસ તોડવાનું એને ચાલુ થયું, એટલું કાર્ય એના પરિણામમાં ચાલુ થયું (તો) જીતી જશે. એની જીત છે. રસ તોડતા આવડ્યો તો જીત્યો સમજી લ્યો ! રસ ન તૂટ્યો તો સમજી લેવું કે હવે હારી ગયો, આનું કામ નથી. એટલે આ રસ તોડવાની પ્રક્રિયા છે.

શ્રોતા :– રસ તૂટી જાય એટલે ઇચ્છા તો આપોઆપ જ નાશ થઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇચ્છાનું બિચારીનું તો પછી કાંઈ બળ જ ન રહ્યું ને ! જ્યાં રસ વગરની ઇચ્છા છે ત્યાં એનું શું બળ છે ? એને તોડવી એ તો સામાન્ય વાત છે. મૂળ તો રસમાં જ શક્તિ છે. આગળ એક વાત લઈ લીધી છે. **'જીવના પરિણામના વિજ્ઞાન અનુસાર પરિણામની શક્તિ તેમાં રહેલા રસમાં મોજૂદ છે.'** પરિણામની શક્તિ ક્યાં છે ?

કે, એ પરિણામ જે રસ લઈને ઊપજ્યું છે એમાં એ પરિણામની શક્તિ છે. એ પરિણામની શક્તિ તોડવી હોય તો (આ અવલોકનનો પ્રયોગ છે). વિભાવ પરિણામનો વિભાવરસ છે. શુભમાં શુભરસ છે, અશુભમાં અશુભરસ છે – બન્ને વિભાવ છે. એનો રસ તોડ્યો તો એ પરિણામમાં પછી કોઈ તાકાત નથી, કોઈ શક્તિ નથી.

શ્રોતા :– રસ કહો કો ઇચ્છા કહો, બન્ને એક જ છે ?

સમાધાન :– નહિ, રસ રસ છે અને ઇચ્છા રસ વગર પણ થાય, રસ સહિત પણ થાય. ઇચ્છા કષાય છે. જ્ઞાનીને ઇચ્છા થાય છે પણ રસ નથી. ખાવાની ઇચ્છા થાય, બોલવાની ઇચ્છા થાય, હાલે, ચાલે, પૂજા, ભક્તિ કરે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે, સંસારના કાર્યો (કરે), જે ઉદય હોય એ બધું કાર્ય કરતો દેખાય. એમાં ઇચ્છા પણ દેખાય. (પણ) રસ નથી.

શ્રોતા :– ઇચ્છા અને રસ બન્ને જુદાં જુદાં ગુણની પર્યાય છે ?

સમાધાન :– નહિ, હવે આ તો ઝીણું કાંતવું છે ને ! આ તો વિભાવ પરિણામ છે. સ્વભાવ તો આથી ઝીણો છે. આ કષાય તો સ્થૂળ વિષય છે, છતાં પણ એમાં સૂક્ષ્મતા છે. ફરીને હવે એ વિષય લઈએ. ઇચ્છા વગેરે પરિણામ કષાય છે. કષાય એક વાત છે, કષાયરસ એક બીજી વાત છે. જીવને સ્વરૂપનો પ્રથમ નિર્ણય, જીવને નિર્ણયના કાળમાં પ્રથમ સ્વરૂપ ભાસ્યમાન ક્યારે થાય ? કે, એનો કષાયરસ મંદ પડી ગયો હોય એ કાળમાં. આ ૧૯મો બોલ છે. 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં ('સમયસાર')ની ૧૪૪ ગાથાના પ્રવચનમાંથી ખેંચેલો, 'નંદીશ્વર જિનાલય'માં કોતરાયેલો ૧૯ નંબરનો બોલ છે. ત્યાં 'કષાયરસ' શબ્દ વાપર્યો છે. તો કષાય અને કષાયરસ, (એ) બે વાતમાં ફેર શું ? કષાયરસ તીવ્ર હોય અને કષાય મંદ હોય. શુભભાવમાં ચડી જાય અને શુભભાવનો જે કષાયરસ છે એ ઘણો તીવ્ર હોય, (એ) એને નુકસાન કરે. જ્ઞાની

અશુભભાવમાં હોય અને એનો કષાયરસ મંદ હોય. દેખાય અશુભભાવમાં અને કષાયરસ એનો મંદ હોય. મિથ્યાત્વ અવસ્થામાં કષાય તીવ્ર થાય અને કષાયરસ સાથેસાથે તીવ્ર થઈ જાય છે. અને કષાય મંદ થાય અને કષાયરસ મંદ પણ થઈ શકે છે, એ તો સંભવિત વાત છે. પણ પહેલી (કહી) એ તો વિરૂદ્ધ વાત છે કે, કષાયરસ તીવ્ર હોય (અને) કષાય મંદ હોય. કષાયરસ મંદ હોય અને કષાય તીવ્ર હોય. એવું બને છે. એટલે બન્ને જુદાં જુદાં મુદ્દા છે.

એક જ પરિણામની અંદર આ બે જુદી જુદી વાત છે. એટલે આ અવલોકન વગર નથી સમજાતું. રસનો જે Factor છે એ વિચાર, મનનથી નથી સમજાતો. કેમકે વિચાર, મનન છે એ તર્કણામાં જાય છે અને વિચાર, મનનનો વિષય જ્ઞાનમાં પરોક્ષ રહે છે. વિચારજ્ઞાન છે એ પરોક્ષજ્ઞાનની પ્રક્રિયા છે અને એનો વિષય જ્ઞાનમાં પરોક્ષ રહી જાય છે. જ્યારે અવલોકનમાં વિષય પ્રત્યક્ષ છે એટલે સીધો અનુભવ પકડાય છે અને અનુભવ પકડાય છે ત્યાં સૂક્ષ્મતા આવે છે. આમાં તો કષાય અને કષાયરસ બે વાત છે, એ અવલોકન વગર નથી સમજાતું. એટલે આની અંદર એ પદ્ધતિ અનિવાર્ય છે.

જો કે આ સમજાવવું પડે એ જરા બરાબર નથી લાગતું. એટલાં માટે કે આવું કેમ સમજાવવું પડે ? જ્યારે આ વિષય જ પોતાની Lineનો છે, પોતાના ભાવની Line છે ત્યારે શું જીવ પોતાના પરિણામને તપાસ્યા વગર, પોતાનું અવલોકન કર્યા વગર તત્ત્વજ્ઞાન સમજી લ્યે ? એ કાંઈ યોગ્ય પદ્ધતિ છે ? જે વિષય તમે ચર્ચાની એરણ ઉપર લ્યો છો – Agenda ઉપર લ્યો છો એ વિષયને તમે સાવ પડતો મૂકો છો. તમારા ઘરમાં ચાલતા પરિણામ છે, તમારા આત્મામાં ચાલતા પરિણામ છે તેને તમે એકકોર મૂકો અને તત્ત્વજ્ઞાન એનું શીખી લ્યો ! પલાખા અને ઘડિયા ગોખી નાખો ! આ તો કેવી વિચિત્ર વાત કહેવાય ?!! ખરેખર તો એમ

કહેવું પડે એ ખોટું છે ! માણસ એમ કહે ને કે, 'તમને આ કહેવું એ ખોટું છે ! તમને આવું કહેવું ન પડવું જોઈએ.' એમ આટલી વાત તો સામાન્ય પ્રથમ તબક્કે સમજાય એવી છે કે, જ્યારે આ જીવના શુદ્ધિકરણનો વિષય છે, આત્માની શુદ્ધિનો જ્યારે વિષય છે ત્યારે શુદ્ધિ અશુદ્ધિના જે પરિણામ છે એને તપાસ્યા વગર એ વિષય સમજાય કેવી રીતે ? એમને એમ એ વિષય કેવી રીતે સમજાય ? અને સમજાણો હોય તો એ સમજાણો છે એ કહેવાય કેમ કે એ સમજાણો છે ? વાત ખરેખર સમજાણી જ નથી. એટલે તો એ વાત થોડી બરાબર નથી લાગતી કે, આ વાત કહેવી પડે છે, એ બરાબર નથી લાગતી.

(અહીંયાં એમ કહે છે કે) જ્ઞાન તો '**...માત્ર જાણવાની મર્યાદામાં રહે છે.**' '**વિકલ્પ પણ માત્ર વિકલ્પની જ મર્યાદામાં રહે છે.**' જોતા જાવું ! તપાસતા જાવું ! '**તે વિકલ્પ પણ વિકલ્પ અનુસાર કાર્ય ભજે એવા શરીરાદિની પર્યાયોમાં વ્યાપતો નથી.**' હવે વિકલ્પને જોવે તોપણ ખ્યાલ આવે એવું છે કે, આ બોલવાનું થાય છે, આ હોઠ ને જીભ ને કંઠ ને બધું ચાલે છે છતાં વિકલ્પ એમાં વ્યાપતો નથી. શરીરની ક્રિયામાં વિકલ્પ નથી વ્યાપતો. '**...વિકલ્પ પણ વિકલ્પ અનુસાર કાર્ય ભજે એવા શરીરાદિની પર્યાયોમાં વ્યાપતો નથી. આ રીતે કાર્ય-કારણમાં સ્વ-પરની ભિન્નતા અવલોકનથી સમજાતાં...**' કાર્ય-કારણનું જે પ્રકરણ છે એમાં સ્વ-પરની ભિન્નતા સમજાય છે, એમ નહિ પણ અવલોકનથી સમજાય (છે). ન્યાયથી, તર્કથી, શાસ્ત્રથી નથી લેવું, યુક્તિથી નથી લેવું પણ અવલોકનથી પોતાને સમજાય તો '**...જીવનો ઉદયના કાર્યો કરવાનો રસ તૂટે છે...**' રસ તૂટે છે ત્યારે '**...તેવાં પરિણામમાં પરપદાર્થ પ્રત્યેનું જોર ઘટી જાય છે.**' આ ઊંધાં પુરુષાર્થનું બળ તૂટ્યું. રસ તૂટ્યો એટલે ઊંધાં પુરુષાર્થનું બળ ઘટી ગયું. જે કામ હું કરી શકતો નથી એમાં હું જોર કેટલું દઉં ? જે કામ આ આત્મા કરી જ શકતો નથી એમાં જોર કેટલું

દેવાય ? જ્યારે ‘ભોગાવા’ની રેતીના ચૂરમાના લાડવા બની શકતા નથી, કલર ભલે ચૂરમા જેવો દેખાય અને ચૂરમાની કણી હોય એવી જ બરાબર ભલે રેતીની કણી દેખાય પણ આના લાડવા બનાવીને ચૂરમું બનાવીને ખાઈ શકાતું નથી, તો એના લાડવા બનાવવામાં જોર કેટલું આવે ? આ તો વ્યર્થ છે, આ પ્રવૃત્તિ જ વ્યર્થ છે એમ ભાસે છે. આની કોઈ સાર્થકતા નથી. એ આગળ આવી ગયું ને કે, સમય અને શક્તિનો દુર્વ્યય છે એવું લાગે. (એ રીતે અવલોકનથી) **‘...જોર ઘટી જાય છે.’**

**‘જ્યાં કોઈપણ કાર્ય કરવામાં રસ ને જોર ન હોય...’** પરિણામની અંદર ભલે ઇચ્છા ઉત્પન્ન થઈ ગઈ, વિકલ્પ ઉત્પન્ન થઈ ગયો પણ એનો રસ અને જોર ન હોય. **‘...ત્યાં તત્–સંબંધિત દુરાગ્રહ અને તીવ્ર કષાયરસ કેમ થાય ?’** એ કાર્ય માટેનો કોઈ દુરાગ્રહ નહિ આવે, એ કાર્ય માટેનો કોઈ તીવ્ર કષાયરસ નહિ થાય. એની અંદર તીવ્રપણું નહિ આવે. રસ તૂટી જશે.

વળી, **‘સર્વ દોષથી રહિત થવાની ભાવનામાં, પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનો અભિપ્રાય રહેલો છે.’** અહીંયાં આ વાત સામે એક પ્રશ્ન આવે છે કે, શુદ્ધિ અને પૂર્ણ શુદ્ધિ કેવી છે, એ તો ખબર નથી. આ (સૂત્ર) છે ને ? **‘પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.’** તો પૂર્ણતા – જે મોક્ષ છે તેનું લક્ષ કેવી રીતે થાય ? એની તો ખબર નથી, એ ભાવની સમજણ તો આવી નથી, એ ભાવ ભાસ્યો નથી તો એ ક્યાંથી ઊભું થયું છે ? પૂર્ણતાનું લક્ષ ક્યાંથી આવ્યું છે ? (તો કહે છે કે) સર્વ દોષથી રહિત થવાની જે ભાવના (છે તેમાંથી આવ્યું છે). સર્વ દોષથી – તમામ દોષથી – એક કણથી પણ, દોષના એક કણિયાથી પણ રહિત થવું છે. એમાં પૂર્ણ શુદ્ધિની ભાવના રહેલી છે. આ નાસ્તિમાં અસ્તિ છુપાયેલી છે. ‘ના ના નાસ્તિ વિચાર, પણ અસ્તિ એમ સૂચવે’ ‘શ્રીમદ્જી’એ લીધું છે ને ? આ નહિ... આ નહિ... આ નહિ... આ

નહિ... એ 'ના ના નાસ્તિ વિચાર'માં અસ્તિ સૂચવે છે.

**'સર્વ દોષથી રહિત થવાની ભાવનામાં, પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનો અભિપ્રાય રહેલો છે. તેથી પૂર્ણ શુદ્ધતાનું લક્ષ...'** અથવા પૂર્ણ શુદ્ધતાનું **'...ધ્યેય દઢ મોક્ષેચ્છામાં પરિણમિત થાય છે.'** પ્રથમમાં પ્રથમ આત્માર્થી જીવને દઢ મોક્ષેચ્છા હોય છે. જો દઢ મોક્ષેચ્છા ન હોય તો કોઈ વાત આગળ નહિ ચાલે. દઢ મોક્ષેચ્છાથી જ બધી વાત આગળ ચાલે છે. એટલે એને **'વાસ્તવિક શરૂઆત'** કહી છે. **'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત'** કહી છે. એ વિના ખરેખર તો શરૂઆત જ નથી. અથવા આ જીવે એવી દઢ મોક્ષેચ્છા સિવાઈ અત્યાર સુધી જેટલું કર્યું છે એમાં તેણે શરૂઆત કરી નથી, શરૂઆત જ કરી નથી. એમ તેણે અત્યાર સુધી જે કરેલું છે એના ઉપર પહેલાં ચોકડી મૂકી દેવી.

દઢ મોક્ષેચ્છા અથવા પૂર્ણ શુદ્ધિની ભાવના – આ લક્ષ, આ ધ્યેય બંધાણું ? તો હવેથી શરૂઆત થશે. નહિતર એ પહેલાં કર્યું એ કોઈ શરૂઆત થઈ જ નથી. માન્યું હોય કે, મેં શરૂઆત કરી છે, માન્યું હોય કે, હું આટલો આગળ વધ્યો છું – (તો) એ બધું ખોટું છે, શરૂઆત નથી થઈ. આ વાત એટલી બધી મુદ્દાની છે કે, જીવ આમ વિચાર કરે છે કે, 'આપણે આમ શરૂઆત કરીએ, આપણે ધર્મ કરવા માટે આમ શરૂઆત કરીએ, ધર્મ કરવા માટે આમ શરૂઆત કરીએ, અહીંથી શરૂઆત કરીએ.' આ શરૂઆતના વિષયમાં જ જીવ ભૂલ કરે છે. પાયાની ભૂલ અહીંયાં કરે છે. જે શરૂઆત નથી તેને શરૂઆત માની બેસે છે. પછી ત્યાંથી ચણતર કરવા માંડે છે કે, 'હવે હું અહીંથી આગળ વધું, આટલો આગળ વધું... અહીંયાં આટલો આગળ વધ્યો.. અથવા વધું... વધ્યો અથવા વધું...' બેમાંથી એક વાત થયાં કરે છે. પણ મૂળમાં શરૂઆત હોતી જ નથી. એટલે એ બધું ઊલટી દિશામાં (એટલે કે) ગૃહીત મિથ્યાત્વમાં આગળ ચાલવાની વાત છે.

જેમ સંપ્રદાયમાં ઉપવાસ માનીને, ઉપવાસ કરીને તપશ્ચર્યા માને તે ગૃહીત મિથ્યાત્વ છે. ઉપવાસ કરીને તપશ્ચર્યા માને તે ગૃહીત મિથ્યાત્વ છે. એમ જેને શરૂઆત નથી થઈ તેણે શરૂઆત માની એ ગૃહીત (મિથ્યાત્વમાં) ચાલ્યો ગયો. ક્યાંથી ગૃહીત શરૂ થાય છે ? જો દઢ મોક્ષેચ્છા અથવા પૂર્ણ શુદ્ધિનું ધ્યેય નથી (તો) શરૂઆત નથી કરી, શરૂઆત થઈ જ નથી. ગુરુદેવ ના પાડે છે, અનંત તીર્થંકરો ના પાડે છે. ગુરુદેવ ના પાડે છે એટલે અનંત તીર્થંકરો ના પાડે છે. **'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.'** એ સિવાઈ કોઈ શરૂઆતનો પ્રશ્ન ઉપસ્થિત જ થતો નથી. આ પાયાની વાત છે. હવે કેટલું એના ઉપર ધ્યાન દીધું છે, એ વિચારવા જેવો વિષય છે. આ એક સૂત્ર તો ગુરુદેવે આપ્યું છે અને 'સ્વાધ્યાય મંદિર'માં એક એક ફૂટના, દોઢ દોઢ ફૂટના અક્ષરથી લખ્યું છે. ઊંચે છે એટલે સારી રીતે વાંચી શકાય. એના ઉપર આપણું ધ્યાન કેટલું ગયું ?

જો કે આ તો બહુ કુદરતી છે. જે જીવ આવા લોકોત્તરમાર્ગમાં પ્રવેશ કરવા માંગે છે એને સીધું જ ધ્યાન એ જાય છે, સીધું જ એ લક્ષ જાય છે કે, મારે ખરેખર ક્યાં પહોંચવું છે કે જેને લઈને હું જ્યાં ઊભો છું ત્યાંથી શરૂઆત કરું. શરૂઆત તો જ્યાંથી ઊભો છે ત્યાંથી કરવી પડશે. પણ પોતે ક્યાં ઊભો છે ? કેવી સ્થિતિમાં ઊભો છે ? એની એને ખબરે નહિ પડે. ખબરે નહિ હોય અને ગમે તે કરવા લાગી જશે કે, 'હવે હું ધર્મ કરું છું, હું મારું કાર્ય કરું છું, હું મારા આત્મહિત માટે ફલાણું કરું છું, ઢીકણું કરું છું.' કાંઈ ખબર જ નહિ હોય કે, હું ક્યાં ઊભો છું ? આ ધ્યેય બાંધશે ત્યારે એને ખબર પડશે કે, હવે હું ક્યાં ઊભો છું ? એ વિષય **'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'** (પુસ્તકના) પહેલાં પ્રકરણમાં થોડો વધારે ચર્ચ્યો છે.

**'તેથી પૂર્ણ શુદ્ધતાનું લક્ષ–ધ્યેય દઢ મોક્ષેચ્છામાં પરિણમિત થાય**

**છે.'** બહુ કુદરતી છે આ ! **'સ્વરૂપપ્રાપ્તિની આવી ભાવનામાં આત્મસ્વભાવની ભાવના ગર્ભિત છે.'** આ વાત એટલાં માટે લીધી છે કે, પૂર્ણ શુદ્ધતા એ તો મોક્ષદશા છે. આત્માની પૂર્ણ શુદ્ધદશા એ તો (મોક્ષદશા છે) અને એ તો પર્યાય છે. અમારે તો સ્વભાવ પકડવો છે, અમે (તો) એમ સમજ્યા છીએ ! પર્યાયદૃષ્ટિ અને દ્રવ્યદૃષ્ટિનો વિષય જુદો જુદો છે ને ? પર્યાયદૃષ્ટિ મિથ્યાત્વ છે, દ્રવ્યદૃષ્ટિ તે સમ્યક્ત્વ છે. ઊલટો–સુલટો ફેર છે. ત્યારે અહીંયાં દૃઢ મોક્ષેચ્છા અથવા પૂર્ણ શુદ્ધિ (કહી) એ (તો) પર્યાયનો વિષય (થયો).

ગુરુદેવને કોઈએ પૂછ્યું. કારણ કે દ્રવ્ય–પર્યાયનો વિષય બહુ ચર્ચાણો અને એમાં પણ ખાસ કરીને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (પુસ્તકના પ્રકાશન) પછી વધારે ચર્ચાણો. એટલે આ સૂત્ર ઉપર એક વખત ચર્ચા ચાલી. 'સાહેબ ! આ પૂર્ણતાના લક્ષે શરૂઆત એ ત્રિકાળી ધ્રુવની વાત છે કે પર્યાયની વાત છે ?' તો (ગુરુદેવે કહ્યું) 'પર્યાયની વાત છે.' ત્રિકાળી ધ્રુવનું પકડી લીધું હોય. પકડી લીધું એટલે એમ જ અધ્ધરથી ! તો એને એમ થાય કે, 'આ વળી પર્યાયની વાત ક્યાંથી આવી ? પર્યાયની વાત તો આપણે છોડી દેવાની છે.' એટલે આ વાત અહીંયાં નાખી છે એનું કારણ એ છે કે, સ્વરૂપપ્રાપ્તિની આવી ભાવનામાં, પોતાને પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ કરવી છે એવી સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આત્મસ્વભાવની ભાવના ગર્ભિત છે. એમાં સ્વભાવની ભાવના ગર્ભિત છે. હજી એને સ્વભાવનો પત્તો હવે લાગશે. નિર્ણયના કાળે (પત્તો લાગશે). પણ એને સ્વભાવની ભાવના ત્યાંથી આવી છે. કેમ ? (કેમકે) પૂર્ણ શુદ્ધરૂપે આત્માનું રહેવું, થવું, એવું જ વસ્તુનું સ્વભાવતત્ત્વ છે. જે મૂળતત્ત્વ, સ્વભાવતત્ત્વ, ધ્રુવતત્ત્વ છે, એ આ રીતે પરિણમવું એવું એનું મૂળતત્ત્વ છે. જો પરિણમનની અપેક્ષાથી એને જોવામાં આવે તો આવું પરિણમન થવું એ જ વસ્તુનું મૂળસ્વરૂપ છે. એની ભાવનામાં સ્વભાવની ભાવના ગર્ભિત છે. એ કેમ સ્વભાવ

ઉપર આવી જશે, એનું કારણ આ છે. દઢ મોક્ષેચ્છામાંથી સ્વભાવ ઉપર કેવી રીતે એ જીવ આવે છે ? એ વાત હવે વિચારવી છે. કેવી રીતે ભૂલ થયાં વગર કુદરતી આવી જાય છે ! (આમ થતાં) પર્યાયબુદ્ધિ છૂટી જશે.

**'તેથી મુમુક્ષુ જીવને પોતાનું મૂળસ્વરૂપ ઓળખવાની કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.'** પૂર્ણ શુદ્ધિની ભાવના પહેલાં, પૂર્ણ શુદ્ધિના ધ્યેય પહેલાં જો એ સ્વરૂપને ઓળખવા જાય છે (તો એને) નહિ ઓળખાય. પૂર્ણ શુદ્ધિના ધ્યેય પછી જો એ ઓળખવા જાય છે તો એની કોઈ અપૂર્વ જિજ્ઞાસા છે. આવી પૂર્ણ શુદ્ધતા જીવ ક્યાં ઠરીને ઠામ થાય ? ક્યાં સ્થિર થાય ? ક્યા તત્ત્વને પકડી રાખે તો આમ થવાય ? એ જોવાનું છે. કેમકે પરિણામ ચલિત તત્ત્વ છે. પરિણામ પોતે આત્માનું અનિત્ય, ક્ષણિક અને ચલિત – મેચક તત્ત્વ છે. 'સમયસાર'માં એને મેચક કહ્યું છે. હવે આ પોતે જ ધજાની પૂંછડી જેવો અંશ છે, હલ્યા જ કરે... હલ્યા જ કરે... હલ્યા જ કરે... ઉત્પાદ્ વ્યય... ઉત્પાદ્ વ્યય... ઉત્પાદ્ વ્યય... ઉત્પાદ્ વ્યય... થયાં જ કરે. પૂર્ણ શુદ્ધિ લાવવી છે, આ (અવસ્થાની) અંદર બધો મેલ ભર્યો છે, પૂર્ણ શુદ્ધિ આમાં જોઈએ (તો) શું કરવું જોઈએ ? ક્યાં સ્થિર થવું જોઈએ ? એવું ક્યુ તત્ત્વ છે કે જેના ઉપર આ એકાગ્ર થાય તો પૂર્ણ શુદ્ધિ થાય ? એની પહેલી ખોજ આમાંથી શરૂ થાય છે. અંતર ખોજનો વાસ્તવિક પ્રકાર આમ ઉત્પન્ન થાય છે. નહિતર લોકો સ્વભાવની ખોજ કરે છે પણ એ એવી રીતે પરલક્ષી જ્ઞાનમાં કરે છે કે, શાસ્ત્રમાંથી ગોતી ગોતીને જાણે આત્મા ગોતી નાખવો હોય ! શાસ્ત્રમાં આત્મા કેવી રીતે બતાવ્યો છે ? કેમકે શાસ્ત્ર તો અનુભવી જીવોના કથનો છે તો કેવી રીતે આત્માને કીધો છે ? કેવી રીતે આત્માને બતાવ્યો છે ? આવો આત્મા ! આવો આત્મા ! આવો આત્મા ! ઘણી વાતો કરી છે આત્માની ! પણ આ અંતર ખોજનો વિષય છે અને આ રીતે

એની અંતર ખોજ શરૂ થાય છે, બીજા પ્રકારે નહિ. તો એનો પત્તો લાગે છે. (એવો) આ એક ખાસ કરીને ચોક્કસ વિષય છે, એની ચોક્કસ લાઈનદોરી છે.

શ્રોતા :– હજી આ બધું વિકલ્પો દ્વારા જ ચાલે છે ને ?

સમાધાન :– વિકલ્પની અવસ્થામાં હજી આ બધું ચાલે છે.

શ્રોતા :– અત્યાર સુધી આ જે બધું કર્યું એ વિકલ્પો દ્વારા જ કર્યું ?

સમાધાન :– વિકલ્પની પ્રધાનતામાં અને જેને એમ કહીએ કે કોઈપણ જાતની વ્યવસ્થિત વિચારપદ્ધતિથી નહિ. કોઈ વ્યવસ્થિત Line હાથમાં આવી હોય એમ નહિ. યદ્વાતદ્વા ! 'સમયસાર' વાંચ્યું, 'નિયમસાર' વાંચ્યું, 'શ્રીમદ્' વાંચ્યું, ફલાણું વાંચ્યું, આ વાંચ્યું, આ વાંચ્યું... ઘણું વિચાર્યું. (પણ) વાસ્તવિક શરૂઆત કેમ થાય છે એના ઉપર ખ્યાલ ગયો નથી. જે કુદરતી જ જવો જોઈએ અને એને લઈને અપૂર્વ જિજ્ઞાસાથી જે સ્વભાવની અંતર શોધ થવી જોઈએ એ પ્રકારમાં જીવ આવતો નથી. એટલે આ 'સુવિધિ'ના વિષયમાં લીધું છે. આ એક ચોક્કસ કાર્યપદ્ધતિની વિધિ છે, લાઈનદોરી છે.

શ્રોતા :– એક પછી એક પગથિયા છે, એમાં એક પગથિયું ભૂલે તો પછી આગળ ચાલે ?

સમાધાન :– નહિ, એ પ્રશ્ન જ આમાં નથી. આ તો એકદમ વૈજ્ઞાનિક પદ્ધતિ છે. વિજ્ઞાન જ એ જાતનું છે.

**'તેથી મુમુક્ષુ જીવને પોતાનું મૂળસ્વરૂપ ઓળખવાની કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે. આવી જિજ્ઞાસાનો અંત જ્યાં સુધી 'સ્વરૂપ નિર્ણય'માં ન આવે...'** એટલે કે આવી જિજ્ઞાસાનો અંત જ્યાં સુધી સ્વરૂપનું ભાવભાસન ન થાય **'...ત્યાં સુધી અતૃપ્ત જિજ્ઞાસા...'** એ જિજ્ઞાસા તૃપ્ત નથી થતી. (એવી) **'...અતૃપ્ત જિજ્ઞાસા મુમુક્ષુ જીવને સર્વ ઉદયપ્રસંગમાં**

**અને પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં નીરસ કરી દે છે.**' આ એક જિજ્ઞાસાનું સ્વરૂપ છે. 'અપૂર્વ જિજ્ઞાસા' એ એક શબ્દ થયો. પણ એનો 'ભાવ' શું છે ? એમ જો વિચારવામાં આવે તો એ ભાવ એવો છે કે, એ જિજ્ઞાસા તૃપ્ત ન થાય ત્યાં સુધી એને કોઈ ઉદયમાં રસ આવે નહિ, કોઈ પંચેન્દ્રિયના વિષયમાં રસ આવે નહિ.

માણસને એક લૌકિક ચિંતા ઊભી થાય ને તોપણ ખાવું ભાવતું નથી. સામાન્ય રીતે ભાવતું ભોજન હોય તોપણ એને ક્યાંય હખ પડે નહિ. માણસ Tensionમાં આવી જાય છે ત્યારે એને ક્યાંય રસ પડે નહિ, કોઈ ઉદયમાં એને રસ પડે નહિ. એક સામાન્ય ચિંતામાં આવું બને છે તો સ્વરૂપની અપૂર્વ જિજ્ઞાસા કેવી ચીજ છે ? (તો કહે છે કે) એ જિજ્ઞાસાને વશ પણ જીવને ક્યાંય રસ ન પડે.

'**એટલું જ નહિ...**' એથી આગળ હજી '...**પણ એ સ્થિતિની તીવ્રતામાં પસાર થતાં...**' લંબાણું... સ્વરૂપ શોધ કરતાં હજી પત્તો લાગતા થોડી વાર લાગી તો એ '...**તીવ્રતામાં પસાર થતાં ઊંઘ પણ ઊડી જાય છે...**' મોટા ભાગના એ ભૂમિકાના મુમુક્ષુજીવની એકવાર નીંદર ઊડી જાય છે. એ જાણે રાત દિવસ સ્વરૂપને શોધે છે !! એવી સ્થિતિમાં આવી જાય કે, એની ઊંઘ એકવાર હરામ થઈ જાય. ચેનથી ઊંઘ આવે નહિ. એને જાણે અંદરમાં એ જ ચાલે ! (ઊંઘ) આવી જાય તોપણ એને એમ થાય કે, એ જ ચાલતું હતું, હું એ જ ગોતતો હતો. હજી પત્તો કેમ લાગતો નથી ? હજી કેમ પત્તો લાગતો નથી ? એ જિજ્ઞાસાને શાસ્ત્રકારો 'તૃષા'ની ઉપમા આપે છે. તૃષા એક એવી ચીજ છે કે, જેમ જેમ સમય જાય તેમ તેમ તે અસહ્ય પરિસ્થિતિ ઊભી કરે, સહન ન થાય એવી પરિસ્થિતિ આ જિજ્ઞાસાના કાળમાં થાય છે.

હવે 'સોગાનીજી'નો જીવનપરિચય વિચારીએ તો એ આ પરિસ્થિતિમાં હતા. કેમ આવતાવેંત પકડ્યું ? એનું કારણ આ છે કે, એ અસહ્ય

પરિસ્થિતિમાં આવ્યા હતા. 'આત્મધર્મ' વાંચ્યું, ખોજ તો ચાલતી હતી. ઘણાં ધમપછાડા કરતા હતા. એમાં 'આત્મધર્મ' આવ્યું તો એમ થયું કે, વાત તો અહીંયાં લાગે છે. હું કાંઈક ગોતું છું એ તો આ જગ્યાએ લાગે છે. મારે જાવું જોઈએ. ભલે પાંચસો માઈલ દૂર રહ્યું. 'અજમેર'થી 'સોનગઢ' છસો–સાતસો કિલોમિટર છે. તોપણ કહે, જાવું છે, ગયે છૂટકો. અંદરમાં એટલી અસહ્ય પરિસ્થિતિ હતી કે, પ્રાણ છૂટી જાય ! ઊંઘ છૂટી જાય શું પ્રાણ છૂટી જાય !! એવી અસહ્ય પરિસ્થિતિ !! એટલે જેમ કઢેલા દૂધમાં મેળવણ પડે એમ પડી ગયું. એનું કારણ એ હતું. બહુ તીવ્ર સ્થિતિમાં આવ્યા હતા.

એવી તીવ્ર સ્થિતિ 'સોભાગભાઈ'ની ખેંચી છે. આ જુઓ ! પૂર્વભૂમિકાના દાખલા છે કે નહિ ? પૂજ્ય માતાજીની વાત કરે છે કે, પૂર્વભૂમિકામાં સ્વરૂપપ્રાપ્તિની કેવી વેદના હતી ! (એટલે) ખ્યાલ આવે છે કે, બધા એક જ લાઈનમાંથી પસાર થયાં છે. એ લાઈનમાંથી પસાર થાય છે ત્યારે મિથ્યાત્વ એટલું બધું ગળી જાય છે ! મિથ્યાત્વનો જે રસ છે, એ દર્શનમોહનો રસ એ સ્થિતિમાં એટલો બધો ગળી જાય છે કે, એ જગ્યાએ શુદ્ધાત્મા કહેનાર કોઈ પ્રત્યક્ષ સત્પુરુષ આવે તો સીધું જ કામ થાય છે. એ વખતે પ્રત્યક્ષ યોગ થયો તો અનંતકાળે નહિ થયેલું કામ સીધું થઈ જાય છે !! એનું કારણ એ છે.

હવે, ગુરુદેવ તો 'અજમેર' ક્યાંથી જાય ? એમને ક્યાં ખબર છે કે આ 'સોગાનીજી'ને શું વેદના ઊપડી છે ? જુઓ ! કુદરત શું કરે છે આ !! એ પોતે ન રહી શકે. એટલે એમને ઇચ્છા થઈ કે, મારે જાવું જોઈએ. સ્વરૂપપ્રાપ્તિની ભાવના હતી તો પૂજ્ય બહેનશ્રીએ પંદર વર્ષની ઉમરે 'કરાંચી' છોડી દીધું ! 'મારે અહીંયાં નથી રહેવું, લાખ વાતે નથી રહેવું. કોઈ વાતે નથી રહેવું એટલે કોઈ વાતે નથી રહેવું.' આ એમની પૂર્વભૂમિકા છે. (આવી સ્થિતિમાં આવે) ત્યારે પત્તો લાગે

છે. પછી પ્રત્યક્ષ યોગ છે એ સાક્ષાત્ કામ કરે છે. નહિતર યોગ તો અનંતવાર થયો છે.

**'એટલું જ નહિ પણ એ સ્થિતિની તીવ્રતામાં પસાર થતાં ઊંઘ પણ ઊડી જાય છે અર્થાત્ રાત્રિ–દિવસ તેનો આત્મા સ્વરૂપ–શોધમાં લાગેલો રહે છે. નિર્મોહ સ્વરૂપની ખોજની તીવ્રતાને કારણે...'** દર્શનમોહ કેમ જાય છે ? (કેમકે), જે મોહના અભાવસ્વભાવી તત્ત્વ છે એની ખોજ હવે શરૂ થઈ છે. **'નિર્મોહ સ્વરૂપની ખોજની તીવ્રતાને કારણે દર્શનમોહનો અનુભાગ યથાર્થપણે સારા પ્રમાણમાં ઘટે છે.'** યથાર્થ પ્રકારે બહુ સારા પ્રમાણમાં અહીં ઘટી જાય છે. અહીંયાં મિથ્યાત્વ એટલું બધું કાગળ જેવું પાતળું થઈ જાય છે કે, એક ટકોરો મારે ત્યાં કાગળ ફાટી જાય ! આ પતંગનો પાતળો કાગળ આવે છે ને ? સહેજ ટકોરો વાગે તો કાગળ ફાટી જાય. એવું પાતળું મિથ્યાત્વ થઈ જાય છે. એવું પાતળું મિથ્યાત્વ થયું એનો અર્થ શું છે ? કે, દર્શનમોહની શક્તિ પણ એના રસમાં હતી, એના અનુભાગમાં હતી. એટલે કષાયરસ ઘટતાં દર્શનમોહનો રસ પણ ઘટવાનો પ્રસંગ આવ્યો. એટલે દર્શનમોહની શક્તિ ન રહી. જેની શક્તિ ન રહે એ દબાય. સીધી વાત છે. એને ઉપશમ થવાનો અવસર ક્યાંથી આવ્યો ? કે, એની શક્તિ હીન થઈ ગઈ. શક્તિ હીન થઈ એટલે દબાય છે.

**'...નિર્મોહ સ્વરૂપની ખોજની તીવ્રતાને કારણે દર્શનમોહનો અનુભાગ યથાર્થપણે સારા પ્રમાણમાં ઘટે છે. તેથી જ્ઞાનમાં અનાદિથી રહેલાં અજ્ઞાન–અંધકારના પટલની ગાઢતા આછી થાય છે,...'** આ જે પડ છે એ જ્ઞાનને આડું એક પડ છે. બાહ્ય ક્ષયોપશમ ખૂલવો બીજી વાત છે અને અંદરની લાઈનની સૂઝ આવવી એ બીજી વાત છે. પોતાના આત્માની મુક્તિ માટે, હિત માટે અંદરનો માર્ગ પકડાવા માટેની સૂઝ આવવી એ જ્ઞાનની નિર્મળતાનો વિષય છે. એને આડે એક ગાઢ અંધકારનું પટલ છે –

પડદો છે. એ (ગાઢતા) અહીંયાં ઓછી થઈ જાય છે. બે જગ્યાએ કામ થાય છે – એક શ્રદ્ધાગુણમાં અને એક જ્ઞાનગુણમાં. બે જગ્યાએ તૈયારી થાય છે. એ તૈયારી બરાબર થાય એટલે આગળનું કામ સહજમાત્રમાં, કર્તૃત્વના પરિણામ કર્યા વિના, કર્તૃત્વબુદ્ધિ વિના સહેજે સહેજે થાય છે. લગભગ તો સમ્યગ્દર્શનની નિર્વિકલ્પ સ્થિતિ પહેલાં એ નિર્વિકલ્પ સ્થિતિનો વિકલ્પ જ નથી હોતો. એ જીવ તો એના કામમાં જ લાગેલો છે. પેલી સ્થિતિ તો સહજ આવીને ઊભી રહે છે. એને વિકલ્પ નથી કે, હું નિર્વિકલ્પ થાઉં. ત્યાં એવો વિકલ્પ નથી. એવો વિકલ્પ હોય તો એ વિકલ્પ જ એને નડે. કેમકે (એ વિકલ્પ) પર્યાયાશ્રિત છે અને પર્યાયનું જોર તો ત્યાં આગળ દ્રવ્યદૃષ્ટિ કરવામાં ઊડાડી દેવાનું છે. એટલે એ સ્થિતિ તો એવી રીતે આવીને ઊભી રહે છે.

એટલે એ પહેલાં જે શ્રદ્ધા, જ્ઞાનમાં પરિસ્થિતિ છે એના ફેરફારો અંદરમાં ને અંદરમાં કેવી રીતે થાય છે, એ વાત અહીંયાં લીધી છે. વિશેષ વિસ્તારથી લેશું.

❄ ❄ ❄

**વિધિ :- જ્ઞાન વડે સ્વયંની (પૂર્ણ સામર્થ્યની) પ્રત્યક્ષતાનું અવલોકન થતાં, તેમાં 'હું છું'- એમ નિજપદનું આસ્તિક્ય થતાં અર્થાત્ નિજ સત્તાના અવલંબનની ભીંસ થતાં તે રૂપ પુરુષાર્થ દ્વારા અનુપમ પદની લીનતા થાય. (આમાં જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થતાં પુરુષાર્થ વડે સ્થિરતા (ચારિત્ર) થયું.) બધું સાથે જ છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૨૧૮)

## પ્રવચન–૬
### તા. ૨૬-૦૨-૧૯૯૦

('સુવિધિ'નું પ્રકરણ ચાલે છે). (તેમાં) અવલોકનનો વિષય ચાલતો હતો. પ્રથમ સ્થૂળ ભાવોનું એટલે શુભાશુભ દોષિત ભાવોનું અવલોકન થાય છે. એના અવલોકનથી એનો રસ ઘટે છે. અવલોકનના અભ્યાસને લીધે સ્વરૂપપ્રાપ્તિની રુચિને લીધે જ્ઞાન (સૂક્ષ્મ થાય છે). આ જ્ઞાન સૂક્ષ્મ થવાના કારણો છે. (આ પ્રકારે) જ્ઞાન સૂક્ષ્મ થતાં જ્ઞાન સ્વયંનું પણ અવલોકન કરે છે. સ્વયંનું અવલોકન કરતાં પોતાની વ્યાપ્તિના અનુભવને તપાસે છે. ત્યારે જ્ઞાન એમ જોવે છે કે, વિકલ્પમાં, શરીરાદિના કાર્યોમાં અને સંયોગના કાર્યોમાં મારી વ્યાપ્તિ નથી, હું વ્યાપતો નથી. પોતાની વ્યાપ્તિ નહિ હોવાથી પોતે (પરના કાર્ય) કરી શકતો નથી, એ શક્યતા, અશક્યતાનું પણ ચોક્કસ જ્ઞાન ત્યાં થાય છે. જ્યારે પોતાની અનુપસ્થિતિને લીધે કાર્ય થવાનો પ્રશ્ન જ નથી એટલે એ કામ ઉપરનું, એ પરિણામ ઉપરનું જોર અને રસ પણ તૂટે છે. અહીં સુધી (ઉપરના) પેરાગ્રાફનો સારાંશ છે.

(હવે ત્યાંથી આગળ લઈએ). **'સર્વ દોષથી રહિત થવાની ભાવનામાં,...'** હવે શું કહે છે કે, આવું અવલોકન કરનારને સ્વભાવની શોધ કરવાનું કેમ સૂઝ્યું ? એવી વાત ક્યાંથી સૂઝી ? ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરનાર અનેક જીવો અનેક પ્રકારે પોતાની માનેલી ધાર્મિક પ્રવૃત્તિ

કરે છે, છતાં કોઈ સ્વભાવની શોધ કરતું નથી – અંતર ખોજ કરતું નથી. એક આ પદ્ધતિમાં – અંતર અવલોકનમાં આવેલા જીવને પોતાના શુદ્ધ સ્વભાવને શોધવાની વૃત્તિ ક્યાંથી થઈ ? એવી સૂઝ ક્યાંથી આવી ? એવો વિચાર કેમ આવ્યો ? એ સંબંધી અહીંયાં સ્પષ્ટીકરણ છે. એવો પ્રશ્ન ઊઠે તો એનો આ ઉત્તર છે.

સર્વ દોષથી રહિત થવાની ભાવનામાં પૂર્ણ શુદ્ધિની ભાવના (રહેલી) છે. સર્વ દોષથી રહિત થવાની ભાવના કહો કે પરિપૂર્ણ શુદ્ધ થવાની ભાવના કહો, એ બન્ને એક અભિપ્રાયથી ઉત્પન્ન થયેલાં પરિણામ છે. તેથી પૂર્ણ શુદ્ધતાનું જેને ધ્યેય છે, પૂર્ણ શુદ્ધતાનું જેને લક્ષ છે અથવા બીજી ભાષામાં દૃઢ મોક્ષેચ્છા છે. આ શબ્દનો પ્રયોગ 'શ્રીમદ્જી'એ કર્યો છે – 'દૃઢ મોક્ષેચ્છા' ! હવે સમ્યગ્દર્શનની ઇચ્છા નહિ અને મોક્ષની ઇચ્છા કેમ ? સમ્યક્જ્ઞાનની ઇચ્છા નહિ અને મોક્ષની ઇચ્છા કેમ ? એવો પ્રશ્ન ઊઠે તો તેનો પણ ઉત્તર છે.

જેને જેટલું જોઈતું હોય એના પ્રમાણમાં એનો પુરુષાર્થનો ઉપાડ આવે. થોડું જોઈતું હોય તો થોડો પુરુષાર્થ કરે, વધારે જોઈતું હોય એ વધારે પુરુષાર્થ કરે છે. આ તો સ્પષ્ટ અનુભવગોચર વાત છે. રોજના દસ રૂપિયા કમાવા હોય એ દસ રૂપિયા પૂરતી જ મહેનત કરશે. રોજના દસ હજાર જોઈતા હોય તો એને મોટો આરંભ સમારંભ કરવો પડશે. એને એટલો ખર્ચો ચડે છે. એના પ્રમાણમાં એને ધ્યાન આપવું પડશે, એના પ્રમાણમાં એને પુરુષાર્થ ઉપાડવો પડશે. અહીંયાં જેને દૃઢ મોક્ષેચ્છા છે એનો પુરુષાર્થ એના અનુપાતમાં – એના પ્રમાણમાં ઉત્પન્ન થશે. આ એક પુરુષાર્થના ઉત્થાનમાં મૂળનો તફાવત છે. મૂળમાં ફેરફાર છે એ આ છે.

તેથી પૂર્ણ શુદ્ધતાનું લક્ષ અથવા ધ્યેય અથવા દૃઢ મોક્ષેચ્છામાં તે પરિણમિત થાય છે. (શું પરિણમિત થાય છે ?) આ (સર્વ દોષથી રહિત

થવાની) ભાવના અને આ (પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનો) અભિપ્રાય. હવે એ ભાવના અને અભિપ્રાયથી જે ધ્યેય થયું તે **'સ્વરૂપપ્રાપ્તિની આવી ભાવનામાં આત્મસ્વભાવની ભાવના ગર્ભિત છે.'** એમાં સ્વભાવની ભાવના ગર્ભિત છે. એને ખબર નથી સ્વભાવ કેવો છે ? પણ પૂર્ણ શુદ્ધતા મને હોવી જોઈએ એમાં પૂર્ણ શુદ્ધ સ્વભાવની ભાવના ગર્ભિતપણે આવી ગઈ છે. અથવા જેને દૃઢ મોક્ષેચ્છા છે તેની ભાવનાના ગર્ભમાં સ્વભાવની ભાવના ઉત્પન્ન થઈ ગઈ છે. અહીંથી એને સ્વભાવની વૃત્તિ ઉત્પન્ન થાય છે, સ્વભાવની ખોજ આવે છે. એનું મૂળ કારણ આ છે. તેમાં આત્મસ્વભાવની ભાવના ગર્ભિત છે.

**'તેથી મુમુક્ષુ જીવને પોતાનું મૂળસ્વરૂપ ઓળખવાની કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.'** મારું મૂળ સ્વરૂપ શું છે ? હું કેવો છું ? એ વાત જ્યાં સુધી મને નિશ્ચિત ન થાય, મને ભાસે નહિ ત્યાં સુધી કોઈ વાતની સાચી સૂઝ નહિ આવે. ખરેખર શું કર્તવ્ય છે ? શું અકર્તવ્ય છે ? કાંઈ નક્કી જ નહિ થઈ શકે. એટલે એ પહેલાં કાંઈ કરવું છે એ વાત એક બાજુ રહી ગઈ. પહેલાં મારા સ્વભાવની ઓળખાણ થવી જોઈએ. મારું સ્વરૂપ શું છે એ મને નક્કી થવું જોઈએ. એવી કોઈ અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે.

**'આવી જિજ્ઞાસાનો અંત...'** આ જિજ્ઞાસા ક્યારે સમાપ્ત થાય ? કે, **'...જ્યાં સુધી 'સ્વરૂપ નિર્ણય'માં ન આવે...'** (અર્થાત્) સ્વરૂપનો ભાવ ન ભાસે, સ્વરૂપ લક્ષમાં ન આવે, પ્રત્યક્ષ અંશ ઉપરથી અનંત પ્રત્યક્ષ – સર્વ પ્રત્યક્ષ સ્વરૂપ ભાસે નહિ ત્યાં સુધી આ જિજ્ઞાસા અતૃપ્ત રહે છે. જિજ્ઞાસામાં સંતોષાતો નથી. એટલે સામાન્ય રીતે મુમુક્ષુ જીવ જ્યાં ત્યાં સંતોષાઈ જાય છે, સંતોષ પકડીને અટકી જાય છે, એ પ્રકાર આને નથી ઉત્પન્ન થતો.

શ્રોતા :– અંશ ઉપરથી અંશી ઓળખવો એમ વાત છે ?

સમાધાન :– હા, અંશ ઉપરથી અંશી ઓળખાય છે. જ્ઞાન અંશ છે અને અંશી આખો આત્મા છે, જ્ઞાનસ્વભાવી આત્મા છે. ખરેખર તો આત્મા અને જ્ઞાન એને જુદું ન પાડી શકાય, ભેદકલ્પનાથી જુદું પાડવામાં આવે છે તોપણ જુદું ન પાડી શકાય એવું તત્ત્વ છે અને એ 'સમયસાર'નું રહસ્ય છે, જ્ઞાનતત્ત્વ છે. આત્મા જ્ઞાનતત્ત્વ છે અને જ્ઞાન તે આત્મતત્ત્વ છે, (આચાર્ય મહારાજ) એ વાત બહુ શરૂથી ઉપાડતા આવ્યા છે. જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ (અને) આત્માનુભૂતિ તે જ્ઞાનાનુભૂતિ છે.

શ્રોતા :– બીજાં અનંત ગુણ ગૌણ થાય છે ?

સમાધાન :– બીજાં અનંત ગુણોનું રૂપ એને મળી જ જાય છે. એટલે બીજાં અનંત ગુણો નથી, એવો એની અંદર નિષેધ નથી. પણ બીજાં અનંત ગુણો કેટલાં છે ? કેવાં કેવાં છે ? એનું પ્રયોજન નથી. કોઈ છદ્મસ્થ જીવને છદ્મસ્થ અવસ્થામાં બધા ગુણોનું જ્ઞાન થતું જ નથી, અશક્ય છે. કેવળજ્ઞાનમાં જ થાય છે. છતાં એને અખંડ, અભેદ, પરિપૂર્ણ શુદ્ધ આત્મા અનુભવમાં છે અને લક્ષમાં છે. એવા મતિ–શ્રુત(જ્ઞાનના) અભેદ પરિણમનમાં અનંત ગુણોનું જ્ઞાન ગર્ભિત છે, અનંત નયોનું જ્ઞાન ગર્ભિત છે. બધા નયોનો ઉપયોગ પણ ન થાય. કેમકે સાધક અવસ્થાને એટલો સમય નથી, અસંખ્ય સમય જ છે. અને કોઈને તો અંતર્મુહૂર્ત જ હોય છે. ક્યાંથી નયનો ઉપયોગ લાવે ? કેટલાંક તો બહાર જ નથી નીકળતા ! એટલે એ નયના વિકલ્પ થવાં, પ્રમાણના વિકલ્પ થવાં કે અનેક ગુણધર્મોનું, આત્મામાં રહેલા ગુણોનું જ્ઞાન થવું એ પ્રયોજનનો વિષય નથી, જાણવાનો વિષય છે. આરાધવાનો વિષય તો અભેદ તત્ત્વ છે. 'જ્ઞાન તે આત્મા' (તેવા પરિણમનમાં) અનંત ગુણોનું અભેદ સ્વરૂપ પકડાય છે, ગ્રહણ થાય છે.

શ્રોતા :– બધા ગુણોનું ભાવભાસન થઈ જાય છે ?

સમાધાન :– બધા ગુણોનું ભાવભાસન થઈ જાય છે. કહી ન શકે અથવા પરોક્ષજ્ઞાન હોવાથી અને કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષ જ્ઞાન નહિ હોવાથી જુદાં પાડીને એને લક્ષમાં ન લઈ શકે. પણ બધા ગુણોનું જ્ઞાન આવી ગયું. અધૂરો આત્મા જ્ઞાનમાં આવ્યો નથી. પૂરો આત્મા જ્ઞાનમાં આવ્યો છે, એમ છે. ગુરુદેવની ભાષામાં કહીએ તો, જેવો આત્મા કેવળજ્ઞાનમાં જાણવામાં આવે છે એવો જ આત્મા નીચે ચોથા ગુણસ્થાને અનુભવમાં આવે છે. કેવળજ્ઞાનમા વિષયભૂત જે આત્મા છે એ જ શ્રદ્ધાનો વિષય છે, એ જ અનુભવનો વિષય છે. ભેદ નથી પડતા તો ભેદનું પ્રયોજન પણ નથી, ત્યાં કામ પણ નથી.

શ્રોતા :– માટે જ્ઞાની તે જ પરમાત્મા ?

સમાધાન :– છે જ ! જ્ઞાની તે પરમાત્મા જ છે !! પરમાત્મા થયાં છે. સ્વરૂપે કરીને તો બધા પરમાત્મા જ છે પણ તે અનુભવથી પરમાત્મા થયાં છે. ખરેખર તો એમ છે.

એ અતૃપ્ત જિજ્ઞાસાનો સંક્ષેપમાં થોડો ચિતાર લીધો છે. '**...અતૃપ્ત જિજ્ઞાસા મુમુક્ષુ જીવને સર્વ ઉદયપ્રસંગમાં અને પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં નીરસ કરી દે છે. એટલું જ નહિ પણ એ સ્થિતિની તીવ્રતામાં પસાર થતાં ઊંઘ પણ ઊડી જાય છે અર્થાત્ રાત્રિ-દિવસ તેનો આત્મા સ્વરૂપ-શોધમાં લાગેલો રહે છે.**' એટલી તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ છે ! ક્યાંય રસ પડે નહિ, ઊંઘ આવે નહિ. એક જ લક્ષ છે કે, મારું સ્વરૂપ કેવું ? એક જ બાજુ એનું ધ્યાન છે, એક જ બાજુ એની તપાસ છે.

પચાસ હજાર, લાખ (રૂપિયાનો) એક હીરો હાથમાંથી પડી ગયો હોય અને જડતો ન હોય તો ઊંઘ આવે છે ? ઘરમાંને ઘરમાં ખોવાઈ ગયો છે ને હવે કાલે ગોતશું, આજે રહેવા દઈએ, સૂવાનો વખત થઈ ગયો. (એમ કોઈ કરે છે ?) ઊંઘ આવવા મંડે છે ? બગાસા આવવા મંડે છે ? સૂવે તો ઊંઘ ન આવે. પથરો છે એ તો ! પણ જો એની

કિંમત લાખ, પચાસ હજારની હોય તો ગોત્યા વગર સૂતો નથી. આ અનાદિથી ચૈતન્યહીરો ખોવાઈ ગયો છે (અને) સમય થાય એટલે આરામથી સૂઈ જાય છે !! કાંઈ પડી નથી. પછી કહે છે કે, મને આત્મા મળતો નથી. પણ તને પડી છે કેટલી, એ વાત નક્કી કર. એમ કંઈ પરમાત્મા રેઢો પડેલો નથી. તને દરકાર ન હોય અને મળી જાય, એવું તો કાંઈ નથી.

'**નિર્મોહ સ્વરૂપની ખોજની તીવ્રતાને કારણે...**' શેની ખોજ છે આ ? આત્મા જે નિર્મોહસ્વરૂપ છે – મોહના અભાવસ્વભાવે રહેલું તત્ત્વ છે એની તીવ્ર ખોજના કારણે '**...દર્શનમોહનો અનુભાગ યથાર્થપણે સારા પ્રમાણમાં ઘટે છે.**' અહીંયાં મિથ્યાત્વનો રસ એકદમ મંદ થાય છે. એટલે જીવ સમ્યગ્દર્શનની સમીપ જાય છે. શ્રદ્ધા અપેક્ષાએ કહીએ તો તે સમ્યગ્દર્શનની સમીપ જાય છે. એ શ્રદ્ધામાં ફેરફાર થયો. (સાથે) જ્ઞાનમાં શું ફેરફાર થાય છે ? કે, તે જ કારણથી '**...જ્ઞાનમાં અનાદિથી રહેલાં અજ્ઞાન-અંધકારના પટલની ગાઢતા આછી થાય છે,...**' કાલે આપણે અહીં સુધી આવ્યા હતા.

હવે, આ એક અજ્ઞાન અંધકારનો જે પડદો છે, એ ક્ષયોપશમની આડશવાળો નથી. અહીંયાં ઓછાવત્તા ક્ષયોપશમનો પ્રશ્ન નથી. પણ પોતાના સ્વરૂપ સંબંધીનું જે અજ્ઞાન છે એ અજ્ઞાનના પડદાની અહીંયાં વાત લેવી છે. જેને જ્ઞાનની મલિનતા કહેવાય છે. મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનની નિર્મળતા થાય તો પોતાના સ્વરૂપનું ભાવભાસન આવે. જ્ઞાનદર્પણ મલિન હોય ત્યાં સુધી એમાં ભાવભાસન આવતું નથી. તો આવી જે સ્વરૂપની ખોજ છે, અંદરમાં સ્વરૂપની જે તીવ્ર ખોજ છે એ જ્ઞાનની પણ નિર્મળતા ઊભી કરે છે. કેમકે બધેથી રસ ઊઠી ગયો. જે કષાયરસ છે એ જ જ્ઞાનને મલિન કરતો હતો. એ ગાઢતા ઓછી થાય છે એટલે એ ભૂમિકા પૂરતી એટલી નિર્મળતા થાય છે.

**'...અર્થાત્ આ ભૂમિકામાં જ્ઞાન સ્વરૂપનિશ્ચય અર્થે સક્ષમ / નિર્મલ થાય છે.'** કેટલું નિર્મળ થાય ? કે, જેટલું સ્વરૂપનિશ્ચય કરી શકે, સ્વરૂપનો ભાવ ભાસે, જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ ભાસે, ચાલતા જ્ઞાનના પર્યાયમાં જ્ઞાનનો સ્વભાવ પોતાને જ ભાસે, એટલું નિર્મળ થાય છે. એટલું ધીરું થાય છે, એટલું સૂક્ષ્મ થાય છે અને એટલું નિર્મળ થાય છે. જ્ઞાનના આ ત્રણ ગુણ પ્રગટે છે.

જે જ્ઞાન પરપદાર્થ પ્રત્યેના રસથી પર સન્મુખપણે ધસતું હતું અને મલિનતા ઊભી થતી હતી એ જ્ઞાન ધસવાને બદલે ધીરું થઈ જાય છે, નિર્મળ થાય છે અને ભાવ ભાસે એટલું સૂક્ષ્મ થાય છે. કેમકે સ્વભાવ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. એ ભાસે એટલું એ સૂક્ષ્મ થાય છે.

શ્રોતા :– અહીંયાં મલિનતામાં શું લેવું છે ?

સમાધાન :– મલિનતામાં કષાયરસ છે. કષાયરસથી રંજિત જેના પરિણામ છે, તીવ્ર કષાયરસથી રંગાયેલા જેના પરિણામ છે, એનું જ્ઞાન સ્વસ્વભાવને – જ્ઞાનસ્વભાવને જોવા માટે શક્તિવાળું નથી, યોગ્યતાવાળું નથી. એ જોઈ નહિ શકે. એને વિચારમાં આવી શકશે પણ જોઈ નહિ શકે. મારો સ્વભાવ કેવો ? એ મને જણાય તો સારું, એમ એને લાગે. પણ એમ કાંઈ જણાઈ જતું નથી. એવો વિકલ્પ કાંઈ કામ કરતો નથી.

શ્રોતા :– આટલા વર્ષોથી ફોતરા જ ખાંડીએ છીએ !

પૂજ્ય ભાઈશ્રી :– છે એવું. (પણ) એમાં કાંઈ વાંધો નહિ, 'જાગ્યા ત્યારથી સવાર' ! એમાં શું વાંધો છે ? એ તો ગમે તે ઉમરે, જ્યારે સત્ય માર્ગ આ છે એમ પ્રતિભાસે ત્યારે પહેલું જ જીવને એ લાગે છે કે, બહુ મોડું થયું ! ગમે તે ઉમરે ! આપણે પૂજ્ય બહેનશ્રીનો દૃષ્ટાંત લઈએ. એમને પંદર વરસની ઉમરે મોડું થયું એમ લાગતું હતું ! પંદરના અઢાર થયાં, કાલે સવારે પચીસ થાશે...! આમને આમ સમય જાય, કેમ કામ લાગે ? ચટપટી થાતી હતી. (માટે) કોઈપણ ઉમરે જ્યારે એમ

લાગે કે, આ આત્મા, આ માર્ગ, આ સત્ય ગ્રહણ કરવા જેવું છે, ત્યારે એને એમ થાય કે, અત્યાર સુધી મેં આ શું કર્યું ? અત્યાર સુધી મારું ધ્યાન ન ગયું ? મેં આ ધર્મને નામે ખોટેખોટી ગડબડ જ કરી ? અને માન્યું કે ધર્મ કર્યો છે – એવું લાગે છે, એનો વાંધો નહિ. એવું લાગશે, સ્વાભાવિક છે. એવું લાગવું તે સ્વાભાવિક છે, થાય એવું.

શ્રોતા :– ગ્રહણ કર્યું કોને કહેવાય ?

સમાધાન :– ગ્રહણ કર્યું તો (ત્યારે કહેવાય કે) પોતે 'હું'પણે એમાં ભાસવા લાગે ત્યારે. જે રાગમાં 'હું'પણું થઈ રહ્યું છે એના બદલે જ્ઞાનમાં 'હું'પણું થાય છે, અસ્તિત્વ ગ્રહણ થાય છે. ગ્રહણ થાય છે એટલે અસ્તિત્વ ગ્રહણ થાય છે. અસ્તિ કહો, સત્તા કહો, શુદ્ધ સત્તા કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, સત્તાને સત્ય કહો, સત્તાનો ગુણ તે સત્ય છે. સત્ય એટલે સાચું બોલવું, એ તો એનો રૂઢિ અર્થ છે. ખરેખર 'સત્ય' શબ્દ સત્તાનો સૂચક છે અને સત્તા છે એ શ્રદ્ધા, જ્ઞાનને ગ્રહણ કરવારૂપ પોતાની હયાતી – શુદ્ધ સત્તા છે. એને સત્ય કહેવામાં આવે છે. ખરેખર તો એ સત્ય છે. બાકી તો સત્યને નામે ઘણી બધી વાતો ચાલે છે.

શ્રોતા :– શુદ્ધ શ્રદ્ધાન અને શુદ્ધ સત્તા એક જ છે ?

સમાધાન :– શુદ્ધ શ્રદ્ધાન છે એ વિષયી છે (અને) શુદ્ધ સત્તા એનો વિષય છે. એક ગ્રહણ કરે છે, એક ગ્રહણ થાય છે, એમ છે. એવો ભેદ હોવા છતાં અનુભવમાં ભેદ નથી કેમકે પોતે જ છે.

(અહીંયાં કહે છે) '**...આવા મુમુક્ષુ જીવને અધ્યાત્મશાસ્ત્રના ભાવો...**' બધા ભાવો '**...યથાર્થપણે ભાસે છે...**' જાણવા માટે આ એક એનું બીજું પડખું છે કે, એને બધા ન્યાયો સીધા બેસે. અધ્યાત્મશાસ્ત્રના અધ્યાત્મ તત્ત્વના ન્યાયો કોઈ સત્પુરુષ કહે, પોતે એ ન્યાય સાંભળ્યો ન હોય, વાંચ્યો ન હોય એવો (ન્યાય) સામે આવે (તોપણ) એને સીધો જ બેસે. એને હવે આડા લાકડાં નથી, એમ કહેવું છે. એટલે સીધું એને બેસે

છે. ખોટેખોટું નહિ, ખરેખર યથાર્થપણે એને બેસે છે. ‘બરાબર છે, આમ જ હોય, વસ્તુનું સ્વરૂપ આમ જ હોય... વસ્તુનું સ્વરૂપ આમ જ હોય.’ એમ જ એને બેસે. આ એક વિશેષતા છે. જ્યારે જે રીતે જે વાત જીવને નથી બેસતી કે, ‘આ બરાબર નથી લાગતું, આ ઠીક નથી લાગતું’ એ એમ બતાવે છે કે, એ સંબંધીના વિપરીત સંસ્કાર હજી છૂટતા નથી, છૂટ્યા નથી.

**‘...આવા મુમુક્ષુ જીવને અધ્યાત્મશાસ્ત્રના ભાવો યથાર્થપણે ભાસે છે અને અધ્યાત્મરસ તેવાં નિમિત્તોમાં...’ ‘તેવાં નિમિત્તોમાં’** એટલે તેવાં શાસ્ત્રોનું અવગાહન કરે, તેવાં શાસ્ત્રનું શ્રવણ કરવાનો પ્રસંગ હોય ત્યારે વિશેષ વૃદ્ધિગત થાય છે. એનો અધ્યાત્મરસ એ પ્રસંગે વિશેષ વધે છે. આ બધા દર્શનમોહના અનુભાગ કપાવાના, શક્તિ કપાવાના, મિથ્યાશ્રદ્ધાની શક્તિ તોડવાના જ બધા પ્રકારો ચાલે છે. ચારે બાજુથી એની ઉપર લડાઈ ચાલે છે. કેમકે આ બહુ મોટો દુશ્મન છે. અનંત સંસાર રખડાવનાર કોઈ હોય તો આ દર્શનમોહ છે. અનંતકાળ નિગોદમાં, અનંત વાર નરકમાં નાખનાર એ છે. એટલે ચારે બાજુથી હવે એના ઉપર હુમલો ચાલે છે.

શ્રોતા :– કોઈપણ જાતનો દર્શનમોહ આ રીતે નુકસાન કરે છે ?

સમાધાન :– (દર્શનમોહની) એક જ જાત છે. દર્શનમોહની વિકલ્પ અપેક્ષાએ ગૃહીત મિથ્યાત્વ, અગૃહીત મિથ્યાત્વ, એમ અનેક જાત છે. ગૃહીતમાં પછી જેટલાં જેટલાં જુદાં જુદાં અન્ય ધર્મોમાં જાય છે, એમ. બાકી દર્શનમોહ સામાન્યપણે એક છે. વિશેષપણે એના ભેદો જોવામાં આવે છે.

**‘દર્શનમોહનો અનુભાગ ઘટવામાં બીજું એક સમર્થ કારણ પણ આ કાળે ઉત્પન્ન થાય છે,...’** બીજાં કર્મનો બહુ વિચાર કરવાની જરૂર નથી. આ એક રાજા મર્યો કે લશ્કર તો ભાગ્યું સમજો ! પછી કોઈ ઊભો નહિ રહે. લશ્કરને ખબર પડી કે, ‘આ અમારા રાજાને માર્યો છે, આપણું

શું બુતું છે, નકામા મરી જાશું, ભાગો બાપા !' કોઈ ઊભું જ નહિ રહે. **'દર્શનમોહનો અનુભાગ ઘટવામાં બીજું એક સમર્થ કારણ પણ આ કાળે ઉત્પન્ન થાય છે,...'** આ એક વિશેષ વાત અહીંયાં છે. **'...તે વિદ્યમાન સત્પુરુષનાં ચરણસાન્નિધ્યમાં સરળતાપૂર્વક સત્સંગપ્રાપ્તિની ભાવના છે.'** આ ઉપાદાનનો વિષય છે. સત્સંગ અને સત્પુરુષ એમાં નિમિત્ત છે. અહીંયાં જ્યાં હજી ઉપાદાનની ચર્ચા ચાલે છે ત્યાં તે હોય, ન હોય એની સાથે સંબંધ નથી પણ ભાવના ઉત્પન્ન થઈ જાય છે.

જ્યારે જીવને એમ ખબર પડે છે કે, મારે મારું સ્વરૂપ જાણવું છે, મારે મારા સ્વરૂપનો અનુભવ કરવો છે અને એ અનુભવ કરવાનો માર્ગ, ઉપાય, રીત, કાર્યપદ્ધતિ હજી મને હાથમાં આવતી નથી, ત્યારે એને પહેલો વિચાર એ આવે છે કે, આવું કોઈ છે ખરું ? આવા અનુભવી મનુષ્ય કોઈ છે ખરા ? (એટલે) એને પહેલી આ ભાવના ઉત્પન્ન થાય છે. પછી પુણ્યયોગ હોય તો મળે, પુણ્યયોગ ન હોય તો ન મળે – એ બીજો વિષય થઈ ગયો. પણ ભાવના ઉત્પન્ન થાય છે એ ભાવના દર્શનમોહને ઘટાડનારી છે. એની ભાવનાથી ઘટે છે. ન મળે તોપણ એનો દર્શનમોહ ઘટે, મળે તોપણ દર્શનમોહ ઘટે. કેમકે હવે તો દર્શનમોહનું મોત જ આવ્યું છે ! એટલે સત્પુરુષ મળશે તોપણ મરશે, સત્પુરુષ નહિ મળે તોપણ મરશે જ. કારણ કે એની ભાવના છે એ દર્શનમોહને ઘટાડે છે.

શ્રોતા :– ભાવના છે એ જ એની જાગૃતિ થઈ ?

સમાધાન :– ભાવના જાગૃતિને લાવે જ. ભાવના છે એ જાગૃતિને અવશ્ય લાવે. જો જાગૃતિને ન લાવે તો એ ભાવના નથી એમ સમજવું.

**'દર્શનમોહનો અનુભાગ ઘટવામાં બીજું એક સમર્થ કારણ પણ આ કાળે ઉત્પન્ન થાય છે, તે વિદ્યમાન સત્પુરુષનાં ચરણસાન્નિધ્યમાં સરળતાપૂર્વક સત્સંગપ્રાપ્તિની ભાવના છે.'** એક શબ્દ વધારે નાખ્યો છે.

સત્સંગપ્રાપ્તિ ઘણાંને થાય છે પણ સરળતા નથી રહેતી. ત્યાં કમનસીબી છે કે સત્સંગ અસત્સંગ થઈ પડે છે અથવા સત્સંગ છે એ એને ફળવાન થતો નથી. એટલે એટલી સરળતામાં એ જીવ આવી જાય છે કે, એના આત્માને નુકસાન ન થાય. અસરળતાથી થતું નુકસાન એને થાય નહિ, આ સીધી વાત છે.

**'અનાદિથી અજાણ એવો સન્માર્ગ દર્શાવનાર સત્પુરુષ,...'** કેવા સત્પુરુષ છે ? અનાદિથી પોતે અજાણ છે એવા સન્માર્ગને જે દર્શાવનારા છે એવા સત્પુરુષ **'...માર્ગના સાચા જિજ્ઞાસુ માટે ખરેખર પરમાત્મા તુલ્ય જ છે,...' 'પરમાત્મા તુલ્ય જ છે !'** કેમ ? (કેમકે) માર્ગ તો સર્વોત્કૃષ્ટપણે પરમાત્મા દેખાડે. બાકી એ માર્ગના અનુભવમાં ઊભાં હોય, માર્ગમાં સાક્ષાત્ માર્ગસ્વરૂપે ઊભાં હોય તે દેખાડે.

'અષ્ટપાહુડ'ની અંદર 'ભગવાન કુન્દકુન્દાચાર્યે' મુનિરાજને સાક્ષાત્ મૂર્તિમંત મોક્ષમાર્ગ કહ્યા છે. મોક્ષનો રાજમાર્ગ છે ને (એટલે). ભાવલિંગી નગ્ન દિગંબર સંત ! જૈનમુનિ ! એને જિનમાર્ગ કહ્યો છે. જિનમાર્ગ તો ખરેખર એમનો શુદ્ધોપયોગ છે. 'જિણસાસણં સવ્વં !' પણ એ પોતે જ એ માર્ગને પ્રસિદ્ધપણે (દર્શાવે છે), એમનો અંતર–બાહ્ય દેદાર છે એ પ્રસિદ્ધ કરે છે. એટલે એને જ મોક્ષમાર્ગ કહી દીધો છે. જુઓ ! મૂર્તિમંત મોક્ષમાર્ગ આ મુનિરાજ છે !

સત્પુરુષ છે એ (માર્ગને) દર્શાવી શકે છે. કેમકે એમના અનુભવમાં આવેલી ચીજ છે. તેથી આવા સાચા જિજ્ઞાસુ માટે, **'...માર્ગના સાચા જિજ્ઞાસુ માટે...'** ઉપર ઉપરના જિજ્ઞાસુ માટે નહિ. તે **'...ખરેખર પરમાત્મા તુલ્ય જ છે, એવું માત્ર સ્વરૂપના ખોજી જીવને જ લાગે છે;...'** એને એમ જ લાગે છે કે, જો કોઈ આવો પુરુષ મળી જાય તો એ ખરેખર મને પરમાત્માનો ભેટો થઈ ગયો !! એને પરમાત્માની પર્યાયાંતરે જોવે છે. એના ઉપરની એની (જોવાની) દૃષ્ટિ બદલાઈ જાય છે. **'...એવું માત્ર**

**સ્વરૂપના ખોજી જીવને જ લાગે છે;...'**

**'...તેથી જો કદાચ કોઈ સત્પુરુષનો યોગ થાય તો...'** થાય પણ ખરો, કોઈને ન પણ થાય. પણ એવી ભાવનાવશ પ્રાયઃ થાય જ છે. કોઈ સંસ્કારી જીવને ન થાય તોપણ પોતાનું કાર્ય સિદ્ધ થઈ જાય છે. બાકી સંસ્કાર ન હોય તો લગભગ યોગ થઈ જાય છે. એવું બને કે, મિથ્યાત્વ અવસ્થામાં (સત્પુરુષના વિરહની) વેદનામાં ને વેદનામાં પ્રાણ છૂટે ! સીધો એવા ક્ષેત્રમાં ઊપજે કે, જ્યાં પછી ગોતવા જાવા ન પડે, મહાવિદેહ જેવા ક્ષેત્રમાં ટોળાનાં ટોળા હોય !! કોઈ એમ કહે કે, પણ (એવું) કેવી રીતે થાય ? સંયોગ તો હાથની ચીજ નથી, પણ ભાવના સાથે કુદરત બંધાયેલી છે. ભાવના સાથે કુદરત બંધાયેલી છે !! અહીંયાં વેદનામાં એનું આયુષ્ય પૂરું થાય, ફડાક એક સમયમાં ત્યાં બેઠો થઈ જાય ! ત્યાં તો ટોળાનાં ટોળા છે, ત્યાં ગોતવા જાવું પડતું નથી. ત્યાં એને વાર નથી (લાગતી) પછી સડસડાટ કામ કરે છે, એમ બને. તો કોઈને અહીંયાં ને અહીંયાં યોગ લાગી જાય છે.

**'તેથી જો કદાચ કોઈ સત્પુરુષનો યોગ થાય તો સર્વાર્પણબુદ્ધિથી સત્સંગને મુખ્ય કરે છે.'** કેવી રીતે સત્સંગને ઉપાસે છે ? જ્યાં સર્વાર્પણપણું છે ત્યાં અસરળતા રહેવાનો તો પ્રશ્ન જ નથી. સર્વાર્પણપણે તે સત્સંગને મુખ્ય કરે છે. પછી તે સત્સંગને કોઈપણ ભોગે ગૌણ કરતો નથી. આ તો યોગ થાય તો (વાત છે). **'અને જો તેવો યોગ ન થાય તો તે તેવા યોગની આશ્રયભાવનામાં વર્તે છે.'** મને આવો યોગ હોય તો સારું. એ પણ એના દર્શનમોહના અનુભાગને ઘટાડશે. સત્સંગનો યોગ થશે તો એ પણ એના દર્શનમોહના અનુભાગને ઘટાડશે.

**'આવા પ્રકારનાં પરિણામ, દર્શનમોહનો અનુભાગ ઘટવાનો અતિ સુગમ અને સરળ ઉપાય છે.'** આ જે સત્પુરુષના ચરણસાન્નિધ્યમાં સર્વાર્પણબુદ્ધિએ સરળપરિણામે રહેવાની ભાવના (છે) એ (દર્શનમોહનો

અનુભાગ ઘટવાનો) સુગમમાં સુગમ ઉપાય છે. બીજી કોઈ વાત ઓછી-વધુ સમજાણી, ન સમજાણી એનો બધો ફેંસલો થઈ જશે. 'બહેનશ્રીના વચનામૃત'નો ૪૨૫ (નંબરનો) બોલ છે કે, તત્ત્વની યથાર્થ ધારણા કરવા છતાં અનુભવ કેમ થતો નથી ? (તો કહ્યું છે કે) ખાસ પ્રકારની યોગ્યતા નથી માટે. ખાસ પ્રકારની યોગ્યતા માટે (ઉપર કહ્યું એ) બાધક કારણ નથી. (અર્થાત્) તત્ત્વની ધારણામાં સામાન્ય ફેરફાર હશે તો નીકળી જતાં વાર નહિ લાગે. ઓછી હશે તો એની કોઈ ચિંતા નથી. એટલું બધું અહીંયાં દર્શનમોહના અનુભાગને ઘટવાનું સમર્થ કારણ છે.

એટલાં માટે એ સ્પષ્ટીકરણ છે કે, કોઈ તત્ત્વને મુખ્ય કરીને સત્પુરુષને ગૌણ કરે છે. (કહે છે કે) ગુરુદેવે તત્ત્વની મુખ્યતા કરાવી છે, ભક્તિની નહિ. એમ કહે છે ને ? (કહેનારને) એ વાતનું રહસ્ય નથી સમજાણું. રહસ્ય આ છે કે, (દર્શનમોહ ઘટવાનો) અતિ સરળ ઉપાય છે. **'શ્રીમદ્જી'**એ જે ઢોલ ટીપ્યો છે, પત્રે પત્રે ઢોલ ટીપ્યો છે, એનું કારણ આ છે.

શ્રોતા :– તત્ત્વની મુખ્યતા થાય અને ભક્તિ ઉત્પન્ન ન થાય એવું બને ખરું ?

સમાધાન :– કોઈ કાળે બને નહિ. (ભક્તિ ઉત્પન્ન ન થાય તો) એની પાસે તત્ત્વ નથી. તત્ત્વની વાત કરે છે (પણ) તત્ત્વ એની પાસે નથી. જો વિદ્યમાન સત્પુરુષની ઉપેક્ષા થાય છે તો અને જ્યાં થાય છે ત્યાં તત્ત્વ નથી એમ સમજવું. આ સીધેસીધો હિસાબ છે. નહિતર બની શકે જ નહિ. આવા નિકૃષ્ટકાળમાં આ ધરાતલ ઉપર સત્પુરુષ ક્યાંથી ? પહેલી વાત તો એ છે. હોય ક્યાંથી ? એ (હોય એ જ) મોટી વાત છે. અને હોય તોપણ એની ઉપેક્ષા થાય (એ તો) બહુ મોટી કમનસીબી છે.

શ્રોતા :– આવા સત્પુરુષ હોય ત્યાં એની ભક્તિમાં અવરોધ નખાય

જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– નખાય જ નહિ. અવરોધ પણ ન નખાય, કાંઈ ન થાય. સરળતા એનું નામ છે, નહિતર તો અસરળતા થઈ ગઈ. અવરોધ નાખે તો મોટી અસરળતા થઈ ગઈ. જો પોતે સત્પુરુષનો સમાગમ ચાહે છે તો એ અભિપ્રાયમાં જગતના બધા જીવોને આ સત્પુરુષનો સમાગમ હોય, એમ આવ્યા વગર રહે નહિ. આ એનો ન્યાય છે. જો કોઈને અવરોધ નાખવો છે (તો) એનો અર્થ કે, એ જ ઇચ્છતો નથી, પોતે ઇચ્છતો નથી. એમ એનો અર્થ થાય છે. આની અંદર બહુ મોટો ન્યાય છે. આ તો કુદરતી જ છે. મુનિરાજને શું જરૂર હતી ? જેણે રાજપાટ છોડ્યા, જંગલમાં નિવાસ કર્યો, એને 'સમયસાર' શાસ્ત્ર લખવાની શું જરૂર ઊભી થઈ ? જીવોનું અજ્ઞાન મટે અને મિથ્યાત્વ મટે (તે માટે લખ્યા). એ પોતે તો અજ્ઞાન અને મિથ્યાત્વ તોડીને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને બિરાજે છે. બહુ અલ્પ ભવમાં, એકાદ ભવમાં તો મુક્તિમાં જાશે. એમને બીજાં જીવોનું મિથ્યાત્વ અને અજ્ઞાન મટે એવા 'સમયસાર'ની ૪૧૫ ગાથા (લખવાનો) પરિશ્રમ કેમ આવ્યો ? આવે જ આવે ! એ કુદરતી છે. જે માર્ગ પોતે પામ્યો તે માર્ગ જગતના બધા જ જીવો પામે એવી જે ભાવના એ સત્પુરુષનો સંપ્રદાય છે.

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાંથી) ૪૩૦ નંબરનો પત્ર હમણાં વાંચ્યો કે નહિ ? યાદ છે ? 'સત્પુરુષનો આ સંપ્રદાય છે.' (એમ લખ્યું છે). પરમાર્થના કારણને પણ કોઈ પામે, કારણના એક અંશને, કારણના કારણને કોઈ પામે એ સત્પુરુષોનો (સંપ્રદાય છે). ઋષભાદિ તીર્થંકરથી માંડીને એ વાત લીધી છે. એમના ઉપર વાત આવી છે. એટલે એમણે એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે, એ અમારા હૃદયની ભાવના છે પણ વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોતાં એ પરિસ્થિતિ સાનુકૂળ નથી દેખાતી. એમ કરીને પોતે વાતને ગોપવી લીધી છે.

**'આવા પ્રકારનાં પરિણામ, દર્શનમોહનો અનુભાગ ઘટવાનો અતિ સુગમ અને સરળ ઉપાય છે. 'સ્વરૂપનિશ્ચય' થવાની યોગ્યતાની પ્રાપ્તિ – એ રૂપ વર્તમાન પાત્રતા અહીં ઉત્પન્ન હોય છે.'** એટલે જ (કૃપાળુદેવે) ૭૫૧ (પત્રાંકમાં) ત્રણ Stage લીધા છે ને ? આપ્તપુરુષની ભક્તિ, આજ્ઞા ભક્તિ એમ કરીને (પહેલું કારણ લીધું). પછી બીજું કારણ સ્વરૂપનિશ્ચય લીધું છે. એટલે એ પગથિયું થઈ ગયું. પહેલું પગથિયું (સત્પુરુષની ઓળખાણ) છે, બીજું પગથિયું આ (સ્વરૂપનિશ્ચય) છે. એ સ્વરૂપનિશ્ચય થવાની યોગ્યતા અહીંયાં પ્રાપ્ત થાય છે. **'– એ રૂપ વર્તમાન પાત્રતા અહીં ઉત્પન્ન હોય છે.'**

**'દર્શનમોહના વિજ્ઞાન અનુસાર આ સિદ્ધાંત છે કે 'દર્શનમોહ મંદ થયા વિના, વસ્તુસ્વરૂપનું ભાવભાસન થાય નહિ અને દર્શનમોહનો અભાવ થયા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.'** અવતરણ ચિહ્નમાં જે વાત લીધી છે એ વાત પૂજ્ય ગુરુદેવશ્રીનું વચનામૃત છે. 'નંદીશ્વર જિનાલય'માં વચનામૃત કોતરાણાં છે એમાં ૨૦૩ નંબરનો એ બોલ છે. એ જ બોલ 'પરમાગમસાર'માં લેવાઈ ગયેલો છે. (બોલ-૩૦૦). ૨૦૩ નંબરનો (બોલ છે) એ 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં છે. 'હૈદ્રાબાદ'માં પહેલે દિવસે આ બોલ લીધો હતો, એ આ બોલ છે.

**'દર્શનમોહના વિજ્ઞાન અનુસાર આ સિદ્ધાંત છે કે 'દર્શનમોહના મંદ થયા વિના, વસ્તુસ્વરૂપનું ભાવભાસન થાય નહિ અને દર્શનમોહના અભાવ થયા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.'** ભાવભાસન વિના અનુભવ (થાય) નહિ. એટલે એ વાત ગુરુદેવશ્રીએ વચનામૃતમાં લીધેલી છે. **'...આત્માનુભવ થવા માટેનો આ અનિવાર્ય ક્રમ છે.'** આ ક્રમ સિવાઈ કોઈ બીજી રીતે સીધો આત્માનુભવમાં આવી જાય, સમ્યગ્દર્શનમાં આવી જાય એ ત્રણકાળમાં બનતું નથી. આ ક્રમ સિવાઈ નહિ, આ રીત સિવાઈ નહિ અને બીજી કોઈ રીતે બની શકે એવી

આ વાત નથી.

શ્રોતા :– દર્શનમોહનો ક્ષય થાય તો અનુભાગ ઘટે ?

સમાધાન :– દર્શનમોહ દબાય. દર્શનમોહ મંદ થાય એટલે એની શક્તિ મંદ પડે, શક્તિ ઘટે. અનુભાગ એટલે શક્તિ, રસ.

શ્રોતા :– દર્શનમોહનો અર્થ શું ?

સમાધાન :– આ મિથ્યાત્વ એટલે દર્શનમોહ. દર્શનમોહ શાસ્ત્રીય પરિભાષા છે. મિથ્યાત્વના પરિણામ તો આપણે બોલીએ છીએ કે નહિ ? એ જ દર્શનમોહ છે. દર્શનમોહ અને ચારિત્રમોહ બે વાત આવે છે કે નહિ ? દર્શનમોહ અટલે મિથ્યાત્વના પરિણામ, ચારિત્રમોહ એટલે દર્શનમોહ ગયા પછી રાગ, દ્વેષ રહે તે. અજ્ઞાનતા જ્ઞાન અપેક્ષાએ કહીએ. આ શ્રદ્ધા અપેક્ષાએ કહીએ. બન્ને અવિનાભાવી હોય છે. જ્યાં દર્શનમોહ હોય ત્યાં અજ્ઞાન હોય જ. અજ્ઞાન જ્ઞાનના ખાતામાં જાય (છે), દર્શનમોહ શ્રદ્ધાના ખાતામાં જાય (છે). દર્શનમોહ એટલે મિથ્યાશ્રદ્ધા.

(અહીંયાં કહે છે) '**...આત્માનુભવ થવા માટેનો આ અનિવાર્ય ક્રમ છે. ઉપરોક્ત પાત્રતામાં આવેલો મોક્ષાર્થી જીવ...**' હવે અહીંયાં કાર્યપદ્ધતિમાં આગળનો વિષય લેવો છે. (મુમુક્ષુ જીવ) કેવી રીતે આગળ ચાલે છે ? અહીં સુધી પાત્રતામાં આવી ગયેલો જે મોક્ષાર્થી જીવ છે તે '**...અંતરસંશોધનમાં ઊંડો ઊતરે છે...**' પોતાના સ્વરૂપની ખોજમાં ઊંડો ઊતરે છે '**...ત્યારે સ્વયંના 'જ્ઞાનલક્ષણથી'...**' બીજાં કોઈ લક્ષણથી નહિ, સત્તા લક્ષણથી નહિ. નહિતર શાસ્ત્રમાં સૂત્ર તો અનેક જાતના છે. દ્રવ્ય કેવું છે ? 'સત્-દ્રવ્યલક્ષણમ્' 'લક્ષણ' શબ્દ વાપર્યો છે.

વિદ્વાનોમાં આ થોડી માથાફોડ ચાલે છે એટલે વિચાર કરીએ છીએ. જુઓ ! 'ઉમાસ્વામી'એ 'સત્'ને લક્ષણ કીધું છે – 'સત્દ્રવ્યલક્ષણમ્' ! તમે 'ઉપયોગ' લક્ષણની વાત (કરો છો). પણ ઉપયોગ લક્ષણ એમણે કહ્યું છે. જીવને ઉપયોગ લક્ષણ કહ્યો છે. 'સત્દ્રવ્યલક્ષણમ્' કહ્યું છે

ત્યાં એકલા જીવદ્રવ્યની વાત નથી લેવી. ત્યાં છએ દ્રવ્યની વાત લેવી છે. પણ એ ભૂલી જાય છે. પોતાને ફાવતું ક્યાંક અભિપ્રાયમાં બેસતું હોય એટલે પછી પ્રકરણનો ખ્યાલ ન રહે કે અહીંયાં શું પ્રકરણ ચાલે છે. જ્યાં 'સત્‌દ્રવ્યલક્ષણમ્‌' કહ્યું છે ત્યાં છએ દ્રવ્યના લક્ષણની વાત ચાલી છે. જ્યાં જીવનું લક્ષણ બતાવવું છે ત્યારે તે જ આચાર્યએ 'ઉપયોગ લક્ષણ જીવ' કહ્યો છે.

શ્રોતા :– ઉપયોગ તો સત્‌નું જ લક્ષણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સત્‌ એવા જીવનું (લક્ષણ છે). કારણ કે સત્‌ છે એ છએ દ્રવ્યમાં સામાન્ય છે. એટલે (તે લક્ષણથી) જીવ ભિન્ન નહિ પડે (અને) અહીંયાં ભિન્ન આત્માને જાણવો છે. એટલે ભિન્ન આત્માને જાણવો હોય ત્યાં એનું અસાધારણ લક્ષણ લેવું પડે, સાધારણ લક્ષણથી જુદો ન પડે. એમ તો 'નિયમસાર'માં 'પરમપારિણામિક ભાવલક્ષણ જીવ' કહ્યો છે. પણ પરમપારિણામિક ભાવ પણ છએ (દ્રવ્યને) છે. છએ દ્રવ્યને પરમપારિણામિક ભાવ છે. માટે એ લક્ષણ પણ જીવને જુદો પાડવા માટે કામમાં નથી આવતું.

'લક્ષણ' શબ્દનો અર્થ લક્ષણથી લક્ષિત થતો પદાર્થ એવો પણ થાય છે અને 'લક્ષણ' શબ્દનો અર્થ સ્વરૂપના અર્થમાં વપરાય છે. 'પરમપારિણામિક ભાવસ્વરૂપ જીવ' એમ કહ્યો છે. ત્યાં લક્ષણથી લક્ષ થવાના અર્થમાં વાત નથી લેવી, સ્વરૂપના અર્થમાં લેવી છે. એમ લક્ષણ શબ્દ શાસ્ત્રની અંદર બે અર્થમાં વપરાય છે.

શ્રોતા :– ઉપયોગ સત્‌નું લક્ષણ છે તો પછી ઉપયોગને સત્‌ કહીએ તો ?

સમાધાન :– ઉપયોગ સત્‌નું એટલે જીવનું લક્ષણ છે. જીવ સત્‌ છે, ઉપયોગ પણ સત્‌ છે. એ અવાંતરસત્તા થઈ ગઈ. સત્તાના પ્રકરણમાં લ્યો એટલે મહાસત્તામાં છએ દ્રવ્યો – આખું વિશ્વ આવી ગયા. પછી

અવાંતરસત્તામાં છએ દ્રવ્યો આવ્યા. પછી અવાંતરસત્તા તો એના ગુણો, એના પર્યાયો, એના ધર્મો બધું સત્‌માં આવે છે. બધા સત્‌માં જ આવે છે. સત્ નામ હોવાપણું. જેનું હોવાપણું (છે) તે સત્ (છે).

**'ઉપરોક્ત પાત્રતામાં આવેલો મોક્ષાર્થી જીવ અંતરસંશોધનમાં ઊંડો ઊતરે છે ત્યારે સ્વયંના 'જ્ઞાનલક્ષણથી' જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય નિમ્ન વિધિથી કરે છે :'** હવે અહીંથી વિધિ લેવી છે. એ પહેલાં વિધિની તૈયારીની વિધિ કેવી છે, એટલે સુધીનું પ્રકરણ ચાલ્યું. આખા Article નો અડધો ભાગ એમાં ગયો. એટલે એની આટલી ભૂમિકા તૈયાર હોય પછી વિધિમાં પ્રવેશ કરશે. એ પહેલાં વિધિનો પત્તો નહિ લાગે. ભલે આત્મા... આત્મા... કૂટ્યા કરે ! જ્ઞાયક... જ્ઞાયક... કર્યા કરે, પત્તો નહિ લાગે. એને યથાર્થ વિધિ હાથમાં આવવી જોઈએ અને એ પહેલાં આટલી તૈયારી હોવી જોઈએ. આ એની એકદમ ચોક્કસ Line નિયત છે.

જેમ મોક્ષમાર્ગ ત્રણે કાળે નિયત છે – 'દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' (એમાં) ફેરફાર ચાલે નહિ. મોક્ષમાર્ગમાં ફેરફાર ચાલે નહિ. એમ એના અનુસંધાનના પરિણામો – એની પ્રાપ્તિની વિધિના જે પરિણામો છે એ પણ ત્રણે કાળે નિયત છે. કેમકે આ વસ્તુનું વિજ્ઞાન છે. શીરો કરવા(ની) વિધિમાં આઘુંપાછું ચાલે નહિ. વિધિ વિધિની રીતે થાય. શીરાની વિધિએ જ શીરો થાય, બીજી રીતે શીરો કોઈ દિવસ થાય નહિ.

**'...જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય નિમ્ન વિધિથી કરે છે : આ વિધિનું પ્રસિદ્ધ નામ 'ભેદજ્ઞાન' છે;...'** શાસ્ત્રમાં આ પ્રસિદ્ધ નામ છે. પણ નામની અંદર ઘણી વાત છે એટલે એનો વિસ્તાર કરવો પડે છે. ભેદજ્ઞાન શું ચીજ છે ? દિગંબર શાસ્ત્રોમાં નામ તો પ્રસિદ્ધ છે. શ્વેતાંબર શાસ્ત્રોમાં એ નામ પ્રસિદ્ધ નથી. કેમકે ત્યાં ૪૫ (આગમમાં) આ વિધિનો વિષય ચાલ્યો નથી. ૪૫ આગમમાં વિધિનો વિષય નથી ! ગુરુદેવને

પૂછ્યું હતું, ગુરુદેવે ૪૫ (આગમ) વાંચ્યા (છે) ને ? (એટલે) પૂછ્યું હતું. કેમકે કોઈ-કોઈવાર કોઈ શ્વેતાંબર આચાર્યો સાથે વાતચીતનો પ્રસંગ આવે છે. એ અરસામાં (એવો પ્રસંગ) હતો એટલે મેં પૂછ્યું હતું.

હવે આપણે જે વિષય શરૂ કર્યો હતો (તેમાં) પહેલા પાને (ત્રીજો પેરાગ્રાફ છે). **'જ્ઞાની પુરુષોએ આત્મહિતના ઉપાયને બે વિભાગમાં વર્ણવ્યો છે – એક તો સાક્ષાત્ મોક્ષનો માર્ગ કે જે સમ્યક્ પુરુષાર્થ સહિત હોય છે...'** ચોથા ગુણસ્થાન પછી. **'...અને બીજો તેની પ્રાપ્તિ માટેની પૂર્વ-ભૂમિકામાં તે માર્ગપર્યંત પહોંચવાના પ્રયાસરૂપ મુમુક્ષુદશા.'** એમાં બે ભાગ પાડ્યા. પહેલાં ભાગમાં બે ભાગ પાડ્યા. એક – પાત્રતા સુધી જીવ તૈયાર થાય અને પછી સ્વરૂપ નિર્ણયના કાળમાં ભેદજ્ઞાનની વિધિમાં આવે અને સ્વરૂપ નિર્ણય કરે એ અવશ્ય સમ્યગ્દર્શનને પામે જ પામે. એટલે **'આ વિધિનું પ્રસિદ્ધ નામ 'ભેદજ્ઞાન' છે;...'** હવે એ પ્રકરણ અહીંયાં શરૂ કરવું છે.

**'...ત્યાં પ્રથમ બુદ્ધિપૂર્વક ઉપર ઉપરથી ભેદજ્ઞાનનો પ્રયાસ ચાલુ થાય છે.'** જ્યારે ભેદજ્ઞાનની શરૂઆત થાય છે ત્યારે સવિકલ્પદશામાં આ એક બુદ્ધિપૂર્વકનો પ્રયાસ છે. એમ કહીને એમ કહેવું છે કે, જે સહજ ભેદજ્ઞાન ચાલે છે ત્યાં બુદ્ધિપૂર્વક કોઈ વિકલ્પ કરીને પ્રયત્ન કરવો પડતો નથી. પણ જ્યાં સુધી એવું ભેદજ્ઞાન શરૂ (ન) થાય, એવા તબક્કે – એવા Stage સુધી જીવ ન પહોંચે ત્યાં સુધી એવી બૂદ્ધિપૂર્વક ભેદજ્ઞાન શરૂ કરે છે. જેમ (સત્પુરુષની) ઓળખાણપૂર્વકની ભક્તિ સહજ છે, એને કરવી ન પડે, પણ એ ભક્તિમાં ન હોય એ પહેલાં ઓઘભક્તિમાં જીવ આવે ખરો. જો કે ઓઘભક્તિને રાખવી એ વિષય નથી. એને નીચેથી રાખવામાં આવે છે, ઉપરની (ભૂમિકાથી) એનો નિષેધ કરવામાં આવે છે. સહજ ભક્તિની અપેક્ષાએ તેનો નિષેધ કરવામાં આવે છે. પણ સહજ ભક્તિમાં ન આવે તો ઓઘભક્તિમાં પણ રહીને એ ઉપેક્ષામાં ન રહે,

વિરોધમાં ન રહે, વિરૂદ્ધ ન રહે. એટલાં માટે ઓઘભક્તિને પણ ત્યાં રાખવામાં આવે છે કે, ઠીક છે, ચાલો ! ઓઘભક્તિમાં તો આવ્યો. એવી રીતે અહીંયાં વાત છે.

શ્રોતા :– અવલોકનની જે શરૂઆત કરે છે તેને ભેદજ્ઞાનની ધારા તો શરૂ થઈ જ જાય છે ને ?

સમાધાન :– હા, ત્યાં ભેદજ્ઞાનનો વિષય શરૂ થાય છે પણ ત્યાં એ ચર્ચા નથી કરી. હવે અહીંયાં ભેદજ્ઞાનને અનુસરીને થોડી ચર્ચા કરી છે.

શ્રોતા :– ત્યાં ઓઘે-ઓઘે ચાલતું હશે ?

સમાધાન :– નહિ, ત્યાં ઓઘે-ઓઘે એટલે જ્યાં બુદ્ધિપૂર્વકનો પ્રયાસ છે ત્યાં ઓઘસંજ્ઞા છે. (સ્વરૂપ) નિર્ણય થયાં પછી સહજ પરિસ્થિતિમાં આવે છે.

શ્રોતા :– અવલોકનની શરૂઆત કરે છે ત્યારે હજી ઓઘે જ છે ને ?

સમાધાન :– હા, ઓઘે તો છે જ. પણ એ ઓઘસંજ્ઞાની નિવૃત્તિ કરશે. ઓઘે-ઓઘેના બે પ્રકાર. એક ઓઘસંજ્ઞા મટે એ પ્રકાર અને એક ઓઘસંજ્ઞામાં રહી જાય એ પ્રકાર. દરેક પરિણામમાં આવા બે પાસા વિચારવા પડે છે. જેમકે (મુનિરાજને) છઠ્ઠું, સાતમું ગુણસ્થાન આવે છે. મુનિરાજને સાતમું ગુણસ્થાન અનેકવાર આવે છે, પણ જ્યારે એ શ્રેણી માંડે છે ત્યારે જે સાતમું ગુણસ્થાન આવે છે એવું આગળ નથી આવ્યું. ફરીથી, મુનિરાજને છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન અનેકવાર આવે છે. પણ જ્યારે એ સાતમા ગુણસ્થાનથી આગળ શ્રેણી માંડે છે, એ જે સાતમામાં આવ્યા એનો પ્રકાર બીજો છે. એ છઠ્ઠામાં આવવા જેવો પ્રકાર નથી. પહેલો પ્રકાર એવો છે કે એ ક્ષણમાં છઠ્ઠામાં આવી જશે. આ એવો પ્રકાર છે કે ક્ષણમાં આઠમાંથી ઉપર શ્રેણી માંડી દેશે. તો એ સાતમા,

સાતમા (ગુણસ્થાનમાં) ફેર છે. એમ ઓઘે-ઓઘેમાં પણ સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો ફેર છે. નહિતર ઓઘમાં બધા જીવ ઓઘસંજ્ઞામાં જ પડ્યા છે. જ્યાં સુધી સહજ ભેદજ્ઞાન ન કરે ત્યાં સુધી ઓઘસંજ્ઞાએ પડ્યા છે. પણ અવલોકનપદ્ધતિમાં આવશે એ ઓઘસંજ્ઞામાં નહી રહે, એની ઓઘસંજ્ઞા છૂટી જશે, એમ કહેવું છે.

શ્રોતા :– ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલુ થાય ત્યારે તેને ગ્રંથીભેદ થાય ને ?

સમાધાન :– ગ્રંથીભેદ પછી થશે. જ્યારે સ્વાનુભવમાં આવશે ત્યારે એને ગ્રંથીભેદ થયો એમ કહેવાય છે. અત્યારે એના પ્રયાસમાં છે. ગ્રંથીભેદ કરવાના પ્રયત્નમાં આવ્યો, એમ કહેવું છે.

શ્રોતા :– ઉપર ઉપરથી એટલે ઓઘસંજ્ઞા લેવી ?

સમાધાન :– ઉપર ઉપરથી એટલે શું છે કે, ભેદજ્ઞાનનું જે ઊંડાણ છે એ ઊંડાણમાં હજી પહોંચતો નથી. ભેદજ્ઞાનનો જે પ્રારંભ કરે છે ત્યારે તેને બુદ્ધિપૂર્વક ભેદજ્ઞાન કરવાનો વિકલ્પ આવે છે, વિચાર આવે છે અને અવલોકનપદ્ધતિથી એ ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે છે. થતું નથી હજી, (પણ) ભેદજ્ઞાન કરવા માટેનો પ્રયત્ન કરે છે. અહીંયાં વિકલ્પપૂર્વક થોડી કૃત્રિમતા રહે છે અને ઓઘસંજ્ઞા છે – એ બધો પ્રકાર હજી અહીંયાં ઊભો છે. એટલે ત્યાંથી ક્રમે ક્રમે કેવી રીતે આગળ ચાલે એ વિષય જરા વિચારવો છે.

ભેદજ્ઞાન કરવું જોઈએ એવું આપણને લાગે છે. આપણે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ એટલે ભેદજ્ઞાન કરવા યોગ્ય છે, એમાં કોઈનો બે મત નથી. 'સંવર અધિકાર'માં તો સ્પષ્ટ લીધું કે, ભેદજ્ઞાન એક જ સંવરનો ઉપાય છે. સંવર કહો કે ધર્મ કહો (બધું એકાર્થ છે). બીજો કોઈ સંવરનો ઉપાય નથી, બધી વાતો ફોગટ છે. આખા 'સમયસાર'ને લ્યો તો સળંગપણે બધા અધિકારમાં આચાર્યદેવે ભેદજ્ઞાનનો વિષય

Agenda ઉપર રાખ્યો છે. કેમકે એ એકમાત્ર વિધિ છે, એટલા માટે. 'સમયસાર'માં વિધિનો વિષય અનેક જગ્યાએ, વિભિન્ન રીતે સમર્થ આચાર્ય મહારાજો – 'કુન્દકુન્દઆચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય મહારાજ'ની કલમથી ચાલ્યો છે, એમ કહેવું જોઈએ. એટલે ગુરુદેવશ્રીએ 'સમયસાર'ની પ્રશંસા વિશેષે કરીને કરી એનું કારણ એ છે.

એ ભેદજ્ઞાન કરવા યોગ્ય છે એમ લાગવા છતાં નથી થતું. તો નથી થતું એનું કારણ કે પોતે પૂર્વભૂમિકામાં આવ્યો નથી. જે તૈયારી કરીને આવે એને કામ થાય છે. બજારમાં સોનું કે હીરા લેવા જાય, પણ ખીસામાં પૈસા લઈને જાય તો માલ મળે કે એમને એમ જઈને ઊભો રહે (અને કહે કે), 'ભાઈ ! મને આટલું ચપટી સોનું આપજો ને જરા !' બાવો જાય, ચીપિયો પછાડે (અને કહે કે) 'ચપટી સોનું આપજો !' ભાઈ ! આ કાંઈ ચપટી ગાંઠિયા માંગવાની ચીજ નથી કે એવી રીતે કોઈ ચપટી સોનું આપી દે !! એમ ગમે તેને ભેદજ્ઞાન થતું નથી, કરવા ધારે તોપણ થતું નથી, કરવા ઇચ્છે તોપણ થતું નથી. એની પૂર્વભૂમિકાપૂર્વક જ થાય છે. આ એનો નિયમ છે. એ રાખીને આ બધી આગળની ચર્ચા વિચારવાની છે. જીવ જો ભેદજ્ઞાનમાં સહજપણે આવે તો ભેદજ્ઞાનનું ફળ જે શુદ્ધોપયોગ છે, જે શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન અવિનાભાવી છે, તે અવશ્ય થાય છે. જો ભેદજ્ઞાન ન થાય તો શુદ્ધોપયોગ થવાનો પ્રશ્ન રહેતો નથી. એની ચર્ચા વિશેષપણે લેશું.

❋ ❋ ❋

# પ્રવચન–૭
## તા. ૨૭-૦૨-૧૯૯૦

'સુવિધિ'નું પ્રકરણ ચાલે છે (એમાં) ભેદજ્ઞાનનો વિષય ચાલે છે. **'...પ્રથમ બુદ્ધિપૂર્વક ઉપર ઉપરથી ભેદજ્ઞાનનો પ્રયાસ ચાલુ થાય છે. પ્રયાસ એટલે પોતે માત્ર જાણનારો / જ્ઞાયક છે એમ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરે,...'** ત્યાંથી વાત લીધી છે કે, અંતર અવલોકનના અભ્યાસમાં મંથન વગેરે ચાલતાં બુદ્ધિપૂર્વકના કેટલાક સમાધાન થઈ ચૂક્યા છે. એ ભૂમિકા સાફ થઈ છે, સ્પષ્ટ થઈ છે. આગળના અવલોકનમાં અને અહીંના અવલોકનમાં તફાવત એટલો છે કે, અહીંયાં જ્ઞાનમાં 'હું'પણું, રાગાદિ ભાવમાં 'હું' નહિ. આવો એક વિધિ–નિષેધનો પ્રયોગ ચાલુ થાય છે. ત્યાં એ નહોતું. ત્યાં અનેક પ્રકારના પોતાના દોષ જોવાનું બન્યું, વિભાવરસ મંદ થવાનું બન્યું, જ્ઞાનમાં પણ અવલોકન વિશેષ થયું અને એટલો દર્શનમોહ મંદ થયો કે, સ્વભાવ પ્રતિભાસવાની ભૂમિકા થાય. અહીંયાં પહોંચતા એ સ્વભાવ પ્રતિભાસવાની ભૂમિકા થાય ત્યારે સાથે સાથે આ એક પ્રકાર ચાલુ થાય છે.

ભેદજ્ઞાનના અભ્યાસમાં પોતે માત્ર જાણનારો – જ્ઞાતા છે, પોતે માત્ર જાણનારો જ્ઞાતા છે તેથી જ્ઞાયકપણે જ્ઞાતાપણે રહેવું એટલું જ મારું કાર્ય છે. એમ જ્ઞાતાપણે રહેવાનો પ્રયત્ન – પ્રયાસ એને અહીંયાં અભ્યાસ કહે છે. વારંવાર જ્ઞાતાભાવે રહેવાનો પ્રયાસ, એવું જો કરું, હજી રહી

શકતો નથી પણ એ પ્રકારનો પ્રયત્ન કરવો છે. ઇષ્ટ–અનિષ્ટપણું થવું ઘટતું નથી, કેમકે કોઈ પદાર્થ ઇષ્ટ–અનિષ્ટ નથી. તેથી હું જ્ઞાતા છું (તો) જ્ઞાતાપણે રહું. જ્ઞાતા છું તેથી જ્ઞાતાપણે રહું.

શ્રોતા :– આ જ દેશનાલબ્ધિ છે ?

સમાધાન :– દેશનાલબ્ધિ તો પ્રત્યક્ષ યોગમાં થાય છે. (એ પહેલાં) સત્પુરુષની ભાવના થાય છે, સત્સંગની ભાવના થાય છે. (તેથી) દર્શનમોહ વિશેષ મંદ થાય છે. આ આનુષંગિક પરિણામો છે. (સત્પુરુષનો) યોગ મળે, યોગ ન પણ મળે.

શ્રોતા :– હું તો જ્ઞાતા છું, જ્ઞાતાપણે રહેવાનો મારો સ્વભાવ છે એ વાત તો દેશનાથી મળે ને ?

સમાધાન :– એમાં એવું છે કે, બુદ્ધિપૂર્વક એટલી વાત તો સમજમાં આવી છે કે, આત્મા દેહાદિસ્વરૂપ નથી, રાગાદિસ્વરૂપ નથી – આત્મા જ્ઞાનસ્વરૂપ છે. પોતે રાગાદિસ્વરૂપ પોતાને અનુભવે છે તો અહીંયાં હજી કૃત્રિમ પ્રયત્ન ચાલે છે. પછી દેશનાલબ્ધિ કોઈને પહેલાં મળી હોય તો એની પોતાને ખબર નથી હોતી. નથી મળી હોતી તો એની પણ પોતાને ખબર નથી હોતી. એટલે ત્યાં તો એક પરિણામ એ પ્રકારના લીધા કે, (દેશનાલબ્ધિ) મળી હોય કે ન મળી હોય સત્સંગની ભાવના તો અહીંથી ઊગી જ જાય છે. એ સત્સંગની ભાવના તો જ્ઞાનદશામાં પણ રહે છે. એવું નથી કે, મુમુક્ષુદશાનો જ એ વિષય છે. પછી આગળનો એ વિષય નથી, એવું કાંઈ નથી. એ તો જ્ઞાનીને પણ સત્સંગની ભાવના વિશેષપણે રહે જ છે. પણ એ પ્રકારમાં જીવ અવશ્ય આવે જ છે, ન આવે એવું બનતું નથી. કેમકે પરિણામ બહાર જાય છે, બહાર જાય છે તો (પોતાની) રુચિને અનુકૂળ નિમિત્તને ગ્રહણ કરશે અથવા શોધશે.

કોઈપણ જીવના પરિણામ પોતાની રુચિને અનુકૂળ સંગને શોધે છે અથવા ગ્રહણ કરે છે. આ તો બહુ સ્વાભાવિક છે. તો જેને પોતાનું

આત્મહિત કરવું છે એને આત્મહિતની રુચિના નિમિત્તો છે એની શોધ ચાલશે અથવા એ હશે તો એને પ્રાપ્ત કરશે, એના સંગમાં રહેશે, બસ ! આ બહુ સ્વભાવિક છે. એટલા માટે વચ્ચે એ વાત સ્પષ્ટ કરી દીધી કે, એથી બીજાં પ્રકારના પરિણામ હોવા સંભવિત નથી. એમ છે.

હવે, ભેદજ્ઞાનનો પ્રયાસ કરે છે એમાં કોઈ જીવ દેશનાલબ્ધિમાં આવી ગયેલો પણ હોય છે, કોઈ જીવ દેશનાલબ્ધિમાં ન આવેલો હોય તો એને કોઈ એવો યોગ બેસી જશે તો દેશનાલબ્ધિમાં આવી જશે, પણ એ કુદરત આધીન છે. કાં પહેલાં કુદરતી બની ગયું છે, કાં કુદરતી પછી બનશે. અહીંયાં તો હજી બુદ્ધિપૂર્વક પ્રયત્ન ચાલે છે અને એમ અભ્યાસ કરે ત્યારે... એનો બીજો અર્થ શું છે ? **'એટલે કે'** કરીને વાત લીધી છે.

**'એટલે કે ઉદયમાં જ્યારે જ્યારે હર્ષ–શોક ભાવોના તીવ્ર રસ પ્રસંગે પોતાને તપાસે...'** શું થાય છે કે, જ્ઞાયકપણે રહેવાનો અભ્યાસ કરે ત્યારે જ્ઞાયકપણે તો રહેતો નથી. ત્યારે પ્રથમ કક્ષાના ભેદજ્ઞાનમાં શું શરૂઆત થાય છે ? કે, સામાન્ય ઉદય પ્રસંગોની અંદર એને જ્ઞાન અને રાગની ભિન્નતા વચ્ચે કોઈ સૂક્ષ્મપણે કાર્ય નથી થતું તો હરખ અને શોકના પરિણામમાં રસ તીવ્ર થાય છે, એ વિભાવરસ તીવ્ર થાય છે. ત્યારે એ પોતે પોતાને તપાસે છે એટલે કે **'(– જ્ઞાન જ્ઞાનને તપાસે)'** છે કે, જ્ઞાતાપણે રહેવાને બદલે હરખ–શોક થાય છે (એ) હરખ–શોક પોતાને 'હું'પણે વેદાય જાય છે. (એટલે) જ્ઞાનને તપાસે છે, ચાલતા જ્ઞાનને તપાસે છે. એ તપાસતા એને **'...સ્પષ્ટ માલૂમ પડે છે કે મારા જ્ઞાનમાં ખરેખર કાંઈ વધઘટ થઈ નથી...'** કાંઈ આવ્યું નથી, કાંઈ ગયું નથી. જો મારામાં કાંઈ આવ્યું, ગયું નથી તો હર્ષ થવામાં મને કાંઈ મળ્યું નથી, શોક થવામાં મારામાંથી મેં કાંઈ ગુમાવ્યું નથી. કોઈ ચીજનો મને લાભ નથી, કોઈ ચીજનું મને નુકસાન નથી. મારામાંથી કાંઈ આવતું–જાતું નથી. આ

પોતાના જ્ઞાનને તપાસીને, જ્ઞાન પોતાને તપાસીને વારંવાર આ નિર્ણય કરે છે, વારંવાર આ તપાસે છે કે, કેમ આ હરખ–શોક થાય છે ? જ્યારે કાંઈ આવતું–જતું નથી ત્યારે હરખ–શોક કેમ થયો ? એટલે એ રસ ઠંડો પડતો જાય છે. આ એક અભ્યાસ જ્યાં સુધી નિર્ણયની ભૂમિકામાં ન પહોંચે ત્યાં સુધી આ અભ્યાસ ખાસ ચાલે છે.

હવે, આમાં વિકલ્પ સાથે છે. આવા પ્રકારના અભ્યાસમાં વિકલ્પ છે ખરો. છતાં પણ '**...આ કાંઈ વિકલ્પ કરવા માત્ર નથી...**' એવો આ વિચાર નથી. '**...પરંતુ ચાલતા પરિણમનમાં પોતાના અનુભવને તપાસીને જણાયેલ ભિન્નતા છે.**' ભિન્નતા શું જણાણી ? કે, મારામાં કાંઈ આવ્યું નથી, મારામાંથી કાંઈ ગયું નથી, ચાલતા પરિણામમાં સ્પષ્ટ વાત છે. મારું જ્ઞાન જ્ઞાન જ છે. જ્ઞાનમાં કાંઈ આવ્યું નથી, જ્ઞાનમાંથી કાંઈ ગયું નથી. જ્ઞાને ગુમાવ્યું નથી, જ્ઞાનને મળ્યું નથી. જ્ઞાનને એટલે મને. એ પ્રકારે માત્ર વિકલ્પ નથી '**...પરંતુ ચાલતા પરિણમનમાં પોતાના અનુભવને તપાસીને...**' તપાસીને જણાયેલી, વિચારીને જણાયેલી નહિ પણ '**...તપાસીને જણાયેલ ભિન્નતા છે.**'

'**આ પ્રકારનો વારંવાર ભિન્નપણાનો અભ્યાસ થતાં પોતાને ખ્યાલ આવે છે...**' વિશેષ ખ્યાલ આવે છે, વારંવારના અભ્યાસથી પોતાને વિશેષ ખ્યાલ આવે છે કે, '**...મિથ્યાબુદ્ધિરૂપ અધ્યાસથી જે 'પરપ્રવેશ ભાવ'પણે અનુભવ થઈ રહ્યો છે...**' તે જૂઠ છે. '**...તેનું જૂઠાપણું સમજાય**' છે. હરખ–શોકના પરિણામમાં પરપ્રવેશપણું થાય છે. કાં તો ઉદય પ્રસંગમાં પોતાનો પ્રવેશ એને લાગે છે, કાં તો પોતામાં કોઈ પરપદાર્થનો એને પ્રવેશ અનુભવાય છે. ખાસ કરીને સ્વાદનો વિષય છે, સ્પર્શનો વિષય છે – શીત, ઉષ્ણ, રુક્ષ, સ્નિગ્ધ વગેરે. અને સ્વાદનો વિષય છે – ખાટું, ખારું, તીખું, ગળ્યું, કડવું. એમાં પરપ્રવેશભાવ વધારે અનુભવાય છે. ચક્ષુ ઇન્દ્રિયનો વિષય તો ક્ષેત્રથી જ ભિન્ન છે પણ અહીંયાં વિશેષપણે

સન્નિકર્ષથી પરિણામ ઉત્પન્ન થાય છે એટલે પરપ્રવેશભાવનો અધ્યાસ થાય છે. હવે, જ્યાં સુધી અંતર ભેદજ્ઞાનનો અભ્યાસ નથી ત્યાં સુધી એ ખરેખર સાચું લાગે છે (એટલે કે) 'મને ખરેખર કડવું લાગે છે, મને ખરેખર ઠંડું લાગે છે.' અહીંયાં એને એનું જૂઠાપણું સમજાય છે અને એ વિચારથી સમજાય છે (એમ) નહિ પણ આ પ્રકારના અનુભવના અભ્યાસથી સમજાય છે.

વિચારથી, ન્યાયથી, આગમથી, તર્કથી સમજાવું એક બીજી વાત છે, અહીંયાં અનુભવના અભ્યાસથી સમજાવું એ તદ્દન જુદી વાત છે. વિચારથી સમજવામાં એ વિષય પરોક્ષ રહી જાય છે. અહીંયાં પ્રયોગના અભ્યાસથી સમજાતા એ વિષય પ્રત્યક્ષ થઈ જાય છે. એક વાત પ્રત્યક્ષ થાય (અને) તેની તે વાત પરોક્ષ રહે, એ બન્ને વચ્ચે બહુ મોટો ફરક છે. એક અનુમાનજ્ઞાનનો વિષય થાય છે એક અનુભવજ્ઞાનનો વિષય થાય છે. એકમાં વિષય સંબંધીનો રસ ઉગ્ર નથી થતો અથવા ઊંડો નથી જતો. અહીંયાં આ વિષય સંબંધી – ભેદજ્ઞાનના વિષય સંબંધીનો રસ ઊંડે જાય છે, ઊંડો રસ ઉત્પન્ન થાય છે. પ્રત્યક્ષ અને પરોક્ષમાં રસનો બહુ મોટો ફરક છે. જે તે પ્રસંગ હોય તે પ્રસંગ પરોક્ષ હોય અને તે જ પ્રસંગ પ્રત્યક્ષ હોય ત્યારે રસનો મોટો ફરક પડે છે. રસ છે તે બળ છે, પરિણામની શક્તિ છે, એ તો આપણે વિચારી ગયા.

શ્રોતા :– અનુકૂળતા–પ્રતિકૂળતામાં હરખ–શોક થાય છે, એ કલ્પના જ થઈ ને ?

સમાધાન :– એ કલ્પના જ છે એમ અનુભવથી ત્યાં સમજાય છે. જ્યારે ભેદજ્ઞાનના પ્રયોગે ચડે ત્યારે હજી બુદ્ધિપૂર્વકના પ્રયોગે પણ આટલું સ્પષ્ટ થાય છે કે, આ કલ્પના થાય છે, આ ખોટું છે. ખરેખર મારામાં કાંઈ આવતું નથી, મારામાંથી કાંઈ જતું નથી. જો ઠંડાપણું સારું હોત તો શિયાળામાં સારું લાગવું જોઈએ. જો ઊનાપણું સારું હોત તો

ઉનાળામાં પણ સારું લાગવું જોઈએ. ઉનાળામાં ઠંડું સારું લાગે છે, શિયાળામાં ઊનું સારું લાગે છે. માટે આ સારું છે, એમ નક્કી નથી થતું – એવો કોઈ નિશ્ચય નથી થતો. પણ જ્ઞાનમાં તે તે પ્રકારના જ્ઞેયભાવોનો પ્રવેશ નહિ હોવા છતાં પ્રવેશ હોવાનો જૂઠો અનુભવ થાય છે. એને અધ્યાસ કહે છે. એનું નામ અધ્યાસ.

શ્રોતા :– લાડવો મારામાં આવી ગયો ?

સમાધાન :– લાડવો આત્મામાં આવી શકતો નથી. એટલું તો નહિ પણ લાડવાના ગળપણને આત્મા વેદી પણ શકતો નથી. ખાઈ પણ શકતો નથી અને વેદી પણ શકતો નથી. અધ્યાસથી માને છે (કે મેં લાડવો ખાધો). તેથી નહિ થઈ શકવા યોગ્ય કાર્યને થઈ શકે છે એમ માનતા આકુળતાની ઉત્પત્તિ થયાં વિના રહેતી નથી. દુઃખ અહીંથી ઊભું થાય છે, ઉત્પન્ન થાય છે. મૂળ દુઃખ અહીંયાં છે. દુઃખનું મૂળ જ અહીંયાં છે.

શ્રોતા :– ખરેખર શું થાય છે ?

સમાધાન :– ખરેખર આત્માને જ્ઞાન થાય છે. પણ એનું ધ્યાન, એનું લક્ષ જ્ઞાન ઉપર નથી. આત્માને જ્ઞાન થાય, એ સિવાઈ આત્મા બીજુ કાંઈ કરી શકે નહિ. **'ज्ञानादन्यत्करोति किम्'** કેમ કરી શકે ? એમ કહે છે.

શ્રોતા :– પરપ્રવેશભાવ શું છે ?

સમાધાન :– પરપ્રવેશભાવ તો અધ્યાસ છે, જૂઠો ભાવ છે, કલ્પનામાત્ર છે. પણ અહીંયાં એ કલ્પના માત્ર વિચારથી નથી સમજ્યો, એ અનુભવને પકડીને સમજે છે, આ મોટી વાત છે. મોટો ફેર અહીંયાં છે. વિકલ્પ સહિત વાત છે છતાં પણ વિકલ્પ એકલો નથી, ચાલતો અનુભવ પણ આમાં છે, જ્ઞાન પણ છે. એકલો વિકલ્પ નથી. જ્યાં ચાલતા અનુભવ સિવાઈ એકલો વિકલ્પ હોય ત્યાં એ વિચારજ્ઞાનને બળ મળતું

નથી. એટલે ભેદજ્ઞાન થતું નથી. અહીંયાં બળ મળે છે.

ફરીથી, **'આ પ્રકારનો વારંવાર ભિન્નપણાનો અભ્યાસ થતાં પોતાને ખ્યાલ આવે છે કે મિથ્યાબુદ્ધિરૂપ અધ્યાસથી જે 'પરપ્રવેશ ભાવ'પણે અનુભવ થઈ રહ્યો છે તેનું જૂઠાપણું સમજાય'** છે. આ વાત તો એને ખ્યાલમાં આવે છે. પહેલો જે ખ્યાલ છે અને આ ખ્યાલ છે એમાં મોટું અંતર છે. **'પરપ્રવેશભાવ' તે વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે,...'** હવે શું છે કે, અહીંયાં પ્રયોગની ચર્ચા ચાલે છે, તો પરપ્રવેશભાવ પણ એક પ્રયોગ છે, એ વિકલ્પ નથી. પરપ્રવેશભાવ છે એ પણ પ્રયોગ છે, એ કોઈ વિકલ્પ નથી. દલીલ એ આવે છે, 'હજી તો વિકલ્પ છે ને ? અહીં તો હજી વિકલ્પથી સમજાય છે ને ?' પોતાને પરપ્રવેશભાવ છે ત્યાં એકલો વિકલ્પ છે કે ખરેખર અનુભવ કરે છે ? ચર્ચાનો વિષય શું છે ? કે, ઊંધા અનુભવની મીંઢવણી સવળા અનુભવ સાથે કરવી છે. વિકલ્પની મીંઢવણી નથી કરવી. વિચારની મીંઢવણી એ ચાલી ગઈ મંથનના કાળમાં. એ તબક્કો પૂરો થયો. હવે અહીંયાં ચાલતા અનુભવને મીંઢવવો છે કે, આમાં સત્ય શું છે, અસત્ય શું છે. થોડું ધ્યાન રાખીને સમજવા જેવું છે. કેમકે આ અનુભવથી સમજવાનો વિષય છે.

શ્રોતા :– વિપરીત પ્રયોગનો અર્થ શું ?

સમાધાન :– વિપરીત પ્રયોગ એટલે શું છે કે, આ જીવ ઊંધો પ્રયોગ કરે છે. પર પદાર્થમાં પ્રવેશ કરવાનો અનુભવ કરે છે. જાણે આત્મા પર પદાર્થમાં પ્રવેશ કરે છે અથવા પર પદાર્થ આત્મામાં પ્રવેશ કરે છે, એવો એને અંદરમાં અનુભવ થાય છે. એ માત્ર વિચાર નથી, એ એનું પરિણમન જ છે. એક વિકલ્પ નથી. જેમકે આ મીઠાઈ ગળી છે એ વિચાર છે અને એના ગળપણનો અનુભવ (એ પ્રયોગ છે). (મીઠાઈ) ગળી છે એ વિચારમાં ગળપણ લાગતું નથી. ભલે ગળપણ સમજાતું હોય. ગોળ ગળ્યો છે, સાકર ગળી છે (એમ) એનું ગળપણ સમજાય

છે અને એ જીભ ઉપર આવે ત્યારે ગળપણનો અનુભવ કરે છે. તો વિચાર અને અનુભવમાં તફાવત ખરો કે નહિ ? પેલો વિચાર છે અને આ પ્રયોગ છે, એમ કહેવું છે. જ્યારે પોતે ગળપણનો સ્વાદ લે છે ત્યારે એ ગળપણનું પ્રયોગાત્મક જ્ઞાન છે અને માત્ર જ્યારે એ ગળપણનો વિચાર કરે છે કે, સાકર ગળી છે, ત્યારે વિચારાત્મકજ્ઞાન છે. એમ ગળપણનું જ્ઞાન વિચારાત્મક પણ થાય છે અને પ્રયોગાત્મક પણ થાય છે. હવે અહીંયાં ચર્ચા પ્રયોગની ચાલે છે. આ પ્રકરણમાં વિચારની ચર્ચા આપણે આગળ પૂરી કરી.

શ્રોતા :- પ્રયોગ એટલે અનુભવ-વેદન ?

સમાધાન :- હા, વેદન. વેદનને પ્રયોગ કહે છે. ચાલતા પરિણમનમાં પરિણમે તેને પ્રયોગ કહીએ. કેમકે આ તો પરિણમન લાવવું છે ને ? વિચાર કરી કરીને રહી જવું નથી. નહિતર તો એમ કહે કે, આ તો બધું ઠીક છે, વાતોના વડા જેવી વાત છે. એવું નથી, આ પરિણમન લાવવાની વાત છે.

શ્રોતા :- વિચારદશામાં મિથ્યા અનુભવ અને મિથ્યા વેદન કરે છે ?

સમાધાન :- કરે જ છે. ઊંધાપણામાં એકલો વિકલ્પ થોડો કરે છે ? ત્યાં તો એમ કહે છે કે, ભાઈ ! મીઠાઈના વખાણ કરવાથી કાંઈ પેટ ન ભરાય. ભૂખ લાગે ત્યારે મીઠાઈવાળાની દુકાન સામે ઊભો રહે અને મીઠાઈની સુગંધ લે, મીઠાઈના પેટ ભરીને દર્શન કરે અને મીઠાઈના વખાણ કરે, બહુ સારી... બહુ સારી... તો ભૂખ કેટલી સંતોષાય ? ત્યાં તો ખબર પડે છે કે, ખાધા વિના પેટ નહિ ભરાય. એમ અહીંયાં પરિણમન કર્યા વિના શાંતિ નહિ થાય અને અશાંતિ નહિ મટે. એકલો વિચાર, વિકલ્પ અને વાતો કરવાથી કામ નથી થતું.

ઘણાં લોકો એ જાતનો વ્યંગ કરે છે ને કે, તમારે ત્યાં તો બધા

ભેગા થઈને જ્ઞાનની વાતો કરે એટલે જાણે બસ ધર્મ થઈ ગયો ! કેમ એમ જોવે છે ? (કેમકે) ચાલતા જીવનની અંદર એનો મેળ નથી જોતા. મુમુક્ષુના ચાલતા જીવનની અંદર અથવા એની સાથેના જે પ્રસંગ પડે, ઉદય પ્રસંગ – વ્યવહાર (પ્રસંગ) ઊભો થાય ત્યારે એને ખ્યાલ આવે છે કે, આની વાતમાં, વિચારમાં અને એના ચાલતા વ્યવહારમાં બિલકુલ મેળ નથી. ભલે અંતર હોય પણ કાંઈક મેળવાળું તો હોવું જોઈએ. પૂર્ણતાનું ધ્યેય હોય એટલે સાધકદશામાં અધૂરાશ હોઈ શકે પણ સીધી વિરૂદ્ધતા હોય અને કાંઈ મેળ ન હોય, એ તો મેળ ખાતો નથી. એ વાતને સામાન્યબુદ્ધિના મનુષ્યો પણ સમજી શકે છે અને એને એમ લાગે છે કે, આ બરાબર નથી થતું. જે ચાલે છે તે બરાબર નથી ચાલતું. એવો જે અભિપ્રાય ઊભો થાય છે એમાં કાંઈક તથ્ય રહેલું છે, સાવ તથ્યવિહીન વાત નથી. કેમકે જાડીબુદ્ધિમાં એ વાત ખ્યાલમાં આવી જાય છે.

શ્રોતા :– આત્માનો જે સ્વભાવ નથી ત્યારે એ પોતે એવો અનુભવ કરે છે કે, જાણે હું આત્મા પોતે આખો કડવો થઈ ગયો !

પૂજ્ય ભાઈશ્રી :– હું કડવો થઈ ગયો ! કડવો રસ મારામાં (આવી ગયો). પુદ્‌ગલનો જે કડવો રસ છે એ તો પુદ્‌ગલ પરિણામ છે, (છતાં) આત્મા એ મય થઈ ગયો એમ અનુભવ કરે છે. ખરેખર આત્માના પ્રદેશોને અને એને સ્પર્શ સુદ્ધાં થતો નથી. કેમકે એક જડ છે, એક ચૈતન્ય છે. એવો અનુભવ કરે છે તો એ એનો વિપરીત પ્રયોગ છે.

જે વાત વિપરીત પ્રયોગથી દઢ થઈ હોય તે વિચારમાત્રથી કેવી રીતે સુલટાશે ? વિચારમાં ક્યાં એટલું બળ છે ? જે વાત વિપરીત પ્રયોગથી ઊંધી થઈ ગયેલી છે એ અવિપરીત પ્રયોગથી સવળી કરવી રહી. બરાબર છે ? સામાન્ય ડાઘ હોય તો પાણીથી ધોવાઈ જાય. પણ ડાઘ ખરેખરો પડ્યો હોય તો એને કાઢવા માટે એના પ્રકારના Solution કે એના પ્રકારના Chemicals હોય તો નીકળે, નહિતર નીકળે નહિ. એવા તીખા

પદાર્થો સામે જોઈએ કે ન જોઈએ ? એમ આ જીવને જે વિભાવ ઘર કરી ગયો છે, જેને લઈને આ જીવને સંસારરોગ છે, જન્મ મરણનો રોગ છે, જે વિભાવરોગ ઘર કરી ગયો છે, એની દવા પણ એને અનુકૂળ જોશે ને ? સાધારણ દવાથી કેમ મટશે ?

શ્રોતા :– એની કરતા વિપરીત જલદ પ્રયોગ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– વિપરીતની સામે અવિપરીત. એટલે વિપરીતનો વિપરીત. પણ એથી બળવાન પ્રયોગ જોશે. જે થઈ રહ્યું છે એથી બળવાન પ્રયોગ જોશે. જોકે પોતાની પાસે વિભાવ કરતાં સ્વભાવનું બળ અનંતગણું છે એટલે એને એ બળ ક્યાંથી લાવવું એ ચિંતા કરવાની જરૂર નથી. એ તો છે જ પોતામાં. કરી શકે છે, કરવા ધારે તો.

**'પરપ્રવેશભાવ' તે વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે, એવું અવલોકનથી સમજાય ત્યારે તે ભૂલ ટાળવાની સૂઝ...'** (એટલે કે) આ ભૂલ પ્રયોગથી ટળશે એવી સૂઝ આવે છે, '**...ખ્યાલમાં આવે છે.**' નહિતર સંતોષ થશે કે, શાસ્ત્ર વાંચ્યા અને વાત સમજાઈ ગઈ એટલે મને જ્ઞાન થઈ ગયું. ભૂલ ક્યાં કરશે ? સાંભળ્યું, વાંચ્યું, સમજમાં આવ્યું એટલે જ્ઞાન થયું એમ માનશે. એને ભૂલ ટાળવાની સૂઝ નહિ આવે.

શ્રોતા :– ક્ષયોપશમમાં તો બરાબર નિર્ણય કરી લે !

પૂજ્ય ભાઈશ્રી :– પરલક્ષી ક્ષયોપશમમાં, પરલક્ષી જ્ઞાનમાં આગમ અનુસાર નિર્ણય કરી લે છે. બીજાંને એમ લાગે કે, 'આગમ કહે છે એ જ વાત એને બરાબર સમજાણી છે, ઘડ બેસી ગઈ છે. આનું જ્ઞાન બરાબર છે.' ખોટી વાત છે. જ્ઞાન બરાબર નથી. આમ ભૂલભૂલામણી થાય છે.

શ્રોતા :– અવલોકનમાં આવે તો બરાબર સમજાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ વખતે જ એને સાચું સમજાય છે. કેમકે અવલોકનમાં પ્રયોગનો અભ્યાસ છે. એટલે એ વખતે એને સમજાય છે

કે, આમ ભૂલ થાય છે, ત્યારે ખ્યાલ આવે છે. ત્યારે તે '**...ભૂલ ટાળવાની સૂઝ ખ્યાલમાં આવે છે.**' એટલે કે '**...સુલ્ટા પ્રયોગની રીત સમજાય છે.**' આ ઊલટો પ્રયોગ છે, સુલટો પ્રયોગ આમ કરાય. એટલે આ ભેદજ્ઞાન છે એ પ્રયોગાત્મક કરવાનું છે, વિકલ્પાત્મક કરવાનું નથી.

આ પદ્ધતિ શરૂ નથી થઈ એટલે આપણે ત્યાં શું કરીએ છીએ કે, આ ભેદજ્ઞાનનો વિષય ન સમજમાં આવે ત્યાં સુધી શાસ્ત્રથી સમજવાની ઘડ બેસાડીએ અને પછી એનો વિકલ્પ કરે કે, હું રાગ નહિ, હું તો જ્ઞાન છું... હું તો રાગ નહિ, હું તો જ્ઞાન છું... હું જ્ઞાન છું, હું રાગ નથી. એવું કાંઈ ભેદજ્ઞાન નથી, એવો વિકલ્પ તે ભેદજ્ઞાન નથી.

ખરેખર તો '**આ 'પરપ્રવેશભાવ' જ જીવના સ્વસંવેદનને રોકનારો ભાવ છે.**' આ વિષય 'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ લીધો છે. આ વિષય જરા સૂક્ષ્મતાથી સમજવા જેવો છે. પરપ્રવેશભાવમાં વેદકભાવ છે. જીવમાં જે વેદવાનો પ્રકાર છે તેનો Misuse છે. અસ્થાનમાં પ્રયોગ ! Misuse એટલે એનો અસ્થાનમાં પ્રયોગ છે. જેને વેદી શકતો નથી એને વેદવા માટે વેદનારો ભાવ ખેંચાય છે. વેદી શકતો નથી એટલે આકુળતા થાય છે.

શ્રોતા :– જ્ઞાનનો દુરુપયોગ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનનો અને જ્ઞાનમાં પણ વેદનનો, જાણવાનો નહિ. (જ્ઞાનમાં) બે ભાવ છે ને ? જાણવું અને વેદવું. એમાં અહીંયાં વેદનનો દુરુપયોગ છે. જાણવામાં તો પર જણાય છે પણ વેદવામાં પર વેદાતું નથી. 'જ્ઞાન'નો Article છે એમાં એ વિષય ઉપર થોડું સ્પષ્ટીકરણ કર્યું છે.

શ્રોતા :– પરપ્રવેશભાવ એટલે કલ્પના લઈ શકાય ?

સમાધાન :– છે કલ્પના પણ વેદન સંબંધીની કલ્પના. શું (થાય છે) ? કે, ખરેખર હું લાડવો ખાઉં છું. મને ખરેખર ગળ્યું લાગે છે, ગળપણ

જાણે કે મારામાં ઉતરી ગયું અને મને બહુ સારું લાગ્યું. જાણે જીભ દ્વારા ગળપણ આત્મામાં ઉતર્યું અને એને બહુ સારું લાગ્યું. આ બિલકુલ ખોટો અધ્યાસ છે. પુદ્ગલ પુદ્ગલ રહે છે, જીવનું જ્ઞાન જીવનું જ્ઞાન રહે છે. ભ્રમથી કલ્પના કરે છે કે, મેં ગળપણને વેદ્યું, મેં ગળપણને ભોગવ્યું, મેં ગળપણનો અનુભવ કર્યો. આવું જે ખોટું વેદનપણું છે એ સ્વસંવેદનને અનુભવ કરવા દેતું નથી.

જ્ઞાન જ્ઞાનને વેદે એવું જે સ્વસંવેદન એ સ્વસંવેદનનો કોઈ પ્રતિબંધકભાવ હોય તો આ પરપ્રવેશભાવ છે. ભેદજ્ઞાનના અભ્યાસથી પરપ્રવેશભાવનો અભાવ થાય એટલે સ્વસંવેદન તો આપોઆપ અંદર રહેલું છે એ આવિર્ભૂત થઈને અનુભવગોચર થઈ જાય છે. સ્વસંવેદન કર્તૃત્વભાવે કરવામાં આવતી ચીજ નથી કેમકે એ એનો સ્વભાવ છે. જો કે જ્ઞાન છે એ પોતાના વેદકભાવનો ત્યાગ કરી શકતું જ નથી, પણ પરવેદનના અધ્યાસમાં અને એ લક્ષમાં પડેલા જીવને ત્યાં અંધારું થઈ જાય છે. જ્ઞાનના વેદનમાં અંધારું થઈ જાય છે. કેમકે આખો એનો વેદકભાવ ઊંધો થઈને પરિણમે છે, પરમાં રોકાઈને પરિણમે છે.

શ્રોતા :– ખરેખર તો વેદન જ થાય છે ને ?

સમાધાન :– ખરેખર એમ થાય છે પણ એમ અવલોકન કરે તો એને સમજાય. અહીંયાં શું છે કે, પરપ્રવેશભાવને પણ અવલોકનમાં લેવો. પરપ્રવેશભાવને પણ અવલોકનમાં લેવો કે, આ કેમ થઈ રહ્યું છે ? કેવી રીતે થઈ રહ્યું છે ? તો એની સૂક્ષ્મતા પકડાશે. એની સૂક્ષ્મતા પકડાશે તો રસ તો ત્યાં તૂટી જશે. નહિતર સામાન્ય રીતે પરવેદનમાં તીવ્રરસ થાય જ છે. જાણવામાં એટલો તીવ્રરસ ન થાય પણ વેદવામાં તો તીવ્ર રસ થાય જ થાય, પણ જો અવલોકનમાં આવે તો રસ ઠંડો પડે. રસ ઠંડો પડે તો જ્ઞાનને જ્ઞાનનું વેદન શું ? અને પરનું વેદન શું ? આ બે વચ્ચેનો તફાવત વેદનના અનુભવથી સમજવાનો પ્રસંગ પડે.

શ્રોતા :– વર્તમાન ચાલતા પરિણમનમાં જોવાનું છે ?

સમાધાન :– હા, ચાલતા પરિણમનમાં જ (જોવાની) વાત છે, નહિતર તો વિચારનો વિષય થઈ જશે. એ તો આનો પાયાનો નિયમ છે કે, વાત ચાલતા પરિણમનની ચાલે છે, વ્યતીત થઈ ગયેલા પરિણામના વિચારની વાત અહીંયાં ચાલતી નથી. અહીંયાં આ વિષય થોડો સૂક્ષ્મ છે. પોતાનો જે પરપ્રવેશભાવ છે તેને અવલોકનથી સમજે અને જ્ઞાનમાં જ્ઞાનવેદન શું છે તેનું પણ અવલોકન કરવાનો પ્રયત્ન કરે. કેમકે **'આ 'પરપ્રવેશભાવ' જ જીવના સ્વસંવેદનને રોકનારો ભાવ છે.'**

**'આ પ્રકારે ભેદજ્ઞાનના પ્રયોગાભ્યાસથી માલૂમ પડે છે કે ખરેખર કોઈ પરજ્ઞેય (રાગાદિ પર ભાવ પણ)...'** એ પરજ્ઞેયમાં જાય છે. **'...મારા ઉપર / જ્ઞાન ઉપર કાંઈ પણ અસર પહોંચાડી શકતું નથી.'** હવે શું છે કે, જ્ઞાનમાં કોઈ વિકૃતિ લાવી ન શકે. કોઈ જ્ઞેય કે કોઈ વિભાવ જ્ઞાનમાં વિકૃતિ લાવી ન શકે. જ્ઞાન તો હંમેશાં જ્ઞાન જ રહે. જ્ઞાન જ્ઞાન મટીને બીજું કાંઈ થઈ જાય એવું બને નહિ. જ્ઞેયનું પ્રતિબિંબ અવશ્ય ઝીલે, છતાં એ ઝીલનાર ભાવ તે જ્ઞાન જ છે, જ્ઞેય નથી. એટલું જ નહિ, એ ઝીલનાર ભાવ જ્ઞાનની સ્વચ્છતા અને જ્ઞાનનો ધર્મ હોવાથી એ વિકૃતિ પણ નથી. જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ તે જ્ઞાનની વિકૃતિ નથી. એ જ્ઞાનની આકૃતિ છે, વિકૃતિ નથી. એ જ્ઞેયાકાર જ્ઞાન છે, તો એ જ્ઞાન જ છે. આકૃતિને મુખ્ય ન કરીએ તો એ જ્ઞાન જ છે. બસ, જ્ઞાનમાં તો જ્ઞાન જ છે. જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે એમ કહેવા પાછળ આકૃતિને ગૌણ કરવી છે, લ્યો !

ગુરુદેવનું વચન આવે છે ને ? અને 'સમયસાર'માં પણ આવે છે કે, જ્ઞાનમાં જ્ઞાન જ જણાય છે. ('સમયસાર કળશ')૨૭૧ (નંબરના શ્લોકમાં) લે છે ને ? કે, જ્ઞાન જ જ્ઞેય છે અન્ય જ્ઞેય તે એનું જ્ઞેય નથી. ખરેખર તો જ્ઞાન જ જ્ઞાનનું જ્ઞેય છે. એનો અર્થ શું ? કે, અન્ય

જ્ઞેયો હોવા છતાં પણ અને જણાવા છતાં પણ એટલું ગૌણ થઈ જાય છે કે, મને જ્ઞેય નથી જણાતું, મને જ્ઞાન જણાય છે, એમ કહેવું છે. ત્યાં જ્ઞાનની મુખ્યતા કરવી છે (અને) જ્ઞેયાકાર જ્ઞાનની ગૌણતા કરવી છે, અત્યંત ગૌણતા કરવી છે, એને લક્ષમાંથી દૂર કરી નાખવું. કેમકે એની સાથે મારે કોઈ પ્રયોજન નથી, એની સાથે મારે કોઈ સંબંધ નથી. હું એનાથી અસંગ તત્ત્વ છું, હું જ્ઞેયથી અસંગ તત્ત્વ છું.

શ્રોતા :– અનાદિકાળથી આ પરપ્રવેશભાવને કારણે વિપરીતતા થઈ તોપણ જ્ઞાન તો જ્ઞાન જ રહ્યું છે ?

સમાધાન :– જ્ઞાનનો એક એવો અભેદ કિલ્લો છે કે, જેને કોઈ ભેદી શકતું નથી. એને કોઈ ભેદી શકતું નથી, તોડી શકતું નથી, ઉલ્લંઘન કરી શકતું નથી.

'સમયસાર'ના નિર્જરા અધિકારમાં એક દૃષ્ટાંત આવે છે કે, વૈદ્ય છે એ ઝેર ખાય તોપણ મરતો નથી. ઊલટાનો પોતાનો રોગ છે એને મટાડે છે. ઝેર ખાઈને શું કરે છે ? રોગ મટાડે છે. Poisionious (ઝેરી) દવા લેવામાં આવે છે કે નહિ ? 'સોમલ'માંથી દવા બને જ છે ને ? ઝેરમાંથી દવાઓ બને છે, સર્પના ઝેરમાંથી દવાઓ બને છે. ઝેરમાં તો મારવાની શક્તિ છે પણ એકાંતે નથી. એ વાત એકાંતે નથી, જિવાડવાની પણ શક્તિ છે ! ઝેર ઝેરને મારે, તો જેને ઝેર ચડ્યું હોય એ ઝેરને ઝેર મારે તો એ ઝેર ઝેરને જિવાડે. એ તો એને જિવાડે છે, મારતું નથી. છે કે નહિ ? એમ કર્મના ઉદયમાં સામાન્યપણે નવો કર્મબંધ કરવાનો નિમિત્તત્વ ધર્મ રહેલો છે, ઉપાદાન(ધર્મ) નહિ. મિથ્યાત્વનો – મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય થાય તો મિથ્યાત્વ થાય જ. અમુક પ્રકૃતિ એવી છે કે, જેના ઉદયમાં અવિનાભાવી(પણે) સામે દર્શનમોહનો ભાવ થાય જ. એટલે ઉપશમના કાળમાં સમ્યગ્દર્શન થાય છે, ઉદયના કાળમાં ન થાય. સમ્યગ્દર્શન તે દર્શનમોહની કર્મ પ્રકૃતિનો –

મિથ્યાત્વ કર્મ પ્રકૃતિનો અનઉદય પરિણામ છે, ઉદય પરિણામ નથી, ઉદયભાવ નથી, અનઉદયભાવ છે. સમ્યગ્દર્શન ઉદયભાવમાં નથી જતું, ઉપશમભાવમાં જાય છે. ત્યાં ('સમયસાર'માં) એમ લીધું છે કે, સમ્યક્દષ્ટિને દર્શનમોહ તો ગયો પણ ચારિત્રમોહને લઈને નવો બંધ થાય કે ન થાય ? તો (કહે છે કે) કર્મના ઉદયમાં, કર્મ પ્રકૃતિમાં નવો બંધ કરવાનો ધર્મ છે ખરો. પણ કોને ? કે, જેને એની ભિન્નતાનું જ્ઞાન ન હોય તેને. જે એનાથી ભિન્ન રહે છે અથવા ત્યાં જે હેયબુદ્ધિએ વર્તે છે એણે કર્મના ઉદયની કર્મબંધ કરવાની શક્તિને હણી નાખી છે. જેમ ઝેરની મારવાની શક્તિને હણી નાખી છે એમ કર્મના ઉદયની નવો બંધ કરવાની શક્તિને એણે હણી નાખી છે. ત્યાં એવી વાત લીધી છે, શૈલી કેવી લીધી છે ! એમ જ્ઞાનને કોઈ વિકૃત કરી શકતું નથી, એમ અહીંયાં લેવું છે.

'**...ભેદજ્ઞાનના પ્રયોગાભ્યાસથી...**' એટલે કે પોતાના જ્ઞાનને વારંવાર એ રીતે તપાસવાથી પોતાને '**...માલૂમ પડે છે...**' '**માલૂમ પડે છે**' એટલે અનુભવજ્ઞાનથી સમજાય છે કે, '**...ખરેખર કોઈ પરજ્ઞેય (રાગાદિ પર ભાવ પણ) મારા ઉપર / જ્ઞાન ઉપર કાંઈ પણ અસર પહોંચાડી શકતું નથી.**' જ્ઞાન નિર્લેપ રહે છે, એમ કહેવું છે. જ્ઞાન સદાય નિર્લેપ રહે છે, લેપાતું નથી.

'**મેં અનંતકાળથી પરપદાર્થનો અનુભવ કર્યો હોવાનું માન્યું છે,...**' (અર્થાત્) અનેકજાતના પરપદાર્થનો મેં અનુભવ કર્યો છે એમ માન્યું છે. અનંતકાળથી અનંત પદાર્થોનો મેં અનુભવ કર્યો હોવાનું માન્યું છે '**...તે અસત્ય છે.**' આ આત્માને કોઈ પદાર્થનો અનુભવ થયો નથી, જણાયા છે. સાકર ગળી છે, એમ આત્માએ જાણ્યું છે ત્યારે આત્મા ગળ્યો થયો નથી. જ્ઞાન ક્યારેય ગળ્યું થયું નથી, થઈ શકતું પણ નથી.

શ્રોતા :– પ્રયોગની શરૂઆતમાં આવું નક્કી કરે છે ?

સમાધાન :– હા, પ્રયોગની શરૂઆતમાં આ રીતે નક્કી થાય છે, પ્રયોગથી આ નક્કી થાય છે. નરકમાં તીવ્ર ઠંડીના ક્ષેત્રો છે, તીવ્ર ગરમીના ક્ષેત્રો છે. ત્યાંની ગરમીનો એક કણ અહીંયાં આવે તો હજારો માઈલમાં બધું સાફ થઈ જાય ! મરી જાય, પ્રાણીઓ મરી જાય. તિર્યંચો અને મનુષ્યોના પ્રાણ ન રહી શકે. એક કણિયો આવે તો દસ–દસ હજાર માઈલમાં બધું ખલાસ થઈ જાય. ત્યાં જે આત્માઓ રહ્યાં છે એના આત્માનું જ્ઞાન જરાય ઉષ્ણ થતું નથી. દુઃખી થાય છે એ 'મને ગરમી લાગે છે' એનું દુઃખ છે. ગુરુદેવના પ્રવચનમાં વાત આવતી કે, નરકમાં દુઃખ શેનું છે ? 'આ મારો ઉદય છે' એનું દુઃખ છે. દુઃખ કોને થાય છે ? જેને 'મારો ઉદય' ભાસે છે તેને. એનો ઉદય છે જ નહિ, જ્ઞાન તો જાણે જ છે. ત્યાં જ રહેલાં સમ્યક્દૃષ્ટિઓ સુખી છે. દુઃખનો અનુભવ નથી કરતા, સુખનો અનુભવ કરે છે. 'આ મને નથી, મને જણાય છે જરૂર, પણ એ મને નથી, મને સ્પર્શી શકતું નથી.' (એમ) અનુભવ કરે છે. 'મને સ્પર્શી શકતું નથી, આ ઠંડી કે આ ગરમી, આ દુર્ગંધ મને સ્પર્શી શકતા નથી – હું નિર્લેપ રહું છું.'

શ્રોતા :– ગરમીથી હું દાઝું છું એમ જણાય ખરું, વેદાય નહિ. એ બે વચ્ચેનો તફાવત શું ?

સમાધાન :– ગરમીની ઉષ્ણતા જણાય. દાઝું છું, એમ ન જણાય. ગરમીમાં દઝાડે એવી ઉષ્ણતા છે, તીવ્ર ઉષ્ણતા છે, એમ જણાય. પણ જ્ઞાન બળતું નથી, જ્ઞાન દાઝતું નથી, જ્ઞાનને દાઝવાનો ડાઘ પડતો નથી કે જ્ઞાનની રાખ થાતી નથી. દાઝ પડે ને ? જ્ઞાનને કાંઈ ગરમીનો ડાઘ પડી જાય ? કે જ્ઞાનની રાખ થાય ? જ્ઞાન બળીને શું થાય ? જ્ઞાનને કાંઈ થાય જ નહિ. જ્ઞાનતત્ત્વ આત્મા એવું કોઈ અનંત સામર્થ્યવંત તત્ત્વ છે કે, એને કાંઈ થઈ શકતું નથી !! તેત્રીસ સાગર એટલે અબજોના અબજો વર્ષ (જાય) એવા ક્ષેત્રમાં એ આત્મા રહે (છતાં) એવોને એવો

રહે ! એના સામર્થ્યમાંથી, એના પ્રદેશમાંથી ક્યાંય પણ એને નુકસાન થાય, કાંઈ પણ થઈ જાય એ વસ્તુસ્થિતિ નથી, બની શકતું નથી. એવો અખંડ, અભેદ, અછેદ્ય, અભેદ્ય કિલ્લો છે. ભેદી શકાય નહિ, છેદી શકાય નહિ.

**'મેં અનંતકાળથી પરપદાર્થનો અનુભવ કર્યો હોવાનું માન્યું છે, તે અસત્ય છે. અનંતકાળથી રાગાદિ ભાવોની અસર તળે અનેકવિધ વિકારી ભાવપણે મને અનુભવ કરીને...'** એટલે 'હું'પણે અનુભવ કરીને **'...ગાઢ રસવાળા વિકારી પરિણામ વચ્ચે રહેવા છતાં પણ મારું જ્ઞાનસ્વરૂપ સદાય નિર્લેપ જ રહેલું છે.'** આ નિર્લેપતા એને સમજાય છે. જ્યારે એ પોતાના જ્ઞાનતત્ત્વને તપાસે છે ત્યારે એને સમજાય છે કે, ભૂતકાળમાં ગડબડ ઘણી થઈ ગઈ, ઘણો રસ લીધો. પરપદાર્થ સંબંધીનો તીવ્રમાં તીવ્ર રસ ઘૂંટ્યો, તીવ્રમાં તીવ્ર રસ લીધો છતાં જ્ઞાન જ્ઞાન જ રહ્યું છે, જ્ઞાન કોરેકોરું રહ્યું છે, જ્ઞાનમાં કાંઈ ભળી શક્યું નથી. કલ્પના ઘણી થઈ, ઘણું ખોટું વેદ્યું, ઊંધો અનુભવ ઘણો તીવ્ર લીધો તોપણ જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું છે. આ વસ્તુની સુંદરતા છે. મારું જ્ઞાનસ્વરૂપ સદાય જ્ઞાનસ્વરૂપ જ રહેલું છે, **'...નિર્લેપ જ રહેલું છે.'**

**'જો મોક્ષાર્થી જીવ ખાસ પ્રકારની પાત્રતામાં વર્તતો હોય અને સ્વહિતમાં ઉત્સાહિત વીર્યથી વર્તતાં કાર્યે કાર્યે – પ્રસંગે પ્રસંગે ઉપયોગમાં જ્ઞાનની વ્યાપકતાને અવલોકતો હોય તો પોતે 'જ્ઞાનમાત્ર'પણે ભિન્ન ભાસ્યમાન થાય છે.'** પોતાની ભિન્નતા એને ભાસવામાં આવે છે. પહેલાં એને જુદાઈ ભાસે છે. પરપદાર્થ જણાતાં પરપદાર્થની સાથે જે ભળી જતો હતો, એ વ્યાપ્તિને જોતાં એને એમ લાગ્યું કે, નહિ, હું જુદો રહું છું. મારું જ્ઞાનતત્ત્વ ક્યાંય ભળતું નથી, ક્યાંય વ્યાપતું નથી અને મારા જ્ઞાન ઉપર કોઈની અસર આવતી નથી.

**'આ રીતે 'જ્ઞાનમાત્ર'પણે અભ્યાસ વૃદ્ધિગત થવાથી 'જ્ઞાનમાત્ર'માં**

**જ્ઞાનવેદનનું ભાસવું થાય છે.**' શું (થાય) છે કે, જે પરપ્રવેશભાવને લઈને જ્ઞાનમાં જ્ઞાનવેદન છે એ એને પકડાતું નહોતું કે, જ્ઞાનવેદન શું ચીજ છે ? સુખ–દુઃખનું વેદન, શીત–ઉષ્ણનું વેદન, ગળપણ કે કડવાટપણાનું વેદન એ તો સમજાય છે, પણ જ્ઞાનવેદન શું ? આ જે નહોતું સમજાતું એ એને પોતાને ભિન્નપણાથી, જે જ્ઞાનમાત્રપણે પોતે જુદો રહે છે એવું જે ભાસવું થાય છે ત્યારે એવા ભિન્નપણાના વારંવારના ભાસ્યમાનપણાને લીધે એને પોતાને જ્ઞાનમાત્રમાં જ્ઞાનવેદનનું ભાસવું થાય છે કે, જ્ઞાનમાં જ્ઞાનવેદન રહેલું છે.

**'વેદન કદીએ પરોક્ષ હોતું નથી,...'** હવે, અહીંથી નવી દિશા ખુલી જાય છે. જ્યાં પોતાની નિર્લેપતાને તપાસતાં તપાસતાં એની ભિન્નતા ભાસવા લાગી અને જેમ જેમ ભાસન સ્પષ્ટ થતું જાય છે તેમ તેમ દર્શનમોહની શક્તિ ઘટતી જાય છે, જ્ઞાન નિર્મળ થતું જાય છે અને એને પોતાને જ્ઞાનમાત્રમાં જ્ઞાનવેદનનું ભાસવું થાય છે. વેદન કદી પણ પરોક્ષ હોતું નથી. બાકી બધું પરોક્ષ, મતિ–શ્રુતમાં બધો વિષય પરોક્ષ. એક વેદનના વિષયને પરોક્ષ નથી કહેવાતો, એને પ્રત્યક્ષ કહેવાય છે. કેમકે પરોક્ષ કહેવામાં અને પ્રત્યક્ષ કહેવામાં એ ફરક છે કે, વચમાં કોઈ ઇન્દ્રિય આદિ પરપદાર્થનું નિમિત્ત માધ્યમ તરીકે હોય ત્યારે તે જ્ઞાનને પરોક્ષજ્ઞાન કહેવાય છે અને એવી કોઈપણ વચમાં પરપદાર્થની નિમિત્તપણાની કોઈ મધ્યસ્થતા ન હોય અને સીધું જ્ઞાન કામ કરે ત્યારે તેને પ્રત્યક્ષજ્ઞાન કહેવામાં આવે છે. ત્યારે જ્ઞાન જ્ઞાનને વેદે એમાં વચ્ચે કોની જરૂર છે ? જ્ઞાન જ્ઞાનને વેદે એમાં વચ્ચે કોઈની જરૂર નથી. એટલા માટે એ પ્રત્યક્ષ છે.

**'વેદન કદીએ પરોક્ષ હોતું નથી, અતઃ જ્ઞાનવેદનથી પોતે પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ,...'** છે અને અત્યંત પ્રત્યક્ષ છે એવા **'...સહજ સ્વરૂપે છે – એવું પોતાના મૂળ સ્વરૂપનું ભાવભાસન સ્વસન્મુખતાના સહજ**

**પુરુષાર્થને ઉત્પન્ન કરે છે.**' અહીંયાં ભાવભાસન થયું ત્યાં નિર્ણય થયો, અહીંયાં નિર્ણય થયો. એટલે નિર્ણયની અંદર પ્રત્યક્ષ સુધીનો વિષય આવી ગયો. પોતાની ભિન્નતા, પોતાની વેદકતા, પોતાની વ્યાપકતા અને પોતાની પ્રત્યક્ષતા – આ બધું એની અંદર સ્પષ્ટ થઈ ગયું. જ્ઞાન સ્વરૂપે કરીને ભિન્ન રહે છે, ક્યાંય વ્યાપતું નથી, પોતાના વેદનયુક્ત જ છે, એના વેદનને છોડાવી શકાતું નથી અને એ પ્રત્યક્ષ છે. જ્ઞાનલક્ષણમાં જે એનું લક્ષણ પ્રત્યક્ષ છે એનાથી લક્ષ્યમાં રહેલી અનંત પ્રત્યક્ષતા જે છે એનો ભાવ પણ એને ભાસી જાય છે. અહીંયાં એને પોતાની સ્વરૂપ પ્રત્યક્ષતાનું ભાવભાસન થયું.

આ વિષયમાં તો પ્રત્યક્ષતાના જે વચનો આવે છે એ કોઈવાર બહુ જોરદાર આવે છે !! 'શ્રીમદ્જી'નું એક વચન છે – 'આત્મા પ્રત્યક્ષ છે, અત્યંત પ્રત્યક્ષ છે' એમ કરીને વાત લીધી છે. ૭૧૦ નંબરનો પત્ર છે. **'આત્મા છે, આત્મા અત્યંત પ્રગટ છે,...'** (અજ્ઞાની) કહે છે, 'અમને દેખાતો નથી.' (અહીંયાં કહે છે) આત્મા છે એમ નહિ (પણ) આત્મા અત્યંત પ્રગટ છે ! '**...કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં આવે છે.**' આ પ્રત્યક્ષતાનો બોલ છે. કેમકે સ્વસંવેદનમાં તો પ્રગટપણું છે. જો જ્ઞાનને જ્ઞાનનું વેદન પ્રગટ અનુભવગોચર છે તો આત્મા અત્યંત પ્રગટ છે. જણાતો નથી... જણાતો નથી... જણાતો નથી... એ વાત કેમ આવે છે ? એમ કહે છે. આ તો અત્યંત પ્રગટ ચીજ છે. 'છે' એમાં હયાતી લીધી, 'પ્રગટ છે' એમાં પ્રત્યક્ષપણું લીધું છે અને પ્રત્યક્ષપણું છે એની સાબિતી સ્વસંવેદન લઈ લીધું છે. એમ ત્રણ બોલમાં આખી વાત લઈ લીધી છે.

અહીંયાં શું કહ્યું ? '**...અત્યંત પ્રત્યક્ષ, સહજ સ્વરૂપે છે – એવું પોતાના મૂળ સ્વરૂપનું ભાવભાસન સ્વસન્મુખતાના સહજ પુરુષાર્થને ઉત્પન્ન કરે છે.**' અહીંથી પુરુષાર્થની દિશા બદલાણી. પુરુષાર્થની દિશા જે પરસન્મુખ હતી એ અહીંયાં જે પ્રત્યક્ષ ભાવભાસન થયું ત્યારે રાગથી

ખસીને, જ્ઞાન લક્ષણને મુખ્ય કરીને, જ્ઞાન ઉપર આવીને એણે પ્રત્યક્ષતા જોઈ. એટલે પ્રત્યક્ષ થયો, અનંત પ્રત્યક્ષ છું એમ લાગ્યું કે સીધો પુરુષાર્થનો ઉછાળો આવ્યા વિના રહેતો નથી. એવો એક સ્વસન્મુખતાનો પુરુષાર્થ અહીંથી ઉત્પન્ન થઈ, વૃદ્ધિગત થઈ અને સમ્યગ્દર્શનને પ્રગટ કરશે, એ વાત અહીંથી લેવી છે. વિશેષ લેશું....

❄ ❄ ❄

**સદા ઉપયોગધારી, ઉપયોગ સ્વભાવી, આનંદ સ્વરૂપ પોતે સ્વયમેવ - યત્ન વિના જ છે, છે અને છે. પોતાનું કામ પોતાને - સહજ સ્વરૂપને–નિહાળવા પૂરતું જ છે, માત્ર આટલું કર્તવ્ય છે; છે તેને નિહાળવું છે. છે તેમાં કાંઈ (નવું) કરવાનું નથી કે કાંઈ બનાવવાનું નથી. પરની અપેક્ષાવૃત્તિને પલટાવી ઉપરોક્ત સ્વપદને ઓળખી, સન્મુખ થઈ, અનંત મહિમાધારીને, નિજ રસથી નિહાળ !!**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૩૭)

## પ્રવચન-૮
## તા. ૨૮-૦૨-૧૯૯૦

('સુવિધિ'નું પ્રકરણ ચાલે છે). **'ઉપરોક્ત પાત્રતામાં...'** (પાત્રતામાં) એટલે દર્શનમોહ જેનો મંદ થયો છે. દર્શનમોહ મંદ થાય તેને પાત્રતા કહી છે. ચારિત્રમોહ મંદ થાય તેથી કોઈ પાત્રતા નથી. ઉપર સિદ્ધાંત લીધો ને ? **'દર્શનમોહ મંદ થયા વિના, વસ્તુસ્વરૂપનું ભાવભાસન થાય નહિ અને દર્શનમોહના અભાવ થયા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી.'**

**'ઉપરોક્ત પાત્રતામાં આવેલો મોક્ષાર્થી જીવ અંતરસંશોધનમાં ઊંડો ઊતરે છે ત્યારે સ્વયંના 'જ્ઞાનલક્ષણ'થી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય નિમ્ન વિધિથી કરે છે :'** નિર્ણય કરવામાં પણ ભેદજ્ઞાન સહાયક છે, અનુભવ કરવામાં પણ ભેદજ્ઞાન સહાયક છે, એમ કહેવું છે. કેમકે નિર્ણય કરવામાં જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય જ્ઞાનલક્ષણથી કરવો છે ત્યારે તે જ્ઞાન, માત્ર જ્ઞાન – એકલું જ્ઞાન – સામાન્ય જ્ઞાન એવું લક્ષણ લેવું પડે છે. પરસન્મુખ જ્ઞાન નહિ, અલ્પજ્ઞાનનું અલ્પજ્ઞત્વ નહિ, જ્ઞાનના મતિ–શ્રુતનો કોઈનો ભેદ નહિ, ઇન્દ્રિયજ્ઞાન નહિ, એ કાંઈ નહિ. જ્ઞાન સામાન્ય !

શ્રોતા :– પર્યાય તરફનું લક્ષ નહિ ?

સમાધાન :– પર્યાય તરફનું લક્ષ નહિ, પર્યાયના ભેદનું લક્ષ નહિ.

ગુણભેદનું લક્ષ નહિ, બીજાં કોઈ ગુણનું લક્ષ નહિ. કેમકે બીજાં ગુણથી પણ પકડાતો નથી. બીજો કોઈ ગુણ પ્રગટ નથી, જ્ઞાન પ્રગટ છે.

શ્રોતા :– જોવે છે પર્યાય ?

સમાધાન :– હા, કેમકે પ્રગટ તો પર્યાયમાં છે ને, વ્યક્ત પર્યાયમાં છે. સ્વભાવઅંશ વ્યક્ત પર્યાયમાં છે. પોતાના વ્યક્ત અંશને જોવે તો વિશ્વાસ આવે. અનુમાનમાં વિશ્વાસ ન આવે. એક વાત નજરે જોઈ હોય અને એક વાત સાંભળી હોય તો સાંભળેલી વાતમાં શંકા પડે, પણ નજરે જોયેલી વાતમાં કેમ શંકા પડે ? એમ કહેવું છે. બળ આવવાનું કારણ પણ એ જ છે. વિશ્વાસ ઊભો થાય છે.

**'...સ્વયંના 'જ્ઞાનલક્ષણ'થી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય નિમ્ન વિધિથી કરે છે : આ વિધિનું પ્રસિદ્ધ નામ 'ભેદજ્ઞાન' છે;...'** એટલે નિર્ણય કરવાની વિધિ પણ ભેદજ્ઞાન છે, અનુભવ કરવાની વિધિ પણ ભેદજ્ઞાન છે, વારંવાર અનુભવ કરવાની વિધિ પણ ભેદજ્ઞાન છે અને સિદ્ધપદ સુધી પહોંચે ત્યાં સુધી **'सिद्धा ये किल केचन। भेदविज्ञानत: सिद्धाः सिद्धा ये किल केचन।'** એમ લીધું. એટલે વિધિનો પ્રકાર – કાર્યપદ્ધતિનો પ્રકાર ક્યાંય બદલાતો નથી, એક જ પ્રકારે છે.

શ્રોતા :– આ ભેદજ્ઞાન અવલોકનથી શરૂ થઈ જાય છે ?

સમાધાન :– અવલોકનથી ભેદજ્ઞાન થવાની શક્યતા ઊભી થાય છે. કેમકે પ્રથમ અવલોકનમાં તો વિભાવભાવો અને એના રસનો પરિચય થાય છે અને આ બાજુ જ્ઞાનમાં સ્વભાવનો પરિચય થાય છે. જ્યારે બે જાતિની પરખ આવે છે ત્યારથી ભેદજ્ઞાન થવાની શરૂઆત થાય છે. ઓળખ્યા પછી ભેદજ્ઞાન શરૂ થાય છે. પહેલાં ઓળખવા માટે અવલોકન કરવું પડે છે અને પછી ભેદજ્ઞાન કરવામાં પણ અવલોકનનો પ્રકાર એ રીતે છે કે, એ તપાસે છે. ભેદજ્ઞાન થઈ જતું નથી પણ ભેદજ્ઞાનનો પ્રયત્ન શરૂ થાય છે. જ્યારે પ્રયત્ન શરૂ થાય છે ત્યારે ભેદજ્ઞાન

હજી થઈ ગયું નથી, પણ ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન (શરૂ) થઈ જાય છે ત્યાં એને પણ ભેદજ્ઞાન કરે છે એમ કહેવાય છે. સાદી ભાષામાં (એમ કહે કે) આ ભેદજ્ઞાન કરે છે, પણ હજી ભેદજ્ઞાનનો પ્રયત્ન થાય છે. એની અંદર પણ અવલોકન એ રીતે આવે છે કે, મારા જ્ઞાનની અંદર રાગ કે પરપદાર્થનું આવવું-જવું, નફો-નુકસાન, લાભ-નુકસાન શું થાય છે ? વિકૃતિ-અવિકૃતિ શું કરે છે ? એમ અવલોકવું થાય છે. આ રાગ થયો એણે જ્ઞાનમાં વિકૃતિ ઊપજાવી કે જ્ઞાને માત્ર એનું પ્રતિબિંબ ઝીલ્યું ? પરપદાર્થમાં – સંયોગમાં નુકસાન થયું તો મારા જ્ઞાનમાંથી કાંઈ ઘટ્યું ? મારા જ્ઞાનમાંથી કાંઈ ચાલ્યું ગયું ? જે નુકસાન થયું તેનો અભાવ મારા જ્ઞાનમાંથી થયો ? એમ તપાસે છે. એમ અવલોકન થાય છે, એ પ્રકારનું અવલોકન (ચાલે છે).

શ્રોતા :– જે અવલોકન કરે છે, અવલોકનની શરૂઆત થાય છે એના પરિણામમાં સરળતા ઘણી આવતી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘણો ફરક પડે, બહુ ફરક પડે છે. અવલોકનમાં જીવ આવે છે ત્યારે એ ખરેખર પોતાનું આત્મહિત કરવા માટે તૈયાર થયેલો, તૈયારીવાળો, પાત્રતાવાળો જીવ છે. ભાવનામાં – ખરેખર ભાવનામાં આવેલો જીવ છે. નહિતર ભાવના વિના અવલોકન નથી કરી શકતો. ભાવનાની તીવ્રતા વિના (અવલોકન થતું નથી). આમ તો ઉપર-ઉપરની ભાવના હોય છે પણ બીજાં કામમાં જીવ લાગી જાય છે – ઉદયના કામમાં જોડાઈ જાય છે. પણ તીવ્ર ભાવના હોય તો એ અવલોકન કરતો જાય છે. આ ફરક પડે છે.

**'...ત્યાં પ્રથમ બુદ્ધિપૂર્વક ઉપર ઉપરથી ભેદજ્ઞાનનો પ્રયાસ ચાલુ થાય છે.'** આ પ્રયાસ ચાલુ થાય છે. **'પ્રયાસ એટલે પોતે માત્ર જાણનારો / જ્ઞાયક છે એમ જ્ઞાયકનો જ્ઞાયકપણે (રહેવાનો) અભ્યાસ કરે,...'** 'હું જ્ઞાયક છું' એમ રહેવાનો અભ્યાસ કરે, એમ જોવાનો અભ્યાસ કરે.

**'...એટલે કે ઉદયમાં જ્યારે જ્યારે હર્ષ-શોક ભાવોના તીવ્ર રસ પ્રસંગે...'** એટલે સુખ-દુઃખના પ્રસંગે, લાભ-નુકસાનના પ્રસંગે, શાંતિ-અશાંતિના પ્રસંગે રસ તીવ્ર થાય ત્યારે **'...પોતાને તપાસે...'** 'પોતાને તપાસે' એટલે કે **'...(–જ્ઞાન જ્ઞાનને તપાસે)...'** પોતાને તપાસવાનો અર્થ વિભાવને તપાસે એમ નહિ, પણ જ્ઞાન પોતે જ ચાલતા જ્ઞાનને તપાસે. તો પોતાને **'...સ્પષ્ટ માલૂમ પડે છે કે મારા જ્ઞાનમાં...'** એટલે મારામાં **'...ખરેખર કાંઈ વધઘટ થઈ નથી...'** કાંઈ આવતું-જતું નથી, કોઈ કાંઈ કરતું નથી, કરી શકતું નથી. **'...અર્થાત્ હર્ષ થવામાં મને કાંઈ મલ્યું નથી તેમ શોક પ્રસંગે મારામાંથી કાંઈ ગયું નથી.'** આ એક કલ્પના થઈ કે, મને નુકસાન થયું. કલ્પના થઈ કે, મને લાભ થયો. બન્ને કલ્પના જ થઈ છે. આત્માને લાભ પણ નથી થયો, આત્માને પરપદાર્થનું નુકસાન પણ નથી થયું, કાંઈ નથી થયું.

**'આ કાંઈ વિકલ્પ કરવા માત્ર નથી પરંતુ ચાલતા પરિણમનમાં પોતાના અનુભવને તપાસીને જણાયેલ ભિન્નતા છે.'** આ તપાસીને કહો – અવલોકન કરીને કહો, બન્ને એક જ વાત છે. **'આ પ્રકારનો વારંવાર ભિન્નપણાનો અભ્યાસ...'** આ પ્રયોગઅભ્યાસ છે. આ પ્રકારનો વારંવાર ભિન્નપણાનો અભ્યાસ એટલે પ્રયોગ થતાં **'...પોતાને ખ્યાલ આવે છે...'** એટલે વિશેષ ભાસે છે. અહીંયાં 'ખ્યાલ આવે છે' એટલે ઉપરછલ્લો ખ્યાલ નથી, પણ ભાસવા લાગે છે કે, **'...મિથ્યાબુદ્ધિરૂપ અધ્યાસથી જે 'પરપ્રવેશ ભાવ'પણે અનુભવ થઈ રહ્યો છે...'** તે જૂઠો છે, એ ખોટું છે, જૂઠ છે. ખરેખર મારામાં કાંઈ પ્રવેશતું નથી, મારું જ્ઞાન કોઈમાં પ્રવેશતું નથી – ન રાગમાં, ન રાગના વિષયભૂત પદાર્થમાં. એવું જૂઠાપણું ભાસે છે. એટલે જે જૂઠાપણું ભાસે ત્યાં તો એને તીવ્રતા આવવાનો પ્રશ્ન રહેતો નથી. આ મિથ્યાત્વની તીવ્રતા ઘટે છે, મિથ્યાત્વનો – દર્શનમોહનો રસ અહીંયાં ઘટે છે.

**'પરપ્રવેશભાવ' તે વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે,...'** એ સ્વયં જ પ્રયોગ છે. કોઈ પ્રશ્ન પૂછે છે કે, પ્રયોગ એટલે શું અને પ્રયોગ કરવો કેવી રીતે ? તો પ્રયોગની કોઈ Theory નથી સમજવી. જો પ્રયોગને સમજવો હોય તો પોતાના ચાલતા ઊંધા પ્રયોગને તપાસે, જાણે, અનુભવે અને એ અનુભવથી સમજે કે પ્રયોગ શું ચીજ છે. આ પ્રશ્ન ઊઠે છે ને કે પ્રયોગ શું ? પ્રયોગ કેવી રીતે કરવો ? પણ પ્રયોગ થઈ રહ્યો છે, પ્રયોગ તું કરી રહ્યો છો. પ્રયોગ કરતા નથી આવડતું એવું નથી, ઊંધો પ્રયોગ તું કરે છો. એ જ પ્રયોગ સવળો કરવાનો છે.

શ્રોતા :– ઊંધો કઈ રીતે કરે છે ?

સમાધાન :– ઊંધો કરે છે – પરપ્રવેશભાવ રૂપે. મને આ ભાવે છે – આ ઊંધો પ્રયોગ છે. આ મને બહુ સારું લાગ્યું, આ મને ખરાબ લાગ્યું, આ નથી ભાવતું, આ કડવું લાગે છે, આ મીઠું લાગે છે – આ બધો ઊંધો પ્રયોગ છે. ઊંધો અનુભવ કહો કે ઊંધો પ્રયોગ કહો (બન્ને એક છે). સીધી વાત એ છે. પ્રયોગ તો અનુભવ સાથે સંબંધ ધરાવે છે. વિચારને અને અનુભવને છેટું રહે છે. પ્રયોગને અને અનુભવને છેટું નથી. એ તો પ્રયોગ સ્વયં અનુભવપદ્ધતિ જ છે. કાર્યપદ્ધતિની – અનુભવ કરવાની આ અનુભવપદ્ધતિ છે. **'પરપ્રવેશભાવ' તે વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે,...'**

આ તો શું છે કે, જીવ પોતે વિચારતો નથી. એટલે વિચારણામાં તર્ક ઊઠાવે છે કે, પ્રયોગ કેવી રીતે કહેવો ? પ્રયોગને અમે સમજી નથી શકતા. પણ અવલોકન હોય તો તરત ખબર પડે કે, આ ઊંધો પ્રયોગ ચાલે છે અને સવળો પ્રયોગ કરવાનો છે.

શ્રોતા :– વેદન તો થઈ રહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અનુભવ કરી જ રહ્યો છે. અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા છે. અનુભવ કરી જ રહ્યો છે પણ મિથ્યા અનુભવ કરે

છે, અધ્યાસિતપણે અનુભવમાં રહે છે.

**'...વિપરીત પ્રયોગરૂપ પરિણમન છે, એવું અવલોકનથી સમજાય ત્યારે તે ભૂલ ટાળવાની સૂઝ ખ્યાલમાં આવે છે.'** કે, સવળો પ્રયોગ કરવો જોઈએ, આ અવળો પ્રયોગ થઈ રહ્યો છે, એમ સૂઝે છે. મૂળ તો આવી સૂઝ આવતી નથી. મુમુક્ષુજીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી લે છે (અને) માને છે કે, મને હવે જ્ઞાન થયું છે. કેમકે પોતે કાંઈક સમજે છે, યત્‌કિંચિત્ સમજાવી પણ શકે છે. પણ અંદરમાં પ્રયોગની સૂઝ નથી આવતી. તો એ ખરેખર તત્ત્વજ્ઞાન નથી, એ તત્ત્વજ્ઞાન થયાંનો એક ભ્રમ છે. તત્ત્વજ્ઞાન મળ્યું છે, મને તત્ત્વજ્ઞાન છે, તે એક નવો ભ્રમ છે. ખરેખર એ તત્ત્વજ્ઞાન છે જ નહિ. વિકલ્પને સમજણ માની લે છે. વિકલ્પ સાથે વિચારજ્ઞાન છે પણ એ તો સાવ પોલું છે. જરાક એક ઉદયનો ધક્કો લાગે તો ક્યાંય પત્તો નથી લાગતો એવી રીતે ખોવાઈ જાય છે. સહેજ ઉદયમાં ફેરફાર થાય છે, Normal ઉદય કરતાં કાંઈ હખળડખળ થઈ ગયું એટલે ક્યાં ગયો એનો પત્તો નથી લાગતો. એટલી બધી અંદર પોલ છે.

**'...સમજાય ત્યારે તે ભૂલ ટાળવાની સૂઝ ખ્યાલમાં આવે છે. અર્થાત્ સુલ્ટા પ્રયોગની રીત સમજાય છે. આ 'પરપ્રવેશભાવ' જ જીવના સ્વસંવેદનને રોકનારો ભાવ છે.'** સમજવા જેવો વિષય એ છે કે, કેટલું મોટું નુકસાન છે ! પોતાને જે સ્વસંવેદન આવવું જોઈએ જે સ્વસંવેદનમાં પ્રથમ જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, જે સ્વસંવેદનમાં અપૂર્વ આનંદઅમૃતનો સ્વાદ આવે છે. એક વખત એ અમૃત પીતા જીવ અજરઅમર થઈ જાય છે. એને મોટું નુકસાન આ પરપ્રવેશભાવ કરે છે. આમ જીવને મીઠું લાગે છે, પોતાના સંયોગો – અનુકૂળ સંયોગો જીવને મીઠા લાગે છે. પ્રતિકૂળ સંયોગો જીવને કડવા લાગે છે. કડવા એટલે અણગમાભર્યા લાગે છે. પણ એ બન્ને પ્રકારના પરિણામ જીવના સ્વસંવેદનને રોકે છે.

બહુ મોટો પ્રતિબંધ છે, બહુ મોટો અવરોધ છે. સ્વસંવેદનને આવવા માટે – ઉત્પન્ન થવા માટેનો બહુ મોટો આ અવરોધ છે.

**'આ પ્રકારે ભેદજ્ઞાનના પ્રયોગાભ્યાસથી માલૂમ પડે છે કે ખરેખર કોઈ પરજ્ઞેય (રાગાદિ પર ભાવ પણ) મારા ઉપર / જ્ઞાન ઉપર...'** જ્ઞાન ઉપર એટલે મારા ઉપર **'...કાંઈ પણ અસર પહોંચાડી શકતું નથી.'** અહીંથી જ્ઞાનસામર્થ્ય ભાસે છે. કેમ ? **'મેં અનંતકાળથી પરપદાર્થનો અનુભવ કર્યો...'** એવું માન્યું. ખરેખર અનુભવી શક્યો નથી, પણ તીવ્ર રસથી અનુભવ લીધો એમ માન્યું. અનુભવ કરતી વખતે તીવ્ર રસ લીધા તોપણ જ્ઞાનમાં તે પ્રકારનો અધ્યાસ વિકૃતિ ન ઊપજાવી શક્યો, જ્ઞાનની સાથે એકમેક ન થઈ શક્યો. એવો (ઊંધો) અનુભવ કર્યો તે બધો **'...અસત્ય છે.'**

**'અનંતકાળથી રાગાદિ ભાવોની અસર તળે...'** **'અસર તળે'** એટલે એમાં એકમેક થઈને – એકત્વ થઈને **'...અનેકવિધ વિકારી ભાવપણે મને અનુભવ કરીને...'** (અર્થાત્) હું વિકારી થયો છું, રાગી થયો છું, ક્રોધી થયો છું, માની થયો છું, માણસ થયો છું, ફલાણો થયો છું – એવો અનુભવ કરીને **'...ગાઢ રસવાળા વિકારી પરિણામ વચ્ચે રહેવા છતાં...'** એવા ગાઢ રસના વિકારી પરિણામે પરિણમન થવા છતાં **'...મારું જ્ઞાનસ્વરૂપ સદાય નિર્લેપ જ રહેલું છે.'** (અર્થાત્) જ્ઞાનતત્ત્વ તો જ્ઞાનતત્ત્વ જ રહ્યું છે. આ જ્ઞાનનું અનંતુ સામર્થ્ય છે. આ રાગપરખ અને સંયોગપરખ જ્ઞાનના સામર્થ્યનો વિચાર છે. સ્વયંનો જ્ઞાનસામર્થ્યનો વિચાર એના ઉપરથી આવે છે કે, મારામાં અનંત જ્ઞાન રહેલું છે. જો મારું સામર્થ્ય અનંત છે તો મારું જ્ઞાન પણ અનંત છે. એ જ્ઞાનની અનંતતા ભાસે છે, સુખની પણ અનંતતા ભાસે છે. જ્યારે જ્ઞાનની અને સુખની અનંતતા ભાસે ત્યારે એને સ્વરૂપ નિર્ણય થયો એમ જાણવું, ત્યાં સુધી સ્વરૂપ નિર્ણય નથી. ત્યાં સુધી એનો નિર્ણય 'પરમાં અને રાગમાં સુખ છે' –

એવો ઊંધો નિર્ણય હજી ઊભોને ઊભો છે, એમાં ફેરફાર નથી થયો.

નિર્ણય વખતે આખી દુનિયા બદલાય છે કે, આ રાગમાં અને પરમાં સુખ માન્યું હતું એ સુખથી શૂન્ય છે. મારું જ્ઞાનતત્ત્વ – આત્મતત્ત્વ અનંત સુખથી ભરેલું છે. અનંત જ્ઞાન અને અનંત સુખથી ભરેલું છે. પોતાના અનંત જ્ઞાન અને અનંત સુખની અનન્ય રુચિ થાય છે. અનન્ય રુચિ એને અન્યપણે રહે, એ પરિસ્થિતિમાં રહેવા દેતી નથી. એનું નામ 'અનન્ય રુચિ' છે. આમ '**...મારું જ્ઞાનસ્વરૂપ સદાય નિર્લેપ જ રહેલું છે.**' (એમ ભાસે છે).

'**જો મોક્ષાર્થી જીવ ખાસ પ્રકારની પાત્રતામાં વર્તતો હોય...**' '**ખાસ પ્રકારની પાત્રતા**' એટલે મારે મારું એક આત્મતત્ત્વ જ જોઈએ અને મારે બીજું કાંઈ ન જોઈએ. ('બહેનશ્રીના વચનામૃત')માં પાત્રતાના વિષયમાં આ વાત લીધી. '**...અને સ્વહિતમાં ઉત્સાહિત વીર્યથી વર્તતાં કાર્યે કાર્યે...**' આ ભૂલતો નથી પછી. પછી કેટલી બધી કાળજી આવે છે કે, '**...કાર્યે કાર્યે – પ્રસંગે પ્રસંગે...**' અને કોઈવાર તો ક્ષણે-ક્ષણે '**...ઉપયોગમાં જ્ઞાનની વ્યાપકતાને અવલોકતો હોય તો પોતે 'જ્ઞાનમાત્ર'પણે ભિન્ન ભાસ્યમાન થાય છે.**' (અર્થાત્) મારી વ્યાપ્તિ રાગમાં પણ નથી, મારી વ્યાપ્તિ શરીરમાં પણ નથી, મારી વ્યાપ્તિ પરપદાર્થમાં પણ નથી. હું તો જ્ઞાનમાત્રપણે જ્ઞાનમાં જ વ્યાપું છું. આ રીતે ભિન્નપણું અને વ્યાપકપણું (ભાસે છે). વ્યાપકપણાના આધારે ભિન્નપણું જેને ભાસ્યું અને એ ભાસવાનો અભ્યાસ વૃદ્ધિગત થયો એ '**...અભ્યાસ વૃદ્ધિગત થવાથી 'જ્ઞાનમાત્ર'માં જ્ઞાનવેદનનું ભાસવું થાય છે.**' હવે આ એક એનું ઊંડાણ આવ્યું. ભેદજ્ઞાનમાં આગળ ચાલતાં એનું ઊંડાણ આવ્યું.

શ્રોતા :– વ્યાપકતા એટલે ?

સમાધાન :– વ્યાપવું એટલે ક્ષેત્રથી અને ભાવથી મર્યાદા નક્કી થઈ જવી. ભાવથી રાગભાવમાં પોતે વ્યાપતો નથી, ક્ષેત્રથી શરીરમાં પણ

વ્યાપતો નથી, એક ક્ષેત્રે બન્ને હોવા છતાં. ભાવથી રાગમાં વ્યાપતો નથી અને ક્ષેત્રથી શરીરમાં વ્યાપતો નથી, પછી આગળની વાત તો કહેવાની જરૂર રહેતી નથી. એ તો સ્પષ્ટ જ છે કે, બીજાં કોઈ કાર્યમાં હું વ્યાપતો નથી. સંયોગના બીજાં કોઈ કાર્યમાં હું વ્યાપતો નથી.

જ્ઞાન જ્ઞાનમાં વ્યાપે છે અને જ્ઞાનથી આગળ ક્યાંય વ્યાપતું નથી. અવલોકન વગર એ સમજાય એવું નથી. એના અંતર અવલોકન વિના એ વાત સમજાય એવી નથી. કેટલીક વાત એવી છે કે જે વિચારના તબક્કાથી આગળની છે. પછી એ વિચારની મર્યાદામાં નહિ સમજાય. એને સમજવા માટે પછી થોડું આગળ ચાલવું પડશે.

જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવ છે ત્યાં જ કર્તાકર્મ સંબંધ છે. જ્યાં વ્યાપ્ય-વ્યાપક ભાવ નથી ત્યાં તે કાર્ય કરવાનો કોઈ સંબંધ કર્તાને રહેતો નથી એટલે આત્માને રહેતો નથી. આ તો 'સમયસાર'ના આખા 'કર્તા કર્મ અધિકાર'ની મૂળ સિદ્ધાંતિક ઘૂંટી છે.

શ્રોતા :– આ બધું વિકલ્પમાં ગોઠવ્યું છે ?

સમાધાન :– વિકલ્પમાં ગોઠવ્યું છે એટલે પરમાં વ્યાપતો હોવાનો – પરપ્રવેશપણાનો અનુભવ કરી લે છે. વિકલ્પવાળું કેવું નકામું જાય છે ! વિચારનું જ્ઞાન કેવું નકામું જાય છે ! વ્યવહારમાં એનો કોઈ ઉપયોગ જ નથી, જીવને એનો કોઈ વ્યવહારિક ઉપયોગ થતો નથી. એટલે ખરેખર એ સમજ્યો જ નથી, એમ કહે છે ! જે બાળકને સો રૂપિયાની નોટની કીમત કેટલી એ ખબર ન હોય, એને સો રૂપિયાની નોટ રમવા આપો તો ? ફાડવા માંડશે કાં ચાવવા માંડશે, બાળકને શું ખબર પડે ? દસ-બાર મહિનાનું બાળક હોય એને નોટ આપો, બાળકને હાથમાં આપે ને ? લ્યો ભાઈ, છોકરાને સો રૂપિયા આપીએ છીએ. એના હાથમાં રહેવા દ્યે ? રહેવા દે તો મોઢામાં ડૂચો કરીને નાખે ! એની ચક્ષુ ઇન્દ્રિયમાં તો રંગ, આંકડાનું પ્રતિબિંબ તો મોટાને પડે એવું જ બાળકને પડે છે,

પણ એથી કાંઈ એને સો રૂપિયાનું જ્ઞાન છે, એમ કહી શકાય ? એને સો રૂપિયાનું જ્ઞાન નથી. એમ (અહીંયાં) પુસ્તક વાંચે, એનો શબ્દાર્થ આવડે, ભાવાર્થ આવડે અને વિકલ્પની – રાગની મુખ્યતામાં બધું લાંબું–લાંબું ગમે એટલું વિચારે પણ એ ખરેખર કોઈ સમજણ નથી.

શ્રોતા :– અવલોકનમાં આવ્યા વગર એની સફળતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અવલોકનમાં આવ્યા વિના ખરેખર તો સમજાયું જ નથી. રોટલી કરવા બેસે ત્યારે જ ખબર પડે કે, આ રોટલી કરવાનું જ્ઞાન શું ચીજ છે. ત્યાં સુધી ભલેને રોજ જોવે અને ખબર હોય કે આમ થાય છે, પણ એ ખબર નથી ખરેખર. એને રોટલી કરવી હોય ત્યારે નહિ થાય, એને ખાવામાં કામ નહિ આવે, પેટ નહિ ભરાય.

એટલે જ્યારે એ વ્યાપકતાથી ભિન્નતાનો અભ્યાસ વારંવાર થાય છે ત્યારે જ્ઞાન થોડું વધારે નિર્મળ થાય છે. નિર્મળ થતાં એને જ્ઞાનમાત્રમાં જ્ઞાનવેદનનું પણ ભાસવું થાય છે. હવે જ્ઞાનવેદન અને પ્રત્યક્ષતાને સીધો સંબંધ છે. અહીંથી પ્રત્યક્ષ સુધી પહોંચવાની આખી Link શરૂ થઈ જાય છે. આત્મા અનંત પ્રત્યક્ષસ્વરૂપે છે ત્યાં સુધી પહોંચવાનું જ્ઞાન લક્ષણથી કેમ બને છે ? કેમકે બીજાં (ગુણોમાં) એ પ્રકાર નથી. પ્રત્યક્ષ-પરોક્ષનો પ્રકાર શ્રદ્ધામાં નથી, ચારિત્રમાં નથી, આનંદમાં નથી, ક્યાંય નથી. જ્ઞાન સિવાઈ પ્રત્યક્ષ-પરોક્ષનું પડખું બીજાંને ઊઠતું નથી – ઉત્પન્ન થતું નથી. માટે જ્ઞાનથી ગ્રહણ થાય છે. લક્ષ રૂપ આત્મા જ્ઞાન લક્ષણથી ગ્રહણ થાય છે અને બીજાંથી ગ્રહણ નથી થતું એનું આ કારણ છે, વૈજ્ઞાનિક કારણ છે. બીજાંમાં પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ જ નથી.

'ટોડરમલ્લજી'ની 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં પ્રશ્ન ઊઠાવ્યો છે કે, 'અમને પ્રત્યક્ષ શ્રદ્ધા થઈ છે એવું કાંઈ સમજાવો.' તો કહે છે, 'ભાઈ ! શ્રદ્ધામાં તો પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ જ નથી.' ત્યાંથી જ ચર્ચા કરી છે. પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ તો જ્ઞાનમાં આવે છે. આત્મા અનંત પ્રત્યક્ષ છે – એમ

પોતાને પ્રત્યક્ષતા ભાસ્યા વિના પોતાની હયાતીની નિઃશંકતા કેવી રીતે આવે ? જે સત્તા સમ્યગ્દર્શન ગ્રહણ કરે છે એ સત્તાના વિષયમાં પ્રત્યક્ષતા ભાસ્યા વિના નિઃશંકતા આવે કેવી રીતે ? એટલે એ આખી Line આની અંદર લીધી છે કે, '**...જ્ઞાનવેદનનું ભાસવું થાય છે.**'

'**વેદન કદીએ પરોક્ષ હોતું નથી, અતઃ જ્ઞાનવેદનથી પોતે પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ,...**' પોતે પ્રત્યક્ષ અને અત્યંત પ્રત્યક્ષ '**...સહજ સ્વરૂપે છે – એવું પોતાના મૂળ સ્વરૂપનું ભાવ-ભાસન...**' થાય છે અને તે ભાવભાસન '**...સ્વસન્મુખતાના સહજ પુરુષાર્થને ઉત્પન્ન કરે છે.**' આ ભાવભાસન થયું તે સ્વરૂપનિર્ણય છે. ભાવભાસન થયું તો સ્વરૂપનું લક્ષ થયું અને સર્વ શાસ્ત્રોનું નિમિત્તત્વ, સર્વ શાસ્ત્રોની રચના, સર્વ શાસ્ત્રોનું લક્ષરૂપ ધ્યેય (આ સ્વરૂપ નિર્ણય છે). શું કરવા આ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરવો ? કે, '**લક્ષ થવાને તેહનો**' આવું જે આત્માનું લક્ષ થાય – ભાવભાસન થાય એના માટે '**કહ્યાં શાસ્ત્ર સુખદાઈ**' '**જિનપદ નિજપદ એકતા**' પોતાનું જિનપદ ભાસે છે. હું પોતે જ સાક્ષાત્ જિનેન્દ્ર છું, સિદ્ધસ્વરૂપ છું, કોઈ ફેરફાર નથી એવું નિજપદમાં ભાસે. દેહપદમાં નિજપદ જણાતું હતું તે છૂટે અને સ્વમાં સ્વપદ ભાસે ત્યારે એને લક્ષ થયું એમ કહેવાય છે, ભાવભાસન થયું એમ કહેવાય છે. હજી અનુભવ પછી થશે પણ પહેલું ભાવભાસન થાય છે.

અહીંયાં આ પ્રકારે દર્શનમોહ મંદ થયાં વિના... આ હદે કોઈ વાર નથી થયો. દર્શનમોહ તીવ્ર-મંદ, તીવ્ર-મંદ થાય છે. જેમ ચારિત્રમોહ થાય છે તેમ, પણ આટલી હદે દર્શનમોહ ક્યારેય મંદ નથી થયો કે, જેમાં ભાવભાસન આવે. આવો દર્શનમોહ મંદ થયાં વિના એટલે કે ભાવભાસન થયાં વિના ભાવ ભાસે નહિ. ભાવભાસન ન થાય ત્યાં સુધી અનુભવમાં આવે નહિ.

શ્રોતા :– સૂક્ષ્મ વિચારમાં જાય ત્યારે એમ માને કે મને ભાવભાસન

થયું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ સૂક્ષ્મ વિચાર પણ પ્રયોગ આગળ સ્થૂળ છે. (જેવી) પ્રયોગમાં સમજણની સૂક્ષ્મતા છે એવી સૂક્ષ્મતા વિચારજ્ઞાનમાં ક્યારેય આવતી નથી. પણ સ્થૂળ વિચારનો પરિચય ઘણો છે, એમાંથી સૂક્ષ્મ વિચારમાં જાય છે ત્યારે એને એમ થાય છે કે, મને ભાવ ભાસે છે. આ વાત સાચી છે. મુમુક્ષુજીવોને આ પ્રકારનો ભ્રમ થવાનો સંભવ છે, ઘણાંને થઈ પણ જાય છે. એ તો જેવી રીતે ચારિત્રમોહમાં થાય છે એવી જ રીતે આમાં થાય છે. કષાય તીવ્ર થવાનો ઘણો પરિચય છે, મંદ થાય, ઘણો મંદ થાય ત્યારે એને એમ થાય છે કે, મને કાંઈક આત્માની શાંતિ થઈ. એને એમ લાગે કે, હું આત્માના કલ્યાણને રસ્તે છું. એ જેમ ચારિત્રમોહમાં ભૂલો પડે છે એમ જ્ઞાનમાં પણ ભૂલો પડે છે. જ્ઞાનનો ક્ષયોપશમ બહિર્લક્ષી અને ચારિત્રનો ક્ષયોપશમ બહિર્લક્ષી – બન્ને ભૂલાવાના કારણ છે અને એના ભેદ-પ્રભેદ ઘણાં છે. એટલે ભૂલવાના સ્થાન હજાર – એમ કહેવામાં આવે છે.

'**...એવું પોતાના મૂળ સ્વરૂપનું ભાવ-ભાસન...**' અહીં સુધી કાલે આવ્યું હતું. '**...સ્વસન્મુખતાના સહજ પુરુષાર્થને ઉત્પન્ન કરે છે.**' અહીંથી પુરુષાર્થનો તબક્કો શરૂ થયો અને અહીંથી ભેદજ્ઞાનની પ્રાયોગિક પ્રક્રિયતા જે છે એમાં સહજતા આવી. સહજતા એટલે પૂરેપૂરું જે જ્ઞાનદશામાં સહજપણું છે એટલી નહિ, પણ એનું અનુસરણ અહીંયાં શરૂ થયું. હવે એ જ્ઞાનદશામાં (આવી જશે).

ઘણાં પંડિત એ બાબતમાં થોડી ભૂલ કરે છે કે, જ્ઞાનીને પણ મતિ-શ્રુતનો ક્ષયોપશમ છે અને અમને પણ મતિ-શ્રુતનો ક્ષયોપશમ છે. છે તો ક્ષયોપશમજ્ઞાન ને હજી ? કોઈવાર તો અંદરમાં એવું પણ લાગતું હોય કે, જ્ઞાનીને આટલો ક્ષયોપશમ નથી જેટલો આપણને છે !! આપણો તો ઘણો છે, કેમકે આપણું વાંચન ઘણું છે, આપણી વિચારશક્તિ ઘણી

છે, આપણી તર્કશક્તિ ઘણી છે ! 'ન્યાયાલંકાર' થાય છે ને ? બધી પદવી – ડિગ્રીના પૂંછડા મળે છે ને ? એને એમ લાગે છે કે, આપણે ઘણાં ન્યાયો સમજ્યા છીએ. મોટા-મોટા ન્યાયશાસ્ત્રો ભણ્યા છીએ. કર્મશાસ્ત્રો ભણ્યા હોય તો કર્મગ્રંથો ભણ્યા છીએ (એમ લાગે). જ્ઞાની તો એવું ભણ્યા પણ ન હોય. એમને પણ મતિ-શ્રુત છે, આપણને પણ મતિ-શ્રુત છે. એમાં શું જ્ઞાની... જ્ઞાની... (કરો છો ?) આટલી બધી શું જ્ઞાનીની વિશેષતા પકડી છે ? કાંઈ સમજાતું નથી. ભાઈ ! એનું જ્ઞાન જાત્યાંતર થયું છે. એ જ મતિ-શ્રુત ભવનિવૃત્તિના હેતુરૂપ છે, આ મતિ-શ્રુત ભવપ્રવૃત્તિના હેતુરૂપ છે. બહુ મોટો ફેર છે. 'શ્રીમદ્જી'એ પ્રસિદ્ધ વચનથી એ વાત કરી છે.

શ્રોતા :– દ્રવ્ય જ શુદ્ધરૂપે પરિણમ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'રાજમલ્લજી' તો વળી એમ કહે છે. 'શ્રીમદ્જી'એ તો પર્યાયની વાત કરી, 'રાજમલ્લજી'એ દ્રવ્યની વાત કરી કે, સમ્યક્દૃષ્ટિ જીવનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપ પરિણમ્યું છે. કેમકે પ્રશ્ન એ ઊઠ્યો કે, રાગ તો એમને પણ થાય છે ? જેવો અમને – સંસારીને રાગ થાય છે એવો એમને રાગ થાય છે. અમારા સંસારીના રાગમાં અને એના રાગમાં આમ તો કાંઈ ફેર દેખાતો નથી. એમની પ્રવૃત્તિમાં ફેર દેખાતો નથી, રાગમાં ફેર દેખાતો નથી, શુભ-અશુભ બન્ને પ્રકારનાં રાગ થાય છે. તો કહે છે કે, એનું દ્રવ્ય શુદ્ધત્વ રૂપે પરિણમ્યું છે. ત્યાંથી લીધું – એમણે દ્રવ્યથી વાત લીધી, પર્યાયથી ન લીધી. એટલે શું છે કે, એ દ્રવ્યપ્રધાન પર્યાયનું કથન છે. આપણે જે વિવક્ષા વિચારીએ છીએ એમાં છે એ પર્યાયનું જ કથન. કેમકે પરિણમે છે ને ? પણ દ્રવ્યપ્રધાન પર્યાયનું એ કથન છે. એનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમ્યું છે. 'રાજમલ્લજી'એ એમ કહ્યું. એટલે એનો રાગ છે એ રાગ નીરસ છે, લૂખ્ખો છે, એ રાગથી ભિન્ન પડી ગયા છે. રાગને અને એને જાણે

કાંઈ સંબંધ જ નથી ! એને રાગ નથી, એમ કહેવામાં આવે છે.

('સમયસાર') 'નિર્જરા અધિકાર'માં તો એ જ વાત લીધી છે કે, જ્ઞાનીને રાગનો અભાવ હોવાને લીધે નિર્જરા છે. પરપદાર્થના કાર્યોમાં એ દેખાતો હોવા છતાં, પરપદાર્થને ભોગવતો હોવા છતાં એને બંધ નથી. કેમકે રાગનો અભાવ છે, એમ કહી દીધું ! (તો શું) રાગ નથી ? રાગ તો દેખાય છે. તો કહે છે, છે છતાં નથી. એનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમ્યું છે. બહુ સરસ ગૂઢ ભાષા લીધી છે !! Tone બહુ સારો છે, વિવક્ષામાં પણ આવી વાતો – ઊંડી વાતો રહેલી છે. બહુ સારો ધ્વનિ છે ! એનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમ્યું છે.

શ્રોતા :– સમ્યક્દષ્ટિના પરિણામ દ્રવ્યને અનુસરીને જ ચાલે છે ?

સમાધાન :– શુદ્ધાત્મા પોતે છે એ શુદ્ધાત્મા શુદ્ધાત્મારૂપે જ પરિણમે છે. જેમ 'અમૃતચંદ્રાચાર્યે' લખ્યું કે, **'ज्ञानादन्यत्करोति किम्' 'आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम्।'** એ કેમ કરી શકે ? સોનું લોઢાપણે કેમ પરિણમે ? એમ કહે છે. એમ જ્ઞાન અજ્ઞાનપણે કેમ પરિણમે ? અમારું જ્ઞાન અજ્ઞાનપણે પરિણમતું નથી. પુણ્યભાવ જુદાં દેખાય છે, પાપભાવ જુદાં દેખાય છે. પુણ્ય-પાપ, શુભ-અશુભ બન્ને થાય છે પણ બન્ને જુદાં દેખાય છે અને પોતે જ્ઞાનપણે પરિણમતો અનુભવાય છે. આ એક એવો વિષય છે કે, જો આ વિષય સમજાય તો એને તત્ત્વ સમજાય અને ન સમજાય તો એને તત્ત્વ ન સમજાય. 'સમયસાર'નો જે મૂળ રહસ્યભૂત વિષય છે એ આ છે. 'શ્રીમદ્જી'ને જે વારંવાર લખવું પડે છે કે, 'પ્રવૃત્તિમાં સમાધિ છે... પ્રવૃત્તિમાં સમાધિ છે...' એ આ વાત કહેવા માંગે છે. એ પોતાની જીવંતદશાથી વાત કરે છે ! 'અત્રે ઉપાધિ છે, ઉપાધિમાં સમાધિ છે.' પણ ઉપાધિ છે અને સમાધિ છે – બે વાતનો મેળ કેવી રીતે છે ? તો કહે છે, જે સમજવાનું છે એ આ જ સમજવાનું છે. આનું નામ અનેકાન્ત છે. એક પર્યાયમાં જુદી-જુદી રીતે બે વાત !

આ ન સમજાય ત્યાં સુધી તત્ત્વ સમજાયું નથી.

જ્યાં સુધી જ્ઞાનીની જ્ઞાનદશા ન સમજાય ત્યાં સુધી એ જ્ઞાનદશાની પકડ જેના ઉપર છે (એવો) આત્મા પણ સમજાય એવું નથી. કેમકે એ આત્માકાર થયેલી દશા છે. જો વ્યક્ત આત્માકાર થયેલી દશા ન સમજાય તો અવ્યક્ત આત્મા કે દી' સમજાય ? પ્રશ્ન જ નથી રહેતો. એટલે ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' એ દશાને એમ કહ્યું કે, '**जिणसासणं सव्वं**' જાઓ ! અમે આને સમસ્ત જિનશાસન કહીએ છીએ ! આખું જિનશાસન અહીંયાં સમાયેલું છે. એટલે એના ઉપરનું એક જુદું સંકલન કર્યું – '**जिणसासणं सव्वं**' આ જિનશાસન છે.

(અહીંયાં કહે છે) એવો (સ્વસન્મુખતાનો) પુરુષાર્થ '**...વૃદ્ધિગત થતાં કોઈ અપૂર્વ પરાક્રમથી પરોક્ષપણાનો વિલય...**' થાય છે. કેમકે પોતે સહજ પ્રત્યક્ષ છે એવું પ્રત્યક્ષતાનું બળ વર્તમાન પરિણમનની અંદર જે પરોક્ષતા રહેલી છે તેને તોડી નાખે છે, એ ટકી શકતી નથી. એવું બળ ઊપજે છે કે, હું આ પ્રત્યક્ષ છું ને ! એની અવસ્થામાં પરોક્ષપણું રહી નહિ શકે, લંબાઈ નહિ શકે. એટલે એ પુરુષાર્થ '**...વૃદ્ધિગત થતાં કોઈ અપૂર્વ પરાક્રમથી...**' એટલે કોઈ એવા તબક્કા સુધી એ વધતો જાય છે કે તે પરોક્ષપણાનો વિલય કરે છે અથવા પરોક્ષપણાને ઊપજવા દેતું નથી અને '**...અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્થિરભાવ...**' (એટલે) આત્મામાં સ્થિર ઉપયોગ એવો '**...અતીન્દ્રિયપ્રત્યક્ષ સ્થિરભાવ ધારણ કરશે.**'

'**આ પ્રકારે ભેદજ્ઞાન તે વિભાવના નિષેધપૂર્વક પ્રગટ સ્વભાવનો આદર / સત્કાર છે.**' બીજી રીતે જોઈએ તો જેમાં વિભાવનો નિષેધ થયો છે (અર્થાત્) વિભાવ તે હું નહિ, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું – એવા પોતાના ત્રિકાળ સ્વભાવનો સત્કાર કહો, ત્રિકાળ સ્વભાવનો આદર કહો, એનું બીજું નામ 'ભેદજ્ઞાન' છે. ભેદજ્ઞાન વિધિ–નિષેધરૂપ જીવની પ્રવૃત્તિ છે. ભેદજ્ઞાન શું છે ? સાધકજીવની વિધિ–નિષેધરૂપ પ્રવૃત્તિ છે

અને એ સાધકજીવને લક્ષના સ્થાને – આશ્રયના સ્થાને – પોતાના મૂળ સ્વરૂપના સ્થાને ત્રિકાળી તત્ત્વ આ પોતાનું સ્વરૂપ છે. સ્વરૂપ છે એમાં પ્રવૃત્તિ નથી. બે વાતમાં ક્યાં ફેર લેવો છે ? પ્રવૃત્તિ પ્રવૃત્તિના સ્થાનમાં છે, લક્ષરૂપ સ્વરૂપ લક્ષ્યના સ્થાનમાં છે. સ્વરૂપ પોતાના લક્ષના સ્થાને છે – લક્ષના વિષયભૂત સ્થાને છે. જ્ઞાનમાં એકસાથે બે વાત થઈ – એક ભેદજ્ઞાનની પ્રવૃત્તિ અને એક લક્ષ. બન્ને વાત જ્ઞાનની પર્યાયમાં રહી. લક્ષમાં લક્ષનો વિષય ત્રિકાળી સ્વસ્વરૂપ છે અને પ્રવૃત્તિમાં વિધિ–નિષેધ ચાલે છે. એક જ પર્યાયમાં આ પ્રકાર એકસાથે ચાલે છે. જ્ઞાન અનેકાંતિક છે, આવું અનેકાંતિક પ્રવૃત્તિવાળું જ્ઞાન છે. જ્ઞાનની તો કેટલી વાતો કરવી !! એવું છે.

શ્રોતા :– આ પૂર્ણતાનું લક્ષ બાંધે છે ત્યાંથી આ વિભાવનો નિષેધ શરૂ થઈ જાય છે ?

સમાધાન :– હા, ત્યારથી જ એને વિભાવના વિષયમાં નકાર આવવો શરૂ થઈ જાય છે. નકાર એટલે નિષેધ ચાલુ થઈ જાય છે – આ નહિ, આ નહિ. પણ જેમ–જેમ અવલોકન થાય છે એમ વિભાવનો પરિચય વધારે થાય છે. એટલે વિભિન્ન જાતના વિભાવો છે, જેમકે મનની શાંતિ પણ વિભાવ છે તો એનો નકાર છે. વિભાવમાં તો – જ્ઞાન પરસત્તાનું અવલંબન લ્યે તે જ્ઞાનનો વિભાવ છે. પરસત્તાવલંબનશીલજ્ઞાનને કોઈ જ્ઞાની મોક્ષમાર્ગ માનતા નથી અને કહેતા નથી – એ વાત 'બનારસીદાસે' લીધી.

પરસત્તાવલંબનશીલમાં ગુરુદેવશ્રીએ એક પ્રવચનમાં ત્યાં સુધી વાત લીધી છે કે, ગણધરદેવનો જે ઉપયોગ બાર અંગની રચના કરવા અંતર્મુહૂર્તમાં પ્રવર્તે... પ્રથમ દિવ્યધ્વનિ જ્યાં સાંભળે ત્યારે ગણધરદેવનું ક્ષયોપશમજ્ઞાન એટલું બધું ખુલી જાય... નિર્મળતા ઘણી છે, છટ્ઠે–સાતમે ગુણસ્થાને છે, (એટલે) બાર અંગની રચના કરી શકે. એવો જે દ્રવ્યશ્રુતનો

ઉપયોગ તે પરસત્તાવલંબનશીલ છે. બીજાંની તો ક્યાં વાત કરવી ?

વિભાવની જાત પરખી છે એનો અર્થ શું ? માત્ર કષાયને પરખે છે એમ નહિ. જે–તે ગુણોનો જેટલો વિભાવ પરિણમનરૂપ છે એ બધાને સમજી શકે છે. એનું નામ વિભાવની જાતિ સમજાણી છે.

**'પરમાર્થની તીવ્રભાવનામાં વર્તતા જીવને આ પ્રકારનું ભેદજ્ઞાન પ્રયાસરૂપે સહજ થવા યોગ્ય છે.'** જો એ ભેદજ્ઞાનની પ્રવૃત્તિમાં ન આવે તો ખરેખર એને પરમાર્થની ભાવના છે જ નહિ, એ વાત સાફ થાય છે. આમાંથી અનર્પિત લીધું. જો પરમાર્થની ભાવનામાં વર્તતા જીવને આ પ્રકારનું ભેદજ્ઞાન સહજ થવા યોગ્ય છે તો નથી થતું એનો અર્થ કે જીવ ભાવનામાં જ આવ્યો નથી. એને હજી પરમાર્થતત્ત્વ જોઈતું નથી, એને પામવું નથી. આ સ્પષ્ટ વાત છે. હજી કાંઈક એને બીજું જોઈએ છે – આ વાત નક્કી છે. માને-ન માને, કહે-ન કહે પણ આમાં બીજું કાંઈ ચાલે એવું નથી.

શ્રોતા :– સ્વરૂપનિશ્ચયનો તબક્કો જ હજી ચાલે છે ?

સમાધાન :– હા, કેમકે પછી તો સમ્યગ્દર્શન સુધી પહોંચશે પછી શું થશે, એ તો એક જ પેરાગ્રાફમાં સંક્ષેપ કરી નાખ્યો છે. છેલ્લે જે મોટો પેરાગ્રાફ છે એમાં એ (લીધું છે). પછી આગળના વિષયનો વિસ્તાર નથી કર્યો. એ પહેલાંના વિષયનો જ બધો વિસ્તાર લીધો છે.

શ્રોતા :– ગુરુદેવશ્રીનું ૪૫ વર્ષનું દોહન આ જ છે, બીજું કાંઈ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ગુરુદેવે ફેરવી–ફેરવીને બહુ વાતો કરી છે, ઘણી વાતો કરી છે. એ તો કહે છે ને કે, ભેદજ્ઞાન તો જ્ઞાનીનો જાપ છે. શું કહે છે ? જ્ઞાનીનો જાપ છે ! કરવો ન પડે. સહેજે–સહેજે એનો અખંડ જાપ છે. એ જ જીવન છે, એ સાધકનું જીવન છે.

**'ભેદજ્ઞાનના પ્રયોગથી (અનાદિથી જે રાગની મુખ્યતા અર્થાત્ રાગમાં**

**હુંપણું / રાગમાં અસ્તિત્વપણું ગ્રહણ થઈ રહ્યું છે તેને)...**' પલટાવે છે. ભેદજ્ઞાન એક પ્રક્રિયા છે, એમ કહેવું છે. નીચે છેલ્લી લીટીમાં લીધું છે – ભેદજ્ઞાન છે તે એક પ્રયોગ છે, એક પ્રક્રિયા છે, એક Process છે. હવે ઊલટા Processની સામે સૂલટો Process છે, એમ કહે છે. ઊલટો Process શું છે ? કે, અનાદિથી અભેદજ્ઞાન થયું છે. અભેદજ્ઞાન થયું છે એટલે શું થયું છે ? અભેદ રીતે જાણવું, એમ નહિ. અનાદિથી રાગની મુખ્યતા થઈ રહી છે અથવા અનાદિથી રાગમાં 'હું'પણું અથવા રાગમાં અસ્તિત્વગ્રહણ થઈ રહ્યું છે. આ અવલોકન વગર કેમ સમજાય ?

રાગમાં અસ્તિત્વગ્રહણ, લ્યો ! આટલા શબ્દો છે. હવે એ ભાવ સમજવો છે. એ પરિણમન થઈ રહેલો ભાવ છે. જ્ઞાનને – ઉપયોગને ત્યાં લઈ જાય અને અવલોકનમાં એને સરખી રીતે તપાસે, એની ચિકિત્સા કરે, એની પરીક્ષા કરે ત્યારે એને રાગમાં અસ્તિત્વ – 'હું'પણે હયાતી પકડાઈ ગઈ છે (તે સમજાય), એને અસ્તિત્વગ્રહણ કહે છે. એવું જે અનાદિથી થઈ રહ્યું છે તે ભેદજ્ઞાનના પ્રયોગથી '**...જ્ઞાનમાં હુંપણા દ્વારા...**' અથવા '**...જ્ઞાનને મુખ્ય કરવાથી...**' આ જ્ઞાનને મુખ્ય કરવામાં તો ('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં એટલી વાત લીધી છે કે, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય બધા જ્ઞાનો એક સામાન્ય જ્ઞાનને જ અભિનંદે છે, એક જ્ઞાનપદને જ અભિનંદે છે. માટે જ્ઞાનની મુખ્યતા કરવા શું કહે છે કે, એટલું જ અનુભવનીય છે જેટલું આ જ્ઞાન છે, એટલું જ કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે. એટલું જ સત્ય છે અથવા સત્તા છે જેટલું આ જ્ઞાન છે. ૨૦૫ અને ૨૦૬ ગાથા આ રીતે લીધી છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... કરીને શું કરવા આવી રીતે વાત લે છે ? (કારણ કે) જ્ઞાનમાં 'હું'પણું કરતો નથી. જ્ઞાનમાં 'હું'પણું કરાવવું છે. રાગમાં 'હું'પણું કરી રહ્યો છે ત્યાંથી ઊઠાડી મૂકવો છે.

ગુરુદેવશ્રીએ એકવાર ખાનગી ચર્ચામાં એકાંતમાં બહુ સંક્ષેપમાં આ

વાત કરેલી કે, જુઓ ! બે ગુણ એક સાથે પરિણમી રહ્યા છે – જ્ઞાન અને ચારિત્ર. એક સમયમાં બે ગુણો પરિણમી રહ્યા છે. આમ આંગળી કરી કહ્યું કે, હવે 'રાગ તે હું' એમ થઈ ગયું છે એના બદલે 'જ્ઞાન તે હું' આટલું કરવાનું છે. બસ, આમાં બીજું કાંઈ નથી. મૂળ તો એ ગાથા ચાલી ગઈ હતી. એમ કહ્યું કે, 'ગાથા ચાલી ગઈ અને તમે યાદ આવ્યા હતા, તમે તે દિવસે વ્યાખ્યાનમાં હતા નહિ.' મેં પૂછ્યું 'એનું મૂળ તત્ત્વ શું હતું ?' તો કહે, 'આટલું જ છે, એનું મૂળ તત્ત્વ આટલું છે.' આટલું છે – જ્ઞાનની મુખ્યતા શું ? રાગની મુખ્યતા શું ? આ અવલોકન કરીને સમજે. મુખ્યતા કરતા નથી આવડતી એવું કાંઈ નથી, મુખ્યતા કરી જ રહ્યો છે. કેમકે મુખ્ય–ગૌણ એ છદ્મસ્થજીવનું પરિણમન છે અને એ પણ જ્ઞાનમાં જ થાય છે. એ પાછું બીજાં કોઈ ગુણનું પરિણમન નથી. **'જ્ઞાન'**ના પ્રકરણમાં એ વાત લીધી છે – પ્રત્યક્ષ-પરોક્ષ, મુખ્ય-ગૌણ, બન્ને વાત લીધી છે. પોતે મુખ્યતા અસ્થાનમાં કરી રહ્યો છે – અનાત્મામાં કરી રહ્યો છે.

**'...જ્ઞાનમાં હુંપણા દ્વારા જ્ઞાનને મુખ્ય કરવાથી...'** જ્ઞાન એમને એમ મુખ્ય નહિ થાય. **'...જ્ઞાનમાં હુંપણા દ્વારા જ્ઞાનને મુખ્ય કરવાથી રાગાદિભાવોમાં અભેદબુદ્ધિથી વર્તતું કર્તાપણું નાશ પામે છે.'** એનો નાશ થાય છે. શું થઈ રહ્યું છે ? જ્ઞાનમાં 'હું'પણા દ્વારા જ્ઞાનને મુખ્ય કરવાથી કર્તાપણું નાશ પામે છે. કેવી રીતે ? કે, રાગાદિ ભાવોમાં અભેદબુદ્ધિથી વર્તતા જે કર્તાપણું થઈ રહ્યું હતું એ કર્તાપણું અહીંયાં નાશ પામે છે. કર્તા-કર્મપણું કહો, રાગનું એકત્વ કહો, રાગમાં અસ્તિત્વગ્રહણ કહો, રાગમાં તન્મયતા કહો, વ્યાપ્યવ્યાપકતા કહો, અભેદતા કહો, મુખ્યપણું કહો બધું એકાર્થ છે. એ આ રીતે નાશ પામે છે.

**'આ સ્વરૂપઅસ્તિત્વ ગ્રહણ કરવાની પ્રક્રિયા (Process) છે.'** ભાવભાસન એનું બીજું નામ 'સ્વરૂપઅસ્તિત્વ ગ્રહણ' પણ છે. જ્ઞાનમય

જે સત્તા છે એ હું છું, એમ ભાસ્યું. હજી ભાસ્યું ત્યાં એણે અસ્તિત્વ ગ્રહણ કર્યું. એમ કહે છે. એ વાત 'શ્રીમદ્દજી'એ લીધી કે, 'એકવાર પણ જો અસ્તિત્વનું ગ્રહણ કરે તો પછી એ અસ્તિત્વ ગ્રહણ તે સમ્યક્ત્વનું અંગ છે.' પાછળ લીધું છે ને ? અસ્તિત્વ ગ્રહણ તે સમ્યક્ત્વનું અંગ છે. એવું અસ્તિત્વ ગ્રહણ થાય એટલે કે નિર્ણય થાય એટલે કે ભાવભાસન થાય એટલે કે લક્ષ થાય એટલે પ્રકૃતિ પાછી પડશે, જોર નહિ ખાય. પ્રકૃતિ જોર ખાઈ શકશે નહિ.

**'જ્ઞાનમાં માત્ર જ્ઞાનને સ્વ-રૂપે અવલોકવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરીને...'** જે કાંઈ શીખવાનું છે એ આ છે. જ્ઞાનમાં માત્ર જ્ઞાનને – માત્ર 'જ્ઞ'પણું તેને સ્વ-રૂપે (અવલોકે). કોઈ પરતત્ત્વને નથી જોવાનું. અવલોકન તો રાગનું પણ થશે, અવલોકન તો જ્ઞાનનું પણ થશે. રાગમાં પોતે નથી એટલે એ અવલોકનની ફળશ્રુતિ રાગ પર છે, એમ આવશે. જ્ઞાનની જ્ઞાનમાં અવલોકન થવાની ફળશ્રુતિ સ્વપણું – જ્ઞાનમાં સ્વપણું આવીને થશે. એ એની ફળશ્રુતિ છે. ફળશ્રુતિ કહો કે Result કહો (બન્ને એક જ છે).

**'જ્ઞાનમાં માત્ર જ્ઞાનને સ્વ-રૂપે અવલોકવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરીને વારંવાર પ્રયત્ન કરતાં...'** એ પ્રકારે વારંવાર જ્ઞાનને સ્વ-રૂપે અવલોકવાનો પુરુષાર્થ કરતાં – પ્રયત્ન કરતાં **'...જ્ઞાનની સ્વભાવજાતિની પરખ આવે છે;...'** એટલે પછી જ્ઞાનના વિભાવમાં ભૂલ નથી ખાતો. જ્ઞાનની સ્વભાવજાતિની પરખ આવે તો પરસત્તાવલંબનશીલજ્ઞાનને ક્યારે પણ એ પોતાની પ્રક્રિયા માને નહિ, જેમ રાગને ન માને એમ. મુમુક્ષુજીવ તો ક્યાં ભૂલ કરે ? કે, બે–ચાર કલાક શાસ્ત્રનો સ્વાધ્યાય કરે ત્યારે એને એમ થાય કે, આજે તો મેં ઘણું કામ કર્યું ! આજે તો ઘણો સ્વાધ્યાય કરી નાખ્યો !! પણ ભાઈ ! તારું જ્ઞાન પરસત્તાવલંબનશીલ ઉપયોગ ચાલ્યો કે સ્વસત્તાવલંબન (ઉપયોગ) ચાલ્યો ? એ તો વિચાર કર. તું તો હજી

બહારને બહાર જ ફરે છે અને ઘણું કર્યું એમ માને છે !

(ઉપરોક્ત રીતે) '...**વારંવાર પ્રયત્ન કરતાં જ્ઞાનની સ્વભાવજાતિની પરખ આવે છે; ત્યારે વિભાવજાતિવાળા ભાવોની પણ પરખ આવે છે; તેથી વિભાવનું કોઈપણ રૂપ – અતિ શાંત મનની શાંતિરૂપે હોય તોપણ તે વિભાવ જ છે એમ ઓળખાય, અને તે વિભાવની મલિનતા અને આકુળતા પરખાઈ આવે છે.**' હવે, ચારિત્રગુણનું જે રાગનું પરિણમન છે એમાં મલિનતા છે. જ્ઞાનનો જે વિભાવ પર અવલંબનમાં જાય છે એ રાગની ઉત્પત્તિનું કારણ છે, એ મલિનતાની ઉત્પત્તિનું કારણ છે. પણ આકુળતા તો બન્ને ઉત્પન્ન કરે છે – રાગ પણ આકુળતા ઉત્પન્ન કરે છે અને પરસત્તાનું અવલંબન પણ આકુળતા ઉત્પન્ન કરે છે અને વિપરીતતા બન્ને વિભાવમાં છે. સ્વભાવથી કેવળ અંતર્મુખ જે સ્વભાવ (છે) એનાથી વિરુદ્ધતા તો બન્નેની છે. રાગની પણ વિરુદ્ધતા છે અને પરસત્તાના અવલંબનમાં પણ વિરુદ્ધતા છે.

વિભાવના ત્રણ મુદ્દા છે. (૧) વિભાવની વિપરીતતા (૨) વિભાવમાં મલિનતા અને (૩) વિભાવમાં આકુળતા. આકુળતા અને આકુળતાનું કારણ એમ બે ભેદ લેવાય છે. ('સમયસાર'ની) ૭૨મી ગાથા. 'એ દુઃખ, દુઃખફળ જાણીને' એમ (કરીને વાત લીધી છે). દુઃખ અને દુઃખનું ફળ એટલે દુઃખનું કારણ. દુઃખફળનું કારણ તે દુઃખ.

શ્રોતા :– શાંત મનનું બીજું રૂપ લઈને આવે તોપણ વિભાવ છે !

પૂજ્ય ભાઈશ્રી :– ગમે તે રૂપ લઈને આવે, છેતરાય નહિ. પછી એ છેતરાય નહિ. જ્ઞાન એનું છેતરાય નહિ. એટલું અહીંયાં જ્ઞાન કેળવાય છે. જ્ઞાનને ભાવભાસનમાં કેળવીને ભાવભાસન થાય છે. એ વાત 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં લીધી છે કે, જ્ઞાનને કેળવતા ભાવભાસન થાય છે. જેમ લોટમાં પાણી નાખે એટલે કણિક નથી થઈ જતી. પાણી નાખ્યા પછી સારી રીતે ટૂંપે ત્યારે એ રોટલીને યોગ્ય પિંડ થાય છે.

માત્ર પાણી નાખી દેવાથી રોટલી ન બની જાય. એમ જ્ઞાન એટલે જ્ઞાન, એમ નથી. જ્ઞાનની કેળવણી પણ એક જ્ઞાન છે. આ વસ્તુ જ્ઞાનની અંદર સમજવાની વિશેષ છે.

શ્રોતા :– કેળવણી એટલે અવલોકન ?

સમાધાન :– કેળવણી એટલે કેળવણી. છેતરાય નહિ એવું થવું તે, પરિપક્વ થવું એનું નામ (કેળવણી). જેમ લોટમાં પાણી નાખ્યું (પછી) જે ટૂંપ્યો એમાં રોટલી સુધીની પરિપક્વતા ન આવે ત્યાં સુધી ટૂંપે. જો અધકચરો ટૂંપે તો રોટલી બરાબર થાય નહિ. કાં લોટ ફાટી જાય, કાં વધારે પાણી પડ્યું હોય અને એમને (એમ કરવા જાય તો) રોટલી વણાય નહિ, ચોંટવા મંડે. કાં તાવડી સાથે ચોંટે, કાં પાટલી સાથે ચોંટે, કાં વેલણ સાથે ચોંટે. તો કેળવણી છે એ એની પરિપક્વતા લાવવાનો વિષય છે. જ્ઞાન તો જ્ઞાન છે પણ જ્ઞાનમાં પરિપક્વતા આવવી જોઈએ, ત્યારે ભાવ ભાસે છે.

દુનિયામાં પણ એમ જ છે, છોકરો પચીસ વર્ષનો થયો હોય, ભણીને ઉતરે, કૉલેજથી આવે, દુકાને બેસાડે – થડે (બેસાડે). 'બેસ, થડે બેસ. હું બેસતો હતો એમ બેસ !' એમ કહે. શેઠ બેસતો હોય ત્યાં પોતાના છોકરાને બેસાડે. ભલે Staffમાં એના કરતાં હોંશિયાર માણસો હોય. મુખ્ય મેનેજર હોય એને પણ એની ગાદી ઉપર ન બેસાડે, છોકરાને બેસાડે. અણઘડ હોય, હજી કાંઈ ન આવડતું હોય તોપણ કોને બેસાડે ? એનો વારસદાર છે એટલે બેસાડે. પણ એને વેપાર ન સોંપી દે. 'તને બેસાડ્યો છે પણ તને હજી ઘડવાનો છે.' શું કહે ? હજી આનું ઘડતર થવું જોઈએ. ભણ્યો ખરો પણ હજી ગણ્યો એ વાત જુદી છે. એને વેપારની કેળવણી આપે છે. એમને એમ વેપાર સોંપી દે છે ? કે, માંડ લે–વેચ કરવા ! એ તો કાંઈનું કાંઈ વેતરી નાખે ! એને દુકાને બેસાડીને પણ કેળવવો પડે છે. વેપારની અંદર વેપારની કેળવણી જુદી છે, ભણતરની

કેળવણી જુદી છે. એમ છે કે નહિ ? એને એમ કહે કે, 'તું અનુભવ લે, છ મહિના, બાર મહિના તું અનુભવ લે. કોઈ કામ તારા હાથે બગડશે પણ ખરું પણ એ વગર તને અનુભવ નહિ થાય. તારા હાથે તું બધું કામ કર. બીજાં લખે છે એ નામું જોઈ જા એમ નહિ, તું પણ લખ. તો તને Account આવડશે. લખતાં તને ખબર પડશે, એકલું જોવાથી નહિ ખબર પડે.' એવી રીતે બધા કામમાં એને હાથે કામ કરાવે ત્યારે એને આવડે. એ અનુભવજ્ઞાનની કેળવણી છે. જગતમાં પણ એમ જ તૈયાર થવું પડે છે કે નહિ ?

શ્રોતા :– Theory અને Practicalમાં ફરક છે.

પૂજ્ય ભાઈશ્રી :– ફેર છે, ફેર છે એ તો ફેર છે. આપણી કાઠિયાવાડી ભાષામાં એનો ખાસ શબ્દ છે, જે રીતે એને તૈયાર કરે ને ? ત્યારે તેનો ખાસ શબ્દ આવે છે 'પળોટે છે', 'પળોટે છે' એમ કહે છે. શું કહે છે ? 'હજી એને દુકાને બેસાડીને પળોટવો પડશે' એમ કહે છે. પળોટાઈ જાય પછી પરિપક્વ થાય પછી એને લગામ સોંપી દ્યે. પછી વાંધો નહિ, વિશ્વાસ આવે કે, હવે વાંધો નથી. ત્યાં સુધી એને શીખવવા માટે સોંપે. વેપાર કરવા માટે કામ ન સોંપે, શીખડાવવા માટે કામ સોંપે.

સમય થઈ ગયો છે... અહીં સુધી રાખીએ.

❄ ❄ ❄

## પ્રવચન–૯
### તા. ૦૧-૦૩-૧૯૯૦

'સુવિધિ'નું પ્રકરણ ચાલે છે. **'જ્ઞાનમાં માત્ર જ્ઞાનને સ્વ-રૂપે અવલોકવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરીને વારંવાર પ્રયત્ન કરતાં જ્ઞાનની સ્વભાવજાતિની પરખ આવે છે;...'** શું પ્રકાર છે અહીંયાં ? કે, અંદર અવલોકન ચાલે એમાં ચાલતા જ્ઞાનના પર્યાયમાં પોતાનું અસ્તિત્વ – 'હું'પણું છે કે નહિ ? તે તપાસવું છે. 'હું'પણું રાગમાં થઈ રહ્યું છે તે ભૂલ છે, તો એ ભૂલ પહેલાં સમજાય છે અને જ્ઞાનમાં 'હું'પણું આવે છે કે નહિ ? અથવા જ્ઞાનમાં પોતાપણું જોવું છે – અવલોકવું છે, એ પ્રકારનો પ્રયત્ન વારંવાર કરતાં સ્વભાવ ભાસે છે. સ્પષ્ટતા એ છે કે, જ્ઞાન જ્યારે જ્ઞાનને અવલોકે ત્યારે જ્ઞાનમાં પોતાપણું છે એનો ખ્યાલ આવે અને જ્ઞાનમાં પોતાપણું છે એવો ખ્યાલ આવે ત્યારે એને પોતાના સ્વભાવની જાતિ કેવી છે (તે પરખમાં આવે છે). સ્વભાવમાં એકલો જ્ઞાનગુણ નથી પણ સ્વભાવ કહેતાં એમાં અનંતે અનંત ગુણ આવી જાય છે. એવી સ્વભાવજાતિની પરખ આવે છે.

સ્વભાવ અને વિભાવ પ્રતિપક્ષ હોવાથી, **'...ત્યારે વિભાવજાતિવાળા ભાવોની પણ પરખ આવે છે;...'** બે પ્રકારના ભાવ એક સાથે પરિણામમાં છે તેને એકત્વના અધ્યાસને લીધે જીવ જુદાં પાડી શકતો નથી અને જુદાં પાડી શકતો નથી એ જ એને પરિભ્રમણનું – જન્મ-મરણનું કારણ

થાય છે. એ જ અનંતાનુબંધી છે, એ જ દર્શનમોહ છે, ખરેખર તો એ જ પરિભ્રમણનું ચક્કર જેનાથી ફરે છે એની ધરી છે. એટલે એ બે ભાવને જુદાં પાડવાનું જ્યાં સુધી ન બની શકે – વિભાવ અને સ્વભાવને જુદાં પાડવાનું જ્યાં સુધી ન થઈ શકે ત્યાં સુધી ધર્મના ક્ષેત્રમાં આત્માનું કલ્યાણ થવાની કોઈ પરિસ્થિતિ નથી, કોઈ અવકાશ નથી.

શ્રોતા :– જ્ઞાનને ઓળખ્યા વગર વિભાવને ઓળખી શકે નહિ ?

સમાધાન :– ઓળખી શકે નહિ. એકલા વિભાવને તપાસતા વિભાવ ન ઓળખી શકે. સ્થૂળ ભાવનો ખ્યાલ આવે પણ સૂક્ષ્મ ભાવોમાં છેતરાઈ જાય. મંદ કષાયમાં છેતરાઈ જાય, જ્ઞાનના બહિર્લક્ષી ઉઘાડમાં પણ છેતરાઈ જાય.

'**...તેથી વિભાવનું કોઈપણ રૂપ – અતિ શાંત મનની શાંતિરૂપે હોય તોપણ તે વિભાવ જ છે...**' અને શાસ્ત્રને અનુકૂળ જ્ઞાન હોય તોપણ શાસ્ત્રને અવલંબતો જ્ઞાનનો પર્યાય એ પણ ખરેખર સ્વભાવ નથી. શાસ્ત્રમાં દેવ, ગુરુ બન્ને આવી જાય છે. પર દેવની સત્તા પરસત્તા છે, ગુરુની સત્તા પણ પરસત્તા છે, શાસ્ત્રની સત્તા પણ પરસત્તા છે. '**...તે વિભાવ જ છે એમ ઓળખાય, અને તે વિભાવની મલિનતા અને આકુળતા...**' અને વિપરીતતા ત્રણેય '**...પરખાઈ આવે છે.**' ત્રણે સમજાય છે. અહીં તો હજી પરખની વાત છે. હવે જ્ઞાનમાં સ્વભાવજાતિ ઓળખી તો એમાં શું શું આવ્યું ? એ નીચેના પેરાગ્રાફથી એનું અનુસંધાન છે.

'**પ્રગટ જ્ઞાનમાં સ્વભાવ અંશનો વિકાસ (–ખુલ્લાપણું) હોવાથી...**' (અર્થાત્) ચાલતા જ્ઞાનના ઉપયોગમાં સ્વભાવ ખુલ્લો હોવાથી – સ્વભાવ આંશિકપણે ખુલ્લો હોવાથી. કારણ કે ત્રિકાળી સ્વભાવ તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપે છે, પર્યાયમાં પૂરોપૂરો નથી, પણ એના કટકા પણ નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સ્વભાવના ત્રણ કટકા પડતા નથી. એ તો એક અખંડ તત્ત્વ છે તેથી એના એક અંશ ઉપરથી આખા અંશીનું

જ ગ્રહણ થાય છે.

**'પ્રગટ જ્ઞાનમાં સ્વભાવ અંશનો વિકાસ (–ખુલ્લાપણું) હોવાથી સ્વભાવની અનંત શક્તિ / સામર્થ્ય,...'** સામર્થ્ય અપેક્ષાએ સ્વભાવનું અનંત સામર્થ્ય અને **'...શાશ્વતપણું...'** એટલે અનાદિઅનંતપણું. પોતાનું અનાદિઅનંતપણું અને પોતાનું અનંત સામર્થ્ય એ **'...આદિનો નિર્ણય થઈ શકે છે.'** સ્વભાવઅંશ ઉપરથી અખંડ સ્વભાવના અનંત સામર્થ્યનો અને એના નિત્યપણાનો – શાશ્વતપણાનો નિર્ણય થઈ શકે છે.

શ્રોતા :– આમાં તો એક જ્ઞાનગુણ એવો છે કે જે સ્વભાવના અંશ બરોબર છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ સ્વભાવના અંશને પ્રતિસમય વ્યક્ત કરે છે. પાછું એવું નથી કે ક્યારેય ન હોય. જ્યારે આ જીવ જોવા માંગે ત્યારે એને એ સાધન ઉપસ્થિત છે. એટલે તો 'સંવર અધિકાર'માં જ્ઞાનક્રિયા આધાર છે અને જ્ઞાન આધેય છે, એમ લીધું છે. એને આધાર લીધો છે કેમકે ત્યાંથી જણાય છે, એના વડે જણાય છે. માટે એને આધાર લીધો છે અને 'ક્રિયા' શબ્દ વાપર્યો છે – જ્ઞાનક્રિયા આધાર છે. એટલે પરિણામનો વિષય લીધો છે. મૂળ ગાથામાં તો 'ઉપયોગ' શબ્દ જ વાપર્યો છે. ઉપયોગ શબ્દ તો ત્રિકાળીમાં પણ વપરાય છે અને પર્યાયમાં પણ વપરાય છે પણ 'ક્રિયા' શબ્દ છે એ ત્રિકાળીને લાગુ પડતો નથી.

**'જેને રાગના નાનામાં નાના કણમાં દુઃખ, મલિનતા અને અચેતનપણાનો (–જ્ઞાનપ્રકાશનો અભાવ) નિર્ણય થાય છે,...'** એવો નિર્ણય થાય છે તે યુક્તિથી નહિ, આગમથી નહિ, ન્યાય, તર્કથી નહિ, અનુમાનથી નહિ **'(...પણ અનુભવના અવલોકનથી) તેને જ્ઞાનલક્ષણથી સ્વભાવસ્વરૂપે રહેલાં અનંત સુખ–સામર્થ્યનો પણ નિશ્ચય થાય છે.'** બન્ને નિશ્ચય સાથે થાય છે. એટલે નિર્ણય બદલાઈ ગયો. જે રાગમાં અને પરપદાર્થમાં સુખાભાસ હતો એ સુખાભાસને બદલે એ ખરેખર સુખ માનેલું હતું –

ખરેખર સુખનો નિર્ણય હતો એ નિર્ણય અહીંયાં બદલાય છે. ત્યાં દુઃખ છે, ત્યાં મલિનતા છે, ત્યાં ચૈતન્યથી વિપરીત એવું અચેતનપણું છે – જડત્વ છે. તેને જ્ઞાનલક્ષણથી સ્વભાવસ્વરૂપે રહેલા અનંત સુખ અને અનંત જ્ઞાન સામર્થ્યરૂપે છે એવો નિશ્ચય થાય છે. પ્રગટરૂપે છે એમ નહિ, સામર્થ્યરૂપે છે એવો નિશ્ચય થાય છે, પણ અવલોકનથી, વિચારથી એમ નહિ.

**'અવલોકનમાં ચેતના... ચેતના... ચેતના...'** અથવા જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એવા જ્ઞાનના **'...સાતત્ય દ્વારા પોતાનું ચેતના–ગુણમયપણું...'** આ સ્વભાવ છે. ચેતના... ચેતના... ચેતના... માત્ર જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... પણે જે સતત રહે છે તેના દ્વારા **'...પોતાનું ચેતના-ગુણમયપણું પરદ્રવ્યથી અને રાગથી પોતાને ભિન્ન પાડવાનું એકમાત્ર સાધન છે, આ સિવાય કોઈ બીજું સાધન નથી.'** શાસ્ત્રના કેટલાક અભ્યાસી વિદ્વાનો આત્માને 'સત્તા'થી જુદો પાડે છે, કોઈ બીજી–બીજી રીતે જુદો પાડે છે, અરૂપીપણાથી જુદો પાડે છે, કોઈ ત્રિકાળીથી જુદો પાડે છે, પણ જ્ઞાન સિવાઈ કોઈ સાધન નથી. આ સિવાઈ બીજું કોઈ સાધન નથી.

'સમયસાર'માં એ ૪૯મી ગાથામાં લીધું છે. જે ગાથા પાંચે પરમાગમમાં અને 'ધવલ' (એમ) છ જગ્યાએ એક જ ગાથા છે. એમાં 'જીવ ચેતનાગુણ...' ત્યાંથી ગાથા શરૂ કરી છે ને ? **'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...'** ચેતનાગુણમાં આમ લીધું છે. **'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.'** (એટલે) ચેતનાસ્વભાવવાળો છે. **'કેવો છે ચેતનાગુણ ?'** એ ચેતનાગુણ કેવો છે ? કે, જે સમસ્ત અન્ય પ્રકારે માનવારૂપ વિપર્યાસ છે તેનો નાશ કરનાર છે. એક ચેતનાગુણ એવો છે કે, એ ચેતનાગુણ જેવો છે એવો જો

એને સમજમાં આવે – લક્ષમાં આવે – ઓળખમાં આવે તો વિપર્યાસ ન રહે. સમસ્ત વિપર્યાસનો એ નાશ કરનારો છે અને **'જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે,...'** અહીંયાં ભેદજ્ઞાનનું અનુસંધાન કર્યું. ચેતનાગુણથી આત્મા જુદો પડી જાય છે – ભિન્ન પડે છે અને ભિન્ન પાડવાનું આ એક જ સાધન છે. અનાદિ સંસારી જીવને બીજું કોઈ સાધન નથી. એટલે અન્ય સાધનનો ખોટો પરિશ્રમ કે શક્તિ અને સમયનો દુર્વ્યય કરવા જેવું નથી. એ ચેતનાગુણ જ્યાં સુધી એને ન સમજાય ત્યાં સુધી એ જ્ઞાનથી પોતાના ચાલતા જ્ઞાનનું અવલોકન કર્યા કરે. જો આટલી મહેનત અંદરમાં કરે તો ક્યારેક નિવેડો આવશે. એ સિવાઈ બીજી કોઈપણ રીતે મહેનત કરશે એ બધી મહેનત નકામી જશે, આત્મા જુદો નહિ પડે.

શ્રોતા :– દ્રવ્યલિંગી મુનિએ અગિયાર અંગ અને નવ પૂર્વનું જાણપણું કરીને પણ આ નથી કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :– અંદરમાં આ કરતો નથી. જાણપણું તો આપણને પણ અત્યારે થાય પણ જાણપણું થાય એનો અર્થ શું ? આમ કરવું – આમ ન કરવું, આમ કરવું – આમ ન કરવું, એ જાણ્યું, લ્યો ! જાણવું એક વાત છે, કાર્ય કરવું બીજી વાત છે. એ કાર્ય કરવા માટે આગળ જે વાત ચાલી ગઈ એટલી પૂર્વતૈયારી હોવી ઘટે છે. જો એટલી પૂર્વતૈયારી ન થાય તો આ કામ કરવું હોય તોપણ ખરેખર થાય એવું નથી. અથવા પૂર્વતૈયારી કરતો નથી એને કરવું જ નથી, એમ એનો અર્થ છે. તથારૂપ પાત્રતામાં જીવ ન આવે તો એને ખરેખર કામ કરવું નથી. ભલે કરવું છે... કરવું છે... એમ વિચાર કરે, એમ કોઈને કહે કે, મારે કરવું છે, ગુરુને જઈને પૂછે કે, મારે તો મારું કરવું છે, પણ ખરેખર એને કરવું છે, એ વાત છે નહિ.

**'જ્ઞાનમાં રહેલા જ્ઞાનવેદનથી લક્ષરૂપ આત્માની પ્રસિદ્ધિ છે.'** આ

વાત 'અમૃતચંદ્રાચાર્યદેવે' ('સમયસાર'માં) લક્ષ–લક્ષણની ચર્ચામાં લીધી કે, આત્મા કેવી રીતે પ્રસિદ્ધ થાય છે ? તો કહે છે કે, સ્વસંવેદનથી પ્રસિદ્ધિ છે. જ્ઞાનની પ્રસિદ્ધિ જ્ઞેયને પ્રકાશવાથી છે એમ ત્યાં ન લીધું. નહિતર બન્ને ગુણ છે – જાણવું – સ્વ-પરને જાણવું એવો પણ ગુણ છે અને સ્વને વેદવું એવો પણ ગુણ છે. ત્યાં સ્વ-પરને જાણવું ત્યાંથી જ્ઞાનની પ્રસિદ્ધિ નથી લીધી. જ્યાં લક્ષણથી લક્ષ્ય એવા આત્માને ઓળખવો છે ત્યાં વેદન લક્ષણ લીધું છે, ત્યાં જાણન લક્ષણ નથી લીધું.

શ્રોતા :– વેદન વગર તો સાચું જાણવું થાય જ નહિ ને ?

સમાધાન :– વેદન વગરનું જાણવું એવું છે કે, અધ્યાસિત જાણવું છે. પરમાં એકત્વ થયાં વગર રહે નહિ. ભિન્ન જ્ઞાનના વેદન વિના પરને જાણતા એને પરનું એકત્વ થયાં વિના રહે જ નહિ. જાણતાં જ એકત્વ સાધી લે છે. ભિન્ન વેદનથી જ ભિન્ન પડી શકે, બીજી રીતે ભિન્ન પડવાનો કોઈ ઉપાય નથી. એટલે જ્ઞાનધારામાં જ્ઞાનવેદન છે.

મોક્ષમાર્ગમાં વિચરતા ધર્માત્માઓને ભલે ઉપયોગ પરપદાર્થની સાથે પ્રવૃત્તિયુક્ત હોય અને તે ઉપયોગથી તેને મોક્ષમાર્ગ ન સધાતો હોય, કેમકે ત્યાં તો અલ્પ બંધનું કારણ છે, તોપણ એના લબ્ધની જ્ઞાનધારામાં જ્ઞાનવેદન રહેલું છે અને લબ્ધ-ઉપયોગ થઈને એક અખંડ પર્યાય હોવાથી એ ઉપયોગને એટલો દોષિત ગણવામાં આવ્યો નથી, અલ્પ દોષ હોવા છતાં. કેમકે દોષ અલ્પ છે અને ગુણ વધારે છે. ગુણ-દોષની તુલના કરવામાં આવે તો એને ગુણ વિશેષ છે અને દોષ અલ્પ છે. એટલે આખી પર્યાયને ગુણવાન પર્યાય તરીકે વિચારાય છે, દોષવાન પર્યાય તરીકે વિચારવામાં આવતી નથી. એ એનો ન્યાય છે. વળી એ અંશનો પોતે સ્વામી થતો નથી, એનો નિષેધ વર્તે છે. એ પણ એનો ગુણ છે.

શ્રોતા :– ઉપયોગ પર તરફ જતો હોવા છતાં ક્યાંય એ વાત નથી.

પૂજ્ય ભાઈશ્રી :– છતાં એનો નિષેધ છે, એનો આદર નથી. ત્યાં સુધી કે, ગણધર ભગવાનનો ઉપયોગ તીર્થંકરદેવનું પ્રવચન સાંભળવા માટે લંબાય તોપણ. ત્યાં પણ એ જ સ્થિતિ છે.

'સોગાનીજી'ની ચર્ચામાં એવો વિષય ચાલ્યો. એક મુમુક્ષુભાઈએ આવતાવેંત વાત શરૂ કરી કે, 'આજ તો સવાર અને બપોર તમારી ચર્ચા સાંભળીને એટલો બધો રસ અને મસ્તી ચડી ગઈ કે, અત્યારે એમ થયું કે, અત્યારે તો ચર્ચા સાંભળવા પણ શું જાવું ? ચર્ચા કરવા પણ શું જાવું ? વળી એમ વિચાર આવ્યો કે, બે નય છે. ગણધરદેવ પણ ભગવાનનું પ્રવચન સાંભળવા સમવસરણમાં ઉપસ્થિત રહે છે એટલે વળી આવવાનો વિચાર કર્યો.' 'બે નય છે' એમ કહ્યું એટલે 'સોગાનીજી'એ ત્યાંથી (ચર્ચા) ઉપાડી અને કહ્યું કે, 'દો નય નહીં હૈ, એક હી નય હૈ.' બે નય નથી, એક જ નય છે. વળી, ગણધરદેવને તો નિષેધ આવે છે. પોતાના એ પ્રકારના રાગનો – વિકલ્પનો, જ્ઞાનનો બધાનો નિષેધ વર્તે છે. જેટલો પરિણમનનો અંશ, આખું પરિણમન તો નહિ જ, પરિણમનનો જેટલો અંશ, જેટલા અંશે પરિણમન આત્માને છોડીને અન્ય દ્રવ્યને અનુસરે છે એટલા અંશનો નિષેધ છે. ચોખ્ખે ચોખ્ખી વાત એ છે કે, એટલા અંશનો નિષેધ વર્તે છે, પછી એ અંશનો વિષય દેવ, ગુરુ, શાસ્ત્ર (કે) સાક્ષાત્ તીર્થંકરદેવ હોય તોપણ. બહુ સ્પષ્ટ વાત છે. એનો પૂરાવો એ છે કે, 'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ'માં કહ્યું કે, 'परदव्वादो दुग्गई' એ તો દુર્ગતિનું જ કારણ છે. એ મોક્ષગતિનું કારણ નથી, એનાથી મોક્ષમાર્ગ સધાતો નથી. મોક્ષમાર્ગ આત્માના અવલંબને જ સધાય એવો સમ્યક્ એકાંત છે અને સમસ્ત અનેકાન્ત આ સમ્યક્ એકાંતની પૂર્તિ અર્થે છે, પોષણ અર્થે છે, પુષ્ટિ અર્થે છે. આમ છે.

**'જ્ઞાનમાં રહેલા જ્ઞાનવેદનથી લક્ષરૂપ આત્માની પ્રસિદ્ધિ છે. આ લક્ષ-લક્ષણની સંધિ છે.'** જે લક્ષ થાય છે – લક્ષણથી જે લક્ષભૂત થાય

છે ત્યાંથી જ્ઞાન પણ પ્રસિદ્ધ છે અને આત્મા પણ જ્ઞાનમાં પ્રસિદ્ધ થઈ જાય છે. આત્મા તો જ્યાં છે ત્યાં, જેવો છે તેવો જ છે પણ જ્ઞાનમાં તે વખતે પ્રસિદ્ધ થાય છે. '**જેવો આત્મા કેવળજ્ઞાનમાં જણાય છે તેવો જ આત્મા લક્ષમાં આવતા અનંત મહિમાવંત પદાર્થ સાક્ષાત્ સિદ્ધસ્વરૂપ પોતે છે, તેમ લાગતાં...**' ભાસે છે એટલે લાગે છે '**...તેમ લાગતાં તેનો કોઈ અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે.**' શું કહે છે ? જેમ અત્યારે લાગે છે કે, 'હું ફલાણો માણસ છું' એવું લાગે છે ને ? એ મિથ્યા ભાવભાસન છે. આત્મા એવો નથી. અત્યારે જેવો પોતે મનુષ્યપણે લાગે છે એવો ખરેખર પોતાનો આત્મા નથી. પોતાનો આત્મા જે સિદ્ધ સમાન છે એવો પોતાને લાગે – એવો પોતાને લાગવા માંડે ત્યારે એને ભાવભાસન છે એમ એનું – ભાવભાસનનું એક લક્ષણ છે કે એવું લાગવા માંડે છે.

શ્રોતા :– સમ્યગ્દર્શન થયાં પહેલાં ?

સમાધાન :– હા, સમ્યગ્દર્શન થયાં પહેલાં લાગે છે, તો સમ્યગ્દર્શન થાય. જાણવું અને લાગવું એમાં ફેર છે. ઠંડી જાણે છે કે ઠંડી લાગે છે ? અત્યારે પવન નીકળ્યો છે, આજે ઠંડી વધી છે. તો ઠંડી જણાય છે, એમ કહે છે ? ઠંડી તો મને લાગે છે, એમ કહે છે. હવે જે જણાય છે અને લાગતી નથી એવી ઠંડી જે ખરેખર જણાય છે, તો કહે છે કે, ના, મને લાગે છે ! અહીંયાં એમ કહે છે કે, આત્માને સિદ્ધ સમાન કેવી રીતે જાણવો ? જાણવો નથી, લાગવું જોઈએ, એમ કહે છે. એવું લાગવું જોઈએ.

શ્રોતા :– ચૌદ ગુણસ્થાનથી પાર !

પૂજ્ય ભાઈશ્રી :– સિદ્ધપદ તો ચૌદ ગુણસ્થાનથી પાર જ છે. એટલે ચૌદે ગુણસ્થાન બાદ થઈ ગયા.

શ્રોતા :– લાગવાનું પણ જ્ઞાનમાં જ છે ને ?

સમાધાન :– લાગવાનું જ્ઞાનમાં જ છે, જ્ઞાનમાં જ લાગે છે. લાગવું

એ જ્ઞાનનો જ પર્યાય છે.

'**...તેમ લાગતાં તેનો કોઈ અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે.**' આ એક ભાવભાસન થયું છે – આત્મા લક્ષમાં આવ્યો છે – આત્માનું જેવું અસ્તિત્વ છે તેવું અસ્તિત્વ ગ્રહણ થયું છે તેનું ચિહ્ન છે કે, '**...તેનો કોઈ અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે.**' મહિમા કેમ ઉત્પન્ન થાય ? એ પ્રશ્ન નથી. નહિતર આપણે ત્યાં આત્માને સાંભળ્યા પછી, વિચાર્યા પછી, સમજ્યા પછી એમ પૂછે કે, હવે આત્મા તો આવો જાણ્યો પણ એનો મહિમા કેમ આવે ? તો આત્મા મહિમાવંત જણાયો નથી. જાણ્યો છતાં મહિમાવંત જણાયો નથી. અનંત મહિમાવંત છે એમ જાણ્યું, એમ કહે છે અને પ્રશ્ન કરે કે, મહિમા કેમ આવે ? જો જાણ્યું હોય તો તું પ્રશ્ન પૂછે છે એને પ્રશ્ન થાય એવું છે કે, તો પછી મહિમા નથી આવતો એનું શું કારણ છે ? તો કેમ મહિમા નથી આવતો ? જો મહિમાવંત ન હોય અને મહિમા ન આવે તો તો બરાબર છે, તો ત્યાં પ્રશ્ન થવાનો અવકાશ નથી. પણ મહિમાવંત છે, એમ તો તું કહે છે અને મહિમા કેમ આવે ? એ પૂછે છે ! બે વાતને મેળ ક્યાં છે ? માટે મહિમાવંત છે એ તો શબ્દમાત્ર છે, કલ્પનામાત્ર છે. ખરેખર જેવો મહિમાવંત છે એવો મહિમાવંત તને જણાયો જ નથી, લક્ષમાં આવ્યો જ નથી. નહિતર એનો મહિમા રોકી શકાય નહિ એવી રીતે ઉત્પન્ન થાય. ઉત્પન્ન થાય એમ નહિ, એનો મહિમા રોકી શકાય નહિ એવી રીતે ઉત્પન્ન થાય. પોતાની ઇચ્છા વિરૂદ્ધ કોઈ ચીજ બને ત્યારે એને અણગમો વિકલ્પ કરીને લાવવો પડે છે કે, હવે હું અણગમો લાવું ? અને પોતાની ઇચ્છા અનુસાર બધું અનુકૂળ થઈ જાય ત્યારે એને પ્રસન્નતા લાવવી પડે છે કે, લાવ હવે હું મારા પરિણામમાં પ્રસન્નતા ઉત્પન્ન કરું ? સહેજે પ્રસન્નતા વર્તે છે. એમ લાવવો પડે એ તો કૃત્રિમતા છે. આત્માનો મહિમા કરવો પડે એ તો કૃત્રિમતા છે. એ કૃત્રિમતાને આત્માના સહજ મહિમાવંત સ્વભાવની

સાથે સુસંગતતા નથી, વિસંગતતા છે.

**'...તેમ લાગતાં તેનો કોઈ અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે. તે મહિમા આત્મરસદ્વારા પરિણતિ ઉત્પન્ન કરે છે.'** આ જે મહિમા ચાલુ રહે છે એ મહિમા બીજાં કાર્યો કરતાં પછી મહિમા ન છૂટે, લક્ષ ન છૂટે અને મહિમા ન છૂટે. એટલે તે મહિમામાં આત્મરસ કેળવાય છે. આત્મરસ કેળવાયને એક પરિણતિ એની ઉત્પન્ન થઈ જાય છે, તે પરિણતિને ઉત્પન્ન કરે છે.

**'વારંવાર પોતાના જ્ઞાન-દર્શન દ્વારમાં સ્વરૂપશક્તિને દેખતાં, તેમાં નિહિત અનંત સુખનો ભંડાર પ્રતિભાસતાં નિર્વિકલ્પસ્વરૂપનો રસ ઘૂંટાઈને ઘટ્ટ થતો જાય છે.'** આ હવે નિર્ણય થયાં પછી (અને) અનુભવ થતા પહેલાં વચમાં જે કાંઈ પરિસ્થિતિ સર્જાય છે એનું આ ચિત્ર છે. શું થાય છે ? **'વારંવાર પોતાના જ્ઞાન-દર્શન દ્વારમાં...'** આ પદ્ધતિ લીધી છે – 'અનુભવ પ્રકાશ'માં. ચિત્‌પરિણતિથી સ્વરૂપરસ ઉત્પન્ન થાય છે. ચિત્‌પરિણતિથી સ્વરૂપરસ ઉત્પન્ન થાય છે, એ સ્વરૂપરસ જેટલો ઘટ્ટ થાય છે, જેટલો તીવ્ર થાય છે; એ રસ પોતે નિર્વિક્લ્પ છે – સ્વરૂપરસ પોતે નિર્વિકલ્પ છે એટલે ઉપયોગમાં સવિકલ્પતા તૂટવાનું એ કારણ થાય છે. કેમકે વિકલ્પ અને સવિકલ્પ બન્ને વિરોધી છે. જેનું બળ હોય તે સામાનો નાશ કરે, સામાને તોડે. વિકલ્પનું બળ નિર્વિકલ્પતાને આવવા ન દે, નિર્વિકલ્પતાનું બળ વિકલ્પને તોડી નાખે, વિકલ્પને ઉત્પન્ન થવા ન દે.

શ્રોતા :– વિકલ્પના કાળે આ બધું થાય છે ?

સમાધાન :– વિકલ્પના કાળે થાય છે. વિકલ્પ ચાલે છે તો આ બધી પરિસ્થિતિમાં અંદરમાં ફેરફાર થવા મંડ્યો. આ અંતરથી ફેરફાર થવા મંડ્યો, અંદરથી ફેરફાર થાય છે.

શ્રોતા :– માતાજી કહે છે, પરિણતિ થઈ જવી જોઈએ, એ આ

પરિણતિ છે ?

સમાધાન :– એ આ પરિણતિ છે, પરિણતિ થઈ જવી જોઈએ.

શ્રોતા :– આત્મપરિણતિ તરફ જવાનો રસ્તો ખુલ્લો થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– શુદ્ધોપયોગ થવાનું અહીંથી કારણ ઊભું થાય છે અથવા અનંતકાળે નહિ થયેલું સમ્યગ્દર્શન – આત્મદર્શન, સમ્યગ્દર્શન કહો, નિજ પરમાત્મસ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કહો – સાક્ષાત્ દર્શન કહો – સાક્ષાત્કાર કહો, એનું આ મૂળ કારણ છે. એની આ તૈયારી છે.

**'વારંવાર પોતાના જ્ઞાન-દર્શન દ્વારમાં સ્વરૂપશક્તિને દેખતાં,...'** (અર્થાત્) શક્તિરૂપે પોતાને જોવે છે, ઉપયોગરૂપે – પર્યાયરૂપે (પોતાને) જોતો નથી. **'...સ્વરૂપશક્તિને દેખતાં, તેમાં નિહિત...'** એટલે તેમાં સંતાયેલો – તેમાં પડેલો **'...અનંત સુખનો ભંડાર...'** પોતાના અનંત સુખનો ભંડાર પ્રતિભાસે છે અને નિર્વિકલ્પસ્વરૂપનો નિર્વિકલ્પરસ ઘૂંટાઈ ઘૂંટાઈને ઘટ્ટ થતો જાય છે. **'આ સ્થિતિમાં સ્વભાવની અનન્ય રુચિ અપૂર્વભાવે પ્રગટ થાય છે;...'** જ્યાં નિર્ણય થયો ત્યાં સ્વરૂપની – સ્વભાવની અનન્ય રુચિ કોઈ અપૂર્વ – પહેલાં ક્યારેય પ્રગટ નથી થઈ એવી પ્રગટ થાય છે. પોતે પોતાના સ્વરૂપથી – પોતાના સ્વરૂપના અનુભવ વિનાનો દૂર રહી જાય એ વાત રુચિને પોષાતી નથી.

**'આ સ્થિતિમાં સ્વભાવની અનન્યરુચિ અપૂર્વભાવે પ્રગટ થાય છે; અને રુચિ અનુયાયી વીર્ય...'** એ તો વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે અથવા **'...પુરુષાર્થ વડે અનંત પ્રત્યક્ષ તેજનું પૂર,...'** આત્મા જ્ઞાનના તેજનું પૂર છે. તેજને નૂર કહે છે એટલે નૂર અને પૂર Alleteration થાય છે. ગુરુદેવ એ શબ્દ વાપરતા હતા કે, આત્મા તો ચૈતન્યના નૂરનું પૂર છે. પૂર એટલા માટે કહેવાય છે કે, પૂરને ખાળી નથી શકાતું. બળબળતો ઉનાળો જેઠ મહિના સુધી પસાર થયો હોય અથવા આ ભીમ અગિયારસે વરસાદ આવે છે ને ? વાવણા થાય છે, હજી ધોમધખતો તડકો હોય

પણ ઉપરવાસ ક્યાંક સરખાઈનું પાણી પડી ગયું હોય, નદીમાં કાંકરા ઊડતા હોય, પાણીનું ટીપું ન હોય પણ ઘોડાપૂર આવે ત્યારે માથોડું– બે માથોડા પાણીના દળનો પ્રવાહ છે એ એટલો Speedમાં આવે કે, એને કોઈ રોકી ન શકે. જે હોય એ એમાં તણાઈ જાય, માણસ હોય તો માણસો તણાઈ જાય, ઢોર હોય તો ઢોર તણાઈ જાય, જે હોય એ તણાઈ જાય. તેને કોઈ રોકી (શકે નહિ), પૂરને કોઈ ખાળી શકે નહિ. એટલે આત્માને (ચૈતન્યનું) પૂર કહે છે.

**'...રુચિ અનુયાયી વીર્ય / પુરુષાર્થ વડે અનંત પ્રત્યક્ષ તેજનું પૂર, જ્ઞાનમાં રહેલી પરોક્ષતાને વિલીન કરી સહજ પ્રત્યક્ષપણે વર્તવા લાગે છે.'** આ અનુભવ થયો. સહજ પ્રત્યક્ષ થયું (અને) પરોક્ષતા જ્યાં વિલીન થઈ ગઈ ત્યારે એને નિર્વિકલ્પ અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ આનંદ સહિત – આનંદની મહોર સહિત હોય છે. એને અહીંયાં સ્વાનુભવ – સમ્યગ્દર્શન – શુદ્ધોપયોગ એ બધા અધ્યાત્મભાષાએ શબ્દો કહેવામાં આવે છે. આગમભાષાએ એને ઉપશમ સમ્યગ્દર્શન (કહેવામાં આવે છે). કર્મનો ઉપશમ થયો એટલે એને આગમભાષામાં લઈ જાય છે. કર્મની Theory પ્રમાણે એ રીતે કહેવામાં આવે છે.

**'જોકે સામાન્યપણે તત્ત્વાભ્યાસ કરનારને એવો અભિપ્રાય હોય છે કે 'આત્મા પરોક્ષ છે, અપ્રગટ છે, તેથી જણાતો નથી...'** તત્ત્વના અભ્યાસમાં શું કરે છે કે, પર્યાય તો પ્રગટ છે પણ ત્રિકાળી આત્મા અપ્રગટ છે. પર્યાય પ્રગટ છે પણ આ ત્રિકાળી આત્મા તો અપ્રગટ છે એટલે એવો અભિપ્રાય થઈ જાય છે. **'તેના પ્રત્યે સમાધાન આમ છે કે આત્મા તો સ્વરૂપે કરીને પ્રત્યક્ષ જ છે,...'** પ્રત્યક્ષ–પરોક્ષ એ પ્રકાર ત્રિકાળી આત્મામાં લાવવાની જરૂર નથી. એ તો પર્યાયની અંદર પ્રત્યક્ષ–પરોક્ષપણું ઊપજે છે, પણ જેવી પ્રત્યક્ષ પર્યાય છે સદશભાવે ત્રિકાળી સ્વભાવ હોવાથી ત્રિકાળીને પણ પ્રત્યક્ષ સ્વરૂપે કહેવામાં આવે છે.

**'...આત્મા તો સ્વરૂપે કરીને પ્રત્યક્ષ જ છે, પરંતુ પર્યાય અંતર્મુખ થાય તો 'આત્મા પ્રત્યક્ષ છે' તેમ જણાય છે.'** આ કોને જણાય છે ? પરસન્મુખ થઈને જ્ઞાનનો પર્યાય ઊભો છે એમાં આત્મા પ્રત્યક્ષ છે એમ નથી જણાતું, પણ એ સ્વસન્મુખ – અંતર્મુખ થાય છે ત્યારે એને પોતાના સ્વરૂપનું દર્શન થાય છે કે, આત્મા તો પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ કરવો પડતો નથી પણ અનાદિથી પ્રત્યક્ષ છે. ઉપયોગે એની સન્મુખ થઈને એની સામે જોયું નહોતું.

**'બહિર્મુખ જ્ઞાનની પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી, ભાસતો નથી; પરંતુ આત્મા પ્રત્યક્ષ જ છે. તેની સન્મુખ ઢળીને દેખે તો પોતે પ્રત્યક્ષ છે તેમ ભાસે છે. પરંતુ સન્મુખ કેમ ઢળવું અથવા...'** સન્મુખ કેમ **'...થવું તેવી સમસ્યા અવશ્ય છે;...'** હવે એની એ સમસ્યાનું સમાધાન કરવું છે. નીચે એટલી વાત ઉપર ચાલતા–ચાલતા આવીએ છીએ. તેની સન્મુખ કેમ થવું, એવી એક સમસ્યા અવશ્ય છે અને **'...તેનું સમાધાન એમ છે કે :–'** હવે એ સન્મુખ કેમ થવું એનું આ સમાધાન છે.

**'ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને અર્થાત્ સ્વને જાણે.'** શું કહેવું છે ? ઉપયોગમાં માત્ર પર્યાયને ન જાણે પણ વસ્તુને જાણે. હવે કોઈ એમ પૂછે છે કે, ઉપયોગ પોતે પર્યાયસ્વરૂપે હોવાથી પર્યાયરૂપે તો જણાય છે પણ વસ્તુને કેમ જાણવી ? આ એક બીજી સમસ્યા છે. કેમકે ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે, એમ વાત છે. ઉપયોગમાં પર્યાયને જાણે, એમ નથી કહેતા. તો વસ્તુને કેમ જાણવી ? આમાં જાણવા–જાણવાના દૃષ્ટિકોણમાં ફેર છે. પર્યાય પણ વસ્તુનું અંગ હોવાથી વસ્તુભૂત છે. પર્યાયને દ્રવ્યદૃષ્ટિએ જોઈ શકાય કે ન જોઈ શકાય ? જોઈ શકાય. દ્રવ્યને પર્યાયદૃષ્ટિએ જોઈ શકાય, પર્યાયને દ્રવ્યદૃષ્ટિએ જોઈ શકાય. એ તો આપણે છત્રીસ વિવક્ષામાં ચાલી ગયું. દ્રવ્ય, ગુણ, પર્યાયમાં

પરસ્પર વિવક્ષાના નવ ભેદ આવ્યા ને ?

'ટોડરમલ્લજી'એ નિશ્ચયાભાસીની સામે લીધું, (નિશ્ચયાભાસી) પર્યાયને નથી સ્વીકારતો તો કહે છે કે, 'અનાદિઅનંત પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે.' વિવક્ષા દ્રવ્યની કરી પણ પર્યાયપ્રધાન દ્રવ્યની ત્યાં વિવક્ષા છે. અહીંયાં દ્રવ્યપ્રધાન પર્યાયની વિવક્ષા કરવી છે કે, એ પણ વસ્તુભૂત છે, વસ્તુનું અંગ છે, અહીંયાં વસ્તુપણે જોવું છે. પર્યાયને વસ્તુપણે જોવી છે, પર્યાયને પર્યાયપણે જોવી નથી, તો વસ્તુ ત્યાં છે.

**'ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને...'** જાણે. જાણરૂપ વસ્તુને જાણે એટલે Third personને જાણે એમ નહિ પણ **'...સ્વને જાણે.'** (અર્થાત્) સ્વ વસ્તુને જાણે. 'સોગાનીજી'એ વધારે સરસ ભાવ આ વિષયમાં ખોલ્યો છે એ એવો છે, કોઈએ આવો પ્રશ્ન પૂછ્યો છે કે, 'આપ ત્રિકાળી–ત્રિકાળીની વાત કરો છો પણ અમને તો પર્યાય સિવાઈ કાંઈ જણાતું નથી. વસ્તુને જાણવી કેવી રીતે ? ત્રિકાળીને જાણવો કેવી રીતે ?' આ પ્રશ્ન ચાલ્યો છે. ત્યારે એમણે એ શૈલી લીધી છે કે, 'પર્યાય બિના આધાર ખડી હૈ ક્યા ? પર્યાય ભી કિસી વસ્તુકે આધાર પર ખડી હૈ.' એમ કરીને વાત લીધી છે. પર્યાય કોઈ અધ્ધર લટકતી ચીજ નથી. વસ્તુની પર્યાય છે. તું પર્યાયની મુખ્યતા કરે છે એટલે જ્ઞાનમાંથી વસ્તુ ખોવાઈ જાય છે. વસ્તુની પર્યાય છે એમ વસ્તુની મુખ્યતા કર એટલે પર્યાય ગૌણપણે જ્ઞાનમાં રહી જશે. પર્યાય ગૌણ થઈને જ્ઞાનમાં રહી જશે, બસ ! આવું જાણવું તે યથાર્થ જાણવું છે – તે સમ્યક્ જાણવું છે. પણ વસ્તુને ખોઈને માત્ર પર્યાયત્વને અંગીકાર કરવાથી પર્યાયરૂપે કલ્પનામાત્ર વસ્તુનું અવધારણ થશે. એને મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. ત્યાં એ શૈલી લીધી છે.

**'જ્ઞાનના આધારે – નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે...'** હવે **'જ્ઞાનના આધારે'** એટલે શું ? કે, જ્ઞાનનું જે લક્ષણ છે એમાં નિર્વિકલ્પતા પણ

છે. કેમકે વેદન સવિકલ્પ હોતું નથી, વેદન સવિકલ્પ હોતું નથી. કોઈને પૂછો કે, 'ભાઈ ! તમને માથું દુઃખે છે એમાં વેદના થાય છે, તો એ કેવી વેદના છે એ કહી દેખાડો તો ?' (એ) શું દેખાડે ? નિર્વિકલ્પ છે કે સવિકલ્પ છે ? વેદન નિર્વિકલ્પ હોય છે. જ્ઞાનમાં – જ્ઞાન સામાન્યમાં રહેલું જે જ્ઞાનવેદન એ પોતે જ નિર્વિકલ્પ છે. સવિકલ્પદશામાં નિર્વિકલ્પતાનો – નિર્વિકલ્પ વસ્તુનો નિર્ણય થાય છે એનું કારણ આ છે. નહિતર અહીંયાં આ એક મુશ્કેલી છે કે, પોતે સવિકલ્પદશામાં ઊભો હોય એને નિર્વિકલ્પ તત્ત્વ કેવી રીતે લક્ષમાં આવે ? કેવી રીતે નિર્ણયમાં આવે ? કેવી રીતે જ્ઞાનમાં આવે ? બહુ મોટી સમસ્યા થઈ પડે છે. તો કહે છે (તેનું પણ સમાધાન છે).

તારી અવસ્થામાં પણ જ્ઞાનમાં – જ્ઞાનલક્ષણમાં – જ્ઞાનવેદનમાં નિર્વિકલ્પત્વ છે અને વસ્તુ સામે એવી નિર્વિકલ્પ છે. એટલે જેવું નિર્વિકલ્પ (સ્વરૂપ) છે એવું સાકાર ભાસન થાય છે. સાકાર એટલે એવા સ્વરૂપે. જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે એવા જ સ્વરૂપે નિર્વિકલ્પ ભાસે છે. એમ છે.

શ્રોતા :– એવા સ્વરૂપે ન ભાસે તો સાચું જ્ઞાન થાય જ નહિ ને ?

સમાધાન :– તો–તો કલ્પિત થઈ ગયું, તો કલ્પિત થઈ ગયું અને પ્રશ્ન એ આવીને ઊભો રહે છે કે, સવિકલ્પદશામાં નિર્વિકલ્પ તત્ત્વનો નિર્ણય કરવો કેવી રીતે ? અમારું જ્ઞાન તો સવિકલ્પ છે. તને જ્યાં સુધી તારા જ્ઞાનલક્ષણનો આધાર નથી મળતો ત્યાં સુધી આ બધી સમસ્યા છે, ત્યાં સુધી મુશ્કેલી લાગશે, નહિતર કાંઈ મુશ્કેલી નથી. એટલે એ વાત લીધી છે, સ્પષ્ટીકરણને હિસાબે અહીંયાં એ બધો વિસ્તાર કર્યો છે.

**'જ્ઞાનના આધારે...'** એટલે **'...નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે...'** એમ

લેવું છે. Hyphen કર્યો છે એનો એટલો અર્થ છે – અર્થાત્ કરીને. '...**થયેલો નિર્ણય સ્વરૂપલક્ષ ઉત્પન્ન કરે છે.**' એવો જે નિર્ણય છે એ સ્વરૂપમાં લક્ષ ઉત્પન્ન કરે છે. લક્ષ છે એ ફરતું નથી, લક્ષ છે એ બદલાતું નથી. '**આ નિર્ણય રાગ કે નિમિત્ત (–દેવ-શાસ્ત્ર-ગુરુ)ના આધારે થયેલો નથી,...**' શાસ્ત્ર કહે છે માટે આવો આત્મા, એમ નહિ. ગુરુએ કહ્યું માટે આવો આત્મા, એમ નહિ. તીર્થંકરદેવ કહે છે માટે એવો આત્મા, એમ નહિ. હું એમ કહું છું કે, મારો આત્મા આવો છે ! એટલો ત્યાં ફેર પડે છે. એને સ્વયં – પોતાથી પોતા વડે થયેલો નિર્ણય કહેવામાં આવે છે. એ જ્ઞાન કોઈનું ઉછીનું લીધેલું જ્ઞાન નથી – દેવ, ગુરુ, શાસ્ત્ર પાસેથી (લીધેલું નથી), એ પોતાથી પોતાને થયેલું જ્ઞાન છે.

શ્રોતા :– સ્વરૂપને લક્ષે થયેલું જ્ઞાન છે ?

સમાધાન :– હા, એ સ્વરૂપ લક્ષે થયેલો નિર્ણય છે. આ નિર્ણય રાગ કે નિમિત્તના આધારે થયેલો નથી, જ્ઞાનક્રિયા એનો આધાર છે. જે ('સમયસાર'માં) 'સંવર અધિકાર'માં લીધું.

'...**પરંતુ અંશતઃ રાગથી મુક્ત થઈને...**' અથવા રાગથી ખસીને. આ શબ્દ ગુરુદેવે ૧૪૪મી (ગાથાના) પ્રવચનમાં વાપર્યો (છે). અંશતઃ રાગથી ખસીને – મુક્ત થઈને – રાગનો અભાવ (કરીને). ત્યાં 'અભાવ' શબ્દ લીધો છે. રાગનો અભાવ કરીને (એમ લીધું છે).

શ્રોતા :– આ રીતે થાય તો જ કેવળજ્ઞાનને સાચી રીતે ઓળખી શકે ને ?

સમાધાન :– હા, ત્યાં કેવળજ્ઞાનસ્વરૂપી આત્મા જ ઓળખાઈ ગયો. આત્મા પોતે જ કેવળજ્ઞાનસ્વરૂપે છે – માત્ર જ્ઞાનસ્વરૂપે જ છે, એમ ત્યાં ઓળખાયો.

'...**પરંતુ અંશતઃ રાગથી મુક્ત થઈને...**' એટલે કે અનાદિની રાગની પ્રધાનતા હતી તે છોડી દઈને, રાગનો આધાર છોડી દઈને '...**જ્ઞાનથી**

**જ્ઞાનસ્વભાવનો...**' 'જ્ઞાનસ્વભાવનો' એટલે કો'કનો નહિ પણ '**...(–સ્વનો) જ્ઞાનની અધિકાઈમાં...**' એટલે '**...(–રાગની અનાદિ મુખ્યતા હતી તે પલટાવીને)...**' જ્ઞાનની અધિકાઈમાં થયેલ ભાવભાસન છે. આટલું ભાવભાસનના વિષયમાં સ્પષ્ટીકરણ છે. આ પ્રકારે થયેલું આ ભાવભાસન છે. અહીંથી એક વિચારણીય વિષય એ ઉત્પન્ન થાય છે કે, જીવના પરિણામમાં જ્યાં સુધી જ્ઞાનની અને પોતાના સ્વભાવની અધિકાઈ નથી આવતી ત્યાં સુધી આ જીવ રાગની અને નિમિત્તની – કોઈ પરપદાર્થની અધિકાઈમાં અનાદિથી પડેલો છે. જ્યાં સુધી આ જીવ રાગની અને સંયોગની – ઉદયની અધિકાઈમાં પડ્યો છે, સંયોગ એટલે એનો પોતાનો ઉદય, બીજાં કોઈની સાથે લેવાદેવા નથી. કહે છે ને કે, પાડોશીમાં મરી જાય તો એનું સૂતક નથી આવતું. પાડોશીમાં મરે એનું સૂતક આવે ? ન આવે ને ? કેમકે પારકા છે. દરેકને પોતાના ઉદય સાથે સંબંધ છે, ઉદય જેટલો જ સંબંધ છે. પછી ગોદડી હોય એને ગોદડી અને મહેલ હોય એને મહેલ. એની અધિકાઈમાં જ્યાં સુધી જીવ પડ્યો છે ત્યાં સુધી જીવને આત્માની અધિકાઈ આવે નહિ. જ્યાં સુધી પોતાની અધિકાઈ ન આવે ત્યાં સુધી પરિણામની દિશા બદલાય નહિ. પરસન્મુખતા મટીને જે અંતર્મુખતા થવી જોઈએ એ અંતર્મુખપણું થતું નથી.

શ્રોતા :– બધા કામ પતાવવાના બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :– કામ તો કામના કાળે સ્વયં પતે છે. કોઈને આજને આજ પતાવવું હોય તો કાંઈ પતી જાય છે ? પોતાના હાથની બાજી કેટલી ? અને પોતાના હાથની બાજી હોય તો કોઈ કોઈને રસ્તા ઉપર ચાલવા દે ? ચાલવા ન દે. એટલે એ બધા કામ તો કામના કાળે સ્વયં જ થાય છે. આ જીવ પોતાનું કામ કરતો નથી એની ચિંતા થવી ઘટે છે. કામની ચિંતા થાય છે એના કરતા એને પોતાનું કામ થતું નથી એની ચિંતા થવી ઘટે છે, એની ચિંતા થવી જોઈએ. (એક કામની)

અધિકાઈ કરે છે ત્યારે બીજું ગૌણ રાખે છે કે નહિ ? એક સાથે ઘણાં કામ હોય તો પછી એક કામ હાથમાં લે કે એકસાથે બધા કામ હાથમાં લે ? એકની અધિકાઈ આવે છે કે નથી આવતી ? એમ બીજાં કામ હોય તો ગૌણ રાખીને આની અધિકાઈ કરવા જેટલી વાત છે અને એ તો આવડે છે. એમાં શું વાંધો છે ?

(અહીંયાં) શું કહે છે ? જ્ઞાનની અધિકાઈમાં થયેલું ભાવભાસન છે કે, '**...જેમાં ભવી–અભવીની શંકા રહેતી નથી.**' આ એક બીજું લક્ષણ છે કે, પોતે ભવી છે કે અભવી (તેની શંકા રહેતી નથી). ખરેખર ભવ્યત્વ અને અભવ્યત્વ એ સીધેસીધો પ્રત્યક્ષપણે તો કેવળજ્ઞાનનો વિષય છે. પણ અહીંયાં કેવળજ્ઞાન થયાં પહેલાં, અરે... સમ્યગ્દર્શન થયાં પહેલાં એને ભવી–અભવીની શંકા રહે નહિ, ખલાસ થઈ જાય ! હું ભવી છું એમ તો નહિ પણ હું નિકટભવી છું એમ આવ્યા વિના રહે નહિ ! ગુરુદેવના શરૂઆતના પ્રવચનો વાંચો તો એ વાત બહુ લેતા કે, આ વાત તો એવી છે કે, જેમાંથી કેવળજ્ઞાનના ભણકારા આવ્યા વિના રહે નહિ. જે યથાર્થ રુચિથી સાંભળે એને કેવળજ્ઞાનના ભણકાર આવી જાય છે. એટલે કે હવે મારું ભવ્યત્વ પાકી જશે એવું એને લાગી જાય છે, લાગે જ છે. અંદરથી આત્મામાંથી એ વાત આવે છે. ભવી–અભવીની શંકા સંબંધીની નિઃશંકતા આવી ગઈ, વિકલ્પ કરવો પડતો નથી, સહેજે અંદરથી નિઃશંકપણે આવે છે. એ અંદરથી આત્માનો પોકાર છે, આ આત્માનો અવાજ છે, ખરેખર આ આત્માનો અવાજ છે કે, પોતાને ભવી–અભવીની શંકા રહે નહિ. એ બધા ભાવભાસનના કાળે (થતાં) પરિણામના આનુષંગિક લક્ષણો લીધા છે.

સમય થઈ ગયો છે.

## પ્રવચન-૧૦
### તા. ૧૭-૦૩-૧૯૯૦

'સુવિધિ' વિધિ એટલે કાર્યની પદ્ધતિ. આત્મહિતની – સ્વાનુભવની – સંસારનો અભાવ કરવાની સાચી – સમ્યક્ કાર્યની પદ્ધતિ. બે વિભાગમાં વિષય લીધો છે. જે સમ્યગ્દર્શન થી માંડીને બારમા ગુણસ્થાન પર્યંત મોક્ષમાર્ગ છે એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રપણે પરિણમવાની જે કાર્યપદ્ધતિ છે એ એક જ મોક્ષમાર્ગની વિધિ છે. એ એક મોટો વિભાગ છે. ત્યાં સુધી પહોંચવા માટે મુમુક્ષુજીવે મુમુક્ષુતામાં મુમુક્ષુતાને પ્રાપ્ત કરીને કેવી રીતે આગળ વધવું, (ક્યા) પ્રકારની એની કાર્યપદ્ધતિ હોય તો એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે, સ્વાનુભવને પ્રાપ્ત કરે એ એનો – કાર્યપદ્ધતિનો પહેલાંનો વિભાગ છે. આ પ્રકરણમાં મુખ્યપણે પહેલાં વિભાગની ચર્ચા છે.

સ્વસન્મુખ – અંતર્મુખ થતાં સ્વાનુભવ થાય છે. જે કાર્યપદ્ધતિ છે એમાં દિશાનું પણ એક પડખું છે. 'દિશા બદલાયા વિના દશા બદલાતી નથી.' 'પરમાગમસાર'માં ગુરુદેવશ્રીનું આ વચનામૃત છે કે, દિશા ન બદલાય ત્યાં સુધી દશા બદલાતી નથી. એટલે કે જીવ અનાદિથી બહિર્મુખપણે પરિણમી રહ્યો છે. એ બહિર્મુખ પરિણામની દિશા એમને એમ રહે તો કોઈપણ રીતે સ્વાનુભવ થાય કે સમ્યગ્દર્શન થાય એવું બનતું નથી. એ બહિર્મુખ પરિણામમાં ગમે તે પ્રકારનાં પરિણામ થાય

તોપણ તે મિથ્યાત્વ સહિતના, અજ્ઞાન સહિતના શુભપરિણામથી વિશેષ કાંઈ નથી. અશુભપરિણામની ચર્ચા કરવાનો પ્રશ્ન નથી. પણ એ શુભાશુભ પરિણામથી જીવ આગળ વધી શકતો નથી.

એકલા શુભ પરિણામમાં રહે અને શુભ પરિણામનાં ફળ ભોગવ્યા કરે એ પરિસ્થિતિ પણ કુદરતની સાથે બંધાયેલી નથી. કોઈ જીવ એમ વિચાર કરે કે, આપણે તો શુભ પરિણામ કરીએ અને શુભના ફળમાં તો કાંઈ મુશ્કેલી પડતી નથી, આનંદથી – લહેરથી જીવન વ્યતીત થાય છે તો શુભભાવ કર્યા કરીએ અને શુભના ફળમાં આપણે સુખી થઈને સંસારમાં રહેવામાં શું વાંધો ? દુર્ગમ એવો મોક્ષમાર્ગ ન સમજાતો હોય તો આપણે તો શુભભાવ કરીને શુભના ફળમાં રહીએ એટલે દુ:ખી તો ન થઈએ. પણ એ પરિસ્થિતિ સંભવ નથી. જેમ દિવસ પછી રાત આવે જ છે એમ શુભ પછી અશુભ આવે જ છે અથવા શુભના ફળ ભોગવતાં અશુભ ઉત્પન્ન થયાં વિના રહેતું નથી. એટલે જીવ એકલા શુભમાં રહી શકે એ પરિસ્થિતિ કુદરતી પણ એમ નથી અને જ્યારે શુભ-અશુભની કક્ષાને ઓળંગીને જીવ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવાનો માર્ગ અથવા કાર્યપદ્ધતિ ન (પકડે) તો ક્રમે કરીને અધોગતિમાં જતો એને – જીવને રોકી શકાય નહિ. આ પણ કુદરતી પરિસ્થિતિ છે. એટલે એ શુભાશુભની કક્ષાને ઓળંગવામાં પ્રથમમાં પ્રથમ સ્વસન્મુખ થવું એ જરૂરી છે અને પ્રથમ સ્વસન્મુખતાનો પ્રકાર સ્વરૂપનિશ્ચયના કાળમાં આવે છે.

જ્યારે જીવ જ્ઞાનસ્વભાવી આત્માનો જ્ઞાનલક્ષણથી, જ્ઞાનલક્ષણના આધારે અને રાગથી ખસીને – રાગની મુખ્યતાથી ખસીને – રાગની આડ દૂર કરીને જ્યારે સીધું જ્ઞાન પોતાના જ લક્ષણથી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરે છે ત્યારે પ્રથમ સ્વસન્મુખતા થાય છે. એ કેવી રીતે (થાય છે) એ વિષય આ પેરાગ્રાફમાં લેવો છે.

**'ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને**

**અર્થાત્ સ્વને જાણે.**' હવે શું છે કે, પર્યાયમાં પર્યાય છે અને પર્યાય વસ્તુનો અવયવ હોવાથી દ્રવ્યાર્થિકનયે ત્યાં વસ્તુનું પણ જ્ઞાન કરી શકાય છે. આ એક દૃષ્ટિકોણનો વિષય છે.

નવ તત્ત્વમાં કોઈપણ તત્ત્વને જાણતા તમે ભૂતાર્થની મુખ્યતાથી એટલે હું ત્રિકાળી શુદ્ધ આત્મા જેવો મારા સ્વરૂપે છું એવા સ્વરૂપે પોતાને જાણવાપૂર્વક પોતાના સ્વસ્થાનમાં પોતે રહીને, પોતાના સ્થાનથી ઉતરીને નહિ, પોતાના સ્વસ્થાનમાં રહીને કોઈ તત્ત્વને જાણતા – ગમે તે તત્ત્વનું જ્ઞાન થાય તો તે યથાર્થ થશે, સમ્યક્ થશે, નિર્દોષ થશે, કોઈ તત્ત્વને જાણતા દોષની ઉત્પત્તિ નહિ થાય. પછી એ જાણવાનો વિષય પુણ્યતત્ત્વ હોય, પાપતત્ત્વ હોય, ગમે તે હોય, એ પુણ્યતત્ત્વમાં જીવના વિકારી પરિણામ હોય કે પુદ્ગલની પ્રકૃતિ હોય. પાપતત્ત્વમાં જીવના વિકારી પરિણામ હોય કે પુદ્ગલની પ્રકૃતિ હોય. બન્નેને થાય છે એટલે સંજ્ઞ અને અસંજ્ઞ લીધું. પણ કેવી રીતે જાણે ? (તો કહે છે), ભૂતાર્થથી જાણે. પોતાનું જે ભૂતાર્થ સ્વરૂપ એ ચશ્મા તો લગાવી જ રાખવાના છે – 'સોગાનીજી'ની ભાષામાં કહીએ તો. હું ત્રિકાળી છું, હું ધ્રુવ છું એ ચશ્મા તો ઉતારવાના જ નથી. ભલે ('પ્રવચનસાર'ની) ૧૧૪મી ગાથામાં એમ કહ્યું હોય કે, દ્રવ્યાર્થિકનયને સર્વથા બંધ કરીને. તોપણ દ્રવ્યાર્થિક સર્વથા બંધ થતો નથી અને પર્યાયાર્થિક પણ સર્વથા બંધ થતો નથી. ત્યાં ઉપયોગની વાત ચાલી છે. ઉપયોગ એક વિષયને એક કાળે જાણે. સર્વથા કોઈ નયને બંધ કરો તો નયાભાસ થઈ જાય અને પ્રમાણજ્ઞાનમાં એક નયની પ્રવૃત્તિ હોય ત્યારે બીજાં નયનું જ્ઞાન હોય જ છે. પછી ચાહે દ્રવ્યાર્થિકનયની પ્રવૃત્તિ હોય કે પર્યાયાર્થિકનયની પ્રવૃત્તિ હોય. પ્રમાણજ્ઞાન સહિત જ સમ્યક્નયની પ્રવૃત્તિ હોવાથી બીજાં નયને છોડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ એક નયના વિષયને ચોખ્ખો કરવા માટે અને બીજાં નયના વિષયને સારી રીતે ગૌણ કરવા માટે 'સર્વથા' શબ્દનું વજન

દીધું છે. એકાંત કરવાની વાત ક્યાંય છે નહિ.

શ્રોતા :– સ્વસ્થાનમાં રહીને એટલે ત્રિકાળી ધ્રુવમાં હુંપણું રાખીને, આ જ મારું સ્વસ્થાન છે ?

સમાધાન :– એ જ મારું સ્વસ્થાન છે. પાપનું પરિણામ થયું, ચોથે–પાંચમે ગુણસ્થાને થાય છે. છઠ્ઠા ગુણસ્થાનથી પાપ પ્રવૃત્તિ – સાવદ્ય યોગનો અભાવ છે, તો ત્યાં એમ જાણે છે કે, હું તો ત્રિકાળ શુદ્ધાત્મા છું, અવસ્થામાં આ ભાવ ઊપજ્યો તે મારા સ્વરૂપથી ભિન્ન છે. જેમ ગામના એક રોડ ઉપરના સો મકાન એકસાથે દેખાય, એક છેડાથી બીજાં છેડા સુધી, અહીં ક્રેસંટ ઊભા રહીએ તો ઠેઠ સુધીની આખી Line દેખાય, પણ 'મારા છે' એવું કોઈ દેખાય છે ? નહિ. બસ ! વિકલ્પ પણ કરવાની જરૂર નથી. પર પરપણે જણાય છે. એમ જીવતત્ત્વમાં સ્વપણું રાખતાં બાકીના બધા તત્ત્વમાં પરપણું જણાય છે, એ રીતે નવે તત્ત્વનું જ્ઞાન થાય છે તે સમ્યગ્દર્શન છે.

વળી, એ નવે તત્ત્વમાં જે જીવનું પરિણમન છે એમાં પણ જીવસામાન્યનો દૃષ્ટિકોણ જેને સ્વપણે ગ્રહણ કરવાનો છે તો એ દૃષ્ટિકોણ જેને સાધ્ય થયેલો છે એને નવે તત્ત્વમાં ચૈતન્યજ્યોતિના જ દર્શન થાય છે. કેમકે એને જે જોવે છે, એને બીજું જોવે છે છતાં નહિ જોવા બરાબર ગૌણ થઈ જાય છે. આ ('સમયસાર'ની) તેરમી ગાથાનો વિષય છે.

શ્રોતા :– દ્રવ્યાર્થિકનયને સર્વથા બંધ કરીને અને પર્યાયાર્થિકનયને સર્વથા બંધ કરીને – એ પકડાતું નથી.

સમાધાન :– ત્યાં એક ગાથામાં આચાર્યદેવે 'સર્વથા' શબ્દ વાપર્યો છે. 'પ્રવચનસાર' ૧૧૪મી ગાથા. જો તારે દ્રવ્યાર્થિકનયના વિષયને સારી રીતે સમજવો હોય તો એકવાર પર્યાયાર્થિકનયના ચક્ષુને તું બંધ કરી દે. એટલે ઉપયોગમાં અત્યારે એ વાત વચ્ચે નહિ લાવ, તો તને દ્રવ્યાર્થિકનયનો વિષય બરાબર સમજાશે કે, દ્રવ્ય એટલે અમે શું કહેવા

માંગીએ છીએ. એવી જ રીતે જો તારે પર્યાયાર્થિકનયના વિષયને સમજવો હોય તો એકવાર તું દ્રવ્યાર્થિકનયના ચક્ષુને બંધ કરી દે. એટલે વચ્ચે એ વાત નહિ લાવ, તો તને પર્યાયાર્થિકનયનો વિષય શું છે એ બરાબર સમજાશે. એમ ત્યાં કહેવાનો અભિપ્રાય છે.

શ્રોતા :– વિષય સમજવા માટે એમ કહ્યું ?

સમાધાન :– હા, વિષય સ્પષ્ટપણે ગ્રહણ કરવા માટે, સમજવા માટે, એમ (કહ્યું છે). વચ્ચે બીજી અપેક્ષા નહિ લાવ, એમ (કહેવું છે). કેમકે એ બન્ને વિષય એટલો વિરોધાભાસી છે કે, જે દ્રવ્યત્વ છે તે પર્યાયત્વ નથી અને પર્યાયત્વ છે તે દ્રવ્યત્વ નથી. એટલે એકમાં બીજાંની વાત લાવતા પહેલી વાત બરાબર સારી રીતે માલૂમ પડતી નથી. એટલે ત્યાં એ રીતે સમજાવવાની એક પદ્ધતિ લીધી છે. સમજાવવાની પદ્ધતિ, શૈલી અનેક પ્રકારની છે. ક્યાં શું કહેવા ધારે છે એટલું જ લેવાનું છે.

આપણે તો અહીંયાં (ચાલતા વિષય સાથે) શું સંબંધ છે કે, જ્ઞાનનો ઉપયોગ છે એ જ્ઞાનની પર્યાય છે પણ પર્યાયત્વને જોવું નથી. ઉપયોગ સિવાઈ – જ્ઞાનની પર્યાય સિવાઈ જ્ઞાનસ્વભાવને સીધો જોવો અશક્ય છે, કોઈ ન જોઈ શકે. કેમકે જે સ્વભાવ છે – કોઈપણ ગુણ છે એ પ્રકાશે છે એના પરિણમનમાં. નહિતર ગુણ કેવો એ શું ખબર પડે ? ગુણ તો નિર્વિકલ્પ છે, સામાન્ય છે, શક્તિરૂપ છે, શું ખબર પડે ? એનું પરિણામ કેવું એના ઉપરથી ગુણ વ્યક્ત થાય છે અથવા પરિણામમાં ગુણ પ્રગટ થાય છે, ગુણ વ્યક્ત થાય છે. ગુણનું જ્ઞાન કરવું હોય તો પરિણામને છોડીને કોઈ ગુણનું જ્ઞાન કરવા માંગે અથવા વિશેષને છોડીને કોઈ સામાન્યનું જ્ઞાન કરવા માંગે તો સીધેસીધું થવું અસંભવ છે – અશક્ય છે. ('પંચાધ્યાયી'માં એમ લીધું છે કે) વિશેષમાં સામાન્યની પ્રતીતિ થાય છે. વિશેષ એટલે પરિણામ. વિશેષમાં સામાન્યની પ્રતીતિ થાય છે – એ 'પંચાધ્યાયી'માં વાત છે. વિશેષ વગર સામાન્યની પ્રતીતિ

થઈ શકે નહિ.

અહીંયાં જ્ઞાનસ્વભાવનો નિશ્ચય કરવો છે – એનું ભાવભાસન કરવું છે કે, જે ભાવભાસન કરતા સ્વસન્મુખ દિશા પલટો મારે છે. એ જે વાત લેવી છે એમાં ચાલતી જ્ઞાનની પર્યાયમાં '**ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં...**' એટલા માટે એ વાત સ્પષ્ટ કરી છે કે, ચાલી ગયેલો ઉપયોગ નહિ, ભવિષ્યમાં થશે તે ઉપયોગને વિચારમાં લેવાનો નથી, જે ઉપયોગ વ્યતીત થઈ ગયો એને પણ લક્ષમાં લેવાનો નથી. ઉપયોગમાં અત્યારે પ્રવર્તમાન જ્ઞાન (લેવું છે). જ્યારે પણ પ્રયોગ કરવો છે તે વર્તમાનમાં થશે, ભૂત-ભવિષ્યમાં પ્રયોગ થતો નથી. (એટલે એમ કહ્યું કે) '**...ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને (અર્થાત્‌) જાણે...**' જાણરૂપ વસ્તુ એ પણ Third person નહિ. આમાં બે વાત છે. ઉપયોગમાં પોતાપણે વસ્તુને જાણે, આમ કહેવું છે. વસ્તુને જાણે એટલી વાત નહિ, પોતાપણે વસ્તુને જાણે, એમ બે વાત છે.

ઉપયોગ પોતે પોતાની વસ્તુને સ્વપણે જાણે. આવો દૃષ્ટિકોણ સાધ્ય થવો જોઈએ. ઉપયોગમાં માત્ર પર્યાયને જોવી નથી પણ પર્યાય કે જે વસ્તુભૂત છે, દ્રવ્યાર્થિકનયે પર્યાય પણ વસ્તુભૂત છે કેમકે વસ્તુનો અવયવ છે.

શ્રોતા :– આ ઉપયોગસ્વભાવી તે હું, એમ લેવાનું છે ?

સમાધાન :– હા, ઉપયોગસ્વભાવી હું છું. એમ ઉપયોગસ્વભાવી હું – એવી રીતે ઉપયોગને પકડીને ઉપયોગના આધારે જાણી લે – જાણે અને ઉપયોગનો આધાર લેતા રાગનો આધાર નહિ રહે. આ કાર્યપદ્ધતિ ગ્રહણ થયાં પહેલાં, અનાદિથી જે જાણવાની, વિચારવાની કાર્યપદ્ધતિ છે, ભલે તત્ત્વને જાણવાની, વિચારવાની હોય, તોપણ એ રાગના આધારે પ્રવર્તતી જ્ઞાનની પર્યાય છે, જ્ઞાનનો ઉપયોગ છે. એ આધાર ખોટો હોવાથી એનું જાણવું પણ સાચું નથી. કોઈ માણસ એમ કહે કે, આ મારું

Judgement છે, પણ શેના આધારે ? આ સવાલ છે. એમ 'હું જાણું છું' પણ કોના આધારે ? આ અમારો સવાલ છે. તમે જીવ છો માટે જાણો છો એનો નિષેધ નથી. સર્વ જીવો જાણે છે, પણ તમે કોના આધારે જાણો છો ? આ અમારો મુખ્ય પ્રશ્ન છે. (અર્થાત્) રાગનો આધાર લઈને જાણો છો કે જ્ઞાનનો આધાર લઈને જાણો છો ? આ Base છે, આના ઉપર એક મોક્ષમાર્ગની ધારા શરૂ થાય છે નહિતર બંધમાર્ગની ધારા અનાદિથી ચાલુ છે.

અનાદિથી જીવ રાગનો આધાર બદલ્યા વિના જ વૈચારિકજ્ઞાનમાં ઉઘાડમાં અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી ગયો છે, પણ રાગનો આધાર છોડ્યા વિના. જો જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે તો ત્યાંથી દિશા બદલાય છે. જેની દિશા બદલાય એની દશા બદલાઈ જશે – આ સિદ્ધાંત છે.

શ્રોતા :– પ્રયોગમાં દિશા બદલવાની શરૂઆત થાય છે ?

સમાધાન :– ભાવભાસન થાય ત્યારે દિશા બદલાય છે. પ્રયોગ કરે છે કે, મારે આ જાણવું છે, પણ જાણે, ભાવ ભાસે – જ્ઞાનસ્વભાવ પોતારૂપે ભાસે કે, અનંત જ્ઞાનની ખાણ હું છું, સાથે જ અનંત સુખની ખાણ પણ હું છું, એ ભાસ્યમાન થઈ જશે અથવા અખંડ સિદ્ધપદ સ્વરૂપે હું છું એવું આખેઆખું પોતાનું જે સિદ્ધપદ છે એ પોતાસ્વરૂપે ભાસ્યમાન થશે.

શ્રોતા :– વિકલ્પમાં ભાસ્યમાન થશે ?

સમાધાન :– વિકલ્પ સહિત સ્વસન્મુખ જ્ઞાનમાં (ભાસ્યમાન થશે). વિકલ્પનો ત્યાં અભાવ થયો નથી પણ ગુરુદેવ ત્યાં – ૧૪૪ ગાથાના પ્રવચનમાં 'અંશે અભાવ' લે છે. અંશે અભાવ લે છે, 'અંશે અભાવ લે છે' એનો અર્થ શું છે કે, આધાર છોડી દીધો છે. નિર્વિકલ્પદશા થઈ નથી છતાં પણ નિર્વિકલ્પ તત્ત્વનો નિર્ણય થયો, નિર્વિકલ્પ અંશના

આધારે. જ્ઞાનમાં પણ નિર્વિકલ્પ અંશ છે, સામાન્ય (જ્ઞાન) નિર્વિકલ્પ છે. જ્ઞેયાકાર છે એ સવિકલ્પ છે. જ્ઞાન સામાન્ય નિર્વિકલ્પ છે. પણ નિર્વિકલ્પ આત્મસ્વભાવનો નિર્વિકલ્પ અંશના આધારે સ્વપણે નિર્ણય થયો.

શ્રોતા :– હજી નિર્વિકલ્પ વસ્તુ તો હાથમાં આવી નથી ?

સમાધાન :– ભાસી, હાથમાં નથી આવી, ફક્ત ભાસી. આમાં એવું છે કે, આજન્મ દરિદ્રી હોય એને એમ કહે કે, તારા ખોરડામાં – તારા ઝૂંપડામાં, બાપાવારીનું ખોરડું રહી ગયું છે, તારા જ ફળિયામાં, ડેલી બંધ કરીને જરાક છ ઇંચનો પોપડો ઉખેડી નાખજે (તો) તને નિધાન છે (એનો) પત્તો લાગી જશે કે, નિધાન દાટેલા છે. હવે છ ઇંચનો એક પોપડો ઉખેડ્યો – ઢેફુ કાઢ્યું, ત્યારે છ ફૂટ ડાયામીટરનો સોનાનો ચરુ હોય તો એનો એક કાંઠો દેખાય, ચાર–પાંચ ઇંચનો કાંઠો દેખાય તો એણે માત્ર અંશ જોયો છે ? (નહિ), આખો ચરુ જ્ઞાનમાં આવ્યો – ભાસી ગયો. બીજો (ભાગ) પ્રત્યક્ષ નથી, પ્રત્યક્ષ તો અંશ જ છે, પણ આખો ચરુ જ્ઞાનમાં ભાસી ગયો કે, આ તો આવડો મોટો ચરુ લાગે છે ! એના ગોળાઈના એક અંશ ઉપરથી એની ગોળાઈનું માપ નીકળે છે. વાટકા જેવડી ગોળાઈ હોય અને મોટા કડાઈ જેવડી ગોળાઈ હોય તો એના કાંઠાના અંશમાં જ ફેર હોય છે, વળાંકમાં જ ફેર હોય છે. એવી રીતે ભાસે છે.

એકવાર જ્યાં અંશ પ્રત્યક્ષથી – જ્ઞાનના અંશ પ્રત્યક્ષથી ‘આખો અંશી આવો પ્રત્યક્ષ છે’ એમ પણ જ્યાં નિર્ણય થાય ત્યાં એનું બળ ઊભું થાય છે. વિશ્વાસ જે આવે છે (એ) વિશ્વાસને કારણે બળ ઊભું થાય છે, બળ ઊભું થવાનું (કારણ) જ્ઞાનમાં જે વિશ્વાસ કરવાનો ધર્મ છે; (‘તત્ત્વાનુશીલન’માં જ્ઞાનના) જે ૪૪ ધર્મ લીધા છે, એમાં જે વિશ્વાસ કરવાનો ધર્મ છે એ વિશ્વાસ ઊભો થાય છે. એને પ્રતીતિ સહિતનો

વિચાર કહે છે.

પ્રતીતિ સહિતનો વિચાર સાધક છે અને અનુભવ સાધ્ય છે. એ વગર જે રાગના આધારે આત્મા આવો છે, આત્મા અનંત જ્ઞાનસ્વરૂપ છે, અનંત સુખસ્વરૂપ છે, અનંત ગુણસ્વરૂપ છે એવો જે વિચાર છે એ પ્રતીતિ રહિતનો વિચાર હોવાથી અનુભવમાં સાધક નથી અને અનુભવ સાધ્ય થતો નથી.

આપણે જે પ્રશ્ન ઊઠે છે કે, ગુરુદેવે આપણને આત્માનું જ્ઞાન તો કરાવ્યું, અનેક પડખેથી આત્મા સંભળાવ્યો અને સમજ્યા પણ ખરા પણ આપણને અનુભવ કેમ થતો નથી ? (કેમકે) વિશ્વાસ નથી. જ્યારે પોતાના સુખનો વિશ્વાસ પોતાના સ્વરૂપ આશ્રિત છે ત્યારે આ નિર્ણય, આ વિશ્વાસ બદલાઈ ગયો કે, કોઈ જડની પર્યાયમાં, સંયોગમાં, રાગમાં ક્યાંય સુખ નથી. જે 'છે' એવો વિશ્વાસ હતો એ બદલાઈને 'નથી' એમ થઈ ગયો. એટલે એકલો આ વિશ્વાસ થયો એમ નથી (પણ સાથે) ઊંધો વિશ્વાસ છે એ ખલાસ થઈ ગયો. જેને મિત્ર માન્યો હતો એ દુશ્મન છે એમ ખબર પડી ગઈ. આ રોજ ઘરે આવે છે, આપણને સારું લાગે છે કે, વાહ ! આપણો મિત્ર આવ્યો, પણ આ તો દુશ્મન છે, રોજ આપણને ઝેર ખવડાવે છે ! ચીજ લાવે છે (અને કહે છે) ખાવ થોડું, થોડું ખાવ હું તમારા માટે આજે આ લાવ્યો, ખાવ તમારા માટે થોડુંક આ લાવ્યો. એમ કરીને રોજ ધીમું ઝેર ખવડાવતો હોય એવો આ રાગ રોજ ઘરે આવે છે અને મીઠો લાગે છે, સુહાય છે – આ રાગ બહુ સારો, આ રાગ બહુ સારો, આ રાગ બહુ સારો. જે–જે રાગ તને મીઠો લાગે છે એ મીઠાશમાં ઝેર છે. એ મિત્ર નથી પણ દુશ્મન છે એ ખબર પડી જાય છે. આ ઝેરી છે, આ મીઠાશ માણવા જેવી નથી આ મીઠાશથી મને ઝેર ચડે છે એ ખબર પડી જાય છે. બસ, પછી રાગને જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જશે પછી નવ તત્ત્વમાં પુણ્યનો હોય કે પાપનો હોય,

પણ દૃષ્ટિકોણ બદલાઈ ગયો. એનું નામ ભૂતાર્થ આશ્રિત છે.

શ્રોતા :– રાગને પરખવા માટે, એની જાતિ પિછાણવા માટે આ ઓળખાણ કરવી રહી.

પૂજ્ય ભાઈશ્રી :– બસ, ઓળખાણ કહો, ભાવભાસન કહો, એ વગર પરિણામમાં બળ જ નહિ આવે. પરિણામમાં બળ નહિ આવે. જે સ્વાનુભવનો પુરુષાર્થ અને બળ છે એ ભાવભાસન વિના કોઈને ઉત્પન્ન હોતું નથી અને ભાવભાસનના કાળમાં દર્શનમોહનો અનુભાગ છે એ બહુ સારી રીતે કપાઈ જાય છે. એટલો બધો કપાતો જાય છે કે, અલ્પકાળમાં એ સ્વયં જ – આપોઆપ ઉપશમ થવાને યોગ્ય થાય છે એટલે ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટે છે.

ફરીને, '**ઉપયોગમાં એટલે કે ચાલતી જ્ઞાનની પર્યાયમાં જાણરૂપ વસ્તુને અર્થાત્ સ્વને જાણે.**' એટલે વસ્તુને જાણવાની છે. હીરો જે ચમકે છે એ ચમક ઉપરથી હીરાને લક્ષમાં લેવાનો છે, માત્ર ચમકને નહિ. '**...અર્થાત્ સ્વને જાણે. જ્ઞાનના આધારે – નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે...**' જુઓ ! 'નિર્વિકલ્પજ્ઞાનવેદન' લીધું. વેદન હંમેશાં નિર્વિકલ્પ હોય છે. ચાહે સુખનું હોય, ચાહે દુઃખનું હોય, ચાહે પીડાનું હોય, ચાહે દર્દનું હોય. તો જે પ્રયોગ આગળ કર્યો, પ્રયોગનો વિષય આગળ ચાલ્યો કે, અવલોકન કરતો જાય છે... અવલોકન કરતો જાય છે... એમાં વ્યાપકતાથી પોતાની ભિન્નતા લાગવા માંડે છે. એ ભિન્નતા લાગતા... લાગતા... એને સામાન્યનું વેદન પણ ખ્યાલમાં આવે છે કે, જ્ઞાનમાં જ્ઞાનવેદન છે. એ જ્ઞાનવેદન નિર્વિકલ્પ છે. તો જ્ઞાનના આધારે એટલે કે નિર્વિકલ્પ જ્ઞાનવેદનના આધારે. જ્ઞાનના આધારે ભાવભાસન થાય છે, એમ કહેવું છે ને ? તો અહીંયાં '**...નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે...**' એમ કહેવું છે.

આ વિષય 'અમૃતચંદ્રાચાર્યદેવે' ('સમયસાર'માં) 'પરિશિષ્ટ'માં લીધો કે, તમે જ્ઞાનથી જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવાનું કહો છો પણ કેવી રીતે ?

એ ક્યાં પ્રસિદ્ધ છે ? તો કહે છે, પ્રસિદ્ધ છે, વેદનમાં પ્રસિદ્ધ છે. જ્ઞાન જ્ઞેયને જાણતા પ્રસિદ્ધ થાય છે એ વિષય – એ પડખું ત્યાં ન લીધું. નહિતર એ પ્રધાન ધર્મ છે. વેદન ન સમજાય ત્યાં સુધી જાણે છે... જાણનાર તે જ્ઞાન... જાણનાર તે જ્ઞાન... એમ જ્ઞાનને સમજવું પડે છે. જાણે તે જ્ઞાન – એવી રીતે જ્ઞાનને સમજવું પડે છે. પણ સ્વરૂપનિશ્ચયના કાળમાં 'જાણે તે જ્ઞાન' એ પડખું નથી. 'વેદે તે જ્ઞાન' એમ અહીંયાં વિષય ચાલે છે. કેમકે વેદનમાં પરની સાથેનો સંબંધ નથી. જ્ઞાનને જ્ઞેય સાથે સંબંધ છે. જાણવાને જણાનાર સાથે સંબંધ છે પણ જ્ઞાનવેદનને કોઈની સાથે સંબંધ નથી. કેમકે પરને તો વેદી શકતો નથી. એટલે વસ્તુતાએ સંબંધ નથી અને જ્ઞાનમાં જ્ઞાનવેદનનો આધાર લીધો ત્યાં તો પ્રશ્ન જ નથી કે, કોઈનો સંબંધ છે.

શ્રોતા :– જ્ઞાન તે હું ?

સમાધાન :– હા, એમાં વેદનના આધારે 'હું'પણું થાય ત્યારે એને યથાર્થપણે અસ્તિત્વગ્રહણ કહે છે, ત્યારે એને ભાવભાસન કહે છે, ત્યારે એને સ્વરૂપનિશ્ચય કહે છે, જે સમ્યગ્દર્શન અને સ્વાનુભવનું અનન્ય કારણ છે, નિશ્ચયકારણ છે અથવા જે કારણ સાથે સમ્યગ્દર્શન અને સ્વાનુભવરૂપી કાર્યને પ્રતિબદ્ધતા છે, બંધાયેલું છે. કારણ સાથે જ્યારે કાર્ય પ્રતિબદ્ધ હોય – બંધાયેલું હોય ત્યારે એ કારણમાં કાર્યનો ઉપચાર કરવાની છૂટ આપી છે. એ પણ સમ્યગ્દર્શન છે, એને સમકિત કહે છે. 'શ્રીમદ્જી'એ એને ૭૫૧ (પત્રમાં) સમકિત કીધું – 'સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ' સમ્યગ્દર્શન કહેવું છે ને એટલે 'પ્રતીતિ' શબ્દ વાપર્યો અને જ્ઞાનની પર્યાય છે એટલે 'સ્પષ્ટ અનુભવાંશે' કહ્યું. જ્ઞાનનો અનુભવ કરવાનો – વેદન કરવાનો ધર્મ છે અને ભાવભાસન પ્રત્યક્ષ નહિ હોવા છતાં સ્પષ્ટ છે, અસ્પષ્ટ નથી. અનુમાનમાં જે આવો આત્મા... આવો આત્મા... એમ જે વિચારથી કરે છે, એવી વાત અહીંયાં નથી. સ્પષ્ટ

છે કેમકે પ્રત્યક્ષ અંશથી પકડ્યો છે માટે સ્પષ્ટ છે, જરાય અસ્પષ્ટ નથી. એટલું સ્પષ્ટ છે કે, જ્યારે નિર્વિકલ્પ સ્વાનુભવમાં એ અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનથી અનુભવાઈ જાય છે અને પછી સવિકલ્પદશામાં આવે અને પછી બન્ને દશાનો વિચાર કરે – વ્યતીત થયેલી બન્ને દશાનો વિચાર કરે કે, આગળ એક વખત ભાવભાસન થયું હતું પછી આગળ વધતા મને અનુભવ થયો, તો એ ભાવભાસનની નિર્ણયની પર્યાય અને આમાં (અનુભવમાં) ફેર શું ? પ્રત્યક્ષ–પરોક્ષ સિવાઈ કાંઈ ફેર નથી. અથવા પ્રત્યક્ષ–પરોક્ષની જે સ્પષ્ટતા છે એટલો સ્પષ્ટપણામાં ફરક હોવા છતાં પણ એ સ્પષ્ટ જ હતું. સ્પષ્ટ એટલા માટે કહેવું પડે છે કે, જેવું ભાવભાસનમાં મારું સ્વરૂપ હતું એવું જ અનુભવમાં આવ્યું છે. એથી ઓછુંઅદકું આવ્યું નથી કે ફેરફારવાળું કાંઈ આવ્યું નથી. એ બે વચ્ચે મને કાંઈ ફેર નથી લાગ્યો. જે મને ભાવ ભાસ્યો એ જ અનુભવમાં આવ્યો. જેવો મને મારા સ્વરૂપનો ભાવ ભાસ્યો એવો જ મને મારા સ્વરૂપનો અનુભવ થયો છે, એમાં કાંઈ ફેર નથી. એટલા માટે એ સ્પષ્ટતાને દર્શાવવા ગુરુદેવશ્રી એમ કહેતા કે, જેવો કેવળજ્ઞાનમાં આત્મા આવે છે એવો અહીંયાં જ્ઞાનમાં આવે છે. જેવો કેવળજ્ઞાનમાં જ્ઞાનમાં આવે છે એવો જ અહીંયાં આવે છે, એમ કહે છે. કેમકે ત્રણેમાં પ્રત્યક્ષતાની જાત એક છે, (ભાવભાસનથી) જાતિ ફેર થઈ ગઈ. ભાવભાસનથી ગૌણપણે જાતિ બદલાણી, મુખ્યપણે સમ્યગ્દર્શનથી જાતિ બદલાણી.

શ્રોતા :– આપે કહ્યું એવું ભાવભાસન કાયમ તો રહે નહિ ને ?

સમાધાન :– રહે જ, એ જાય જ નહિ, એવી ચીજ છે. આપણે જ્યારે આત્માનો વિચાર કરીએ છીએ ત્યારે હું ફલાણો–ફલાણો શરીરવાળો છું એમ ક્યાં ચાલ્યું જાય છે ? વિચાર શું કરીએ છીએ કે, હું દેહથી રહિત – દેહથી ભિન્ન આત્મા છું. એવો વિચાર કરતી

વખતે દેહ સહિત આત્મા છું એ ચાલ્યું નથી જાતું. મિથ્યાત્વ અવસ્થામાં – અજ્ઞાન અવસ્થામાં ચાલ્યું જાય છે ? રહે છે કે નહિ ? વિરુદ્ધ વિચાર કરતા પણ રહી જાય છે. ત્યાં તો વિરુદ્ધ વિચાર આવતો જ નથી. કેટલીક પ્રવૃત્તિ – બાહ્ય પ્રવૃત્તિ મન, વચન, કાયાના યોગે થાય છે પણ એવો વિચાર નથી આવતો કે, હું શરીરવાળો છું. અહીંયાં તો એવો વિચાર કરીએ છીએ કે, હું શરીર વિનાનો આત્મા છું, રાગ વિનાનો આત્મા છું, તોપણ શરીરવાળો અને રાગવાળો ચાલુ રહે છે. એટલે રહી શકે છે, કહેવાનો મતલબ એમ છે. વિરુદ્ધ પ્રવૃત્તિ વખતે પણ અવિરુદ્ધ પરિણામ ચાલુ રહી શકે છે. આ કેળવણીનો સવાલ છે. આ ભાવભાસન છે એ જ્ઞાનની કેળવણીનો સવાલ છે. આ જ્ઞાન કેળવાઈને પરિણમેલું છે. એમને એમ માત્ર અનુમાન કર્યું છે, વિચાર કરી લીધો છે, એવું આ નથી.

ફરીથી, **'જ્ઞાનના આધારે – નિર્વિકલ્પજ્ઞાનવેદનના આધારે થયેલો નિર્ણય સ્વરૂપલક્ષ ઉત્પન્ન કરે છે.'** હવે આમ શું કરવા કહ્યું ? કે, લક્ષ ખસે નહિ. તમારે અહીંથી ઘરે પહોંચવું છે તો ગમે એટલા વળાંક, ગમે એટલો Traffic એ વળાંકમાં વળવાનો અને Trafficમાં તારવવાનો વિચાર આવે તો એ વખતે ઘરે પહોંચવાનું લક્ષ જળવાયેલું જ છે. ભલે જ્ઞાનની પ્રવૃત્તિમાં 'ઘરે પહોંચવું છે' એવો વિચાર એ વખતે નથી. વિચાર તો પોતાની જાતને Trafficમાં તારવવાનો છે કે, રસ્તો ઓળંગવો છે જરાક બન્ને બાજુથી જુઓ કોઈ આપણી સાથે અથડાય નહિ. છતાં ઘરે પહોંચવું છે એ લક્ષમાં છે. કારણ કે રસ્તો શું કરવા ઓળંગવો છે ? ઘરે પહોંચવા માટે. તો એ વસ્તુ જતી નથી – લક્ષમાં આવેલી વસ્તુ જતી નથી. એમ આવો જે નિર્વિકલ્પ જ્ઞાનવેદનના આધારે થયેલો નિર્ણય એ સ્વરૂપલક્ષને ઉત્પન્ન કરે છે, જે લક્ષ ચાલ્યું જતું નથી, જે લક્ષ ભૂંસાતું નથી, જે લક્ષ છૂટતું નથી. બસ ! તમામ શાસ્ત્ર સ્વાધ્યાયનું (તાત્પર્ય આ છે). અહીં સુધી પહોંચવાનું શાસ્ત્ર સ્વાધ્યાયમાં બની શકે છે. અહીં સુધી

જીવ પહોંચે. એટલે ‘શ્રીમદ્જી’એ લીધું ‘લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ’ શાસ્ત્ર સ્વાધ્યાય શા માટે છે ? આ સુખદાયક એવા સત્‌શાસ્ત્રો (શા માટે છે) ? કે, તું લક્ષ સુધી પહોંચી જા.

શ્રોતા :– આ લક્ષ છે એ ભાવભાસન પછીનું લક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવભાસન અને લક્ષ બન્ને એક જ પર્યાયના પડખાં છે. એને ભાવભાસન કહો, એને લક્ષ કહો, એને સ્વરૂપનિશ્ચય કહો, એને અસ્તિત્વગ્રહણ કહો.

શ્રોતા :– પૂર્ણતાને લક્ષે શરૂઆત કરવાની વાત કરી એ પૂર્ણતાનું લક્ષ બીજું છે ?

સમાધાન :– પૂર્ણતાનું લક્ષ છે એ તો પૂર્ણ શુદ્ધ પર્યાયમાં પહોંચવાનું ધ્યેય છે કે, મારે અહીંયાં પહોંચવું છે. શાસ્ત્રમાં લક્ષના બે અર્થ છે. એક પર્યાયાર્થિકનયના વિષયમાં હોય ત્યારે એને ક્યાં પહોંચવું છે એ પૂર્ણ શુદ્ધ પર્યાયનો વિષય શાસ્ત્રમાં ચાલે છે. જેને આત્મલક્ષ કહે છે – સ્વરૂપલક્ષ કહે છે એમાં ત્રિકાળી શુદ્ધસ્વરૂપનું લક્ષ છે અને બન્નેને એકબીજાં સાથે સંકળામણ છે, સંકળાયેલી વાત છે. પૂર્ણતાના લક્ષ વગર આ લક્ષ સુધી પહોંચાય નહિ. જેને પૂર્ણતાનું લક્ષ ન થાય એને સ્વરૂપલક્ષ થવા સુધીનો અંદરનો જે પ્રયોગનો પ્રકાર છે એ ઉત્પન્ન ન થાય. કેમકે જેના જીવનનું ધ્યેય પૂર્ણ શુદ્ધિ નથી, એના જીવનનું ધ્યેય પૌદ્‌ગલિક જે અનાદિથી ચાર સંજ્ઞા છે, એ છે. જેને લઈને ચાર સંજ્ઞા છે એ અનાદિથી છે. જેનું ધ્યેય પુદ્‌ગલ આશ્રિત છે એને સ્વરૂપનો નિર્ણય થવાનો અવસર જ નથી. નિર્ણય થવાનો કોઈ Process અને પ્રયોગ ચાલે જ નહિ, અસંભવ છે. એટલે એ તો પાયાની વાત છે કે, શરૂઆત કરવી હોય એણે પહેલું ધ્યેય બદલીને આવવું.

જો આત્માનું લક્ષ કરવું હોય, જો આત્માનો નિર્ણય કરવો હોય, અનુભવ તો પછી થશે, એણે પહેલાં ધ્યેય બદલીને અહીંયાં આવવું.

નિર્ણયની વાત સાંભળવા, ગ્રહણ કરવા, સમજવા કે પ્રયોગ કરવા પૂર્વ શરત આ છે કે, ધ્યેય બદલીને બેસ. Subject to condition છે. ધ્યેય બદલીને નહિ બેઠો હો તો આ બધી વાત તારા માટે કામની નથી, નકામી છે. પછી તું નિર્ણયની – ભાવભાસનની વાત કર કે આત્માનુભવની વાત કર કે ગમે તે અધ્યાત્મની પર્યાયની વાત કરવામાં આવે, ગમે તે અધ્યાત્મિક વિષય લેવામાં આવે પણ જેણે પોતાનું ધ્યેય બદલ્યું નથી એને માટે એ વિષય નથી. કદાચ થોડું મનોરંજન થશે કે, સારું લાગે છે એટલે હું વાંચું છું. સારું લાગે છે એટલે હું વિચારું છું, પણ પાયામાં ફેરફાર નથી, જૂના પાયામાં બધું ધરબાયેલું પડ્યું છે.

જેને એક રાગનો કણ જોઈએ છે, જેને એક પુદ્ગલનો રજકણ જોઈએ છે એને આખું વિશ્વ જોઈએ છે. એના અભિપ્રાયમાં એને ચક્રવર્તીપદથી પણ સંતોષ નથી. જેના અભિપ્રાયમાં રાગનો કણ અને એક રજકણ જોઈએ છે એને ચક્રવર્તીપદથી સંતોષ થવાનો નથી, એને છ ખંડ અધૂરા લાગશે, એને એમ લાગશે કે, હું ત્રણ લોકનો અધિપતિ હોઉં તો સારું અને ત્રણલોકનો નાથ તો પોતે છે એટલા માટે એને એમ થયાં કરે છે. સુખસ્વભાવ છે એટલે સુખ જોઈએ છે, એમ ત્રણ લોકનો નાથ છે એટલે ત્રણ લોકનું આધિપત્ય જોઈએ છે. પણ જે રસ્તો છે એ ખોટો પકડે છે ત્યારે દુઃખી થાય છે, એ મળતું નથી. ત્રણ લોકનું રાજ મળતું નથી પણ દુઃખી થાય છે, આકુળિત થાય છે. એમ છે. (એટલે) પહેલી વાત એ છે.

એટલે આ બધી ચર્ચા કરતી વખતે કોઈવાર કહીએ છીએ કે, આ જાણવાનો વિષય છે. બીજે રસ્તે ન ચડી જવાય એટલે જાણવાનો વિષય છે અને પર્યાય માત્ર જાણવાનો વિષય છે, આશ્રય કરવાનો વિષય નથી. ધ્યેય નક્કી કર ચાલ આપોઆપ ગોઠવાશે. જ્યાં જવું છે એ નક્કી કર, તારી ચાલ એ બાજુની જ ગોઠવાશે. તારા પગલાં એ બાજુ જ

મંડાશે, બીજી બાજુ નહિ મંડાય. કદાચ કોઈ એવો Traffic રસ્તામાં આવશે અને થોડીક પીછેહઠ કરવી પડશે પણ એ આગળ જવા માટે જ પીછેહઠ કરી છે. એ જ રીતે તું પીછેહઠ કરીશ કે કઈ બાજુ પીછેહઠ કરું કે જેથી હું આગળ જઈ શકું. આમ થાશે. એટલે મૂળ વાતને ધ્રુવપણે રાખીને છે, પાયાની વાતને છોડ્યા વગર કોઈ વાત નથી.

(હવે કહે છે) **'આ નિર્ણય રાગ કે નિમિત્ત (–દેવ-શાસ્ત્ર-ગુરુ)ના આધારે થયેલો નથી,...'** રાગના વર્તમાન શુભભાવના આધારે થયેલો નથી, જે સ્વભાવનો વિકલ્પ છે એના આધારે થયેલો નથી તેમ દેવ, ગુરુ, શાસ્ત્રએ કહ્યું માટે મેં આ માન્યું, એમ પણ નથી. (તેથી) દેવ, ગુરુ, શાસ્ત્રના આધારે થયેલો પણ નથી. **'...પરંતુ અંશતઃ રાગથી મુક્ત થઈને...'** આ ગુરુદેવશ્રીના પ્રવચનના આધારે વાત લીધી છે. **'...પરંતુ અંશતઃ રાગથી મુક્ત થઈને...'** (અર્થાત્) રાગનો અભાવ કરીને **'...જ્ઞાનથી જ્ઞાનસ્વભાવનો (–સ્વનો)...'** એટલે કે પોતાનો **'...જ્ઞાનની અધિકાઈમાં...'** એટલે કે **'...(–રાગની અનાદિ મુખ્યતા હતી તે પલટાવીને)...'** છોડીને **'...થયેલ ભાવભાસન છે,...'** આને ભાવભાસન કહો – સ્વરૂપલક્ષ કહો – સ્વરૂપનિર્ણય કહો, બધું એક જ છે. **'...કે જેમાં ભવી-અભવીની શંકા રહેતી નથી.'** આ પહેલો ભણકાર આવી જાય છે. હું અભવી છું કે ભવી છું એ ભલે કેવળજ્ઞાનનો વિષય હોય, છદ્મસ્થના જ્ઞાનનો વિષય ન હોય તોપણ પોતાને પોતાના માટે પોતાના જ્ઞાનનો વિષય પહેલો થઈ જાય છે કે, હવે હું પામી જઈશ. એને શંકા રહેતી નથી. મારું ભવ્યત્વ નજીક છે, હું હવે મોક્ષમાર્ગમાં બહુ ઝડપથી આવી જઈશ.

જેને પોતાનો પ્રત્યક્ષ આત્મા પ્રત્યક્ષસ્વરૂપે ભાસે એના પરિણામ કેવી રીતે રોક્યા રોકાય ? બહારમાં થોડું નુકસાન થાય છે તોપણ હર્ષ-શોકને રોકી શકતો નથી. થોડું લાભ-નુકસાન થાય તોપણ હર્ષ-શોકને રોકી શકે છે ? નથી રોકી શકતો. જે અનિત્ય છે, જેના આધારે હર્ષ-

શોક રોકાતા નથી એ બધા પ્રસંગો અનિત્ય છે. આ તો નિત્ય – નિત્ય વસ્તુ અને અનંત ગુણસ્વભાવી, અનંત સામર્થ્ય સ્વભાવી, અનંત સુખ, જ્ઞાનસ્વભાવી – આટલું બધું એક સાથે અભેદ(ભાવે) ભાસે તો પરિણામને કેમ રોકી શકે ? એટલે એની ભવ્યત્વની શંકા પણ રહેતી નથી.

શ્રોતા :– મુમુક્ષુની દશામાં ભવ્ય-અભવ્યનો નિર્ણય થઈ શકે છે ?

સમાધાન :– હા, ભાવભાસન વખતે બરાબર કેવો સચોટ થઈ શકે છે ! થઈ શકે છે, એમ નહિ – અફર ! એમાં પછી કાંઈ ફેર નહિ. પોતાનું ભવ્યત્વ ભાસે છે અને નિઃશંકપણે ભાસે છે. ખરેખર તો જે પારિણામિકભાવ ભાસ્યો ને એ તો ભવ્યત્વ-અભવ્યત્વ રહિત છે. કેમકે એ ભવ્યત્વ-અભવ્યત્વ તો અશુદ્ધ પારિણામિક છે અને ભાસ્યો (એ) તો શુદ્ધ પારિણામિક છે. ('સમયસાર') 'જયસેનાચાર્યદેવની' ૩૨૦ (ગાથાની) ટીકા. પણ એ એનું લક્ષણ છે. જ્યારે ભાવભાસન થયું છે ત્યારે પોતાના ભવ્યત્વની શંકા-આશંકાનો પ્રશ્ન નથી. એ ભાવભાસનની નિઃશંકતાને પ્રદર્શિત કરે છે. કેવળજ્ઞાનના વિષયને મુખ્ય કરીને એ વાત કરી છે.

**'જ્ઞાન સ્વયં વેદકસ્વભાવી છે.'** જ્ઞાનમાં પોતામાં જ વેદવાનો સ્વભાવ છે અને આત્માને વિષે વેદવાનો સ્વભાવ આ જ્ઞાન સિવાઈ બીજાં કોઈ ગુણમાં નથી, આ એક જ ગુણમાં છે. એટલે જ્ઞાન પોતે જ પોતાનાપણે જ વેદકસ્વભાવી છે. **'તેથી પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં,...'** શું કહે છે ? **'...પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં, તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે, ત્યારે સ્વસન્મુખ થઈને વેદવાનું બને છે.'** હવે (ઉપર જે આવી ગયું કે) સન્મુખ કેમ ઢળવું ? જાણ્યું તો ખરું કે અંતર્મુખ થયાં વિના અનુભવ નથી, તો અંતર્મુખ કેમ થવું, આ એક સમસ્યા છે. હવે એનો ઉકેલ અહીંથી શરૂ કરીએ છીએ.

**'જ્ઞાન સ્વયં વેદકસ્વભાવી છે. તેથી પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં,**

**તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે,...'** ચાલતા વેદન ઉપર ઉપયોગ રાખે, એમ કહેવું છે. ચાલતી જ્ઞાનની પર્યાય પોતે ઉપયોગ છે. ઉપયોગ જાય છે બીજાં ઉપર – રાગ ઉપર અને રાગના વિષય ઉપર, ત્યારે એ ઉપયોગ બહિર્મુખ થાય છે. આ તો કેમ બહિર્મુખ થાય છે (તે કહ્યું). ઉપયોગ જ્ઞાનની પર્યાય છે એ રાગ અને રાગના વિષય ઉપર ખેંચાય છે એટલે બહિર્મુખ થાય છે. એ જ ઉપયોગ પોતામાં રહેલા જ્ઞાનવેદન ઉપર આવે ત્યારે એની દિશા બદલાઈ જાય છે. આ અંતર્મુખ થવાની કળા છે.

શ્રોતા :– પર્યાય પોતે 'આ હું' એમ જોર કરીને અંતરમાં જાય છે ?

સમાધાન :– એમાં શું છે કે, જોર કરવા કરતા શું છે કે, વેદન ચાલે છે, જ્ઞાનની જે પર્યાયમાં છે એમાં વેદન ચાલે જ છે. હવે વેદન ચાલે છે ત્યાં જો ને, એમ કહે છે. આમ (બહાર) જોવે છો એના બદલે આ (અંદર) વેદન ચાલે છે, એમ જો ને. મારા જ્ઞાનમાં જ મારું જ્ઞાનવેદન ચાલે છે, એમ જો ને ! (એ જોવા માટે) એને વળવું પડશે, આમથી (બહારની બાજુથી) વળી જવું પડશે અથવા જે આમ વળી રહ્યો છે એ પર્યાય પૂરી થયાં પછી એમ નહિ વળે, બીજી પર્યાય આમ (અંતર્મુખ) ઉત્પન્ન થશે. એમ છે.

અલબત્ત આમાં જ્ઞાનની ધીરજ છે, જ્ઞાનની સૂક્ષ્મતા છે, જ્ઞાનની તીક્ષ્ણતા છે. આ ત્રણ પડખાં જ્ઞાનમાં સાથે–સાથે છે. જ્યારે કોઈ જ્ઞાનનો ઉપયોગ પોતાની વર્તમાન જ્ઞાનની પર્યાયના વેદનને ઉપયોગમાં લે ત્યારે એ ધીરો થઈને, સૂક્ષ્મ થઈને, તીક્ષ્ણ થઈને વેદનને પકડે છે. કેમકે વેદન એટલું બધું તિરોભૂત અવસ્થામાં છે. જે સ્વસંવેદનમાં ઊભરાઈને બહાર આવે છે એવું વેદન નથી. નિહિત વેદનને પકડવું છે (અર્થાત્) છુપાયેલું વેદન છે એને પકડવું છે. એટલે એને સૂક્ષ્મ થઈને, તીક્ષ્ણ થઈને, ધીરો

થઈને પોતાના જ્ઞાનમાં રહેલા જ્ઞાનવેદન ઉપર ઉપયોગને લઈ જવો છે. જે ઉપયોગ જ્ઞાનના વેદન ઉપર આવશે એ પોતે જ છે, એટલે પોતે પોતા ઉપર આવશે એટલે બહારની દિશા બંધ થઈ ગઈ. આમ સ્વસન્મુખ થવાય છે.

શ્રોતા :– આ જે જ્ઞેયાકાર દેખાય છે, જ્ઞેયાકાર જણાવાના કાળે પણ આ જ્ઞેયાકાર તે હું નથી, જ્ઞાન તે હું છું, એમ થાય છે ?

સમાધાન :– જ્ઞેયાકારોને તો એટલા ગૌણ કરી નાખવાના છે કે, જાણે જણાતા હોવા છતાં જણાતા જ નથી. એટલો જ્ઞાનસામાન્યનો દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો છે. આ વેદન ઉપર ઉપયોગને લઈ જવો એની બીજી ભાષા એ છે કે, પ્રવર્તમાન જ્ઞાનના ઉપયોગમાં મને જ્ઞાનનો અનુભવ થાય છે એ દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો છે. મને મારા જ્ઞાનમાં મારું જ્ઞાનવેદન અનુભવાય છે એ સૂક્ષ્મ અનુભવનો દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો છે. અહીંથી ભેદજ્ઞાન શરૂ થશે, એ પહેલાં ભેદજ્ઞાન નથી.

અંતરંગમાં એટલે જ્ઞાન સામાન્યમાં; જ્ઞાન વિશેષ – જ્ઞેયાકાર જ્ઞાન તે જ્ઞાનનું બહિરંગ છે, એટલે અંતરંગમાં અનુભવદૃષ્ટિથી એટલે કે અંતરંગમાં અનુભવ શેનો થાય છે ? જ્ઞાનના અંતરંગમાં કોનો અનુભવ થાય છે ? અનુભવદૃષ્ટિથી જોવાનું છે કે જ્ઞાનમાં જ્ઞાનવેદન છે. આટલું જોતાં રાગથી ખસી જવું પડશે અને દિશા બદલાશે. આ વગર દિશાફેર નથી. જે કોઈ બાર અંગમાં રહસ્યભૂત Pinpoint વાત છે એ આટલી જ છે. આ રહસ્ય સાધ્ય થયું કે, Line ખુલી ગઈ – મોક્ષમાર્ગનો ઠેઠ સુધીનો – કેવળજ્ઞાન સુધીનો દરવાજો ખુલી ગયો. ભાવભાસનની આ પહેલી પર્યાય છે જેમાં દિશા બદલાય છે. આ સીધી વાત છે. 'પરમાગમસાર'માં આ વિષયનો એક બોલ છે, આપણે લેશું, કાલે હું જોતો આવીશ (અત્યારે) યાદ નથી કેટલામો છે, પણ 'પરમાગમસાર'માં દિશા બદલાવાનો એક બોલ છે. આ રીતે લેવાનું છે.

ફરીને, **'તેથી પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં, તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે,...'** હવે શું છે કે, માણસને જ્યારે કોઈપણ વિષયમાં Expert થવું હોય, કોઈપણ Lineમાં Expert થવું હોય એટલે એ Lineના ઊંડાણમાં જાવું જ પડે. એનું ઊંડાણ હાથ આવ્યા વિના એ વિષયમાં નિષ્ણાંત થવાતું નથી. હવે એક સામાન્ય વાત લઈએ, ('સમયસાર'ની) પંદરમી ગાથામાં જે દાખલો આપ્યો છે કે, રસોઈની અંદર મીઠું વધારે-ઓછું – મીઠાનું પ્રમાણ તપાસવું છે. પ્રસંગે વરો હોય ત્યારે સો–બસો–પાંચસો–હજાર માણસોની રસોઈ બનાવવી છે અને એવી નિષ્ણાંત (વ્યક્તિ છે તેનામાં) એવી વિચક્ષણતા છે. એમાં જોનારને બધા સ્વાદને કેટલા ગૌણ કરવા પડે છે ? ખટાશ નાખી છે, ગળપણ નાખ્યું છે, તીખાશ નાખી છે, સ્વાદ બહુ સારો આવે એના માટે અનેક જાતના બીજાં મસાલા નાખ્યા છે, તોપણ એકલું મીઠું એને તપાસવાનો દૃષ્ટિકોણ જેની પાસે ન હોય તે એ રસોઈને નક્કી ન કરી શકે કે, આમાં મીઠાની ખામી છે કે નહિ ? મીઠું વધારે છે, ઓછું છે કે સપ્રમાણ છે – ત્રણમાંથી એક Decision આપવું પડશે. એની પાસે એ જોવાનો દૃષ્ટિકોણ છે. એમ જ્ઞાનમાં જ્ઞાનવેદનને – જ્ઞાનમાં અનુભવને કહો કે જ્ઞાનવેદનને કહો, એ જોવાનો દૃષ્ટિકોણ સાધ્ય કરવાનો છે અને એને માટે Practice કરવાની છે. એના માટે વિચાર કરવાનો નથી પણ Practice કરવાની છે. આ Practice ચાલે અને અનુભવમાં વેદન પકડાય તો અહીંથી અનુભવની Line સંધાય છે. વિચારથી તે આગળ ચાલ્યો, વિચારની કક્ષાથી આગળ વધીને અનુભવની કક્ષામાં પ્રવેશ કર્યો.

અનુભવ માટે અનુભવની જ કાર્યપદ્ધતિ સફળ થવાની છે. અનુભવ માટે અનુભવની કાર્યપદ્ધતિ છોડીને વિચારપદ્ધતિને વળગી રહે કે, હું તત્ત્વનો ઘણો વિચાર કરું છું, ઘણાં શાસ્ત્ર વાંચું છું. (એમાં) સફળતા નહિ મળે. થાકી જશે તોપણ નહિ મળે, ગમે તેટલા વર્ષો, ગમે તેટલી

જિંદગી – હજારો-લાખો વર્ષના આયુષ્ય હોય તોપણ સફળતા ન મળે. અત્યારે તો સમય જ નથી. ખરેખર તો અત્યારે જેણે વિચારી લીધું છે એને વિચારવાનો હવે સમય જ નથી. એને અનુભવની કાર્યપદ્ધતિ ઉપર ઝડપથી આવવું જોઈએ. સમય નથી, એનું કારણ કે સમય નથી. આ કાળમાં આયુષ્ય એટલા અલ્પ છે અને એટલું આયુષ્ય તો પોતે પસાર કરી ચૂક્યો છે કે વિચારવા માટે હવે સમય નથી વધ્યો. એક વખત Theory વિચારી લે, Practical sideમાં આવી જા. Theory બેસી ગઈ, કુદરતી તને ઊંધા લાકડાં એટલા ઓછા હોય અને Theory તને સાંગોપાંગ બેસી ગઈ, (તો હવે) પ્રયોગમાં આવી જા ! હવે વિચારમાં સમય ગુમાવવાનો વખત નથી અથવા વિચાર પણ પ્રયોગ સાથે જ કરવો છે, પ્રયોગ વિના એકલો વિચાર કરવો નથી. એ પરિસ્થિતિ છે.

ફરીને, '**...પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં, તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે,...**' ક્યારે ? કે, અનુભવના દૃષ્ટિકોણથી વેદનને જોવાની Practice હોય તો. એની પાછળ આટલો અધ્યાહાર છે. '**...ત્યારે સ્વસન્મુખ થઈને વેદવાનું બને છે.**' ત્યારે એ વેદન પકડાય છે અને એમાં સ્વસન્મુખતા આવે છે. જ્યારે વેદન પકડાય ત્યારે સ્વસન્મુખતા આવે છે. એ વગર સ્વસન્મુખતા થતી નથી. '**– આ પ્રકારે સ્વસન્મુખ થવાની રીત છે.**' લ્યો ! વાત તો અઢી લીટીની છે. 'આ પ્રકારે' એમાં અઢી લીટી પૂરી થઈ, પણ એ અઢી લીટીમાં વાત છે, જે છે એ. જ્યાં સુધી દિશા ન બદલે ત્યાં સુધી દશા કોઈ અન્યથા પ્રકારે બદલાવાની નથી, નથી અને નથી. એટલે એ વિચારની Sideને ગૌણ કરી નાખ !

મારા જ્ઞાનમાં જ્ઞાનવેદન ક્યાં છે ? કેવી રીતે છે ? આ જ જોવું છે. એટલે તમારા બધા લંબાતા વિચાર બંધ થઈ જશે. જુઓ ! કુદરતી શું થાય છે ? નિર્વિકલ્પ કેમ થવાય છે ? નિર્વિકલ્પ કેમ નથી થવાતું ? કે, વિચારો બહુ લંબાય છે માટે નિર્વિકલ્પ થવાતું નથી. જેને શાસ્ત્રો

વાંચીને પણ વિચારો લંબાય છે ત્યાં સુધી તો નિર્વિકલ્પ થવાતું નથી તો વિચારોને ટૂંકાવાનો શું પ્રયોગ છે ? કે, તું વેદનમાં આવ ! બીજી કાંઈ વાત જ એમાં વિચારવાની નથી. વેદનને લક્ષમાં લે, વેદન ઉપર જવાનો તું પ્રયત્ન કર. વેદનની Side તું પકડ. બસ ! બીજી કોઈ આમાં લાંબીચોડી વાત નથી. બધી બાજુથી ઉપયોગ સંકેલાઈ જશે. જો જીવ વેદન ઉપર આવવા ચાહે તો બધી બાજુથી એની વિચારધારા સંકેલાઈ જશે. એટલે નિર્વિકલ્પ થયાં પહેલાં ભાવભાસનના વખતથી જ વિકલ્પને તૂટવાની કેટલી પૂર્વતૈયારી થાય છે ! વિષય આટલો ઊંડો અને જરા ગૂઢ છે એટલે લોકોને જલ્દી હાથમાં નથી આવતો. પછી મંડી પડે બાહ્યક્રિયામાં – પછી કોઈ શાસ્ત્રવાંચનની બાહ્યક્રિયામાં મંડી પડે કે કોઈ પૂજા, ભક્તિ, ઉપવાસ(માં મંડી પડે) તો એ તો બધું એનું એ જ છે, એમાં કાંઈ બીજો ફેર નથી.

**'અંતરંગમાં રહેલાં જ્ઞાનવેદનને...'** એનું જ સ્પષ્ટીકરણ ચાલે છે હોં ! **'અંતરંગમાં રહેલાં જ્ઞાનવેદનને વેદતાં...'** વિચારતા નહિ, વેદતાં **'...જ્ઞાનની દિશા કોઈ બાહ્યજ્ઞેય ઉપર હોતી નથી.'** અથવા રહેતી નથી. **'પરંતુ અહીં જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે અને અંતર્મુખ પરિણમનસ્વભાવ પ્રતિભાસે છે.'** આત્માનો સ્વભાવ પણ અંતર્મુખપણે પરિણમવું એવો આત્મસ્વભાવ છે. એ પહેલોવહેલો સ્વભાવ ભાસવામાં આ પડખું પણ ભાસે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે, એમ આત્મા સુખસ્વભાવી છે, એમ આત્મા અંતર્મુખ પરિણમનસ્વભાવી છે. બહિર્મુખ પરિણમન થાય છે એ આત્માનો વિભાવ છે, આત્માનો સ્વભાવ હરગિઝ નથી – બિલકુલ નથી. આત્માનો સ્વભાવ જ એવો છે કે અંતર્મુખપણે પરિણમવું. એ આત્માનો સ્વભાવ છે માટે સિદ્ધપરમાત્મા નિરવશેષ અંતર્મુખ સ્થિતિમાં અરિહંતદશાથી આવી જાય છે – પરિપૂર્ણ અંતર્મુખતા ! એટલે જ્યારે જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે અને અંતર્મુખ પરિણમન-સ્વભાવ પ્રતિભાસે છે. જે

Hyphen કર્યો છે એ 'પરિણમનનો' (એમ બતાવે છે), છઠ્ઠી વિભક્તિનો ષષ્ટી સમાસ છે. પરિણમનનો સ્વભાવ અંતર્મુખપણે પરિણમવાનો છે એવો આત્મસ્વભાવ પણ ત્યાં પ્રતિભાસે છે કે, ઓહો...! મારો સ્વભાવ જ અંતર્મુખ(પણે) પરિણમવાનો છે. હવે હું અંતર્મુખ ઉપયોગને કરું એ કર્તૃત્વ તૂટી ગયું. બહિર્મુખ કાર્ય કરું અને બહિર્મુખ પરિણમન કરું એ કર્તૃત્વનો પ્રશ્ન નથી. હું મારા ઉપયોગને અંદરમાં વાળું અને અંતર્મુખ કરું એ કર્તૃત્વ શેના આધારે તૂટે ? તો (કહે છે), પણ અંતર્મુખ પરિણમવાનો તો સ્વભાવ છે આમાં કરવું ક્યાં છે ? અંતર્મુખ થવાનો તો મારા આત્માનો પરિણમનસ્વભાવ છે. મારે કરવું, એ પ્રશ્ન ક્યાં છે ? મરચામાં તીખાશ ક્યાં લાવવી છે ? એમ જ્ઞાનમાં જાણવું ક્યાં લાવવું છે ? જ્ઞાનમાં જાણવું કરવું છે કે, હું જ્ઞાનમાં જાણવાનું કરું ? મારું જ્ઞાન જાણતું નથી ને એટલે જ્ઞાનમાં જાણવાનું કરી દઉં ! નવું લાવવું છે ? એ તો સ્વભાવથી જાણવું છે. જેમ જ્ઞાનમાં જાણવું સ્વભાવથી છે એમ પરિણમવામાં સ્વભાવ અંતર્મુખ પરિણમવું એ એનો સ્વભાવ છે. આ એક પોતાને પોતાનું સ્વરૂપ પ્રતિભાસે છે. એટલે પર્યાયને નિર્વિકલ્પ કરું, અંતર્મુખ કરું એ પ્રશ્ન ખલાસ થાય છે. કર્તૃત્વનો છેલ્લો Point આ છે. પુરુષાર્થ કરું, શ્રદ્ધા કરું, જ્ઞાન કરું, અનુભવ કરું, પરિણામને અંતર્મુખ કરું – એ બધું ખલાસ થઈ ગયું. પરિણામનું કર્તૃત્વ માત્ર છૂટ્યું. આ કર્તૃત્વ છે એ મિથ્યાત્વ છે. પરિણામનું કર્તૃત્વ તે જ પર્યાયબુદ્ધિ, તે જ મૂઢતા, તે જ મિથ્યાત્વ છે. અહીંયાં સીધો ફેર પડ્યો.

શ્રોતા :– જ્ઞાનની વેદનશક્તિમાં આવે એટલે પરિણમનનો સ્વભાવ અંતર્મુખ થવાનો છે તેથી સહેજે થાય ?

સમાધાન :– પોતે અંતર્મુખ થયો ને ? વેદનને પકડતા અંતર્મુખ થયો એટલે એને સ્વભાવ પકડાણો કે, અરે...! સહેજ વળ્યો ત્યાં એને ખબર પડી કે, આવો આખો વળવાનો સ્વભાવ છે !! ગોળની કાંકરી

ચાખી અને રવો આખો નક્કી થઈ ગયો, એના જેવું છે. આખો રવો આવો ગળ્યો છે, આ રવો લઈ લ્યો ! એના જેવું છે.

એ વિષય જરા વિસ્તારથી લઈશું, સમય થયો છે...

❄ ❄ ❄

**નિજ અસ્તિત્વનું ગ્રહણ થવા અર્થે, સ્વ. શ્રી દિપચંદજીનું સમ્યક્ વચનામૃત અનુપ્રેક્ષણીય છે. ''મારા દર્શન જ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે.'' અવલોકનથી - પ્રયોગથી આમ દેખવું. માત્ર શબ્દાર્થનો વિચાર કરી, વાચ્યને વિચારની મર્યાદામાં ન રાખતાં, નિજ સત્તાના ગ્રહણનો અભ્યાસ - પ્રયત્ન થવો ઘટે. પરથી વિમુખ થઈને વારંવાર જ્ઞાન-દર્શનમય નિજ પદને અવલોકી સ્વયં સુખી થાય.**

–પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૧૩૮)

## પ્રવચન–૧૧
## તા. ૧૮-૦૩-૧૯૯૦

'સુવિધિ' **'જ્ઞાન સ્વયં વેદકસ્વભાવી છે.'** વેદવાનો સ્વભાવ – વેદન એ જ્ઞાનપરિણમન સાથે અભેદ છે. **'તેથી પ્રવર્તમાન જ્ઞાનની પર્યાયમાં, તે જ પર્યાય સ્વયંના વેદનનો અનુભવ કરે, ત્યારે સ્વસન્મુખ થઈને વેદવાનું બને છે.'** જ્યારે પ્રવર્તમાન જ્ઞાનની પર્યાય – ચાલતી જ્ઞાનની પર્યાય પોતામાં વિદ્યમાન વેદનનો અનુભવ કરે છે ત્યારે એને – જ્ઞાનને પરસન્મુખ થવાનું બંધ થઈને સ્વસન્મુખ થાય ત્યારે જ એને એ વેદનનું ગ્રહણ થાય છે. વેદન તો વેદન છે પણ વેદનનું ગ્રહણ થવું એ ઉપયોગની દિશા બદલાય છે ત્યારે થાય છે.

શ્રોતા :– વેદનનું ગ્રહણ થવું એટલે પરિણતિ થઈ ?

સમાધાન :– નહિ, ઉપયોગ એટલે અહીંયાં જ્ઞાનનો ઉપયોગ છે. ઉપયોગ પોતે જ પોતા ઉપર આવે. ઉપયોગ પોતામાં વર્તતા વેદન ઉપર આવે. પરથી અને રાગથી ભિન્નપણાનો અભ્યાસ વ્યાપ્યવ્યાપકતાના અવલોકન પૂર્વક જેને ઠીક પ્રમાણમાં – સારા પ્રમાણમાં થયો છે તેને પોતાના જ્ઞાનમાં રહેલા વેદનને ગ્રહણ કરવાની ક્ષમતા આવે છે – યોગ્યતા આવે છે. ત્યારે ઉપયોગ પોતે જ પોતામાં રહેલા વેદનની સન્મુખ થઈને પોતાના જ્ઞાનવેદનને ગ્રહણ કરે છે.

'**– આ પ્રકારે સ્વસન્મુખ થવાની રીત છે.**' એ પહેલાં આ જીવ અનેક પ્રકારે ધર્મના કાર્યોમાં બહિર્મુખભાવે પ્રવર્ત્યો છે. આત્માનું, પરમાત્માનું ચિંતન, મનન, ઘોલન, નિદિધ્યાસન આ બધું જે થાય છે એ બધું બહારને બહાર થાય છે. દિશા જ્યાં સુધી ફરતી નથી ત્યાં સુધી અંતર્મુખની દિશામાં એક કદમ પણ જીવ આગળ વધતો નથી. બહિર્મુખ દિશામાં ગમે તેટલો આગળ વધે તો તે દિશાનો વિપર્યાસ છે. વિપરીત દિશા હોવાથી અવિપરીત કાર્ય સધાતું નથી. હવે એ જ્ઞાનવેદન ક્યાં રહ્યું છે ?

'**...અંતરંગમાં રહેલાં જ્ઞાનવેદનને...**' એ પરિણતિમાં છે. પરિણતિમાં રહેલું જે જ્ઞાનવેદન અથવા જ્ઞાન સામાન્યમાં રહેલું જે જ્ઞાનવેદન તેને '**વેદતાં**' એટલે તેના ઉપર ઉપયોગને લઈ જતા, એમ. જે પરિણતિમાં જ્ઞાનવેદન છે એ બાજુ ઉપયોગને લઈ જતાં '**...જ્ઞાનની દિશા...**' ઉપયોગની દિશા બાહ્ય તરફ, પર તરફ રહેતી નથી, થતી નથી. ત્યારે '**...જ્ઞાનની દિશા કોઈ બાહ્યજ્ઞેય ઉપર હોતી નથી પરંતુ અહીં જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે.**' અને જ્યારે જ્ઞાનની દિશા અંતર્મુખ થાય છે ત્યારે વસ્તુનો સ્વભાવ – આત્મા વસ્તુ – આત્મા પદાર્થનો સ્વભાવ અંતર્મુખ પરિણમન કરવાનો છે એવો '**...અંતર્મુખ પરિણમનસ્વભાવ પ્રતિભાસે છે.**' એટલે વસ્તુ અંતર્મુખ પરિણમનસ્વભાવી છે એમ ભાસે છે એટલે અંતર્મુખ થાઉં, પરિણામને અંતર્મુખ કરું એ પ્રશ્ન પણ અહીંયાં ખલાસ થાય છે.

જ્યાં સ્વભાવ અંતર્મુખ પરિણમવાનો છે ત્યાં કૃત્રિમતા અને કર્તૃત્વ એ વાત અભિપ્રાયમાંથી ખલાસ થાય છે. મારે આમ કરવું છે, મારે આમ થવું છે એ અભિપ્રાય ખલાસ થાય છે. કર્તૃત્વનો અભિપ્રાય, કૃત્રિમતા કરવાનો અભિપ્રાય (ખલાસ થાય છે). સહજ આત્મસ્વરૂપમાં સહજપણે અંતર્મુખ થવું એ તો એનો સ્વભાવ જ છે. એને હું અંતર્મુખ કરું અને પરિણમું એ (જે) કર્તૃત્વ છે એ વાત રહેતી નથી.

શ્રોતા :– વ્રત, તપ, પૂજા, ભક્તિ તો કરવાના ને ?

સમાધાન :– એ બધા બહિર્મુખ પરિણામે થતાં કાર્યો છે અને એવા (કાર્યો) જીવે અનંતવાર કર્યાં છે. છ–છ મહિના ઊંધે માથે નીચે અગ્નિ સળગાવીને લટક્યો છે. એવા આકરા તપ કર્યાં છે. આત્માની શાંતિ મેળવવા આ જીવે ઘણો પરિશ્રમ કર્યો છે પણ હજી સુધી એણે આત્મશાંતિનો સ્વાદ ચાખ્યો પણ નથી. એટલે હવે બાહ્ય કાર્યોથી દિશાને બદલાવીને પરિણામમાં અંતર્મુખની દિશા કેમ થાય એ વિધિ ઉપર આવવું છે. આમાં કાર્યની પદ્ધતિ શું છે એ અહીંયાં તો હજી સમજવાનો વિષય છે, કાર્ય કરવું એ બીજી વાત છે.

જ્યારે અંતર્મુખ પરિણમનસ્વભાવ મારો પોતાનો -- સ્વયંનો છે એમ જ્યારે પોતાના લક્ષમાં આવે છે ત્યારે પુરુષાર્થની કૃત્રિમતા બંધ થાય છે અને સહજ પુરુષાર્થ શરૂ થાય છે. એ પહેલાં કરું... કરું... એમ જોર આવતું હતું. પુરુષાર્થ એટલે પરિણામમાં જોર આવતું હતું. હવે સહજપણે એ ક્રિયા થવા લાગે છે. એને સહજ પુરુષાર્થ કહે છે.

શ્રોતા :– અંતરંગમાં રહેલાં જ્ઞાનવેદનને એટલે ધ્રુવને ?

સમાધાન :– નહિ, અંતરંગમાં એટલે અહીંયાં જ્ઞાન સામાન્યમાં રહેલું જે જ્ઞાનવેદન. પરિણતિ ઉપર ઉપયોગને લઈ જાય છે. જ્ઞાનની પરિણતિને પકડી શકતો નથી. એટલો બધો ઉપયોગ વિભાવથી, વિકારના રસથી રંગાયેલો છે કે એની અંદર એ પોતાના જ્ઞાનની પરિણતિને પોતે પકડતો નથી. નહિતર લબ્ધ–ઉપયોગ બે થઈને અખંડ જ્ઞાનની પર્યાય છે પણ લબ્ધમાં રહેલું જે જ્ઞાનવેદન એને પકડતો નથી. જોકે ઉપયોગમાં સર્વાંશે અભાવ નથી પણ એ તો કષાયરસને લઈને એટલું બધું તિરોભૂત છે કે, એને પોતે ગ્રહણ કરી શકતો નથી.

શ્રોતા :– સ્વયંના વેદનનો અનુભવ કરે એમ કહ્યું તો વેદન અને અનુભવ જુદી–જુદી ચીજ છે ?

સમાધાન :– ના, વેદન પોતે અનુભવસ્વરૂપ છે અને અનુભવમાં જ વેદન છે. વેદન કરે એમ કહો કે અનુભવ કરે એમ કહો કે વેદનનો અનુભવ કરે. કેમકે પોતે બીજાંનો અનુભવ કરતા હોવાના અધ્યાસમાં છે – ભ્રમમાં છે – ભ્રમણામાં છે કે મને ઠંડી લાગે છે, મને ગરમી લાગે છે, મને ગળ્યું લાગે છે, મને કડવું લાગે છે – એવો આ જીવને ભ્રમ છે. (ખરેખર) એને જ્ઞાન જ થાય છે. એવું જાણવું થાય છે અને વેદવું તો જ્ઞાનનું જ થાય છે. સર્વ કાળે વેદવું તો જ્ઞાનનું જ થાય છે. કોઈ જીવે ક્યારેય પણ અનંતકાળમાં જ્ઞાન સિવાઈ બીજું વેદ્યું નથી, જ્ઞાન સિવાઈ બીજું અનુભવ્યું નથી. પણ જ્ઞાનવેદનનો અનુભવ એમ લેવું છે એટલે કે બીજાનો અનુભવ નહિ.

**'દશાની દિશા પલટવી તે અપૂર્વ છે.'** ગુરુદેવે આ શબ્દો લીધા છે. **'દશાની દિશા પલટવી તે અપૂર્વ છે.'** પૂર્વે ધર્મના નામે, ધર્મના બહાને બહિર્મુખ પરિણમનથી અનેક કાર્યો કર્યાં છે અને ધર્મ થયો હોવાનું માન્યું છે, ધર્મ કર્યો હોવાનું માન્યું છે. એ ધર્મ નથી પણ અધર્મને ધર્મ માન્યો છે. કઠોર ભાષામાં એને 'પાખંડ' કહે છે. અધર્મને ધર્મ કહે તે પાખંડ છે. આ પરિસ્થિતિ છે. શું કહે છે ? કે, **'દશાની દિશા પલટવી તે અપૂર્વ છે. આવા સ્વરૂપનિર્ણયકાળે જ એક અખંડ-અભેદ વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ ભેદ યથાર્થરૂપે સમજાય છે.'** આવા સ્વરૂપનિર્ણય કાળે જ આ પ્રકારે સ્પષ્ટ અનુભવાંશે નિર્ણય એટલે પ્રતીતિ થાય છે. ત્યારે જ એક અખંડ અભેદ જે પોતાનું પરમ તત્ત્વ છે, વસ્તુ એટલે પોતાનું પરમ તત્ત્વ છે તેના દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ ભેદ યથાર્થરૂપે સમજાય છે.

આ તત્ત્વજ્ઞાનની શિબિરમાં દ્રવ્ય, ગુણ, પર્યાય સમજવા માટે જે ક્લાસ ચાલે છે એમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ શીખડાવવામાં, સમજાવવામાં આવે છે ત્યારે સમજાય છે એવું લાગે છે પણ ત્યારે યથાર્થ સમજાયા હોતા નથી. અહીંયાં યથાર્થ સમજાય છે. કેવી રીતે ? કે, પોતે

વર્તમાન અવસ્થારૂપે પોતાને અનુભવતો હતો. ચાલતી રાગાદિ – રાગ, દ્વેષ, મોહ આદિ જે અવસ્થા છે એ અવસ્થારૂપે પોતાને અનુભવતો હતો. પોતાનું મૂળ સ્વરૂપ શું છે એથી પોતે બેભાનપણે – અભાનપણે વર્તતો હતો. એ મૂળ સ્વરૂપનું અહીંયાં જ્ઞાન થયું એટલે દ્રવ્ય, ગુણનું જ્ઞાન થયું. હું એક અભેદ અખંડ પરમ તત્ત્વ છું. જ્ઞાન અને સુખ આદિ અનંત ગુણ – અનંત શક્તિઓ મારામાં છે અને વર્તમાન અવસ્થા તો એને પરિચિત હતી. જે અવસ્થામાંથી અવગુણને ટાળી દોષ, મલિનતા – અપવિત્રતાને ટાળી નિર્દોષતા, પવિત્રતા અને ગુણને પ્રગટ કરવા માટે એણે પોતે એક વિચાર કર્યો હતો. એ અભિગમથી એણે આ પ્રયત્ન કર્યો. પ્રયત્ન શા કારણે કર્યો ? કે, આ વર્તમાન દશા બરાબર નથી. મારી ચાલતી દશામાં અનેક પ્રકારના દોષ, મલિનતા, અપવિત્રતા અને દુઃખ થાય એવા ભાવો વર્તે છે, આકુળતા થાય એવા ભાવો વર્તે છે. એના બદલે શાંત, પવિત્ર અને નિર્દોષ મારું પરિણમન થવું જોઈએ. એવું ગુણવાન પરિણમન પ્રગટ કરવા માટે પોતે આ દિશામાં, એ કાર્ય સિદ્ધ થાય એ દિશાના સંશોધનમાં આગળ ગયો. એટલે દશા બદલવી છે, દશા બદલતી ચીજ છે એ તો એને પરિચિત હતું. અપરિચિત ધ્રુવ વસ્તુથી હતો, જે કૂટસ્થ છે એવી ધ્રુવ નિત્યાનંદસ્વરૂપ વસ્તુ છે એનાથી પોતે અપરિચિત હતો. એનો જ્યાં પરિચય થયો, ઓળખાણ થઈ ત્યારે એને દ્રવ્ય, ગુણ, પર્યાય – વસ્તુનું જે વિજ્ઞાન છે, વસ્તુનું જે બંધારણ છે એ અહીંયાં યથાર્થ સમજાય છે.

વળી, **'ભેદ સમજવામાં આવતાં છતાં પણ,...'** દ્રવ્ય, ગુણ, પર્યાય અથવા અનેક ગુણો, અનેક પર્યાયોના ભેદો સમજવામાં આવવા છતાં પણ **'...ભેદનો દૃષ્ટિકોણ ગૌણ થઈ મુખ્યપણે અભેદતા સાધવાની પ્રક્રિયા ચાલે છે.'** વિશેષતા આ છે કે, ભેદ–અભેદાત્મક વસ્તુ – ભેદાભેદસ્વરૂપ વસ્તુ સમજવા છતાં ભેદ ગૌણ થઈને અભેદને સાધવાનો મુખ્યપણે પ્રયાસ

ચાલે છે – પ્રયત્ન ચાલે છે અને અભેદ અનુભવ થાય, અભેદ વસ્તુનો અભેદ અનુભવ થાય એ Processમાં પોતે આગળ વધે છે – એ પ્રક્રિયામાં આગળ વધે છે. એવી પ્રક્રિયા ચાલે છે. ભેદનું જ્ઞાન ગૌણ રહી જાય છે, અભેદની મુખ્યતા થઈને અભેદતા સાધવાનો પ્રકાર ઉત્પન્ન થાય છે.

**'વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે વેદન વર્તમાન અંશનું હોવા છતાં અવલંબન અંશીનું / સ્વભાવનું લેવાનું છે.'** વાસ્તવિકતા, આ પરિણમનમાં રહેલી વાસ્તવિકતા આ છે કે, વેદન અંશીનું – સ્વભાવનું થતું નથી. જે ત્રિકાળી કૂટસ્થ છે એમાં વેદન થતું નથી. ખરેખર તો એ વેદનરહિત અવેદક સ્વભાવ છે. શક્તિ અપેક્ષાએ તે વેદકસ્વભાવ છે, પરિણમન અપેક્ષાએ તેમાં વેદન નહિ હોવાથી તેને અવેદકસ્વભાવ કહેવામાં આવે છે. એ શબ્દનો પ્રયોગ 'સોગાનીજી'એ એક પત્રમાં કર્યો છે – અવેદકસ્વભાવ.

એક વખત તો ચર્ચામાં એ શબ્દનો પ્રયોગ કર્યો હતો. લોકો સહન ન કરી શકે એવી વાત છે. પણ એમ કહ્યું કે, 'જ્ઞાયક જાણે છે કે નહિ ?' તો એમ કહ્યું કે, 'ત્રિકાલી હૈ સો અંધા હૈ !' શું કહ્યું ? એને જ્ઞાયક કહેવો, એને આંધળો કહેવો, શું કહેવું છે આમાં ? કે, જાણવાની જે ક્રિયા છે એ અંશ ભિન્ન છે અને જ્ઞાયક ભિન્ન છે. એકનો બીજાંમાં અભાવ છે. જે જ્ઞાયક તત્ત્વ છે – સ્વભાવ તત્ત્વ છે એ જાણતું નથી. કેમકે એ શક્તિરૂપ છે. દીવાસળીના ટોપકામાં રહેલી અગ્નિ બાળતી નથી, પણ ભડકો થાય – એક તિખારો હોય તોપણ બાળે. આ ગેસના લાઈટરમાં તો તણખો જ આવે છે અને એક સેકંડના ઓછા ભાગમાં થઈને નાશ પામે છે, પણ સીધી ઝાળ પકડે છે કે નહિ ? પણ એની અંદર – લાઇટરની અંદર જે કાંકરી છે એમાં જે અગ્નિ છે એ બાળે નહિ. એવી લાખો દીવાસળી એક જગ્યાએ પડી હોય, ગ્યાસતેલનો,

પેટ્રોલનો ડબ્બો બાજુમાં પડ્યો હોય (તોપણ) ન બાળે (અને) એક તણખો હોય તો બધું સ્વાહા કરી નાખે ! એમ બન્નેના ધર્મો જુદાં-જુદાં છે. વ્યક્ત – પ્રગટ અવસ્થાનો ધર્મ જુદો છે (અને) અવ્યક્ત શક્તિનો ધર્મ જુદો છે. બન્નેના ધર્મ જુદાં-જુદાં છે.

શ્રોતા :– બધું કાઢી નાખશો તો આત્મામાં કાંઈ નહિ રહે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મામાં અનંત ગુણનું નિધાન છે. અનંત જ્ઞાન, અનંત દર્શન (રહેલાં છે) પણ શક્તિરૂપે, સામર્થ્યરૂપે. અનંત આનંદ, અનંત સુખ, અનંત શાંતિ, અનંત પ્રભુતા – પ્રભુ છે, પોતે પ્રભુ છે ! અનંત પ્રભુતા છે. એવું પ્રભુત્વ છે પણ શક્તિરૂપે છે. એ એટલા અનંત ગુણથી ભરેલો છે કે ગણતા... ગણતા... છેલ્લો ક્યો એવો કોઈ (ગુણ) આવે નહિ. ગણવા બેસે તો હવે આ ક્રમથી ગણતા... ગણતા... ગણતા... આ છેલ્લો ગુણ એમ આવે નહિ. ખાલી નથી – શૂન્ય નથી પણ અનંત ગુણથી ભરિતાવસ્થ છે – ભરેલો છે, ભરપૂર ભરેલો છે. 'સોગાનીજી' કહેતા 'લબાલબ ભરેલો છે.' સ્વભાવથી લબાલબ ભરેલો છે. જેમ કોઈ કહે ને કે, આને એટલું બધું લોહી છે કે, આને એક ચોંટકો ભરશોને ત્યાં લોહી નીકળશે. એમ સહેજ આમ અંતર્મુખ થઈને જ્યાં સ્પર્શ કરે ત્યાં અંદરથી પાતાળ ફાટે છે. અંદરથી આનંદના, શાંતિના ફુવારા ફાટે છે. સહેજ સ્પર્શ કરતાં જ ! એવું પરમ તત્ત્વ છે !!

**'વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે વેદન વર્તમાન અંશનું હોવા છતાં...'** એનું અવલંબન નથી અને અવલંબન અંશીનું – સ્વભાવનું હોવા છતાં તેનું વેદન નથી. પૂજ્ય બહેનશ્રીએ વચનામૃતમાં આ વિષય સ્પષ્ટ કર્યો. **'જોકે વર્તમાન અંશરૂપ વર્તતો ભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં 'હુંપણાના ભાવે' અભેદતા સાધી સ્વરૂપાનુભવ કરે છે;...'** વર્તમાન અંશમાં જે વેદન છે અને જે ત્રિકાળી અંશીનું અવલંબન લે છે – અનુભવ કરે છે એમ કહેવાય છે તે ત્રિકાળી સ્વભાવમાં 'હું'પણાના ભાવે – અહંપણે –

અહંબુદ્ધિથી અભેદતા સાધીને એટલે 'હું એ છું' એમ કહે છે.

ગુરુદેવ જરા જુદું પાડીને કહેતા કે, પર્યાય એમ કહે છે કે, 'હું ત્રિકાળી છું અને હું પર્યાય નથી.' પર્યાયને – વર્તમાન અંશને ભાષા આપી તો એણે શું કહ્યું ? કે, 'હું તો ત્રિકાળી છું !' પોતાનો અસ્તિત્વસ્વભાવ એ ત્રિકાળ દ્રવ્યમાં છે. એટલે હું છું – ત્રિકાળીમાં હું છું. પર્યાય પોતાનું અસ્તિત્વ ત્રિકાળીમાં સ્થાપે છે. એક જણે પ્રશ્ન ઉઠાવ્યો કે, 'પર્યાય જૂઠું નથી બોલતી ? જો આવી રીતે પર્યાયને ભાષા આપો કે, હું પર્યાય નહિ અને હું ત્રિકાળી, તો પર્યાય જૂઠું નથી બોલતી ?' પર્યાય સાચું બોલે છે. એનું અસ્તિત્વ છે એ ક્યાં છે ? ત્રિકાળીમાં છે. પર્યાય તો એક સમયમાં નાશ થશે તો પોતે મરી ગયો. ભાવમરણ એને કહે છે કે, સમય–સમયની અવસ્થામાં આખેઆખો પોતે પોતાને અવધારી લે છે એમાં તો એને ભાવમરણ ઉત્પન્ન થાય છે. એના નિમિત્તે કર્મ બંધાતા દ્રવ્યમરણ ઉત્પન્ન થાય છે. શરીરના ગ્રહણ-ત્યાગ થાય છે એ દ્રવ્યમરણ છે.

**'જોકે વર્તમાન અંશરૂપ વર્તતો ભાવ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવમાં 'હુંપણાના ભાવે'...'** એટલે 'હું'પણું કરીને ભાવથી અભેદતા સાધી અને સ્વરૂપઅનુભવ કરે છે. ત્રિકાળીનો અનુભવ કરે છે એમ કહેવાય છે. કરે છે તો પોતાની પર્યાયનો **'...તોપણ ત્રિકાળીમાં વેદન હોતું નથી;...'** તોપણ વેદન પર્યાયઅંશમાં મર્યાદિત છે, એથી આગળ નથી. **'...અને પર્યાયમાં રાગવેદન ગૌણ થઈ...'** અત્યાર સુધી જે પર્યાયમાં રાગને અભેદભાવે વેદતો હતો તે પર્યાયનું રાગવેદન ગૌણ થઈ અથવા ભિન્ન થઈ **'...જ્ઞાનવેદનનો આવિર્ભાવ થવા છતાં પણ તેનું એવું મુખ્યપણું ન થાય કે જેથી તેનું અવલંબન લેવાય'** જાય. શું આમાં કહેવું છે ?

પર્યાયમાં જે કાર્ય થયું એ એવું થયું કે, રાગની જે મુખ્યતા હતી એ છૂટી ગઈ. જ્ઞાનવેદનનો આવિર્ભાવ થયો એટલે એ મુખ્યપણે વેદાવા

લાગ્યું તોપણ એ મુખ્યતામાં મર્યાદા છે. એ જ્ઞાનની, આનંદની, શાંતિની અપૂર્વ પર્યાય(નો) અનુભવ છે તોપણ એની એટલી મુખ્યતા નથી થતી કે એનું અવલંબન લેવાય અને ત્રિકાળીનું અવલંબન ન રહે. ત્રિકાળીનું અવલંબન રહે ત્યારે જ આવી શાંતિ વેદાય. ત્રિકાળીનું અવલંબન છૂટતાં વર્તમાન શાંતિનું જો અવલંબન લેવાય તો શાંતિમાંથી અશાંતિ ઊભી થાય, શાંતિ ન રહે. શાંતિ મટીને અશાંતિ થઈ જાય. આ પરિસ્થિતિ ઊભી થાય. એટલે જ્યારે ઉપયોગ પોતાના જ્ઞાનવેદન ઉપર જતાં શાંતિનો અનુભવ થાય છે ત્યારે પણ અવલંબન ત્રિકાળીનું છે એ લક્ષમાં રાખવાની વાત છે. એક સાથે – Simultaneously વાત છે. એક જ સાથે બે પ્રક્રિયા છે.

એક જ પર્યાયમાં અવલંબન ત્રિકાળીનું (અને) વેદન વર્તમાનનું. વર્તમાન વેદન અપૂર્વ અને અસાધારણ હોવા છતાં એનું અવલંબન નહિ અને ત્રિકાળીનું વેદન નહિ. આમ એક સાથે અવલંબન અને વેદનનો જુદો–જુદો વિષય છે. જે અવલંબનનો વિષય છે તે વેદનનો વિષય નથી, વેદનનો વિષય છે તે અવલંબનનો વિષય નથી. આ પ્રકારની સૂક્ષ્મતાથી જે અજાણ છે એ સ્વાનુભૂતિમાં પ્રવેશ નથી કરતા. આવી એક સૂક્ષ્મતા અંદર રહેલી છે કે, અવલંબન કોનું ? અને અનુભવ કોનો ? એ વિષયથી જે અજાણ રહે છે (એનો) આ વિષય(માં) પ્રવેશ થતો નથી એટલે એને સ્વાનુભૂતિનો પ્રસંગ આવતો નથી.

આ પ્રકારની **'વિધિનો સંક્ષેપ વિચારતાં,...'** અથવા સંક્ષેપપણે વિચારતાં **'...પ્રગટ જ્ઞાનવેદન દ્વારા, સ્વભાવના પ્રત્યક્ષપણાનું, પ્રતીતિના બળથી વારંવાર ઉગ્રપણું થતાં (–અભેદભાવે 'હું આવો જ છું')...'** એમ થતાં **'...સ્વસંવેદનનો આવિર્ભાવ થાય છે.'** આ વિષય 'અનુભવ પ્રકાશ'માં છે. નીચે એ વાત લીધી છે, એમના નામનો ઉલ્લેખ કર્યો છે. પણ એમણે 'અનુભવ પ્રકાશ'માં બહુ સંક્ષેપમાં વિધિનો વિષય નિરૂપિત કરેલો છે.

'**...પ્રગટ જ્ઞાનવેદન દ્વારા,...**' ઉપયોગ દ્વારા '**...સ્વભાવના પ્રત્યક્ષપણાનું,...**' હું ત્રિકાળી પ્રત્યક્ષ – અનંત પ્રત્યક્ષસ્વભાવી આત્મા છું – એવી પ્રતીતિ; પ્રતીતિ સાથે પુરુષાર્થ – 'રુચિ અનુયાયી વીર્ય' પ્રતીતિને અનુસરતો પુરુષાર્થ, એવા '**...પ્રતીતિના બળથી વારંવાર ઉગ્રપણું થતાં...**' (એટલે) પુરુષાર્થમાં તીવ્રતા આવતાં – પુરુષાર્થમાં જોર થતાં '**...સ્વસંવેદનનો આવિર્ભાવ થાય છે.**' સ્વસંવેદન – જ્ઞાનવેદન જે તિરોભૂત છે તે આવિર્ભૂત થઈને ઊભરાઈને બહાર આવે છે. આ વિધિનો સંક્ષેપ છે. શું છે ? એકદમ ટૂંકાણમાં જો વિધિ લેવી હોય તો આ પ્રકારે છે.

પોતાના જ્ઞાનવેદન દ્વારા પોતે અનંત પ્રત્યક્ષ ત્રિકાળી સ્વભાવે છે, એમ જેટલું પ્રતીતિનું બળ વધે (એટલો) સ્વસંવેદનનો આવિર્ભાવ વધે. એવા '**...સ્વસંવેદનનો આવિર્ભાવ થાય છે. જેમાં શ્રદ્ધા અને જ્ઞાનની મૈત્રી છે.**' (અર્થાત્) પ્રતીતિ છે તે શ્રદ્ધા છે અને જ્ઞાનવેદન છે તે જ્ઞાનનો પર્યાય છે. જ્ઞાન સ્વભાવના પ્રત્યક્ષપણા ઉપર જોર દે છે. પ્રતીતિનો વિષય તો જ્ઞાનીને સ્વભાવ સિવાઈ બીજું કાંઈ છે જ નહિ. તેથી બન્ને એક જગ્યાએ પુરુષાર્થ સહિત કાર્ય કરે છે. ત્યારે સ્વાનુભવ – નિર્વિકલ્પ શુદ્ધોપયોગ જેને નિર્વિકલ્પ દશા કહે છે – વિકલ્પરહિત દશા કહે છે એવા સ્વસંવેદનની ઉત્પત્તિ એમાં થાય છે. આ કાર્યની વિધિ છે.

શ્રોતા :– આ લીટી ફરીવાર.

પૂજ્ય ભાઈશ્રી :– '**વિધિનો સંક્ષેપ વિચારતાં, પ્રગટ જ્ઞાનવેદન દ્વારા, સ્વભાવના પ્રત્યક્ષપણાનું,...**' પ્રત્યક્ષ સ્વભાવ છે એમ જ્યાં ભાસે, પ્રત્યક્ષ સ્વભાવ છે એમ જ્ઞાનવેદન દ્વારા જ્યાં ઉપયોગમાં આવે કે, આ તો પ્રત્યક્ષ છે ! અનુમાનથી નહિ, વેદનપ્રત્યક્ષ છે એના ઉપરથી ત્રિકાળ પ્રત્યક્ષ ઉપર જાય ત્યારે પ્રતીતિ સહિતનું જોર ઉત્પન્ન થાય છે કે જે સ્વસંવેદનને પ્રગટ કરે છે, નિર્વિકલ્પ અનુભવને – સ્વાનુભૂતિને પ્રગટ કરે છે, '**જેમાં શ્રદ્ધા અને જ્ઞાનની મૈત્રી છે.**' અથવા શ્રદ્ધા, જ્ઞાન અને

પુરુષાર્થ ત્રણેની એમાં મૈત્રી છે.

**'આ જ વિધિને 'અનુભવપ્રકાશ'માં સ્વ. શ્રી દીપચંદજી આ શબ્દોમાં વર્ણવે છે.'** તેની તે વાત, ઉપરની વાત પણ એમના જ કેટલાક શબ્દો છે અને નીચેની વાતમાં તો એમના જે અવતરણ ચિહ્નમાં શબ્દો છે, બે વાક્યો લીધા છે એ બન્ને વાક્યો એમના પોતાના શબ્દોમાં જ છે.

**'જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે અનુભવ છે.'** સ્વાનુભવ કોને કહેવો ? સ્વાનુભૂતિ કોને કહેવી ? (તો કહે છે કે) જ્ઞાનનો પ્રત્યક્ષ રસ (અર્થાત્) જ્ઞાનમાં જે પ્રત્યક્ષતા છે એનો રસ વેદવો – એની શક્તિ ભાવની અંદર વેદવી તેને સ્વાનુભવ કહેવામાં આવે છે. સ્વાનુભવ બીજી કોઈ ચીજ નથી પણ જ્ઞાનમાં રહેલો જે જ્ઞાનરસ (છે) એને પ્રત્યક્ષપણે વેદવો – પ્રત્યક્ષ કરીને અનુભવમાં લેવો. જ્ઞાની એને પ્રત્યક્ષ કરી–કરીને અનુભવમાં લે છે તે અનુભવ છે. એટલું એક વચન પડ્યું છે.

બીજું એમનું વચનામૃત છે **'પોતાને જ પ્રભુ સ્થાપ,...'** આત્મા તે જ પરમાત્મા છે, તે જ પરમ તત્ત્વ છે – મૂળ સ્વરૂપ છે. **'...પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર.'** એને દૂર ન જો. એને પ્રત્યક્ષ કરીને નજીક જો. એની સમીપ જઈને જો કે, હું પોતે જ છું. **'પોતાને જ પ્રભુ સ્થાપ,...'** – શ્રદ્ધા અને જ્ઞાનમાં પ્રત્યક્ષપણે પોતાની સ્થાપના પ્રભુપણે કર અને **'...પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર. અર્થાત્ પોતાનું પરમપદ, ભિન્ન રહીને ન અનુભવી શકાય.'** અભિન્નભાવે – અભેદભાવે પોતાનો સ્વાનુભવ કર. **'...ભિન્ન રહીને (–અવલોકનની પર્યાયમાં ઊભા રહીને)...'** એને ભિન્નપણે ન જોઈ શકાય, પોતાનું પરમપદ ભિન્ન રહીને **'...ન અનુભવી શકાય.'** જુદાં પરતત્ત્વને નથી જોવું, સ્વયંને જોવો છે. એવી રીતે એમાં સ્વપણું આવે છે ત્યારે જ વજન આવે છે. સ્વપણું ન આવે ત્યાં સુધી પરતત્ત્વ ઉપર વજન (રહે છે), (સ્વતત્ત્વ) ઉપર વજન આવતું નથી – પુરુષાર્થ આવતો નથી.

શ્રોતા :– અવલોકનની પર્યાયમાં ઊભા રહીને પણ નહિ ?

સમાધાન :– નહિ, પરતત્ત્વ તરીકે નહિ. જોઉં છું, જોઉં છું... હું જોયા કરું... જોયા કરું... જોયા કરું... (એમ) પરને જોવું નથી. સ્વપણે પોતાને જોવું છે. પોતાનું પરમપદ ભિન્ન રહીને અવલોકનપર્યાયમાં ઊભા રહીને ન કરી શકાય. અવલોકનની પર્યાયમાં ઊભા રહીને, એમ (કહેવું છે). અવલોકનની પર્યાયમાં અવલોકન કરવાની વાત આવી પણ હજી પર્યાયમાં ઊભા રહેવાની જે પદ્ધતિ છે એ પદ્ધતિથી પોતે ભિન્ન રહી જશે એટલે પોતાના પરમપદમાં અહંપણું સ્થાપવું છે. વર્તમાન અવસ્થામાં અવલોકન કરતી પર્યાયમાં પણ અહંપણું સ્થાપવું નથી, એમ કહેવું છે.

શ્રોતા :– 'સોગાનીજી'એ ઘણી જગ્યાએ આવું લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પર્યાયમાં ઊભો રહીને દ્રવ્યને ન દેખ, એમ કહે છે. એ ઘણીવાર કહે છે કે, પર્યાયમાં ઊભો રહીને તું દ્રવ્યને ન જો.

શ્રોતા :– જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો એટલે સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છું એમ કહેવું છે ?

સમાધાન :– એમાં શું છે કે, જ્ઞાનમાં પણ પ્રત્યક્ષતા છે અને સ્વરૂપમાં પણ પ્રત્યક્ષતા છે. જ્યાં રસ જામે છે ત્યાં પછી ભિન્ન–ભિન્નપણું – ભેદ છૂટી જાય છે, ભેદ છૂટી જાય છે. એકરસ થઈ જાય છે. રસનો અનુભવ છે એમાં (એવું છે કે) માણસ એક મીઠાઈનો ટુકડો રસથી ખાય તો અંદરમાં શું નાખ્યું છે એ ભૂલી જાય કે આમાં કેસર નાખ્યું છે કે આમાં પિસ્તા નાખેલા છે કે આમાં બદામ નાખેલી છે કે આમાં ફલાણા ગામનું ચોખ્ખું ઘી વાપરેલું છે – (એ) બધું ભૂલી જાય છે. કેમકે ત્યાં એને રસ છે. રસની અંદર ભંગ-ભેદ ઉત્પન્ન થતો નથી.

**'જે નિજાત્મતત્ત્વની ઓળખાણ થાય છે તે શક્તિરૂપે હોવા છતાં અવિકૃતપણે, અંતર્મુખપણે દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો તેનો**

**સ્વભાવ છે.**' શું કહે છે કે, '**જે નિજાત્મતત્ત્વની ઓળખાણ થાય છે તે શક્તિરૂપે હોવા છતાં અવિકૃતપણે, અંતર્મુખપણે દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો તેનો સ્વભાવ છે તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં...**' '**જોતાં**' એટલે '**(–માત્ર વિચારતાં નહિ),...**' તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં એટલે વિચારતાં નહિ, જોતાં અને જોતાંની સાથે '**...ભાવતાં શક્તિનું વ્યક્ત પરિણમન થવા લાગે છે.**' આ પણ વિધિનો પ્રકાર છે. એક કાર્યની પદ્ધતિને વિધિના કેટલા પાસા છે, એ એક–એક પાસા ખુલ્લા કરે છે.

'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'ની જે અનુભવ કરવાની કાર્યપદ્ધતિ અને વિધિને નિરૂપણ કરવાની (શૈલી છે એ) જેટલી–જેટલી વાર એમણે એ વાત લીધી છે એ જુદાં–જુદાં પાસાથી લીધી છે. સમગ્રપણે વિધિનો એક પ્રકાર છે. છતાં એની સૂક્ષ્મતા કેટલી છે કે, અનુભવી મહાત્માઓ એના સૂક્ષ્મમાં સૂક્ષ્મ પ્રકારો વ્યક્ત કરે છે કે, અમે આ રીતે અનુભવ કરીએ છીએ, આ રીતે અનુભવ કરીએ છીએ, આ રીતે અનુભવ કરીએ છીએ.

પહેલો વિષય અવલંબન અને વેદનનો સ્પષ્ટ થયો. પછી સ્વભાવના પ્રત્યક્ષપણાથી પ્રતીતિનું બળ વારંવાર ઊપજતાં અનુભવ થાય એ એક અનુભવની કાર્યપદ્ધતિનું પડખું લીધું. બીજું પોતામાં જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો – જે પ્રગટ જ્ઞાનનો પ્રત્યક્ષ રસ છે એને ભાવમાં વેદવો, એથી એ પોતે જ અનુભવ છે. પોતાના પરમાત્મતત્ત્વને પ્રભુપણે સ્થાપતા અને સમીપ એટલે 'હું' પણે અનુભવ કરતાં અનુભવ થાય છે. એને દૂરપણે અવલોકન કરતાં અનુભવ થતો નથી. એટલે કે એ રીતે અનુભવ થાય છે. હવે એક બીજી વધારે સૂક્ષ્મ વાત અહીંથી લીધી છે.

નિર્ણયના કાળમાં – ભાવભાસનના કાળમાં જે નિજાત્મતત્ત્વની ઓળખાણ થાય છે ત્યારે કેવો સ્વભાવ ભાસે છે ? કે, છે તો શક્તિરૂપે. શક્તિરૂપે હોવા છતાં વ્યક્તિરૂપે થવાનો – ક્યા પ્રકારે વ્યક્તિરૂપે થવાનો

એનો સ્વભાવ છે – એમ સ્વભાવ ભાસે છે. ફરીને, શક્તિ તો શક્તિરૂપે છે પણ શક્તિ શક્તિરૂપે રહીને વ્યક્તિરૂપે પરિણમે તો એ વ્યક્તિરૂપે પરિણમવાનો એનો સ્વભાવ કેવો છે ? કેવા પ્રકારે એ વ્યક્તિરૂપે પરિણમે એવો એનો સ્વભાવ છે – એવી શક્તિ છે ? એનું વર્ણન એ પ્રકારે છે કે, '**...અવિકૃતપણે,...**' એટલે અવિકારપણે. '**...અવિકૃતપણે, અંતર્મુખપણે...**' બન્નેમાં 'પણે, પણે' લીધું છે ને ? '**...અવિકૃતપણે, અંતર્મુખપણે દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવે...**' વિષય જરા સૂક્ષ્મ પડશે પણ વિષય થોડો રુચિથી સમજવા જેવો છે.

'**...અવિકૃતપણે, અંતર્મુખપણે દ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો તેનો સ્વભાવ છે.**' એવી ઓળખાણ થાય છે અને એવી ઓળખાણ થતાં '**...તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં...**' (અર્થાત્) તે દૃષ્ટિકોણથી જોવું (એટલે કે) અવલોકન કરતાં, વિચાર પણ નહિ. એટલે એનું વર્તમાન પકડે છે – સ્વભાવનું વર્તમાન પકડે છે. વિચારમાં તો ત્રિકાળી સ્વભાવ છે, અવલંબનમાં એનું વર્તમાન છે. અવલંબનમાં ત્રિકાળી નથી. એટલે એને 'પદ્મપ્રભમલધારીદેવ' 'કારણશુદ્ધપર્યાય'માં લઈ ગયા છે. તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં અને સ્વપણે ભાવતાં. એના ઉપર ભાવ આવે છે. ભાવે (એટલે) એમ કહે ને કે, 'અમને આના ઉપર બહુ ભાવ છે.' અતિ રાગ હોય તો શું કહે ? 'અમને એના ઉપર બહુ ભાવ છે, એને જોતાં ભાવ આવે છે.' માણસ એમ નથી કહેતા ? એ એની રુચિને, પ્રીતિને અને રસને બતાવે છે. તે દૃષ્ટિકોણથી સ્વભાવને જોતાં, ભાવતાં... ભાવતાં જ '**...શક્તિનું વ્યક્ત પરિણમન થવા લાગે છે.**' (અર્થાત્) એ શક્તિનું જેવું એનું સ્વભાવરૂપે – અવિકૃતપણે, અંતર્મુખપણે વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો જે સ્વભાવ છે તેવું જ એનું પરિણમન થવા લાગે છે.

'**દ્રવ્યાનુસારી શુદ્ધ પરિણમન ઉત્પન્ન થવાનું આ વિજ્ઞાન છે.**' શું કહે છે ? કે, આવી જે શક્તિ છે (એટલે કે) અવિકૃત, અંતર્મુખ

વ્યાપ્યવ્યાપકભાવે પરિણમવાનો જેનો સ્વભાવ છે – એવું જે દ્રવ્યનું શક્તિરૂપ સ્વરૂપ છે એને દ્રવ્યાનુસારી (એટલે) એને અનુસરીને જે શુદ્ધ પરિણમન થાય તે આ પ્રકારે ઉત્પન્ન થાય છે. એવું આ વસ્તુનું વિજ્ઞાન છે, શુદ્ધતા ઉત્પન્ન કરવાનું આ વિજ્ઞાન છે. કેવી રીતે શુદ્ધ પરિણમન ઉત્પન્ન થાય એની આ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે.

શ્રોતા :– આ વિજ્ઞાનથી સમાજને શું લાભ ?

સમાધાન :– સમાજ એટલે બધા આત્માઓનો સમૂહ કે પરમાણુનો સમૂહ ? સમાજ કોણ ? જે વ્યક્તિને લાભ છે તે સમષ્ટિને લાભ છે. એક આત્માને લાભ થાય, બીજાં આત્માને લાભ થાય, ત્રીજા આત્માને લાભ થાય, અનેક આત્માને લાભ થાય. સમાજ તો એક સમૂહવાચક નામ છે. અનેક વ્યક્તિઓનો સમૂહ તે સમાજ. સમૂહવાચક નામ છે ને ? તો એક વ્યક્તિને લાભ થાય, બીજીને થાય, ત્રીજીને થાય, ચોથીને થાય તો સમાજને લાભ થયો કે ન થયો ? એક વ્યક્તિને લાભ થાય ત્યારે બધાને લાભ ન થાય અને વારાફરતી થાય એમ ગણો તો જે વ્યક્તિને લાભ થાય એ વ્યક્તિ બીજાંને કેવી રીતે લાભ થાય એ કહી શકે. નહિતર વિષય એટલો ગૂઢ છે, એટલો ગુપ્ત છે – આ ગુપ્ત ચમત્કાર સૃષ્ટિને લક્ષમાં નથી. 'શ્રીમદ્જી'એ કહ્યું ને કે, આ ગુપ્ત ચમત્કાર છે. સંસારીપ્રાણીમાંથી પરમાત્મા થઈ જાય એવો આ ગુપ્ત ચમત્કાર છે ! આ જાદુગર લોકો બકરામાંથી માણસ કરે છે કે નહિ ? એ તો બધા Trickscene છે. માણસ માણસ રહે છે અને બકરો બકરો રહે છે, એ તો ફેરવી નાખે છે. અહીંયાં તો સંસારીપ્રાણીમાંથી, તિર્યંચમાંથી સિદ્ધ થઈ જાય એવો આ ખરેખર ચમત્કાર છે. એવો જે ચમત્કાર છે એ સમાજને કહી શકે છે, સમજાવી શકે છે, સમાજમાં એનું નિરૂપણ કરી શકે છે. એ સમાજને લાભ ખરો કે નહિ ?

આપણે કેમ કહીએ છીએ કે, આવા વીતરાગધર્મના – નિર્ગ્રંથમાર્ગના

પ્રકાશક શ્રીગુરુ જયવંત વર્તો ? આપણે શું કહીએ છીએ ? શ્રીગુરુ જયવંત વર્તો ! જયવંત વર્તો નહિ ત્રિકાળ જયવંત વર્તો !! એમ કહીએ છીએ કે નહિ ? હવે એક દ્રવ્ય તો બીજાં દ્રવ્યનું કરી શકતું નથી. શું વિજ્ઞાન છે ? છતાં એમ કેમ કહીએ છીએ ? નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ જગતમાં છે. એ નિમિત્ત–નૈમિત્તિક સંબંધ જોઈને એમ કહેવાય છે કે, જો શ્રીગુરુ જયવંત હોય, જીવંત હોય – જયવંત હોય એટલે જીવંત હોય તો એમના ઉપદેશથી અનેક જીવો સંસાર પાર કરી જાય છે. કરી જાય છે કે નહિ ? એટલા માટે જયવંત વર્તો – ત્રિકાળ જયવંત વર્તો એમ કહેવાય છે. એ સમાજને લાભ ખરો કે નહિ ? નહિતર તો ગુરુની તબિયત બગડે તો કાંઈ નહિ, એ તો એમનો પૂર્વકર્મનો ઉદય છે. આપણે એમાં ફેરફાર કરી શકતા નથી. એ પોતે ન કરી શક્યા (તો) આપણે ક્યાંથી કરી શકીએ ? ચાલો આપણે ઘરભેગા થઈ જાઓ. શું કરવું ? તો પછી ગુરુની વૈયાવૃત્ત્ય કરવી – ગુરુની સેવા કરવી એ પ્રશ્ન રહેતો નથી. કેમકે સમાજને શું લાભ છે ? એમને લાભ થયો પણ સમાજને શું લાભ છે ? એમાંથી સમાજને લાભ છે. અનેક–અનેક જીવોને લાભ થાય છે. એ સમાજનો જ લાભ છે ને બીજું શું છે ? એમના નિમિત્તે થાય કે ન થાય ? કર્તા થઈને ન થાય પણ નિમિત્તપણે તો કાર્ય થાય કે ન થાય ?

(અહીંયાં કહે છે) **'આમ વર્ણનના અનેક પ્રકાર હોવા છતાં...'** હવે શું છે, એ ત્રણ-ચાર પ્રકારે વિધિનો વિષય લીધો એમ અનેક પ્રકારે વર્ણન હોવા છતાં, ભિન્ન–ભિન્ન ધર્માત્માઓની વાણીમાં એ વિધિનું વર્ણન અનેક પ્રકારે આવે છે **'...છતાં 'વિધિ' તો એક જ પ્રકારે છે.'** જે પ્રકાર સમગ્રપણે છે એ પ્રકાર બધાનો એક સરખો જ છે. કહેવાની પદ્ધતિ કોઈની કોઈ પડખેથી, કોઈની કોઈ પડખેથી, કોઈની કોઈ પડખેથી (છે) છતાં પણ બધાને પરિણમવાનો અને કાર્યની પદ્ધતિનો પ્રકાર તો એક

જ છે.

**'પ્રસિદ્ધ લક્ષણથી પ્રસાધ્યમાન સ્વભાવની / પરમતત્ત્વની મહાનતા જ એવી છે કે સમસ્ત જગત સહજ ગૌણ થઈ જાય.'** આખું જગત ગૌણ થઈ જાય એવી જ એની મહાનતા છે ! પણ એ મહાનતા ક્યારે ? કે, પ્રસિદ્ધ લક્ષણથી પ્રસાધ્યમાન જે સ્વભાવ છે એની પ્રસિદ્ધિ થાય ત્યારે – જ્ઞાનમાં એની ઓળખાણ થાય ત્યારે. એ પણ લક્ષણનું લક્ષણ છે. આ લક્ષણ એટલે ઓળખાણ થઈ – લક્ષણથી ઓળખાણ થઈ, ઓળખાણ થઈ એનું શું લક્ષણ ? (તો કહે છે કે) આખું જગત એને ગૌણ થયાં વિના રહે નહિ. કેમકે જે લક્ષણથી – જે જ્ઞાનલક્ષણથી – પ્રસિદ્ધ જ્ઞાનલક્ષણથી આત્મા લક્ષમાં આવ્યો, પરમ તત્ત્વની ઓળખાણ થઈ એ એટલું મહાન છે કે, આખું જગત સહજપણે ગૌણ થઈ જાય છે. જગતને ગૌણ કરવા માટે કોઈ કૃત્રિમતા કરવી પડતી નથી, કોઈ વિચારણા કરવી પડતી નથી, સહજ જ થાય છે. એટલી મહાનતા છે કે એની મહાનતા પાસે આખું જગત તુચ્છ ભાસે છે.

**'જગતનું ગૌણપણું કરવા માટે કૃત્રિમ વિકલ્પ અથવા કોઈ અન્ય ચેષ્ટા કરવી પડે નહિ.'** બીજો કોઈ પ્રયત્ન ન કરવો પડે. કોઈ વિચારણા કરવી પડે નહિ, એ એનું લક્ષણ છે કે ઓળખાણ થઈ છે. આત્માની મહાનતા એટલી ભાસે છે કે, એની ગૌણતા થાય જ નહિ, એની મુખ્યતા રહ્યા જ કરે અને એની મુખ્યતામાં જ પરિણમનનો પ્રવાહ ચાલે. એની ગૌણતા થાય જ નહિ એ ઓળખાણ થયાંનું લક્ષણ છે. પરિણમનનો દોર મુખ્યતા-ગૌણતા ઉપર છે. જીવના પરિણમનનો દોર મુખ્યતા-ગૌણતા ઉપર છે. જીવ શેની મુખ્યતા કરે છે એના ઉપર એના પરિણમનનો પ્રવાહ ચાલ્યો જશે. બીજું જાણતો હશે તોપણ ગૌણ રહી જશે. ખબર છે આત્મા પરમાત્મા છે પણ અત્યારે અમને આ બધી ઉપાધિ છે એનું શું ? એની મુખ્યતામાં આત્મા પડ્યો રહેશે. અને પ્રતિકૂળતાના ગંજ

ખડકાઈ ગયા હશે, આખી દુનિયા પ્રતિકૂળ થઈ ગઈ હશે પણ જેને પોતાના પરમ તત્ત્વની મુખ્યતા આવશે એનો પરિણમનનો પ્રવાહ અંતર્મુખ થઈને ચાલશે. એને કોઈ આધિ, વ્યાધિ, ઉપાધિ દુઃખ ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે. એને દુઃખ ઉત્પન્ન કરી શકતી નથી.

**'પ્રથમ શુદ્ધોપયોગનો જન્મ ઉક્ત ભેદજ્ઞાનના પ્રયાસનું ફળ છે.'** હવે, પહેલુંવહેલું જે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે – જે શુદ્ધોપયોગના કાળે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, એ પ્રથમ શુદ્ધોપયોગ છે. પહેલાં શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ છે. એ જ વખતે સ્વરૂપલીનતા છે. 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' એનો પહેલોવહેલો ત્યાંથી પ્રારંભ થાય છે. તે શુદ્ધોપયોગનો જન્મ ઉક્ત ભેદજ્ઞાનના પ્રયાસનું ફળ છે.

જ્યારે જીવ ભેદજ્ઞાનરૂપ વિધિમાં પ્રવેશ કરે છે અથવા પ્રથમ ઉપરના ભેદજ્ઞાનથી ઓળખાણ કરે છે, ઓળખાણ થઈને સહજ ભેદજ્ઞાનમાં પ્રવર્તે છે ત્યારે એનું પરિણામ સરવાળે શુદ્ધોપયોગમાં આવે છે. પરિણામ એટલે ફળ. **'...અને ત્યારે જ સર્વગુણાંશ એવું સમ્યક્ત્વ પ્રગટ થાય છે,...'** ત્યારે આત્માના અનંત ગુણો શુદ્ધ થઈને સમ્યક્ત્વરૂપે પ્રગટ થાય છે. એ સમ્યક્ત્વનું લક્ષણ છે કે જેમાં સર્વ ગુણો – અનંતે અનંત ગુણ સમ્યક્ થઈને – સમીચીન થઈને – અંતર્મુખ થઈને પરિણમવા લાગે છે. **'...અહીંથી જ સાક્ષાત્ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે.'** અહીંથી મોક્ષમાર્ગ શરૂ થાય છે.

**'મોક્ષમાર્ગી ધર્માત્માને ભેદજ્ઞાન યાદ કરવું પડતું નથી કે ગોખવું પડતું નથી.'** જે મોક્ષમાર્ગમાં ઊભા છે અથવા વિચરે છે એવા ધર્માત્માને ભેદજ્ઞાન સહજ જ થયાં કરે છે. એને યાદ કરવું પડે, ગોખવું પડે, સ્મરણમાં લેવું પડે એમ નથી, ચાલતું જ હોય છે. શું છે કે, એ જ્ઞાનની ધારા – જ્ઞાન જ્ઞ... જ્ઞ... 'જ્ઞ'પણે જ્ઞાનની પરિણામની ધારા તો અવિરતપણે ચાલુ જ છે. એ જ્ઞાનધારા ઉપર પોતાના સ્વપણાથી એવી પકડ છે કે, એ

રાગથી છૂટા પડી ગયા છે. એટલે જે કાંઈ રાગાદિ થાય છે તે જણાય છે. અન્ય જ્ઞેયોની પણ જ્ઞાનમાં આકૃતિ આવે છે એ પણ જણાય છે પણ બધું પરપણે જણાય છે. સ્વપણે પોતાના જ્ઞાનસ્વભાવ સિવાઈ કાંઈ જણાતું નથી. એ સહજ જ છે.

જ્ઞાનની ધારા 'જ્ઞ'પણે તો બધા જીવને ચાલે છે. જ્ઞ... જ્ઞ... 'જ્ઞ'પણે જ્ઞાનની ધારા તો બધા જીવને ચાલે છે પણ સ્વપણું બીજે હોવાથી – સ્વપણે બીજે લક્ષ હોવાથી (એટલે કે) રાગમાં અને રાગના વિષયમાં (લક્ષ હોવાથી) પોતે આનાથી જુદો પડી ગયો છે (એટલે કે) પોતાના જ સ્વભાવથી પોતે જુદો પડી ગયો છે અથવા પોતાના સ્વભાવને પોતે વિસ્મૃત કરી દીધો છે, ચૂકી ગયો છે. એટલે 'શ્રીમદ્જી' કહે છે કે, જેણે અવ્યક્તને વ્યક્ત કર્યું (અર્થાત્) આવું જે તત્ત્વ – પરમ તત્ત્વ અનાદિથી અવ્યક્ત હતું એને વ્યક્ત કર્યું અને આખું જગત વ્યક્તપણે પ્રતિભાસતું હતું તેને જેણે અવ્યક્ત કર્યું એટલે ગૌણ કરી નાખ્યું એવા મહાત્માઓને નમસ્કાર હો ! મથાળું બાંધે છે ને ? એમણે પત્રના મથાળા આવા બાંધ્યા છે.

તેમને (જ્ઞાનીને) ભેદજ્ઞાન યાદ કરવું પડતું નથી, ગોખવું પડતું નથી **'...પરંતુ સહજ એટલે કે...'** ભેદજ્ઞાનનો **'...વિકલ્પ કર્યા વિના ભેદજ્ઞાન સવિકલ્પદશામાં પણ, પરિણતિરૂપે નિરંતર વર્તે છે.'** એ એમની ભેદજ્ઞાનની પરિણતિ થઈ ગઈ છે. ઉપયોગ બહાર જાય છે, પુરુષાર્થની મંદતાને લીધે ઉપયોગ બહાર જાય છે. એ પુરુષાર્થની મંદતા છે એટલો દોષ છે પણ તે અલ્પ દોષ છે અને એવા અલ્પ દોષને લઈને પણ ઉપયોગ બહાર જાય છે તોપણ ભેદજ્ઞાન છૂટતું નથી, ભેદજ્ઞાન ચાલુ ને ચાલુ રહે છે. એટલે ઉપયોગથી પણ અભેદતા નથી થતી. રાગ સાથે કે પરદ્રવ્ય સાથે ઉપયોગથી અભેદતા સધાતી નથી. ઉપયોગમાં પણ જુદાંપણું રહી જાય છે. કેમકે લબ્ધ-ઉપયોગ થઈને એક પર્યાય હતી. લબ્ધ-ઉપયોગ

થઈને એક પર્યાય હોવાથી ઉપયોગ ભિન્ન રહે છે, ઉપયોગ તન્મય થતો નથી. તીવ્ર રાગ આવે તોપણ ઉપયોગ રાગમાં તન્મય ન થાય. ઉપયોગ જુદો ને જુદો રહે, ગમે તે અવસ્થામાં ઉપયોગ જુદો ને જુદો જ રહે. ઉપયોગની દિશા પર તરફ (અને) લબ્ધની દિશા સ્વ તરફ – એક પરિણામમાં બે દિશા થવા છતાં એ પર તરફની દિશાવાળો અંશ એકત્વ સાધતો નથી. કેમકે પર્યાય અખંડ એક છે માટે. ઉપયોગ ઉપર પરિણતિનો પ્રભાવ છે, પરિણતિ ઉપર ઉપયોગનો પ્રભાવ નથી આવતો. બે અંશમાં લબ્ધઅંશ બળવાન છે, ઉપયોગ નિર્બળ છે. એટલે ઉપયોગ બેકાર જાય છે. જ્ઞાનીનો બાહ્ય પદાર્થમાં જતો ઉપયોગ, બાહ્ય પ્રવૃત્તિમાં રહેતો ઉપયોગ નિષ્ફળ જાય છે એનું કારણ આ છે.

શ્રોતા :– ઉપયોગમાં ભિન્નતા રહે છે, લબ્ધમાં તો ભિન્નતા છે જ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઉપયોગમાં ભિન્નતા રહે છે, એકત્વ ન થાય, તન્મય ન થાય. નહિતર તો તીવ્ર રસથી જ્યારે ક્રોધ થાય;... માનો જ્ઞાનીને ક્રોધ થયો, જ્ઞાનીને ક્રોધ થાય ? બીજાંને ખબર પડે એવી રીતે ક્રોધ થાય, બીજાંને ખ્યાલ આવે કે, અત્યારે ગુસ્સો છે. છતાં ઉપયોગ તન્મય ન થાય. એ જ તો એનો જાદુ છે, એનો ચમત્કાર જ એ છે ! ત્યારે તો બંધાતો નથી, એમ કહે છે. ઉપયોગ પ્રતિબદ્ધપણાને નહિ પામતો હોવાથી, તન્મયપણે પ્રતિબદ્ધતા નહિ સાધતો હોવાથી જ્ઞાની ભિન્ન રહે છે, એ જ જ્ઞાનીનું જ્ઞાનત્વ છે. બીજું કાંઈ નથી. નહિતર તો પ્રક્રિયા સામાન્ય માણસ જેવી હોય છે – ખાય છે, પીવે છે, બોલે છે, રાગ-દ્વેષ, મોહ બધા પરિણામ જોવામાં આવે છે. રાગ-દ્વેષ, મોહના પરિણામ જે સામાન્ય માણસને જોવામાં આવે એવા જોવામાં આવે છે. પરિવારના એક સ્વજનનું મૃત્યુ થાય તો રડવું આવે. બીજાં પણ રડે છે અને જ્ઞાની પણ રડે છે, રડતા જોવે ! ઠીક ! (પણ) તન્મય નથી. ગુસ્સો થાય તેમાં તન્મય નથી, રાગમાં તન્મય નથી. આ તો વિશેષતા છે.

શ્રોતા :– જ્ઞાનદશા છે તો પરિણતિથી જુદાં રહે છે.

સમાધાન :– નહિ.. નહિ.. નહિ... ઉપયોગમાં પણ ભિન્નતા રહે છે. ઉપયોગમાં તન્મયતા થતી નથી. કારણકે ઉપયોગ અને લબ્ધ એ તો એક પરિણામના બે ભેદ પાડ્યા છે. ખરેખર તો એક અખંડ પર્યાય છે. એક અખંડ પર્યાયમાં લબ્ધ બળવાન છે, ઉપયોગ નહિ. એટલે ભિન્ન રહે છે. બળ તો લબ્ધનું છે, પ્રભાવ લબ્ધનો છે. ઉપયોગ તો બિલકુલ ઉપરછલ્લો ગયો છે (અને) ઉપરછલ્લો ઉપયોગ છે એની કાંઈ અસર નથી. એટલે એમાં તન્મયતા આવતી નથી. તન્મય થાય તો ખલાસ થઈ ગયું, તો દશા પલટીને અજ્ઞાન અને મિથ્યાત્વમાં આવી જાય.

શ્રોતા :– મિથ્યાદષ્ટિનો ઉપયોગ જ્યાં જાય ત્યાં એકત્વ સાધી લે છે ?

સમાધાન :– હા, એકત્વ સાધી જ લે છે. જ્યાં–જ્યાં મિથ્યાદષ્ટિનો ઉપયોગ જાય ત્યાં એકત્વ સાધે છે. જ્ઞાની એકત્વને સાધતા નથી. આ તો એમની વિશેષતા છે.

(સમય થયો છે, વિશેષ આવતીકાલના સ્વાધ્યાયમાં લેશું).

❄ ❄ ❄

**આત્મસ્વરૂપ - સ્વભાવ અનંત ગંભીર છે. જેટલી અનંત ગંભીર સ્વ-વસ્તુ છે, તેટલી ભાસ્યા વિના યથાર્થ સહજ મહિમા આવે નહિ. પરંતુ પોતાના સ્વભાવની ગંભીરતા ભાસતાં (સવિકલ્પ જ્ઞાનમાં) એવો મહિમા આવે કે એ મહિમા વૃદ્ધિગત થઈને વિકલ્પને ઓળંગી જાય છે. વિકલ્પને રોકવો પડતો નથી, પરંતુ વિકલ્પ ઉત્પન્ન થતો જ નથી. એવો નિર્વિકલ્પ ભાવનો આવિર્ભાવ થાય છે, ત્યાં સહજ અતિન્દ્રિય આનંદનો સ્વાનુભવ થાય છે.** –પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની–૩૫૦)

## પ્રવચન-૧૨
## તા. ૨૩-૦૩-૧૯૯૦

('સુવિધિ'નું પ્રકરણ ચાલે છે). (ભેદજ્ઞાનના) ફળસ્વરૂપે પ્રથમ શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થાય છે. શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થાય છે એટલે કે, ઉપયોગ પોતાના ત્રિકાળી દ્રવ્યસ્વરૂપના આશ્રયે પોતાના સ્વસંવેદનભાવે પરિણમન કરે છે. કોઈ અન્ય જ્ઞેય ત્યારે જ્ઞાનમાં ઉપયોગરૂપે થતું નથી અથવા કોઈ અન્ય જ્ઞેય ઉપર ઉપયોગ જતો નથી પણ ઉપયોગ એકાકારભાવે, વ્યાપ્યવ્યાપકપણે સ્વરૂપમાં એકાગ્ર થઈને પરિણમે છે ત્યારે બુદ્ધિપૂર્વકના શુભાશુભ રાગની ઉત્પત્તિ થતી નથી. તેથી તેની સાથે ઉપયોગનું જોડાણ પણ થતું નથી. કેમકે એ વખતે શુભાશુભ ભાવ જ નથી તો જોડાણ કોની સાથે થાય ? પોતાના સ્વરૂપમાં એકાગ્ર છે એને શુદ્ધોપયોગ કહે છે.

પ્રથમ શુદ્ધોપયોગ વખતે જ અનાદિથી જે મિથ્યાત્વનો અભાવ નથી થયો, મિથ્યાત્વકર્મની પ્રકૃતિનો ઉદયનો પણ અભાવ નથી થયો. જીવના પરિણામમાં દર્શનમોહના ઉત્પાદ્‌રૂપ પરિણામનો પણ અભાવ નથી થયો. એ પ્રથમ અભાવ થાય છે. અહીંયાં ઉપશમરૂપે અભાવ છે, ક્ષયરૂપે કે ક્ષયોપશમરૂપે પ્રથમ અભાવ નથી થતો. પ્રથમ ઉપશમ જ થાય છે.

એ ઉપયોગ સ્વરૂપલીનતારૂપ હોવાથી એને સ્વરૂપાચરણચારિત્ર પણ

કહે છે. આગમ વિવક્ષાથી ત્યાં અનંતાનુબંધીની ચારિત્રની પ્રકૃતિના ઉદયનો અભાવ હોવાથી ભાવમાં પણ ચારિત્રના અનંતાનુબંધીના પરિણામનો અભાવ હોવાથી એને ત્યાં સ્વરૂપાચરણચારિત્ર પણ કહેવામાં આવે છે. એ રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્રનું અને બધા જ ગુણોનું આત્મા આશ્રિત આત્મામાં એકાગ્ર થઈને જે પરિણમન થાય છે ત્યારે મોક્ષમાર્ગ અથવા ધર્મની શરૂઆત થાય છે. એટલે '**...ત્યારે જ સર્વગુણાંશ એવું સમ્યક્ત્વ પ્રગટ થાય છે,...**' આ સમ્યક્ત્વનું સર્વ ગુણોની પ્રધાનતાપૂર્વકનું વચન છે – 'સર્વગુણાંશ સમ્યક્ત્વ'

'**અહીંથી જ સાક્ષાત્ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે.**' વાસ્તવિક મોક્ષમાર્ગનો પ્રારંભ અહીંથી થાય છે. એ પહેલાં જે ભેદજ્ઞાનનો પ્રયત્ન હતો અને સ્વરૂપનિશ્ચય થઈને દિશાફેર થયો હતો તોપણ એ ખરેખર હજી મોક્ષમાર્ગ શરૂ થયો નથી. એ મોક્ષમાર્ગની પૂર્વભૂમિકા છે અથવા પાત્રતાની ભૂમિકા છે.

'**મોક્ષમાર્ગી ધર્માત્માને ભેદજ્ઞાન યાદ કરવું પડતું નથી કે ગોખવું પડતું નથી પરંતુ સહજ એટલે કે વિકલ્પ કર્યા વિના ભેદજ્ઞાન સવિકલ્પદશામાં પણ, પરિણતિરૂપે નિરંતર વર્તે છે.**' મોક્ષમાર્ગમાં આવી ગયા પછી ભેદજ્ઞાનની પરિણતિ સહજ જ વર્તે છે, સહજ જ ચાલે છે. પૂર્વભૂમિકામાં ક્યારેક ભેદજ્ઞાનનો વિકલ્પ કરવાનું થતું, કેટલીક સહજતા પણ સ્વરૂપનિશ્ચય પછી આવી હોય છે તોપણ ક્યારેક–ક્યારેક એમાં વિકલ્પપૂર્વક થોડી કૃત્રિમતા સહિત પણ ભેદજ્ઞાન વર્તે છે. અહીંયાં અભેદ અનુભવ થયાં પછી ભેદજ્ઞાન સહજપણે જ વર્તે છે. એને યાદ કરવાનો, સ્મૃતિ કરવાનો, ગોખવાનો કોઈ પ્રકાર નથી. સવિકલ્પદશામાં પણ પરિણતિરૂપે નિરંતર વર્તે છે અને સવિકલ્પદશામાં ઉપયોગ (બહાર) જાય છે તોપણ ઉપયોગ રાગમાં કે પરપદાર્થમાં મિથ્યાત્વ અવસ્થામાં જે તન્મયપણે વર્તતો હતો એ તન્મયપણે વર્તતો નથી પણ જ્ઞાનમાં ભિન્નતાનો

ભાવ બરાબર જળવાઈ રહે છે.

બાહ્ય દશ્ય પહેલાંના રાગ-દ્વેષ જેવા જ રાગ-દ્વેષ લાગે અને ઉપયોગમાં પણ પહેલાં જે પરાશ્રિત ઉપયોગની જે પરિણતિ હતી – ઉપયોગની સ્થિતિ હતી એવી સ્થિતિ લાગે તોપણ એમાં નીરસપણું, ભિન્નતા એ બહુ મોટો ફેર પડેલો છે. એક તો ઐક્યતા થતી નથી, તન્મયપણું થતું નથી અને તન્મયપણું તો તીવ્ર રસ થાય ત્યાં જ થાય છે. તન્મયપણું થતું નથી એ જ સૂચવે છે કે, સારી રીતે એમાંથી રસનો અભાવ થયો છે છતાં ઉપયોગ અસ્થિરતાને લઈને જાય છે.

શ્રોતા :– ભેદજ્ઞાનની ધારા ઉપયોગ બહાર જાય ત્યારે પણ નિરંતર વર્તે છે ?

સમાધાન :– ભેદજ્ઞાનની ધારા ભલે પરિણતિમાં છે છતાં પણ ઉપયોગની અંદર જ્ઞાન ક્યારેય ઐક્યપણાને પામતું નથી, તન્મયપણાને પ્રાપ્ત કરતું નથી અને એટલો રસ પણ હોતો નથી. કેમકે એકાગ્ર થવું એ રસ વિના એકાગ્ર થવાતું નથી. વિભાવરસ જ એક હદે – એક તબક્કે એટલો તૂટી ગયો છે, છૂટી ગયો છે કે, ત્યાં એકત્વ થતું નથી અને ભિન્નપણું જળવાઈ રહે છે. પોતાના ભિન્ન ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન ઉપયોગ પરપદાર્થમાં જતો હોવા છતાં બરાબર વર્તે છે. કેમકે પોતાની વ્યાપકતાનો પ્રયોગ તો પૂર્વભૂમિકામાં થયો છે. મારું જ્ઞાન પરપદાર્થ પ્રત્યે વર્તતું હોવા છતાં પરપદાર્થમાં વ્યાપતું નથી, એમ વ્યાપ્તિથી ભિન્નતાનો અભ્યાસ તો પૂર્વભૂમિકામાં જ કર્યો છે. એ અભ્યાસ ઘણો ગાઢ થતાં પછી આ શુદ્ધોપયોગ થયો છે કે, જેણે બુદ્ધિપૂર્વકના શુભાશુભ વિકલ્પની શ્રૃંખલાને તોડી નાખી છે. એકવાર સાંકળ તૂટી ગઈ પછી એ તૂટેલી સાંકળમાં અનંત ભવભ્રમણનું બંધન કરવાની પરિસ્થિતિ નથી. એ એમાં વિશેષતા છે કે, ઉપયોગમાં જ્ઞાન પરપદાર્થ પ્રત્યે જાય તોપણ એમાં તન્મયતા કે એકત્વ – એ પ્રકાર ઉપયોગમાં પણ નથી. લબ્ધને તો

વિષય જ નથી પણ આને તો વિષય છે. લબ્ધ પરિણતિને તો આત્મા સિવાઈ (બીજો કોઈ) વિષય નથી. આને આત્મા સિવાઈ પરનો વિષય હોવા છતાં તન્મયતા કે એકત્વનો અનુભવ થતો નથી. ભિન્નતાનો અનુભવ રહે છે અને તન્મયતા થાય એટલો રસ જ થતો નથી, એટલો રસ આવતો જ નથી, ઉત્પન્ન જ થતો નથી. એવાં સહજ નીરસ પરિણામ વર્તે છે.

શ્રોતા :– ઉપયોગમાં ભિન્નતાનો અનુભવ સતત વર્તે છે ?

સમાધાન :– સતત ચાલે છે. જેમકે રસ્તા ઉપરના સેંકડો મકાન એક Lineમાં દેખાય તોપણ 'મારા નથી' એવો વિકલ્પ ક્યાં કરવો પડે છે ? તમે બજારમાં જાવ છો, 'ભાવનગર'માં તો ઢાળવાળી બજાર છે – ઘોઘા દરવાજેથી ઠેઠ ખારગેટ સુધીની Line દેખાય (એમાં) 'મારા નથી', એવો વિકલ્પ કરવો પડે છે ? 'આ મકાનમાં એકેય મારું મકાન નથી' એવો વિકલ્પ કરવો પડે છે ? જ્ઞાન જ એવી રીતે થાય છે. એવી રીતે જે જ્ઞાનની અંદર સ્વરૂપમાં એકત્વ વર્તે છે એ જ્ઞાનમાં પરથી ભિન્નપણાનો અનુભવ સહજ વર્તે છે, વિકલ્પ કરવો પડતો નથી.

(મિથ્યાદષ્ટિને) વગર વિકલ્પે એકત્વ થાય છે. જે–જે જ્ઞેયોને જાણે છે તે–તે જ્ઞેયોનો એટલો આશ્રય કરે છે કે, એકત્વભાવે જાણે છે, પરને અવલંબીને જાણે છે. જ્ઞેયજ્ઞાયકસંકરદોષ થાય છે. જ્યાં રાગ-દ્વેષ થાય છે ત્યાં તો ભાવ્યભાવકસંકરદોષ થાય છે પણ રાગ-દ્વેષ નથી થતા, એવા પણ જ્ઞેયો છે કે જેને પોતાના રાગ-દ્વેષ સાથે કાંઈ સંબંધ નથી, માત્ર જણાય છે તોપણ એકત્વભાવે જણાય છે. જ્ઞેયની તન્મયતા સાથે જણાય છે. એમાં તન્મય થવાનો ક્યાં વિકલ્પ કરવો પડે છે ? સહજ એ દશા છે. એવી જ રીતે આ સહજ દશા છે.

એ રીતે મોક્ષમાર્ગમાં જ્ઞાનની સ્થિતિ છે. **'શ્રદ્ધા તો અખંડ સ્વરૂપમાં પ્રસરી જાય છે અને પોતાના પરમાત્મપદ સિવાય બીજા કોઈ દ્રવ્ય-ભાવને**

**તે સ્વીકારતી નથી.**' શ્રદ્ધા છે એને તો બીજો વિષય જ નથી. એ તો પોતાનું જે પરમાત્મતત્ત્વ છે એમાં જાણે પ્રસરી ગઈ છે, વ્યાપી ગઈ છે, ભાવે અભેદ થઈ ગઈ છે. પરિણામ પરિણામ રહે છે, ત્રિકાળી ત્રિકાળી રહે છે તોપણ ભાવે એ પરિણામ અને ત્રિકાળીનો ભેદ ત્યાં રહેતો નથી. એટલે પ્રસરી જાય છે, વ્યાપી જાય છે, એકમેક થઈ જાય છે, અભેદ થઈ જાય છે એમ કહેવાય છે અને પોતાના પરમાત્મપદ સિવાઈ સ્વ-સ્વરૂપે બીજાં કોઈ દ્રવ્યને કે કોઈ ભાવને તે સ્વીકારતી નથી અથવા તો શ્રદ્ધા કોઈને શ્રદ્ધતી નથી. એક પોતાના પરમપદ સિવાઈ શ્રદ્ધા કોઈને શ્રદ્ધતી નથી. શ્રદ્ધાનો વિષય પોતાનું પરમાત્મતત્ત્વ જ રહે છે અને એ સિવાઈ કોઈ પરિણામ કે કોઈ દ્રવ્ય, દ્રવ્ય કે ભાવ એને શ્રદ્ધા શ્રદ્ધતી નથી અથવા વિષય કરતી નથી.

**'સ્વયંના પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધાનો નાશ થઈ જાય છે.**' શું થયું હતું ? કે, અનાદિથી પર્યાયબુદ્ધિથી વર્તમાન પરિણામમાં પોતાની હયાતી – માત્ર પરિણામપણે પોતાને અવધારીને જે અસ્તિત્વ વેદવામાં આવતું હતું કે, હું આટલો અને આવડો જ છું. જે–જે પરિણામ, જ્યારે–જ્યારે જે–જે પરિણામ થાય ત્યારે–ત્યારે માત્ર તેવા પરિણામરૂપે જ પોતાને અસ્તિપણે શ્રદ્ધામાં સ્વીકારાતો હતો એ પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધાનો નાશ થઈ જાય છે. પોતાના જ પરિણામમાંથી અસ્તિત્વપણાની શ્રદ્ધાનો નાશ થાય છે પછી પરિણામના વિષયભૂત કોઈ બીજાં પદાર્થો – દ્રવ્યો, ભાવો હોય તો એ દ્રવ્ય-ભાવમાં તો શ્રદ્ધા રહેવાનો પછી પ્રશ્ન રહેતો જ નથી. એવું એક પોતાના ત્રિકાળી સ્વરૂપમાં શ્રદ્ધાનું પરિણમન થાય છે કે અનાદિનું પર્યાયપણે જે શ્રદ્ધાની અંદર શ્રદ્ધાન થતું હતું એ છૂટી જાય છે. એ શ્રદ્ધાન એટલે અસ્તિત્વનો સ્વીકાર છે. શ્રદ્ધાનો વિષય સત્તાને સ્વીકારવો તે છે. નિજસત્તાપણે સ્વીકાર થવો એનું નામ શ્રદ્ધા છે. સ્વયંના પરિણામમાં જે અસ્તિત્વપણાની શ્રદ્ધા અનાદિથી

હતી તેનો પણ નાશ થઈ જાય છે.

**'તે શરૂઆતથી લઈને કેવળજ્ઞાન પર્યંતની પૂર્ણ દશા જોડે વર્તતી હોવા છતાં,...'** પછી સ્વયંના પરિણામમાં કોઈ પરિણામ બાકી નથી. પછી શરૂઆતમાં પોતે – સ્વયં સમ્યગ્દર્શનના પરિણામ હોય તો એમાં પણ પોતે પોતાને વિષય કરતી નથી – શ્રદ્ધતી નથી અને પરિપૂર્ણ કેવળજ્ઞાન થાય તોપણ શ્રદ્ધા એને વિષય કરતી નથી – એને શ્રદ્ધતી નથી. શ્રદ્ધા શરૂઆતથી લઈને કેવળજ્ઞાન પર્યંતની પૂર્ણ દશાની સાથે વર્તતી હોવા છતાં, ક્ષાયિક સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન એક સમયમાં સાથે વર્તે છે છતાં પણ શ્રદ્ધા પોતાના પરમતત્ત્વમાં જ જોડાયેલી રહે છે. શ્રદ્ધા ત્યાંથી ઉખડીને કેવળજ્ઞાન ઉપર પણ આવતી નથી.

શ્રદ્ધાનો સ્વભાવ – શ્રદ્ધા ગુણનો સ્વભાવ પોતાના પરમાત્મતત્ત્વને જ સ્વસ્વરૂપે – સ્વસત્તારૂપે સ્વીકારવું એટલો જ એનો ગુણ છે. ત્રિકાળી અસ્તિત્વ પણ ત્યાં જ છે. પોતાનો ત્રિકાળી અસ્તિત્વ સ્વભાવ પણ પરમાત્મતત્ત્વમાં જ છે. જ્યાં પોતાનું ત્રિકાળી અસ્તિત્વપણું છે ત્યાં જ પોતાનું અસ્તિત્વ સ્વીકારે તે સાચો અસ્તિત્વનો સ્વીકાર થયો. બસ, આટલો જ એનો વિષય છે. પછી સમજાવવા માટે, સ્પષ્ટ કરવા માટે એમ કહેવાય છે કે, એ બીજાંને સ્વીકારતી નથી, પણ એનો તો વિષય ત્યાં પૂરો થઈ ગયો. પોતાનું પરમાત્મતત્ત્વ શ્રદ્ધાના કબજામાં આવ્યું એટલે એણે પોતાનું કાર્ય પૂરું કર્યું. પછી એને સ્પષ્ટ કરવા માટે નાસ્તિથી કહેવું પડે કે, આ સિવાઈ બીજું કાંઈ એમાં થતું નથી, પછી બાજુમાં કેવળજ્ઞાન હોય તોપણ શ્રદ્ધા એની સામે જોતી નથી. ત્યાંથી ઉખડીને એ બીજે જતી જ નથી ને. અથવા પોતાનું પરમપદ એટલું મહાન છે અને બીજું બધું અપરમપદે હોવાથી શ્રદ્ધાને ક્યાંય જવાનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. એટલે જો શ્રદ્ધાને સમજવામાં આવે તો પછી એના માટે બીજો વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી. જે શ્રદ્ધાને પોતાનું પરમાત્મતત્ત્વ હાથ લાગી ગયું

એ શ્રદ્ધાને હવે ત્યાંથી બીજું કાંઈ વિષય કરવું, શ્રદ્ધાપણે શ્રદ્ધવું, એ વિકલ્પ થઈ શકે એવું નથી. એનો કોઈ વિકલ્પ જ કરવા યોગ્ય નથી કે વિકલ્પ જ થવા યોગ્ય નથી. એવી પરિસ્થિતિ શ્રદ્ધાની છે.

શ્રોતા :– શ્રદ્ધાને પર્યાયનો વિષય જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શ્રદ્ધાને કોઈ પર્યાયનો વિષય નથી. એક પરમાત્મતત્ત્વ એ જ – એટલો જ એનો વિષય છે, ત્યાં એનો વિષય સમાપ્ત થાય છે. પછી એ સમાપ્ત થાય છે એને સ્પષ્ટ કરવા કહેવું પડે કે, એ સિવાઈ કોઈ દ્રવ્ય-ભાવ એનો વિષય નથી.

'સમયસાર'ની અગિયારમી ગાથા છે. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।'** ભૂતાર્થને આશ્રિત જે સમ્યગ્દર્શન થયું ત્યાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' ટીકા કરી કે, વ્યવહાર સઘળો અભૂતાર્થ (છે). એટલે વ્યવહારનયનો વિષય જ શ્રદ્ધાને નથી. પછી વ્યવહારનયના વિષયમાં પરિણામ તો આવી જાય છે એમ નહિ, જે પરમાત્મતત્ત્વનો એણે આશ્રય કર્યો છે એ પરમાત્મતત્ત્વમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ કથંચિત્ ગુણભેદ પણ છે તો એ પણ વ્યવહારનયનો વિષય છે. એને પણ શ્રદ્ધા વિષય કરતી નથી. એટલે સઘળો વ્યવહાર – સમસ્ત વ્યવહારને અભૂતાર્થ કહી દીધો છે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે, વ્યવહારનયનો વિષય – નય એટલે નયજ્ઞાનનો વિષય થયો ને ? વ્યવહારનયનો વિષય પોતાના સ્થાનમાં છે એ જ્ઞાનની પ્રધાનતાથી કહેવું પડે છે. શ્રદ્ધાને તો એ છે કે નથી એ બેમાંથી એકેયનું કામ નથી. કેમકે 'નથી'નો અર્થ 'છે નહિ' એનું નામ 'નથી'. 'નથી' એટલે શું ? કે, જે 'છે નહિ' એનું નામ 'નથી' પણ 'છે' તો પહેલાં આવ્યું ને ? તો કહે છે કે, જ્યાં છે જ નહિ ત્યાં પછી 'નહિ' અને 'છે' બે વાત ક્યાં રહી ? બેમાંથી એકેય શ્રદ્ધાને નથી. આવું શ્રદ્ધાનું એક વિશિષ્ટ પ્રકારનું પરિણમન છે.

એમ કેવળજ્ઞાન પણ શ્રુતજ્ઞાનમાં વ્યવહારનયનો વિષય છે.

કેવળજ્ઞાનને નય પડતા નથી, કેવળજ્ઞાન વખતે નય ઊપજતા નથી. કેમકે તે નયાતીત દશા છે. શ્રુતજ્ઞાનની નયવિકલ્પની ભૂમિકાને ઓળંગીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલું છે. પણ એ કેવળજ્ઞાન પોતે શ્રુતજ્ઞાનીને વ્યવહારનયના વિષયમાં જાય છે. એટલે શ્રદ્ધાને એનો વિષય નથી. કેવળજ્ઞાનને પણ શ્રદ્ધા વિષય કરતી નથી અથવા તો જોરથી કહેવું હોય તો એમ પણ કહી શકાય કે, કેવળજ્ઞાન થયું છે કે નહિ, પરમ આનંદ ઊપજ્યો છે કે નહિ, એની શ્રદ્ધાને કાંઈ પડી નથી. શ્રદ્ધાને કેવળજ્ઞાન અને પરમાનંદથી પણ અનંતગુણ વિશિષ્ટ પરમાત્મતત્ત્વ હાથ લાગી ગયું છે. એટલે હવે એને કોઈની પડી નથી કે કોઈ છે કે નહિ ? એ કાંઈ થયું છે કે નથી થયું એ શ્રદ્ધાને પહેલેથી જ જોવાનું નથી. જ્યારથી શ્રદ્ધા થઈ છે ત્યારથી એ વાત એ જોતી નથી કે, સમ્યક્‌જ્ઞાન વર્તે છે કે કેવળજ્ઞાન વર્તે છે ? આનંદ અધૂરો છે કે આનંદ પૂર્ણ છે ? એ શ્રદ્ધા નથી જોતી. એને તો પરિપૂર્ણ તત્ત્વ હાથમાં આવી ગયું છે. બસ, મારું કામ પૂરું થઈ ગયું છે. મારે જે મારું સર્વસ્વ જોઈતું હતું તે મારું સર્વસ્વ મને મળી ગયું છે. મારી વાત પૂરી થઈ ગઈ, મારે કાંઈ જોવાનું રહેતું નથી કે, દશામાં ઊણપ છે કે અધૂરાશ છે ? એ કાંઈ મારો વિષય નથી. એ જ્ઞાનનો વિષય છે એ મારો વિષય છે નહિ. એવી રીતે શ્રદ્ધાની મસ્તી, એ જેમ કોઈએ નશો કર્યો હોય એના જેવી છે ! શ્રદ્ધા તો નશા જેવી ચીજ છે. બીજું કાંઈ ભાન એમાં આવે નહિ. એકના ભાનમાં એવી રીતે વર્તે છે. નિજ પરમાત્મપદના ભાનમાં એવી રીતે વર્તે છે કે, બીજે બધેથી એ બેભાનપણે વર્તે છે. એવું એક સમ્યક્‌શ્રદ્ધાનું સમ્યક્ પરિણમન છે.

શ્રોતા :– 'સોગાનીજી'એ કહ્યું કે, સિદ્ધદશા હો તો ભી મુજે ક્યા ?!

પૂજ્ય ભાઈશ્રી :– સિદ્ધદશા હો યા નિગોદદશા હો. ન સિદ્ધદશા સે મુજે લાભ હૈ ન નિગોદદશા સે મુજે કોઈ નુકસાન હૈ ! એમ લીધું

છે. લોકોને તો રૂપિયા, આના, પાઈમાં લાભ-નુકસાન દેખાય છે. એનો Term પછી આબરૂમાં હોય કે જમીનમાં હોય પણ મૂળ તો બધી કીમત દુનિયામાં રૂપિયાથી થાય છે. આબરૂનો દાવો પણ લોકો રૂપિયાથી જ માંડે છે ને ? કોર્ટમાં આબરૂનો દાવો માંડે તો કેવી રીતે (માંડે) ? દસ લાખ રૂપિયાનો કે એક કરોડનો મારો આબરૂનો દાવો લખો. અહીંયાં તો એ પ્રશ્ન જ નથી. એવો શ્રદ્ધાનો વિષય છે.

(શ્રદ્ધા) કેવળજ્ઞાન પર્યંતની પૂર્ણ દશાને પણ વિષય કરતી નથી. **'...એવો જ કોઈ સ્વાભાવિક ગુણ સમ્યક્ શ્રદ્ધાને વિષે છે.'** એ એનો સ્વાભાવિક ગુણ છે. એ કોઈનું ભાન એને નથી. એક પોતાના પરમસ્વરૂપનું જ એમાં ભાન વર્તે છે.

હવે જ્ઞાનની વાત છે. **'મોક્ષમાર્ગમાં વર્તતું સમ્યક્જ્ઞાન સ્વ–પર પ્રકાશનમાં પોતાને શુદ્ધપણે ઉપાસતું રહે છે અને નિર્મળતા આદિ ધર્મસાહિત્યપૂર્ણતા પ્રત્યે ગતિમાન રહે છે.'** મોક્ષમાર્ગની અંદર પ્રવૃત્તિ કરતું સમ્યક્જ્ઞાન સ્વ અને પર બન્નેને વિષય કરે છે. એનો વિષય સ્વ અને પર બન્ને થાય છે. છદ્મસ્થદશામાં પણ છે અને કેવળજ્ઞાનમાં પણ છે. કેમકે એ એનો સ્વભાવધર્મ છે. એટલે સ્વ-પરપ્રકાશક એવું સમ્યક્જ્ઞાન અહીંયાં પોતાને તો શુદ્ધપણે – સ્વપણે ઉપાસે છે, પરને પરપણે જાણે છે અને સ્વને સ્વપણે વેદતું, ઉપાસતું પ્રવર્તે છે અને એમાં જેમ–જેમ એ (સમ્યક્જ્ઞાનમાં) એ પરિણમનનો કાળ પસાર થતો જાય છે તેમ–તેમ નિર્મળતા–જ્ઞાનની નિર્મળતા આદિ અનેક ધર્મો છે એ ધર્મો પરિપૂર્ણ થાય એમ પૂર્ણતા પ્રત્યે જ્ઞાનની ગતિ ચાલુ રહે છે. પૂર્ણતા પ્રત્યે ચાલુ રહે છે. પૂર્ણ નિર્મળતા થઈ જશે, પરિપૂર્ણ નિર્લેપતા થઈ જશે, પરિપૂર્ણ સ્વચ્છતા થઈ જશે. બધાં ધર્મો પરિપૂર્ણ થઈ જશે. 'તત્ત્વાનુશીલન'માં આપણે જ્ઞાનને કેટલા મુખ્ય–મુખ્ય ધર્મો છે એ લીધા છે. આમ તો એને અનંત ધર્મોનું રૂપ છે પણ મુખ્ય–મુખ્યપણે સમજી શકાય એવા ધર્મો

છે એ બધા પૂર્ણ થઈ જશે.

શ્રોતા :– જ્ઞાનને એટલા ધર્મો છે જ્યારે શ્રદ્ધાને એટલા ધર્મો નથી ?

સમાધાન :– શ્રદ્ધાને એટલા જ ધર્મો છે. એક ગુણને અનંત ગુણનું રૂપ છે. શ્રદ્ધાને એટલા ધર્મો છે પણ એ કહેવું, વર્ણવવું કઠણ પડે. જેમકે શ્રદ્ધા શ્રદ્ધાપણે નિર્મળ જ છે, નિર્મળતા એનામાં પણ છે. આમ તો નિર્મળતા ચારિત્રમાં જાય છે. નિર્મળતા એટલે શુદ્ધતા, પણ એ ચારિત્રપ્રધાન ધર્મ છે. એક ગુણને અનંત ગુણનું રૂપ છે એટલે એને બધા જ ધર્મો આવે છે. પણ બધા ધર્મો બતાવી શકાય નહિ, કહી શકાય નહિ. છદ્મસ્થના જ્ઞાનમાં એટલા જુદાં પડીને ચોખ્ખા થાય પણ નહિ.

શ્રોતા :– બધા ન થાય પણ દસ-વીસ-પચાસ તો થાય ને ?

સમાધાન :– હા, કેટલાક થાય છે. જેમકે શ્રદ્ધા છે એ નિર્લેપ રહે છે કે નહિ ? શ્રદ્ધા શ્રદ્ધાપણે કોઈની સાથે લેપાતી નથી (તો) નિર્લેપતા છે કે નહિ ? એમાં બીજું કોઈ ભળેલું નથી તો નિર્મળ છે કે નહિ ? નિર્મળશ્રદ્ધાન કહેવાય છે. શ્રદ્ધા કેવી કહેવાય છે ? દૃષ્ટિને નિર્મળદૃષ્ટિ કહેવાય છે. એ બધા ધર્મ એને પણ લાગુ પડે છે. શ્રદ્ધા છે એ આત્માની શ્રદ્ધા હોવાથી એને ચૈતન્યનો પણ ધર્મ છે. ચેતનામય છે, શ્રદ્ધા જડ નથી. ચેતનામય છે પણ એનામાં જાણવાનો ગુણ નથી.

શ્રોતા :– એ બધા તો સામાન્ય ગુણો છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધા ગુણોને – અનંત ગુણોને પરસ્પર પ્રત્યેકનું રૂપ છે. એક ગુણને અનંત ગુણનું રૂપ છે એમ પ્રત્યેક ગુણને અનંત ગુણનું રૂપ છે. અનંતે અનંતને – પ્રત્યેકને અનંતનું રૂપ છે.

શ્રોતા :– એ બરાબર છે પણ બીજા ગુણનો કોઈ વિશિષ્ટ ધર્મ પણ હોય ને ?

સમાધાન :– દરેકનો પોતાનો વિશિષ્ટ ધર્મ છે – ગુણ છે. એને ગુણ કહેવાય છે. શ્રદ્ધાને શ્રદ્ધવું તે ગુણ છે. જ્ઞાનમાં વિશ્વાસ આવવો

તે શ્રદ્ધાપરક ધર્મ છે. જ્ઞાન વિશ્વાસ કરે છે એ એનો શ્રદ્ધાપરક ધર્મ છે, પણ જાણવું એનો ગુણ છે, વેદવું એનો ગુણ છે. એ બીજાં ગુણમાં નથી. આનંદમાં આનંદ એનો ગુણ છે એ બીજાં ગુણમાં નથી. એમ એક ગુણમાં બીજો ગુણ નથી, પણ એક ગુણને અનંત ગુણનું રૂપ છે. જેમકે સૂક્ષ્મત્વ સ્વભાવ છે. આત્મા આખો સૂક્ષ્મ છે તો એના અનંતેઅનંત ગુણ સૂક્ષ્મ છે.

'દીપચંદજી' એવી શૈલી લે છે કે, સૂક્ષ્મ ગુણે પોતાની સૂક્ષ્મતા બધા ગુણોને આપી છે. આત્માનો જે સૂક્ષ્મત્વ નામનો ગુણ છે એણે પોતાની સૂક્ષ્મતા બધા ગુણોને આપી છે. બધા ગુણોને એણે સૂક્ષ્મ કરી દીધા છે. પણ એ એનો ધર્મ છે એમ એનો અર્થ છે. એ બધા ગુણોનું રૂપ છે. બધા ગુણ સ્વભાવે સૂક્ષ્મ છે એવું એનું રૂપ છે. એવી રીતે અસ્તિત્વ ગુણે બધા ગુણોને કાયમી અસ્તિત્વ આપ્યું છે, પણ એ તો એનું રૂપ છે. અસ્તિત્વ ગુણ તો અસ્તિત્વ ગુણમાં જ છે. અસ્તિત્વ ગુણ બીજાં ગુણમાં જતો નથી પણ એનું રૂપ આવે છે. અને એ જ આખા દ્રવ્યની અખંડતાને અને અભેદતાનો એક મુદ્દો છે. આ એક સમગ્ર દ્રવ્યની અખંડતા અને અભેદતાનો એક મુદ્દો છે કે, જેને લઈને એક ગુણથી આખું દ્રવ્ય વિશિષ્ટ છે.

પ્રત્યેક ગુણથી આખું દ્રવ્ય વિશિષ્ટ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપે છે એમ જ આખેઆખો આત્મા આનંદસ્વરૂપે છે. એમ જ આખેઆખો આત્મા અસ્તિત્વસ્વરૂપે છે અને શ્રદ્ધાસ્વરૂપે છે. એક ગુણમાં અનંતમા ભાગનો કોઈ પ્રતિશત – Percentage લાગુ નથી થતો. બધા ગુણસ્વરૂપે આખું જ દ્રવ્ય છે. આત્મા આખો જ્ઞાનસ્વરૂપે છે, અનંતમા ભાગે જ્ઞાનસ્વરૂપે નથી. અનંત ગુણમાં એક ગુણ અનંતમા ભાગે થયો તો આત્મા અનંતમા ભાગે જ્ઞાનસ્વરૂપે નથી. આખો આત્મા જ્ઞાનસ્વરૂપે છે, આખો આત્મા આનંદસ્વરૂપે છે, આખો આત્મા અસ્તિત્વસ્વરૂપે છે. જેમકે

એક માણસ પોતાના પુત્રનો પિતા છે અને પોતાના પિતાનો પુત્ર છે તો પચાસ ટકા પુત્ર છે અને પચાસ ટકા પિતા છે ? નહિ, આખેઆખો જ પિતા છે અને આખેઆખો જ પુત્ર છે. આખેઆખો છે, અધૂરો નથી.

આ એક વિજ્ઞાન છે. જેમ શરીરની અંદર એને Metabolism કહે છે. તમારી આંખની અંદર ફોડકી થઈ છે તો ત્યાં મલમપટ્ટી લગાડાય એવો મલમ ન હોય. Poisionous મલમ હોય એ આંખને ન લગાડી શકાય અને એ મટતી ન હોય. સામાન્ય આંજણ આંજીએ છીએ, બીજું–ત્રીજું કરીએ છીએ પણ મટતી નથી, તો એને Injection આપે. Injection નસમાં આપે કે Muscleમાં આપે અને આંખની ફોડકી મટે, ત્યાં મટી જાય. દવા બીજે લગાડે (અને) મટે બીજી જગ્યાએ, કેમ ? એ અવયવ અને આ અવયવ તો ભિન્ન–ભિન્ન છે. Muscleમાં જ્યાં Injection માર્યું અને આંખ તો ભિન્ન–ભિન્ન છે. છતાં એક શરીરની રચના વૈજ્ઞાનિક રીતે એવી છે કે એકબીજાંને એકબીજાં સાથે કાંઈક સંબંધ છે અને એ જે સંબંધ છે એ શરીરની એકતાને સૂચવે છે કે, આ એક આખું શરીર છે. એક માણસને Injection મારે અને બીજાં માણસના શરીરમાં ફેરફાર ન થાય. આને Injection દ્યો (તો) આને (બીજાંને) મટી જશે. એવું તો ન બને. પણ એક અવયવને દવા લગાડે અને બીજાં અવયવ ઉપર અસર થાય એમ બને કેમકે શરીર આખું છે. આયુર્વેદમાં એને 'કળા' કહે છે. એને કળાનું નામ આપ્યું છે. એવી સ્થિતિ છે કે હોજરીમાં નાખો અને આખા શરીરની અંદર પ્રસરે. દવા ખાલી પીવો અને તમને મટી જાય. રોગ કાનમાં થયો હોય, નાકમાં થયો હોય, આંખમાં થયો હોય (પણ) પેટમાં દવા નાખો અને મટી જાય. દવા બધે પહોંચે છે. એવી જ રીતે આમાં છે.

એક ગુણને અનંત ગુણનું રૂપ છે તો આખું દ્રવ્ય પ્રત્યેક ગુણરૂપ થાય છે. એ એની અભેદતા છે અને એ સમ્યગ્દર્શનનું – સમ્યક્ત્વનું

વિજ્ઞાન છે કે, એક સમ્યક્ત્વ થતાં, પ્રથમ શુદ્ધોપયોગની અંદર એક સમ્યક્ત્વ થતાં જ અનંતે અનંત ગુણ આંશિકપણે તે–તે ભૂમિકામાં શુદ્ધ થઈ જાય છે. કોઈ ગુણ પરિપૂર્ણ અશુદ્ધ રહે એવું બનતું નથી. એ વસ્તુની અભેદતાને સૂચવતું એનું વિજ્ઞાન છે.

શ્રોતા :– જ્ઞાનના ૪૪ ધર્મો લીધા છે એ વિવક્ષા સમજવી ?

સમાધાન :– હા, એ જુદાં–જુદાં ગુણોની પ્રધાનતાથી ધર્મો છે. એટલે જ તો કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકના જે છ ગુણ છે એ પર્યાયને લાગુ પડે છે. કેમકે એનો પરિણમન ધર્મ ત્યાં છે. જ્ઞાન જ કર્તા છે, જ્ઞાન જ કર્મ છે, જ્ઞાનને જ્ઞાનનું જ સાધન છે, જ્ઞાનને જ્ઞાનનું જ અધિકરણ છે – એ બધું લાગુ પડે છે. જ્ઞાનમાંથી જ્ઞાન આવે છે, જ્ઞાનને જ્ઞાનનું સંપ્રદાન છે. એવી રીતે બધા–છએ છ ગુણ – ધર્મ લાગુ પડે છે. જે ષટ્કારકનો વિષય છે એ પર્યાયને એ રીતે લાગુ પડે છે. એટલે તો વિભાવમાં એની સ્વતંત્રતા લીધી છે. જ્યાં વિભાવ થાય છે ત્યાં વિભાવ થવાનો ગુણ નહિ હોવા છતાં વિભાવરૂપી કાર્ય તો થયું અને કાર્ય કારક વિના થતું નથી. વિભાવ તો એક કાર્ય છે અને કાર્ય કારક વિના (થાય નહિ). કરનારો – કારક એટલે કરનારો. છ કારકો વિના કોઈ કાર્ય થાય નહિ. એક કાર્યને છએ છ કારકો હોય. એટલે એ રીતે લાગુ પડે છે. એ એની સ્વતંત્રતા છે – એ પર્યાયની સ્વતંત્રતા છે. એમ એ રીતે લાગુ પડે છે. કેમકે સ્વભાવમાં તો છે નહિ, સ્વભાવમાં તો અશુદ્ધપણે પરિણમવું એવો ગુણ જ નથી. કર્તા ગુણ, કર્મ ગુણ, સંપ્રદાન ગુણ, અધિકરણ ગુણ એ છમાંથી વિભાવરૂપે પરિણમવાનો એકેય ગુણ નથી, તો પછી વિભાવ ક્યાંથી થયો ? કે, પર્યાયના સ્વતંત્ર ષટ્કારકોથી થયો એમ કહેવું પડે છે.

શ્રોતા :– અનંતમાંથી કોઈ ગુણ એવો નથી ?

સમાધાન :– નહિ, કોઈ ગુણ એવો નથી. અનંતમાં એકેય ગુણ

એવો નથી. પણ છ કારકો તો પર્યાયરૂપી કાર્યને કરનારા કહેવાય છે. તો પછી (વિભાવ) થયો એના કારક કોણ ? તો કહે (છે), એ પર્યાયના સ્વતંત્ર છ કારકો છે. નહિતર એ વાત સિદ્ધ નહિ થાય.

(અહીંયાં ચાલતા વિષયમાં કહે છે) **'મોક્ષમાર્ગમાં વર્તતું સમ્યક્જ્ઞાન સ્વ-પર પ્રકાશનમાં પોતાને શુદ્ધપણે ઉપાસતું રહે છે...'** એટલે એમ કરીને એમ કહેવું છે કે, પરદ્રવ્યને પ્રકાશે છે તોપણ પરદ્રવ્યને ઉપાસતું નથી. જોકે ઉપાસવું ચારિત્રપ્રધાન વાત છે પણ એ જ્ઞાનની પણ ઉપાસના છે તો એ સ્વને સ્વપણે ઉપાસે છે, પરને માત્ર પરપણે જાણીને છૂટી જાય છે. પરને સ્વપણે ઉપાસતું નથી, એની અંદર પરનું આરાધન નથી, ઉપાસના નથી અને તેના નિર્મળતા આદિ અનેક ધર્મ છે એ સહિત તે પૂર્ણતાને પ્રાપ્ત થવા પ્રત્યે હંમેશાં – નિરંતરપણે ગતિમાન રહે છે. એની ગતિ ચાલુ જ રહે છે. એનો મોક્ષ તો નિયત થઈ ગયો. જેને મોક્ષમાર્ગ પ્રગટ્યો એનો મોક્ષ તો નિયત થઈ ગયો. જો મોક્ષ નિયત થઈ ગયો તો જેટલો સમય જાય છે એ મોક્ષ પ્રત્યે જ ગતિમાન છે. મોક્ષની સમીપ જ જતું જાય છે. શ્રુતજ્ઞાન છે એ પ્રતિસમય મોક્ષની – કેવળજ્ઞાનની સમીપ જ જતું જાય છે. એટલા માટે એમ કહે છે કે, શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. કેમકે એ એની નજીક જતું જાય છે, એ બોલાવે છે એટલે આવશે. જેને બોલાવે છે તે આવશે.

વળી મોક્ષમાર્ગમાં **'જ્ઞાનની પ્રવૃત્તિ નય-પ્રમાણયુક્ત હોય છે.'** મોક્ષમાર્ગની અંદર જ્ઞાનની જે પ્રવૃત્તિ છે એ નય-પ્રમાણ સહિત જ હોય છે. ક્યારે પણ પ્રમાણજ્ઞાન ન હોય અને એકલો નય વર્તે એમ બનતું નથી. એટલે નય-પ્રમાણ સહિત જ એની પ્રવૃત્તિ હોય છે. અનંત નયોમાં મુખ્ય બે નયો છે – નિશ્ચયનય અને વ્યવહારનય. અને મોક્ષમાર્ગમાં – ત્રણે કાળના મોક્ષમાર્ગમાં હંમેશાં **'...વ્યવહારનયની હંમેશાં ગૌણતા અને નિશ્ચયનયની મુખ્યતા રહેતી હોવાને લીધે નિશ્ચયસ્વરૂપ...'** જે આત્મા

તે **'...સધાય છે.'** સધાતો જાય છે. એની સાધના ચાલુ રહે છે. વ્યવહારનયનો વિષય ગૌણ રહે છે, નિશ્ચયનયનો વિષય હંમેશાં મુખ્ય રહે છે. વ્યવહારનયનું પ્રતિપાદન કરે, વ્યવહારના સ્થાનમાં વ્યવહારનયના વિષયનું આચાર્યદેવ પ્રતિપાદન કરે ત્યારે પણ નિશ્ચયની મુખ્યતા છોડીને પ્રતિપાદન કરતા નથી. ઉપયોગમાં એમ લાગે કે, અત્યારે વ્યવહારનયનો વિષય બતાવે છે તો એકવાર એમ કહે કે, 'તું નિશ્ચયનયના ચક્ષુને સર્વથા બંધ કર' સારી રીતે સમજાવવા માટે એમ પણ કહે. ('પ્રવચનસાર'– ૧૧૪ ગાથા) 'સર્વથા' બંધ કર, એમ પણ કહે. એટલે શું છે કે, પેલો એક વાતમાં બીજી વાતને ભેળવે છે એટલે એને એ વિષય નથી સમજાતો. એ સારી રીતે સમજાવવા માટે એમ કહે કે, 'તું સર્વથા એ ચક્ષુને બંધ કરી દે.' તોપણ નિશ્ચયની મુખ્યતા છૂટતી નથી, એમ રાખવું.

એ આના જેવું છે – બે ભાઈ વચ્ચે વિચારભેદ હોય, કોઈ એમ કહે કે, આ બે ભાઈને બનતું નથી, પણ ત્રીજો કોઈ મારવા આવતો હોય ત્યારે 'બનતું નથી' એ વાત ન હોય. (ત્યારે) એ બન્ને સાથે જ ઊભેલા દેખાય. તોપણ અંદરનો વિચારભેદ છે એ કાંઈ ચાલ્યો જતો નથી. પણ એ ત્રીજાની અપેક્ષાએ એક થઈને ઊભા છે. બેની અપેક્ષાએ તો એકબીજાં એકબીજાંની સામે ઊભા હોય છે. એમ બને છે કે નહિ ? એવી રીતે આ દેશની અંદર પક્ષાપક્ષી છે, સામેસામા હોય તો ત્રીજાની અપેક્ષાએ બે એક થઈ જાય. પરદેશની અપેક્ષાએ એક થઈ જાય અથવા કોઈ એક પક્ષની સામે બીજાં બે પક્ષ એક થઈ જાય છે. (બન્નેના) સિદ્ધાંત તો વિરુદ્ધ હોય છે. અત્યારે એના ઉપર આ રાજકારણ ચાલે છે કે નથી ચાલતું ? એટલે એવો બધો અંદરોઅંદર જે પ્રકાર હોય છે એ સમજવો જોઈએ. એમ હંમેશાં નિશ્ચયસ્વરૂપની મુખ્યતા રહેતી હોવાથી નિશ્ચય સધાય છે.

**'...અને નિશ્ચયના જોરે અશુદ્ધતા ટળતી જાય છે અને શુદ્ધતા**

**વૃદ્ધિગત થતી જાય છે.**' આમ નિશ્ચયની મુખ્યતા હોવાથી એનું બળવાનપણું હોવાથી અશુદ્ધતા ટળતી જાય છે અને શુદ્ધતા વૃદ્ધિગત થતી જાય છે. **'તેમ છતાં મોક્ષમાર્ગમાં પુરુષાર્થ અનુસાર સિદ્ધિના સમયનો આધાર છે.**' આ સિદ્ધાંત છે. મોક્ષમાર્ગનો આ સિદ્ધાંત છે કે, સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન બધા જ સાધક ધર્માત્માઓને હોવા છતાં કોઈ વહેલો મુક્તિ જાય છે, કોઈ મોડો મુક્તિ જાય છે, સિદ્ધદશાની સિદ્ધિ કોઈને વહેલી થાય છે, કોઈને મોડી થાય છે તો એનું કારણ ? એનો આધાર પુરુષાર્થ છે. જે જીવનો જેટલો તીવ્ર પુરુષાર્થ એ જીવને સિદ્ધિ વહેલી.

દા.ત. એક જીવ(નું) હજારો વર્ષનું–લાખો વર્ષનું આયુષ્ય છે, કરોડો વર્ષનું આયુષ્ય છે અને પછી સિદ્ધદશાને પ્રાપ્ત કરશે. એક જીવનું આયુષ્ય અલ્પ છે અને સમ્યગ્દર્શન પામતાં ઉપશમમાંથી સીધો ક્ષાયિકમાં આવે અને દીક્ષા આદિ તો પહેલાં લીધી હોય (એટલે) ક્ષાયિકમાંથી ચારિત્રમાં આવે, કેવળજ્ઞાન થાય, આયુષ્ય પૂરું થાય અને સિદ્ધદશાને પ્રાપ્ત થાય. અંતર્મુહૂર્તમાં બધું કામ પૂરું ! અંતર્મુહૂર્તમાં પૂરું !! એવી રીતે જેટલો પુરુષાર્થ તીવ્ર છે એના ઉપર સિદ્ધિનો આધાર છે. **'તેમ છતાં મોક્ષમાર્ગમાં પુરુષાર્થ અનુસાર સિદ્ધિના સમયનો આધાર છે. અર્થાત્ પૂર્ણ શુદ્ધિને પ્રાપ્ત થવામાં પુરુષાર્થની તીવ્રતાથી અલ્પ સમયમાં પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ થાય છે, જેટલી શિથિલતા હોય ...**' – મંદતા હોય '**...તેટલો કાળ વધુ લાગે છે; પરંતુ...**' છતાં પણ વધુ લાગે છે તોપણ '**...અલ્પ (–અસંખ્ય) સમયમાં સાધકદશાની પૂર્ણતા અવશ્ય થઈ જાય છે.**' કોઈ સાધકને અનંતકાળ લાગે એટલો મંદ પુરુષાર્થ હોતો નથી. પછી સર્વાર્થસિદ્ધિનો ભવ હોય તોપણ અસંખ્ય સમય છે, એની અંદર અનંતકાળ નથી. એવી રીતે સાધકદશાની પૂર્ણતા અવશ્ય થઈ જાય છે.

**'પુરુષાર્થની ઉગ્રતાએ મોક્ષમાર્ગી ધર્માત્મા શુદ્ધોપયોગમાં પરિણમે છે...**' જ્યારે–જ્યારે એમના પુરુષાર્થની તીવ્રતા થાય છે ત્યારે વિકલ્પ

તૂટી અને તે નિર્વિકલ્પદશામાં આવે છે. ચોથા ગુણસ્થાનમાં પણ વારંવાર આવે છે, પાંચમા ગુણસ્થાનમાં પણ આવે છે અને મુનિદશામાં તો અંતર્મુહૂર્તની અંદર શુદ્ધોપયોગરૂપ સાતમા ગુણસ્થાનમાં આવી જાય છે. **'પુરુષાર્થની ઉગ્રતાએ મોક્ષમાર્ગી ધર્માત્મા શુદ્ધોપયોગમાં પરિણમે છે અને પુરુષાર્થની મંદતાએ સવિકલ્પદશામાં રહેવું થાય છે;...'** જ્યારે–જ્યારે મંદતા છે ત્યારે બુદ્ધિપૂર્વકનો રાગ – વિકલ્પ ઉત્પન્ન થાય છે, એવી એમની હઠ વિનાની સહજ દશા છે. **'...છતાં પણ પરિણતિમાં ધર્મધ્યાન નિરંતર ચાલુ જ રહે છે,...'** ભલે સવિકલ્પદશામાં આવે અને સવિકલ્પદશામાં ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં તીવ્ર અશુદ્ધતા થઈને અશુભ ઉપયોગમાં પણ આવે તોપણ ધર્મની પરિણતિ – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ અને ધર્મધ્યાન તો ચાલુ જ રહે છે. **'...જેને સ્વરૂપાચરણચારિત્ર અથવા આત્મચારિત્ર કહેવામાં આવે છે.'** એ ચારિત્ર તો ચોથા ગુણસ્થાને શરૂ થયું તે યથાખ્યાતચારિત્ર સુધી ચારિત્રની એક જ જાતિ છે. આગમની અપેક્ષાએ એના ચાર ભેદ પાડ્યા છે – અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન. આમ ચારિત્રની ચાર ભેદે પ્રકૃતિઓ છે. પણ સ્વરૂપાચરણચારિત્રની જાતિ ચારેયમાં એક છે. આ તારતમ્યભેદે એના ભેદ છે, જાતિભેદે ભેદ નથી.

**'આ બધાં પરિણામો અભેદપણે અને અવિરુદ્ધપણે વર્તે છે – તેમ જાણવું જોઈએ.'** એટલે શ્રદ્ધાના, જ્ઞાનના, ચારિત્રના, પુરુષાર્થના બધાં પરિણામો એક આત્માને અવલંબતા હોવાથી તે એક અને અવિરુદ્ધપણે વર્તે છે, પરસ્પર એકબીજાંનો વિરોધ કરીને વર્તતા નથી. એકબીજાંનો નાશ કરે એવી રીતે, ઘાત કરે એવી રીતે વર્તતા નથી પણ એકબીજાંના સમર્થનમાં વર્તે છે, એકબીજાંના પૂરક થઈને વર્તે છે અને એ રીતે પોતાનું જે પૂર્ણપદ છે એ પૂર્ણપદને સાધે છે. આમ જાણવું જોઈએ.

**'મહાત્માઓએ સકળ શાસ્ત્રની રચના ભેદજ્ઞાન થવા માટે કરી છે.'**

હવે, આટલા બધા શાસ્ત્રો શા માટે કર્યા ? વાત જ્યારે આટલી જ છે તો પછી આટલો બધો શાસ્ત્ર વિસ્તાર કેમ છે ? શા માટે છે ? કે, કોઈપણ રીતે જીવ ભેદજ્ઞાન શરૂ કરી શકે. આખું 'સમયસાર' એ એક જ વિષયને મુખ્ય રાખીને લખાયેલું છે. બધા જ અધિકારમાં ભેદજ્ઞાનનો વિષય ચાલ્યો છે અને ભેદજ્ઞાન થવા માટે જાણે બધા જ શાસ્ત્રોની રચના છે. સર્વ શાસ્ત્રોને અજ્ઞાની જીવને ભેદજ્ઞાન સુધી લઈ જવો છે – આ હેતુ છે. પછી ભિન્ન–ભિન્ન અવસ્થામાં રહેલા જીવને ત્યાંથી ચાલવા માટે એણે પહેલાં શું કરવું જોઈએ ? એમ જુદી–જુદી વાતો આવે અને વિસ્તાર થાય તોપણ સકળ શાસ્ત્રોની રચના ભેદજ્ઞાન થવા માટે કરી છે અથવા તો આત્માને સ્વરૂપપ્રાપ્તિની વિધિ ગ્રહણ થાય એના માટે સકળ શાસ્ત્રોની રચના કરી છે. ચારે અનુયોગમાં એ વાત છે.

**'કારણ કે તે તેઓનો અખંડ જાપ છે...'** કેમકે જે મહાત્માઓએ શાસ્ત્રો રચ્યા એને અખંડપણે ભેદજ્ઞાન વર્તે છે. જાણે એ એનો અખંડ જાપ છે ! એ એને ચાલુ જ છે. તો એ લખે છે ત્યારે પણ એ જ વાતને લખે છે કે જે એને વર્તી રહ્યું છે એ લખે છે.

શ્રોતા :– અખંડ જાપ એટલે ?

સમાધાન :– અખંડ જાપ છે એટલે જેમ જાપ છે ને ? માણસ કહે છે ને કે, આ ચોવીસ કલાકનો અખંડ જાપ (છે). તો વચમાં આંતરો ન પડે. અખંડ ધૂન કે અખંડ જાપ હોય ત્યાં શું હોય છે કે, એકથી વધારે માણસોને બેસવું પડે છે. કેમકે કોઈને પાણી પીવું પડે, કોઈને હાજત જવું પડે તો શું કરે ચોવીસ કલાકમાં ? તો જાપ ચાલુ રહેવો જોઈએ, બંધ નહિ થવો જોઈએ. એમ આ નિરંતર – ઊંઘમાં પણ બધી જ વખતે ભેદજ્ઞાન ચાલુ રહે છે. કોઈપણ કાળે મોક્ષમાર્ગમાં ભેદજ્ઞાન બંધ થતું નથી. એ એમનો અખંડ જાપ હોવાથી **'...અથવા સ્વધર્મમાં રહેવારૂપ પ્રવૃત્તિ...'** હોવાથી એ જ વાત એમણે શાસ્ત્રમાં લખી છે. એટલા

માટે જ એમણે શાસ્ત્ર રચ્યા છે કે, જે માર્ગે અમે ચડ્યા એ માર્ગે બીજાં જીવો પણ ચડે – સર્વ જીવો એ માર્ગે ચડે. એ એમની ભાવના હોય છે. આ ભાવનાની વિશાળતા એટલી બધી છે કે, એમાં કોઈ જીવને એ બાકી રાખતા નથી. ભવ્ય–અભવ્યનો ભેદ પણ પાડતા નથી. બધા જીવો – સમસ્ત જીવો – આખું જગત આ માર્ગને – આ શાંતિને – આ ધર્મને પામો એવી એક વિશાળ ભાવના એમના હૃદયમાં સદાય હોય છે, ક્યારેય ન હોય એવું બનતું નથી. આ એક આ ધર્મની સર્વોત્કૃષ્ટ વિશાળતા છે, જ્યાં સંકુચિતતાનું નામ નથી એમ કહીએ તો ચાલે.

**'અતઃ સ્વરૂપપ્રાપ્તિના અભિલાષી જીવોએ સકળ સિદ્ધાંત અને ઉપદેશના સારરૂપ...'** શું છે (કે), જેટલા સિદ્ધાંતો અને જેટલો ઉપદેશ છે – સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધ, 'શ્રીમદ્જી'એ બે બોધ કહ્યાં ને ? એ બન્ને બોધના સારરૂપ '**...સમ્યક્‌વિધિ...**' જે આત્માને ગ્રહણ કરવાની – આત્માને અનુભવ કરવાની જે સાચી કાર્યપદ્ધતિ છે તેને '**...જાણીને અંગીકાર કરવા યોગ્ય છે.**' માત્ર જાણવા યોગ્ય નથી કે, ચાલો આ પણ એક વાત જાણવા મળી. જાણવું... જાણવું.... એ જાણવાના લોભમાં આ પણ જાણ્યું... આ પણ જાણ્યું... (એમ નથી). જાણીને અંગીકાર કરવા જેવી છે. એનો અમલ થાય એ રીતે એને જાણવી જોઈએ અને એ રીતે આ વિધિનો વિષય અહીંયાં પૂર્ણ થાય છે.

છેલ્લે સંક્ષેપમાં મોક્ષમાર્ગના જે મુખ્ય–મુખ્ય ગુણો છે એ ગુણોની પ્રવૃત્તિનો પણ સંક્ષેપ લઈ લીધો છે – શ્રદ્ધાનો, જ્ઞાનનો, ચારિત્રનો અને પુરુષાર્થનો. એ આ પ્રકરણના સારાંશરૂપે છે. સમ્યક્ વિધિનું – સુવિધિનું પ્રકરણ અહીંયાં પૂરું થાય છે.

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
# उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |

| | | |
|---|---|---|
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | प्रवचनसार | अनुपलब्ध |
| ३३ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३४ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३५ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | - |
| ३६ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३७ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३८ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ३९ | समयसार नाटक | अनुपलब्ध |
| ४० | समयसार कलस टीका | अनुपलब्ध |
| ४१ | समयसार | अनुपलब्ध |
| ४२ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४३ | तत्थ्य | अनुपलब्ध |
| ४४ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४५ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |

-

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૩ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૮ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૯ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૦ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૧ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૨ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૬ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૮ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૩૯ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૦ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૧ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૩ | પ્રચારિસ્તિકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૪ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૫ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૬ | રાજ હ્રદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૭ | રાજ હ્રદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હ્રદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૦ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૧ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૨ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૩ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૪ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૫ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૬ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક-ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૭ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૬૮ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૬૯ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૦ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૧ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૪ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૫ | ધન્ય આરાધક | - |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,५०० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३५०० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |

| | | |
|---|---|---|
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३५०० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २५०० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २५०० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २५०० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २५०० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ४००० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २५०० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजरात+हिन्दी) | ४००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४५०० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २५०० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | ३००० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २५०० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |

| | | |
|---|---|---|
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | १२५० |
| ७४ | समयसार दोहन | १२५० |
| ७५ | गुरु गुण संभारणा | १२५० |
| ७६ | सुविधिदर्शन | १५०० |
| ७७ | समकितनुं बीज | १५०० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १५०० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १५०० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १५०० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १५०० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १५०० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १५०० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |

| | | |
|---|---|---|
| ९५ | प्रवचन सुधा (भाग-७) | १२५० |
| ९६ | प्रवचन सुधा (भाग-८) | १२५० |
| ९७ | राज हृदय (भाग-३) | ७५० |
| ९८ | मुक्तिनो मार्ग (गुजराती( | १५०० |
| ९९ | प्रवचन नवनीत (भाग-३) | १००० |
| १०० | प्रवचन नवनीत (भाग-४) | १००० |
| १०१ | प्रवचन सुधा (भाग-९) | ७५० |
| १०२ | गुरु गिरा गौरव (भाग-२) | ७५० |
| १०३ | प्रवचन सुधा (भाग-२) हिन्दी | १००० |
| १०४ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| १०५ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| १०६ | धन्य आराधक (गुजराती) | ७५० |

## વાંચકોની નોંધ માટે